॥ श्री वितरागाय नमः ॥

# શ્રી દશવૈકાલિક સૂત્ર

( મૂળ, શબ્દાર્થ અને ભાવાર્થ સાથે )

卐


સંપાદક :

ઠાકરસી કરસનજી શાહ–થાનગઢ


卐


પ્રકાશક :

શ્રી શામજી વેલજી વીરાણી અને કડવીબાઈ
વીરાણી સ્મારક ટ્રસ્ટ, રાજકોટ


卐


પડતર કિં. રૂા. ૨–૫૦ વેચાણ કિં. રૂા. ૧–૨૫

# શ્રી દશવૈકાલિક સૂત્ર

[ મૂળ, શબ્દાર્થ અને ભાવાર્થ સાથે ]

卐

સંપાદક

ઠાકરસી કરસનજી શાહ–થાનગઢ

卐

પ્રકાશક

શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવીબાઈ
વીરાણી સ્મારક ટ્રસ્ટ, રાજકોટ

પડતર કિંમત રૂ. ૨–પ્રસ્થાનઃ [illegible] રૂા. ૨૫

પ્રકાશક :
શ્રી શામજી વેલજી વીરાણી
અને શ્રી કડવીબાઈ વીરાણી
સ્મારક ટ્રસ્ટ તરફથી
દુર્લભજી શામજી વીરાણી
૬ દિવાનપરા, રાજકોટ

નકલ : એક હજાર
આવૃત્તિ પહેલી.
ઇ. સ. ૧૯૭૦
સંવત ૨૦૨૬
વીર સંવત ૨૪૯૬

# આભાર-દર્શન

મુરબ્બી શ્રી ઠાકરસીભાઈ કરસનજી શાહે "શ્રી દશવૈકાલિક સૂત્ર તૈયાર કરી આપ્યું અને અમોને છાપવાની મંજુરી આપી, તે બદલ અમો તેઓશ્રીનો આભાર માનીયે છીએ.

આ દશવૈકાલિક સૂત્ર છપાવવામાં મહેનત લઈ છપાવી આપવા બદલ તેમજ આ સૂત્રની ૫૦૦ નકલો અગાઉથી ખરીદ કર્યા બદલ અમો દામનગરનિવાસી રા. રા. જગજીવન ભાઈ રતનશીભાઈ બગડીયાનો આભાર માનીયે છીએ.

લી.

શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવી બાઇ
વીરાણી સ્મારક ટ્રસ્ટ વતી દુલભજી શામજી વીરાણી

મુદ્રક : એમ. સી. શાહે પોતાના પ્રગતિ પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું. ઠે.
જમાલપુર દરવાજા બહાર, કોકાકોલાના કારખાના પાસે,
અમદાવાદ-૧.

# નિવેદન

## "असंखयं जीविय मा पमायए"

સ્વર્ગસ્થ. બા. બ્ર. વિનોદમુનિજી આગમોક્ત જિનવાણીના પરમ ભક્ત હતા. જિનાગમવચનો પર એમની અગાધ શ્રદ્ધા હતી અને "**असंखयं जीविय मा पमायए**" (જીવન તૂટયું સંધાતું નથી માટે ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કરવો જોઇએ) આ તેમનું ધ્યેય હતું.

વીતરાગની વાણીનો વિશેષ પ્રચાર કેમ થાય, એની એમના હૃદયમાં ઘણી જ ધગશ હતી· વીતરાગનાં વચનોનું શ્રદ્ધાન કરીને એમણે ભાગવતી દીક્ષા અંગીકાર કરી, એમની દીક્ષા–સંસ્કાર–વિધિમાં અમે નિમિત્ત ન થઈ શકયા, એ અમારી કમનસીબી છે. વીતરાગ· વાણીના પ્રચારની એમની ઉત્કટ ઇચ્છા હતી તે સદભાવનાની પૂર્તિરૂપે વીતરાગવાણીમાં જે ઉત્તમ જ્ઞાન છે અને જે નિત્ય શ્રાવક–જીવનમાં ઉપયોગી થઇ શકે તેમ છે તેવા સાહિત્યનું પ્રકાશન કરીને અમુક અંશે એ દુઃખને હળવું કરવા અમારા ચિત્તને સાન્ત્વન આપવાનો સ્વલ્પ પ્રયત્ન કરી આ ગ્રંથ સ્વર્ગસ્થ બા. બ્ર. શ્રી વિનોદમુનિજીને શ્રદ્ધાંજલિ રૂપે અર્પણ કરીએ છીએ.

સ્વર્ગસ્થ. મુનિશ્રી નિર્વાણ પામ્યા પછી તેમના સ્વર્ગારોહણનું જે નિમિત્ત હતું, તેનું વર્ણન તથા તેમના આદર્શ જીવનનો વૃત્તાંત સંક્ષિપ્તમાં આ ગ્રંથમાં આપેલ છે તેમજ તેમના અનુપમ જીવનને આવરી લેતો ગ્રંથ ગુજરાતી તથા હિન્દી ભાષામાં જુદા જુદા ગ્રંથ રૂપે પ્રકાશિત થએલ છે. શ્રી દશવૈકાલીક સૂત્ર નામનો આ ગ્રંથ અમો શ્રી. જૈન ધર્મ પ્રેમી મુમુક્ષુઓ સમક્ષ મૂકીએ છીએ, જેમાં શબ્દાર્થ તથા ભાવાર્થ સરળ રીતે છાપેલ છે.

આવા ગ્રંથો સસ્તી કિંમતે મળી શકે તો તેનો લાભ સૌ કોઈ વધારે પ્રમાણમાં લીએ અને જૈન જ્ઞાનનો પ્રવાહ વધે એ કારણને અંગે અમારા પૂ. પિતાશ્રીની જે ખરા અંતઃકરણની ધગશ અને આકાંક્ષા હતી તેમજ તેઓશ્રીની સૂચના હતી તે પ્રમાણે આ ગ્રંથ શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી જૈન તત્વ પ્રકાશ, મહામંત્ર આરાધના, શ્રુત-જ્ઞાન પ્રશ્નોતર અને તત્વ સંગ્રહ, શ્રી. જૈન જ્ઞાનસાગર, બૃહદ જૈન થોક સંગ્રહ, શ્રી દંડકાવબોધ ગ્રંથ, શ્રી ધર્મધ્યાન અને સજ્ઝાય-માળા, અતિ મુકત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું જીવન ચરિત્ર ગુજરાતી તથા હિન્દી, શ્રી સિદ્ધિનાં સોપાન, ભાવનાશતક તથા કર્મ અને આત્માનો સંયોગ, શ્રી આચારાંગસૂત્ર પ્રથમ સ્કંધ, શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર પ્રથમ સ્કંધ, શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર બીજો સ્કંધ, શ્રી ભગવતી ઉપ-ક્રમ, શ્રી. આધ્યાત્મિક પ્રવચનો (બા. બ્ર. આધ્યાત્મયોગી પંડિત રત્ન સ્વ. શ્રી કેશવલાલજી મહારાજના પ્રવચનો–શ્રી ઉદાયન મહારાજાનો અધિકાર ભાગ પહેલો તથા બીજો) આધ્યાત્મ પ્રવચન (પૂ. શ્રી અમરચંદજી મહારાજ સાહેબના સને ૧૯૬૧ માં કલકત્તા ચાતુર્માસ દરમ્યાન ફરમાવેલા વ્યાખ્યાનનો સંગ્રહ) શ્રી પ્રતિક્રમણ સૂત્ર, શ્રી સામાયિક સૂત્ર જેવાં ધાર્મિક ગ્રંથો અને ધાર્મિક ઉપકરણો પડતર કિંમત કરતાં અર્ધી કિંમતે આપીને તેઓશ્રીની ઇચ્છા અને ભાવનાને માન આપ્યાનો અમોને સંપૂર્ણ આનંદ થાય છે. તે સાથે આ ગ્રંથ ની પ્રથમ આવૃત્તિ જૈનધર્મ પ્રેમી સમાજ સમક્ષ સાદર રજુ કરવાના અમને પ્રાપ્ત થયેલા શુભ અવસર બદલ અમારી જાતને અમે કૃતકૃત્ય માનીએ છીએ.

લી. આત્મબંધુ

**દુલભજી શામજી વિરાણી**

# દશવૈકાલિકસૂત્ર વિષે
# કિંચિત્ વકતવ્ય

## ( લે. શ્રી ભીખાલાલ ગીરધરલાલ શેઠ-મુંબઈ

શ્રી વીતરાગ પ્રભુની વાણી રૂપ અમૃતરસ જેમાં અસ્ખલિત નિર્ઝરી રહ્યો છે એવા આગમના અધ્યયનથી મુમુક્ષુ-મોક્ષાભિલાષી આત્માઓ પ્રમુદિત થાય છે, ચારિત્રમાં નિશ્ચળ દઢપણું સંપાદન કરે છે અને પરમ આહ્લાદ મેળવે છે; કારણ કે સમ્યગદર્શન અને સમ્યગ્જ્ઞાનનું અંતિમ પરિણામ સમ્યક ચારિત્ર જ છે.

ચારિત્રના ગૃહસ્થધર્મ અને શ્રમણધર્મ એવા બે ભેદ છે. તેમાં ગૃહસ્થધર્મ અર્થાત શ્રમણોપાસક ધર્મ ઉપાસક દશાંગાદિ સૂત્રોમાં વર્ણિત છે. સર્વવિરતિ રૂપ શ્રમણધર્મનું વર્ણન આચારાંગ, સૂત્રકૃતાંગ અને દશવૈકાલિક આદિ સૂત્રોમાં કરવામાં આવ્યું છે. આ સૂત્રની રચના પ્રાયઃ શ્રમણધર્મને અનુંલક્ષીને કરવામાં આવી છે. તેમાં દશવૈકાલિક સૂત્રનો ઉપદેશ સંક્ષિપ્ત અને સરળ છે, તેથી સુકુમાર મતિ પણ તેમાં સહસા સહજ રૂપે પ્રવિષ્ટ થઇ શકે છે. તેથી પ્રસ્તુત દશવૈકાલિક સૂત્ર ચારિત્રના વર્ણનનું પ્રથમ સૂત્ર છે. આ સૂત્ર ચરણ-કરણાનુયોગમાં સમાવિષ્ટ થાય છે. પ્રત્યેક મુનિશ્રી અને સાધ્વીજીએ તેનુ વાંચન, મનન અને નિદિધ્યાસન નિયમિત કરવું અતીવ આવશ્યક છે. તદુપરાંત સાધારણ જનો પણ તેના અધ્યયનથી બોધિબીજની પ્રાપ્તિ કરે છે અને શ્રમણોપાસકો જ્ઞાન પ્રાપ્ત કરી આત્મોદ્ધાર કરી શકે છે.

આ સૂત્ર અક્ષરશઃ મંગળ રૂપ છે, કલ્યાણ રૂપ છે, છતાં પણ તેમાં "ધમ્મો મંગલમુક્કિટ્ઠં" એ આદ્ય મંગળ છે; "નાણંદંસણ સંપન્નં"એ મધ્ય મંગળ છે અને "નિક્ખમ્મમાણાઇએ બુદ્ધવયણે" એ અંત્ય મંગળ છે.

નંદીસૂત્રમાં શ્રુતજ્ઞાનના અધિકારમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય એવા બે ભાગમાં સૂત્રોને વિભાજિત કર્યાં છે. તેમાં આચારાંગ, સૂત્રકૃતાંગ યાવત્ દષ્ટિવાદ ( આ દષ્ટિવાદ વિચ્છિન્ન થયું છે.) એમ બાર અંગો અંતર્ગત થાય છે. અંગબાહ્ય સૂત્રોમાં આવશ્યક અને આવશ્યક-વ્યતિરિક્ત એમ બે ભેદ છે. આવશ્યક વ્યતિરિક્તના કાલિક અને ઉત્કાલિક એવા બે ભેદ છે. ઉત્કાલિક સૂત્રોમાં સૌથી પ્રથમ દશવૈકાલિક સૂત્રનું નામ-કથન છે. આ તો પ્રાચીન સમયની વાત થઈ.

અર્વાચીન સમયમાં બત્રીશ સૂત્રોને અંગ, ઉપાંગ, મૂળ, છેદ અને આવશ્યક એમ પાંચ ભાગોમાં વિભક્ત કરેલા છે, તેમાં "મૂળ" સૂત્રમાં દશવૈકાલિક સૂત્રનો સમાવેશ થાય છે, આ "મૂળ" સંજ્ઞાનું વિધાન જો કે અર્વાચીન છે, કિન્તુ દશવૈકાલિક સૂત્ર એ પ્રથમ પાઠય હોવાથી "મૂળ" રૂપ જ છે, તેથી સંજ્ઞા સાર્થક બને છે.

આ સૂત્રના નિર્માતા શ્રી શય્યંભવ આચાર્ય છે. તેમનું જન્મસ્થાન મગધ દેશની રાજધાની રાજગૃહ હતું અને જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. તેઓ મહાન વિદ્વાન હતા. શ્રી જંબૂસ્વામીના પટ્ટધર શિષ્ય શ્રી પ્રભવ સ્વામીના ઉપદેશથી તેઓ મુનિ બન્યા હતા અને બાદમાં પટ્ટધર-આચાર્ય-પદથી વિભૂષિત થયા હતા. તેઓ ચૌદપૂર્વધારી હતા. તેમના પુત્ર મનક પોતાના સંસાર પક્ષના પિતા શ્રી શય્યંભવ આચાર્યને મળ્યા અને તેમની પાસે પ્રવર્જિત થઇ તેમના શિષ્ય બન્યા. તે સમયે આચાર્યશ્રીએ જ્ઞાનબળથી પોતાના પુત્ર અથવા શિષ્ય મનકનું આયુષ્ય છ મહિનાનું શેષ રહેલું જાણી લીધું

તેથી તેના આત્માના કલ્યાણાર્થે શ્રી શય્યંભવ સ્વામીએ પૂર્વ શ્રુત-માંથી સંક્ષિપ્ત રૂપે આ દશવૈકાલિક સૂત્રની રચના કરી અને તેના અધ્યયનથી મનકે સમાધિપૂર્વક છ માસ પૂર્ણ થતાં કાળ કર્યો.

ભગવાન મહાવીરના નિર્વાણ પશ્ચાત્ ૭૫ થી ૯૮ વર્ષના ગાળા-માં આ સૂત્રની રચના થઈ છે, કારણ કે શય્યંભવ સ્વામી ભગવાન મહાવીર પછી ૯૮ વર્ષે કાળધર્મ પામ્યા હતા.

શાસ્ત્રના ઊંડા અભ્યાસી શ્રીમાન્ ઠાકરસીભાઇએ આ સૂત્રનો સુંદર, સરળ અનુવાદ કરીને સ્વ–પર કલ્યાણનું મહાન્ કાર્ય કર્યું છે. ચતુર્વિધ સંઘને આ સૂત્ર અત્યંત ઉપયોગી થશે એમાં શંકા નથી. પૂ. સાધુજી અને સાધ્વીજી આનો ખૂબ લાભ લે એવી વિનમ્ર વિનંતી છે.

# પ્રસ્તાવના

વર્તમાનકાળે શ્રમણવર્ગમાં ચારિત્રપાલનમાં વિશેષત : શિથિલતા દેખાઇ રહેલ છે. દીક્ષા અંગીકાર કરતી વખતે પાંચ મહાવ્રતના સંપૂર્ણપણે પાલનના અને છઠ્ઠા રાત્રિભોજન ત્યાગના નવનવ કોટીએ, પંચ પરમેષ્ઠિ અને ચતુર્વિધ શ્રી સંઘ સમસ્ત, સદગુરૂના મુખે ભીષ્મ પ્રતિજ્ઞા લેવાય છે અને સર્વ પ્રાણી ભૂત, જીવ, સત્વ સાથે સંપૂર્ણ મૈત્રીભાવે રહેવાનો એકરાર કરે છે પણ તે પછી પ્રાય: મોટે ભાગે શિથિલતા પ્રવેશ પામે છે. તે પ્રવેશવા ન પામે, સંયમી જનો પોતાના નિયમો અને વ્રતોને નજર સમક્ષ રાખી આત્મ સાધનામાં આગળ ને આગળ પ્રગતિ કરે એ શુભ આશયથી આ સૂત્ર મેં તૈયાર કરાવ્યું છે અને શ્રીમાન દુલભજીભાઇ વીરાણી અને શ્રી જગજીવનભાઇ બગડીયાની ઉચ્ચતર ભાવનાએ પ્રકાશિત થાય છે તે જોઈ મને ઘણો આનંદ થાય છે.

વર્તમાન સાધુ સાધ્વીજીઓમાં પ્રાય કરીને પ્રાકૃતનો અભ્યાસ ઘણો જ ઓછો છે, તેથી વ્યાખ્યાન આપવામાં સરલતા થાય અને ઓછા અભ્યાસીઓ પણ આ સૂત્રનો મૂળ પાઠ વાંચી તેના દરેક શબ્દો નીચે મૂકેલા અને શબ્દાર્થમાં આપેલા અંકપરથી ભાવાર્થ સમજી-સમજાવી શકે એ સરલ પધ્ધતિ સ્વીકારી છે, તેથી વ્યાખ્યાનકાર કે હરકોઈ સૂત્ર વાંચનના જિજ્ઞાસુ મુમુક્ષજન આ સૂત્રના હાર્દને બરોબર સમજી શકશે અને ભગવાન કથિત સર્વોત્કૃષ્ટ ઉપદેશને અમલમાં મૂકી આત્મ કલ્યાણ સાધશે એજ એક અંતર-ભાવના છે.

આ પુસ્તક છાપવાની અને તેના પ્રુફ વગેરે તપાસવાની સઘળી કામગીરી સ્થા. જૈન પત્રના તંત્રી શ્રી જીવણલાલ સંઘવીએ કરી છે, તે માટે હું તેમનો આભાર માનું છું. તેમણે પ્રુફ સંશોધનમાં સુંદર કાળજી રાખી છે અને ભૂલો ઘણી ઓછી રહેવા પામી છે, શુદ્ધિ પત્રક દાખલ કર્યું છે, છતાં કોઇ ક્ષતિઓ રહી ગઇ હોય તો વાંચકો સુધારી લ્યે એ વિનંતી.

મુમુક્ષુ-સમાજ સેવક

**ઠાકરશી કરસનજી શાહ-થાનગઢ**

ધર્માનુરાગી સ્વર્ગસ્થ પૂજ્ય પિતાશ્રી



શ્રી શામજી વેલજી વિરાણી

ધર્માનુરાગી સ્વ૦ પૂજ્ય માતુશ્રી



શ્રી કડવીબાઈ વિરાણી

# સમર્પણ

પોતાના હૃદયની ચિરંતન પ્રકાશતી

ધર્મજ્ઞાન-જ્યોતે

અમારા જીવનમાં પણ ધર્મના તેજ પાથરનાર

સ્વ. પૂ. પિતાશ્રી

**શામજી વેલજી વીરાણી**

તેમજ

સ્વ. પૂ. માતુશ્રી

**કડવીબાઈ વીરાણી**

અને

જન્મથી જ ધર્મના રંગે રંગાએલા

સ્વ. બા. બ્ર. વિનોદ મુનિશ્રીને

**શ્રી દશવૈકાલિક સૂત્ર**

સમર્પણ

**દુર્લભજી શામજી વીરાણીના વંદન**

# અનુક્રમણિકા


| અધ્યયન | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ લું | ............દ્રુમ પુષ્પિકા............... | ૧ |
| ૨ જું | ..........શ્રામણ્ય પૂર્વક............ | ૭ |
| ૩ જું | ...........ક્ષુલ્લકાચાર......... | ૧૭ |
| ૪ થું | ............છજીવનિકાય...... | ૨૬ |
| ૫ મું | ... ∴ ......પિંડૈષણા......... | ૬૮ |
| ૬ ઠું | ...............મહાચાર............ | ૧૩૯ |
| ૭ મું | ........... .સુવાકયશુદ્ધિ......... | ૧૭૬ |
| ૮ મું | ...........આચાર પ્રણિધિ.... | ૨૦૭ |
| ૯ મું | ............વિનય સમાધિ....... | ૨૪૫ |
| ૧૦ મું | ...........સભિક્ષુ............... | ૨૯૩ |
| ચુલિકા પ્રથમ | ...રતિવાકયા........... | ૩૦૮ |
| ચુલિકા દ્વિતીય | ...વિવિકત ચર્યા...... | ૩૧૫ |


---

## પ્રાપ્તિ સ્થાન

આ દશવૈકાલિક સૂત્ર અર્ધી કિંમતે એટલે રૂા. ૧–૨૫ થી (પોષ્ટેજ ખર્ચ અલગ) નીચેના શીરનામેથી મળી શકશે

(૧) શ્રી શામજી વેલજી વીરાણી અને શ્રી કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ, ૯–૬ દિવાનપરા, રાજકોટ (સૌરાષ્ટ્ર)

(૨) જગજીવન રતનશીભાઈ બગડીયા, દામનગર (સૌરાષ્ટ્ર)

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩૦ | ૧૬ | **अणग** | **अणेग.** |
| ૩૯ | ૪ | એ | કાયાએ |
| ૪૨ | ૧૬ | **उवसंपज्जित्ताणं** | **उवसंपज्जित्ताणं** |
| ૫૩ | ૧૧ | મુકેલ વસ્તુ ઉપર | ઉપર મુકેલ વસ્તુ ઉપર |
| ૫૩ | ૧૩ | ચાલે | ચાલે નહિં |
| ૫૫ | ૮ | **पडिलेहिय** | **पडिलेहिय पडिलेहिय** |
| ૬૭ | ૩ | જૈન | જેને |
| ૬૮ | ૧૨ | **कम्मुजोगेण** | **क्कमजोगेण** |
| ૮૦ | ૮ | અદી | અદીન |
| ૮૮ | ૧૦ | **पडिच्छाए** | **पडिच्छए** |
| ૯૨ | ૩ | પાશ્વતકર્મ | પશ્ચાત્કર્મ |
| ૧૩૩ | ૧૦ | અવધિજ્ઞાન સુધી ત્રણજ્ઞાન થઈ જાય | વિભંગજ્ઞાન સુધી ત્રણ અજ્ઞાન થઇ જાય |
| ૧૪૨ | ૧૭ | યુવન | યુવાન |
| ૧૮૪ | ૧૫ | નિચારીને વિરવદ્ય | વિચારીને નિરવદ્ય |
| ૧૮૬ | ૧૭ | જાણે | જાણે નહિ |
| ૧૯૧ | ૨ | **गंतुमज्जाणं** | **गंतुमुज्जाणं** |
| ૧૯૩ | ૧૨ | ગાભેં | ગાભે |
| ૨૦૮ | ૧૯ | ત્રાસ | ત્રસ |
| ૨૦૯ | ૧૫ | કરેલ છે | કહેલ છે |
| ૨૧૫ | ૭ | પાનત | પામતા |
| ૨૧૭ | ૧૫ | છતાં | છતી |
| ૨૪૬ | ૬ | મિથ્યાત્વ વને | મિથ્યાત્વ ભાવને |
| ૨૪૬ | ૧૬ | જ્ઞાનદિક | જ્ઞાનાદિક |

| | | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૫૯ | ૪ | जेण | जेणं |
| ૨૫૯ | ૪ | कि र्ति | किर्त्ति |
| ૨૬૨ | ૧૪ | અદિ | આદિ |
| ૨૬૭ | ૧૬ | उवहिणामहि | उवहिणामवि |
| ૨૬૮ | ૭ | વિંધ્યો | વિંધ્યો ૩ |
| ૨૭૨ | ૫ | શિષ્યઆજે રાધે | શિષ્ય આરાધે જેમ |
| ૨૬૯ | ૭ | ઠાળ | કાળ |
| ૨૭૬ | ૬ | ઉગ્ગથાય... | ઉદ્દવેગ થાય |
| ૨૭૭ | ૧૪ | धम्मति...... | धम्मुति |
| ૨૮૦ | ૨ | गुणमुंचडसाहु | गुणमुंचऽसाहु |
| ૨૮૫ | ૩ | આચાર સમાધિ | આચાર સમાધિ સ્થાન |
| ૨૮૫ | ૧૮ | સુત ભણુવામાં | શ્રુતભણુવામાં. |
| ૨૮૬ | ૪ | वयमाराहइ | बेयमाराहइ |
| ૨૮૬ | ૮ | સુતજ્ઞાનને... | શ્રુતજ્ઞાનને |
| ૨૮૭ | ૨ | આચરણુ કરે નહિ | આચરણુ કરે. |
| ૨૮૭ | ૧૩ | अ ज्झायव्व | अज्झाइयव्व |
| ૨૮૮ | ૬ | સુત ધર્મમાં | શ્રુતધર્મમાં |
| ૨૮૮ | ૧૮ | સુત જ્ઞાનમાં | શ્રુત જ્ઞાનમાં |

श्री विनोदकुमार विराणी
( दीक्षा लीधा पहेलां शास्त्राभ्यास करतां )



जन्म : पोर्ट सुदान : सां. १९९२

दीक्षा :
खीचन : ( राजस्थान )
सां. २०१३, वैशाख वदि १२
ता. २६-५-'५७, रविवार

निर्वाण :
फलोदी : ( राजस्थान )
सा. २०१३, श्रावण सुदि १२
ता. ७-८-'५७, बुधवार

# બા. બ્ર. શ્રી. વિનોદ મુનિનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

આ પુસ્તક બા. બ્ર. શ્રી વિનોદમુનિના સ્મરણાર્થે પ્રગટ કરવામાં આવેલ છે તેથી તેમના જીવનમાંથી અહીં સંક્ષિપ્તમાં તેઓશ્રીનું જીવનવૃત્તાંત છાપવામાં આવેલ છે.

આ પરમ વૈરાગી પુરુષનો જન્મ વિક્રમ સંવત ૧૯૯૨ માં પોર્ટ સુદાન ( આફ્રિકા )માં, કે જ્યાં વિરાણી કુટુંબનો વ્યાપાર આજ દિવસ સુધી ચાલુ છે, ત્યાં થયો હતો.

શ્રી વિનોદકુમારના પુણ્યવાન પિતાશ્રીનું નામ શેઠશ્રી દુર્લભજી શામજી વિરાણી અને મહાભાગ્યવાન માતુશ્રીનું નામ મણિબહેન વિરાણી. બન્નેનું અસલ વતન રાજકોટ (સૌરાષ્ટ્ર) છે. બહેન મણિબહેન ધાર્મિક ક્રિયામાં પહેલેથી જ રુચિવાળાં હતાં, પરંતુ શ્રી. વિનોદકુમાર ગર્ભમાં આવ્યા પછી વધારે દઢધર્મી અને પ્રિયધર્મી બન્યાં હતાં.

પૂર્વભવના સંસ્કારથી શ્રી વિનોદકુમારનું લક્ષ ધાર્મિક અભ્યાસ અને ત્યાગભાવ તરફ વધારે હોવા છતાં તેઓશ્રીએ નોનમેટ્રિક સુધી અભ્યાસ કરી વ્યાવહારિક કેળવણી લીધેલી અને વ્યાપારની પેઢીમાં કુશળતા બતાવેલી.

તેઓશ્રીએ યુનાઇટેડ કિંગડમ, ફ્રાન્સ, બેલ્જિયમ, હોલેન્ડ, જર્મન, સ્વીટઝર્લેન્ડ, તેમ જ ઇટાલિ, ઇજિપ્ત, વગેરે દેશોમાં પ્રવાસ કરેલ. સાં. ૨૦૦૯ ના વૈશાખ માસ. સને ૧૯૫૩ માં લંડનમાં રાણી એલીઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે તેઓશ્રી લંડન ગયાં હતા. કાશ્મીરનો પ્રવાસ પણ તેમણે કરેલ. પરદેશ ફરવા છતાં પણ તેમણે કોઈ વખતે પણ કંદમૂળનો આહાર વાપરેલ નહીં.

ઊગતી આવતી યુવાનીમાં તેઓશ્રીએ દુનિયાનાં રમણીય સ્થળો જેવાં કે કાશ્મીર, ઇજિપ્ત અને યુરોપનાં સુંદર સ્થળોની મુલાકાત

લીધી હોવા છતાંય તેઓને રમણીય સ્થળો કે રમણીય યુવતીઓનું આકર્ષણ થયું નહીં, એ પૂર્વભવના ધાર્મિક સંસ્કારનો રંગ હતો અને એ રંગે જ તેમને તે બધું ન ગમ્યું અને તુરત વતન પાછા ફર્યા અને સાધુ–સાધ્વીજીનાં દર્શન કરવા ઠેકઠેકાણે ગયા અને તેમના ઉપદેશનો લાભ લીધો અને વૈરાગ્યમાં જ મન લાગ્યું.

હુંડા ચોવીસીના પાંચમા આરાનું વિચિત્ર વાતાવરણ જોઈ તેમને કંઈક ક્ષોભ થતો કે તુરત જ તેનો ખુલાસો મેળવી લેતા અને ત્યાગ ભાવમાં સ્થિર રહેતા. દેશ પરદેશમાં પણ સામાયિક, પ્રતિક્રમણ, ચોવિહાર આદિ પચ્ચખ્ખાણ તેઓ ચૂકયા નહીં. ઊંચી કોટિની શૈયાનો ત્યાગ કરી તેઓ સૂવા માટે માત્ર એક શેતરંજી, એક ઓશીકું અને ઓઢવા માટે એક ચાદર ફક્ત વાપરતા અને પલંગ ઉપર નહીં પણ ભૂમિ પર જ શયન કરતા. અને પહેરવા માટે એક ખાદીનો લેંઘો અને ઝભ્ભો વાપરતા. કોઇ વખતે કબજો પહેરતા. બહુ ઠંડી હોય તો વખતે સાદો ગરમ કોટ પહેરી લેતા અને મુંહપત્તી, પાથરણું, રજોહરણ અને બે ચાર ધાર્મિક પુસ્તકની ઝોળી સાથે રાખતા.

સંડાસમાં નહીં પણ જંગલમાં એકાંત જગ્યામાં ઘણે ભાગે શરીરની અશુચિ દૂર કરવા જતા. હાલતાં ચાલતાં, સંડાસ અને પેશાબ સંબંધીમાં જીવદયાની બરાબર જતના કરતા.

દેશમાં કે પરદેશમાં જ્યારે તેમને કોઈની સાથે મળવાનું થતું ત્યારે તેમની સાથે અહિંસામય જૈન ધર્મનું સ્વરૂપ પ્રગટ કર્યા વગર રહેતા નહીં.

દીક્ષાર્થીઓને જલદી દીક્ષા લેવાની પ્રેરણા કરતા અને એમ જ કહેતા કે જિંદગીનો કોઈ ભરોસો નથી, "અસંખયં જીવિય મા પમાયએ" આયુષ્ય તૂટતાં વાર લાગતી નથી, જીવન તૂટયું સંધાતું નથી માટે ધર્મકરણીમાં સમયમાત્રનો પ્રમાદ ન કરવો જોઇએ.

ગોંડલ સંપ્રદાયના ઘણાખરા પૂ. મુનિવરો અને પૂ. મહાસતી-જીઓનો તથા બોટાદ સંપ્રદાયના પૂ. માણેકચંદજી મહારાજ અને

દરિયાપુરી સંપ્રદાયના ભાયચંદજી મહારાજ, શ્રમણ સંઘના મુખ્ય આચાર્ય શ્રી આત્મારામજી મહારાજ, વગેરે અનેક સાધુ સાધ્વીઓના ઉપદેશનો તેમણે લાભ લીધેલ.

પૂર્વ સંચિત પુણ્યબલના અવલંબનથી અને ગયા જન્મના પ્રબલ ક્ષયોપશમની જાગૃતિથી તેઓશ્રી ધર્મપ્રવૃત્તિમાં એટલા મગ્ન રહેતા હતા કે સંસારચિત્ર દષ્ટિથી વિલીન થઇને મોક્ષ ઉપાય માટેની ધગશથી આત્મા તરબોળ રહેતો.

આ પહેલાં તેઓ જ્યારે માતા–પિતાની સાથે પૂજ્યશ્રી માણેકચંદજી મહારાજનાં દર્શને બોટાદ ગયેલા ત્યારે તેમના ઉપદેશની જે અસર થઈ તે પણ મુખ્ય અસર પહેલી હતી અને બીજી અસર શ્રી લાલચંદજી મહારાજની. આ બેઉ પ્રસંગોએ પૂર્વભવની બાકી રહેલી આરાધનાને પૂરી કરવાના નિમિત્તરૂપ હોઈને વખતોવખત તેઓ માતા–પિતા પાસે દીક્ષાની આજ્ઞા માગતા હતા અને તેનો જવાબ તેમના પિતાશ્રી તરફથી એક જ હતો, 'હજુ વાર છે. સમય પાકવા દો, જ્ઞાન અભ્યાસ વધારો.'

સાં. ૨૦૧૨ ના અષાડ સુદિ ૧૫ થી શ્રી વિનોદકુમારે પુરુષોત્તમજી મહારાજ સાહેબ પાસે વેરાવળ ચાતુર્માસ દરમ્યાન ખાસ નિયમિત રીતે દીક્ષાની તૈયારી કરવા માટે તેમની પાસે જ્ઞાનાભ્યાસ કર્યો. તેમની સાથે શ્રી પુરુષોત્તમજી મહારાજના સંસાર પક્ષના કૌટુંબિક, દીક્ષાના ભાવિક શ્રી જસરાજભાઇ પણ જ્ઞાનાભ્યાસ કરતા હતા. તેઓએ ત્યાં એવો નિર્ણય કરેલો કે શ્રી પુરુષોત્તમજી મહારાજ પાસે આપણે બંનેએ દીક્ષા લેવી. શ્રી જસરાજભાઇની દીક્ષાતિથિ પૂ. પુરુષોત્તમજી મહારાજ સાહેબે સં. ૨૦૧૩ ના જેઠ શુદ ૫ ને સોમવારે માંગરોલ મુકામે નક્કી કરી. શ્રી જસરાજભાઇ વિનોદકુમારને રાજકોટ મળ્યા. શ્રી વિનોદકુમારે શ્રી જસરાજભાઈની યથાયોગ્ય સેવા બજાવી, માંગરોળ રવાનાં કર્યા અને પોતે નિશ્ચયપૂર્વક દીક્ષા માટે આજ્ઞા માગી પણ

તેઓના પિતાશ્રીની એક ને એક વાણી સાંભળીને તેમના મનમાં આઘાત થયો અને દીક્ષા લેવા માટેનો તેમણે બીજો રસ્તો શોધી કાઢ્યો.

શ્રી લાલચંદજી મહારાજ અને તેમના શિષ્યોનો પરિચય મુંબઇમાં થયેલ હતો અને ત્યાર બાદ કોઇ કોઇ વખત પત્રવહેવાર પણ થતો હતો. છેલ્લા પત્રથી તેમણે જાણેલ હતું કે પૂ. શ્રી લાલચંદજી મહારાજ પૂ. આચાર્ય શ્રી સમર્થમલજી મહારાજ સાહેબ પાસે જ્ઞાનાભ્યાસ અર્થે ખીચન ગયા છે. પોતાને પિતાશ્રીની આજ્ઞા (દીક્ષા માટે) મળે તેમ નથી અને દીક્ષા તો લેવી જ છે. આજ્ઞા વિના કોઈ સાધુ મુનિરાજ દીક્ષા આપશે નહિ અને સ્વયમેવ દીક્ષા સૌરાષ્ટ્રમાં લઈને શ્રી પુરુષોતમજી મહારાજ પાસે જવામાં ઘણાં વિઘ્ન થાશે, એમ ધારીને તેઓએ દૂર રાજસ્થાનમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું.

તા. ૨૪–૫–૫૭ સાં, ૨૦૧૩ ના વૈશાખ વદ શુક્રવારના રોજ સાંજના માતુશ્રી સાથે છેલ્લું જમણ કર્યું, ભોજન કરી માતુશ્રી સામાયિકમાં બેસી ગયાં તે વખતે કોઈને જાણ કર્યા વગર દીક્ષાનાં વિઘ્નોમાંથી બચવા માટે ઘર, કુટુંબ, સૌરાષ્ટ્ર ભૂમિ અને ગોંડલ સંપ્રદાયનો ત્યાગ કરી તેઓ ખીચન તરફ રવાના થયા.

શ્રી વિનોદમુનિના નિવેદન પરથી માલૂમ પડયું કે તા. ૨૪–૫–'૫૭ ના રોજ રાત્રે આઠ વાગ્યે ઘેરથી નીકળી રાજકોટ જંકશને જોધપુરની ટિકિટ લીધી. તા. ૨૫–૫–'૫૭ ના રોજ સવારે ૮ વાગે મહેસાણા પહોંચ્યા ત્યાં અઢી કલાક ગાડી પડી રહે છે, તે દરમ્યાન ગામમાં જઇને લોચ કરવા માટેના વાળ રાખીને બાકીના કઢાવી નાખ્યા અને ગાડીમાં બેસી ગયા. મારવાડ જંકશન તથા જોધપુર જંકશન થઈને તા. ૨૬–૫–'૫૭ની સવારે ૪।। વાગ્યે ફલોદી પહોંચ્યા. ત્યાંથી પગે ચાલીને ખીચન ઉપાશ્રયમાં પહોંચ્યા અને ઉપાશ્રયમાં બિરાજતા મુનિવરોનાં દર્શન કર્યાં. વંદણા નમસ્કાર કરી સુખશાતા પૂછી, બહાર નીકળ્યા અને પોતાનાં સામાયિકનાં કપડાં પહેર્યાં અને પછી પૂજ્ય શ્રી સંતોની સન્મુખ સામાયિક કરવા બેઠા. તેમાં 'જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં'ના બદલે 'જાવ પજ્જુવાસામિ તિવિહં તિવિહેણં' બોલ્યા. તે શ્રી લાલચંદજી મહારાજે સાંભળ્યું

અને તેઓશ્રીએ પૂછ્યું કે, વિનોદકુમાર! તમે આ શું કરો છો? તેનો જવાબ આપવાને બદલે 'અપ્પાણું વોસિરામિ' બોલી પાઠ પૂરો કર્યો અને પછી વિનયપૂર્વક બે હાથ જોડી બોલ્યા કે, 'સાહેબ! એ તો બની ચૂકયું અને મેં સ્વયમેવ દીક્ષા લઇ લીધી, તે બરાબર જ છે, અને તેમાં કોઇ ફેરફાર થઈ શકે તેમ નથી. આ સિવાય આપશ્રીની બીજી કોઈ પણ પ્રકારની આજ્ઞા હોય તો ફરમાવો.

તે જ દિવસે બપોરના પૂજ્ય આચાર્ય શ્રી સમર્થમલજી મહારાજ સાહેબે શ્રી વિનોદકુમાર મુનિને પોતાની પાસે બોલાવ્યા અને સમજાવ્યા કે, 'તમે એક સારા ખાનદાન કુટુંબની વ્યક્તિ છો. તમારી દીક્ષા અંગીકાર કરવાની આ રીત બરાબર નથી. કારણ કે તમારાં માતા-પિતાને આ હકીકતથી દુ:ખ થાય અને તેથી મારી સંમતિ છે કે રજોહરણની ડાંડી ઉપરથી કપડું કાઢી નાખો; જેથી તમો શ્રાવક ગણાવ અને જરૂર પડે તો શ્રાવકોનો સાથ લઇ શકો. એમ ત્રણ વાર પૂજ્ય મહારાજશ્રીએ સમજાવેલા, પરંતુ તેમણે ત્રણેય વખત એક જ ઉત્તર આપેલો કે "જે થયું તે થયું. હવે મારે આગળ શું કરવું તે ફરમાવો."

શ્રી વિનોદમુનિના શ્રી સમર્થમલજી જેવા મહામુનિના પ્રશ્નના જવાબ પછી ખીચનનો ચતુર્વિધ સંઘ વિચારમાં પડી ગયો અને મુનિશ્રીઓ પર સંસારીઓનો કોઈ પણ પ્રકારનો નિષ્કારણ હુમલો ન આવે તે માટે શ્રી વિનોદમુનિને જણાવવામાં આવ્યું કે, "અમારી સલામતી માટે તમારે જાહેર નિવેદન બહાર પાડવાની જરૂર છે." ત્યારે શ્રી વિનોદમુનિએ પોતાના હસ્તાક્ષરે નિવેદન શ્રી સંઘ સમક્ષ પ્રગટ કર્યું તેનો સાર નીચે મુજબ છે.

"મારાં માતા-પિતા મોહને વશ થઈને દીક્ષાની આજ્ઞા આપે તેમ ન હતું અને "અસંખયં જીવિય મા પમાયએ" ને આધારે એક ક્ષણ પણ હું દીક્ષાથી વંચિત રહી શકું તેમ નથી. મને સમય માત્રનો પ્રમાદ કરવો ઠીક ન લાગ્યો. તેથી શ્રી અરિહંત ભગવંતો તથા શ્રી સિદ્ધ ભગવંતોની સાક્ષીએ મારા ગુરુ મહારાજ સમક્ષ પ્રવજ્યાનો પાઠ ભણીને, મારા આત્માના કલ્યાણ માટે દીક્ષા અંગીકાર

કરી છે. સમાજને ખોટો ખ્યાલ ન આવે કે મારી દીક્ષા-ક્ષણિક ગુસ્સાથી અગર ગેરસમજથી થઇ છે તેથી તથા સમાજમાં જૈનશાસનની પ્રભાવના થાય તે હેતુથી મારે મારો વૃત્તાંત પ્રગટ કરવો ઉચિત છે. ઉત્તરાધ્યયનજી સૂત્રના ૧૯ મા અધ્યયન પરથી મને લાગ્યું કે, મનુષ્ય-જીવનનું ખરું કર્તવ્ય મોક્ષફળ આપનારી દીક્ષા જ છે; છેવટ સુધી મેં મારા બાપુજી પાસે દીક્ષા માટે આજ્ઞા માગી અને તે વખતે પણ પહેલાંની જેમ વાત ઉડાવી દીધી અને અનંત ઉપકારી એવા મારા બાપુજી સમક્ષ હું તેમને કડક ભાષામાં પણ કહી શકતો નહીં અને બીજી બાજુથી મને થયું કે, આયુષ્ય અશાશ્વત છે અને આવા ઉત્તમ કાર્ય માટે મારે જરા પણ પ્રમાદ કરવો ઉચિત નથી. તેથી મેં વિચારીને આ પગલું ભર્યું છે અને મને પૂર્ણ વિશ્વાસ છે કે, શ્રી વીરપ્રભુ મહાવીર સ્વામીનો સકળસંઘ મારા કાર્યને અનુમોદશે જ. તથાસ્તુ !

રાજકોટમાં શ્રી વિનોદકુમારના ગયા પછી પાછળથી ખબર પડી કે વિનોદકુમાર કેમ દેખાતા નથી, એટલે તપાસ થવા માંડી. કયાંય પત્તો ન લાગ્યો, એટલે બહારગામ તાર કર્યા. કયાંયથી પણ સંતોષકારક સમાચાર સાંપડયા નહીં. અર્થાત્ પત્તો મળ્યો જ નહીં. આમ, વિમાસણના પરિણામે પિતાશ્રીને બે મહિના પહેલાંની એક વાતની યાદી આવી, તે એ હતી કે તે વખતે શ્રી વિનોદકુમારે આજ્ઞા માગેલી કે 'બાપુજી! આપની આજ્ઞા હોય તો આ ચાતુર્માસ ખીચન્ (રાજસ્થાન) જાઉં, કારણ કે ખીચનમાં પૂ. ગુરુમહારાજ સમર્થમલજી મુનિ કે જેઓ સિદ્ધાંત વિશારદ છે, અનેકાંતવાદના પૂરા જાણકાર છે, તેઓ ત્યાં બિરાજમાન છે તો મારી ઇચ્છા પણ ત્યાં તેમની પાસે જવાની છે.

આ વાતચીતનું સ્મરણ પિતાશ્રીને આવવા સાથે તેઓએ પં. પૂર્ણચંદ્રજી દકને પોતાની પાસે બોલાવ્યા અને વિનોદકુમાર માટેની પોતાની ચિંતા વ્યક્ત કરી. પંડિતજીનું પણ આ વાતને સમર્થન મળ્યું. તેઓશ્રીએ જણાવ્યું કે, 'થોડા સમય પૂર્વે શ્રી વિનોદકુમારે

મારી પાસે જાણવા માગ્યું હતું કે, ' ખીચનમાં કેવા પ્રકારની સગવડ છે? આમ, મારી સાથે પણ વાર્તાલાપ થયો હતો. બન્નેનો આ પ્રમાણે એક મત થતાં પિતાશ્રીએ ખીચન તાર કરવા સૂચન કરી. તા.૨૬-૫-૫૭ના રોજ પૃથ્વીરાજજી માલુ, ખીચન (રાજસ્થાન) ઉપર તાર કર્યો.

તા. ૨૮-૫-'૫૭ ના રોજ જવાબ આવ્યો, શ્રી વિનોદ-ભાઈએ ખીચનમાં સ્વયમેવ દીક્ષા ગ્રહણ કરી છે, એટલે તેમના પિતાશ્રીએ રાવબહાદુર શ્રી એમ. પી. સાહેબ, શ્રી કેશવલાલભાઈ પારેખ અને પંડિતજી પૂર્ણચંદ્રજી દક એમ ત્રણેયને શ્રી વિનોદ-કુમારને પાછા તેડી લાવવા માટે ખીચન મોકલ્યા. તા. ૨૮-૫-'૫૭ ના રોજ રવાના થઈ તા. ૩૦-૫-'૫૭ ના રોજ સવારે ફલોદી સ્ટેશને પહોંચ્યા. બેલગાડીમાં તેઓ ખીચન ગયા, કે જ્યાં સ્થિવર મુનિશ્રી હીરેમલજી મહારાજ તથા પૂજ્ય પંડિતરત્ન શાસ્ત્ર વિશારદ શ્રી સમર્થ-મલજી મહારાજ આદિ ઠાણાં ૪ બિરાજતા હતા. કુલ સાધુ-સાધ્વીની સંખ્યા અઠ્ઠાવીસથી ત્રીસની હતી.

પૂછપરછના જવાબમાં શ્રી વિનોદમુનિએ કેશવલાલભાઈ પારેખને કહ્યું કે, " મેં તો દીક્ષા અંગીકાર કરી લીધી છે. તેમાં કોઈ ફેરફાર થાય તેમ નથી. તમો અમારા વિરાણી કુટુંબના હિતૈષી છો અને જો સાચા હિતૈષી હો તો મારાં પૂ. બા અને બાપુજીને સમજાવીને મારી હવે પછીની મોટી દીક્ષાની આજ્ઞા અઠવાડિયાની અંદર અપાવી દો. એટલું જ નહીં પણ " સવિ જીવ કરું શાસન રસી " ની ભાવનામાં અને આજ દિવસ સુધીના મારા ઉપકારના બદલામાં આગમને અનુ-લક્ષીને મારી ભાવના એ હોય જ અને છે કે, મારી દીક્ષા તેઓની દીક્ષાનું નિમિત્ત બને અને મારા માતા-પિતા સદ્‌ગતિને સાથે અર્થાત મારી સાથે દીક્ષા લે.

આવા દૃઢ જવાબના પરિણામે તે જ સમયે શ્રી 'વિનોદકુમાર'ને પાછા લઈ જવાની ભાવનાને નિષ્ફળતા સાંપડી અને તા. ૩૧-૫-'૫૭ની રાત્રિના રવાના થઈ તા. ૨-૬-'૫૭ના સવારે મહા પરિષહરૂપ ક્ષેત્રનો અનુભવ કરી શ્રી વિનોદકુમારના પિતાશ્રીને તમામ વાતથી વાકેફ કર્યા.

થોડા વખતમાં ફ્લોદીના શ્રી સંઘે પૂ. શ્રી લાલચંદજી મહારાજને ફ્લોદીમાં ચોમાસુ કરવાની વિનંતી કરી, તેનો અસ્વીકાર થવાથી સંઘ ગમગીન બન્યો એટલે નિર્ણય ફેરવ્યો અને અષાઢ સુદ ૧૩ ના રોજ ખીચનથી વિહાર કરી ફ્લોદી આવ્યા.

દીક્ષા પછી અઢી મહિનાને અંતરે, ફ્લોદી ચોમાસા દરમ્યાન શ્રી વિનોદમુનિને હાજતે જવાની સંજ્ઞા થઈ અને તે માટે જવા તૈયાર થયા એટલે તેમના ગુરૂએ કહ્યું કે બહુ ગરમી છે. જરા વાર થોભી જાઓ. એટલે શ્રી વિનોદમુનિએ રજોહરણ વગેરેની પ્રતિલેખના કરી, તે દરમ્યાન ન રોકી શકાય એવી હાજત લાગી તેથી ફરી આજ્ઞા માગતાં જણાવ્યું કે મને હાજત બહુ લાગી, છે તેથી જાઉં છું, જલદી પાછો ફરીશ. કાળની ગહન ગતિને દુ:ખદ રચના રચવી હતી આજે જ હાજતે એકલા જવાનો બનાવ હતો. હંમેશાં તો બધા સાધુઓ સાથે મળીને દિશાએ જતા.

હાજતથી મોકળા થઈ પાછા ફરતા હતા ત્યાં રેલવે લાઇન ઉપર બે ગાયો આવી રહી હતી, બીજી બાજુથી ટ્રેન પણ આવી રહી હતી. વ્હીસલ વાગવા છતાં પણ ગાયો ખસતી ન હતી.

શ્રી વિનોદમુનિનું હૃદય થરથરી ઉઠયું અને મહા અનુકંપાએ મુનિના હૃદયમાં સ્થાન લીધું. હાથમાં રજો હરણ લઇ જાનના જોખમની પરવા કર્યા વગર ગાયોને બચાવવા ગયા. ગાયોને તો બચાવી જ લીધી, પરંતુ આ ક્રિયામાં છકાય જીવની દયાના સાધનભૂત રજોહરણ કે, જે વિનોદ મુનિને આત્માથી વધારે પ્યારો હતો, તે રેલવે લાઇન ઉપર પડી ગયો અને શ્રી વિનોદમુનિ એ પાછો સંપાદન કરવામાં જડવાદ સિદ્ધ કરતાં રાક્ષસી એન્જિનને ઝપાટે આવ્યા અને પોતાનું બલિદાન આપ્યું. અરિહંત ..અરિહંત...એવા શબ્દો મુખમાંથી નીકળ્યા અને શરીર તૂટી પડયું. રક્તપ્રવાહ છૂટી પડયો અને થોડા જ વખતમાં પ્રાણાંત થઈ ગયો. બધા લોકો કહેવા લાગ્યા કે, ગૌરક્ષામાં મુનિશ્રીએ પ્રાણ આપ્યો. અંતિમ સમયે મુનિશ્રીના ચહેરા પર ભવ્ય શાન્તિ જ દેખાતી હતી.

હંમેશાં તેઓ જે તરફ જતા હતા તે તરફ ફલોદીથી પોકરણ તરફ જવાની રેલવે લાઈન હતી. આ લાઈન ઉપર રેલવે સત્તાવાળાઓએ ફાટક મૂકેલ નથી અને ત્યાં રસ્તો પણ છે. એટલે પશુઓની અવર-જવર હોય જ છે અને વખતોવખત ત્યાં ઢોર રેલવેની હડફેટે ચડી જવાના પ્રસંગ બને છે.

ફલોદી સંઘે આ દુર્ઘટનાના ખબર રાજકોટ ટેલિફોનથી આપ્યા. જે વખતે ટેલિફોન આવ્યો, તે વખતે પિતાશ્રી બહાર ગયા હતા અને માતુશ્રી મણિબહેન સામાયિક–પ્રતિક્રમણમાં બેઠાં હતાં. માત્ર એક નોકર ઘરમાં હતો. કે જેણે ટેલિફોન ઉઠાવ્યો પણ તે ટેલિફોનમાં કંઈ હકીકત સમજી શકયો નહીં અને સાચા સમાચાર મોડા મળ્યા. સ્પેશ્યલ પ્લેનથી ફલોદી પહોંચે તે પહેલાં અગ્નિ–સંસ્કાર થઈ ગયો. સૂચનાનો ટેલિફોન અર્ધો કલાક મોડો પહોંચ્યો, જો સમયસર પહોંચ્યો હોત તો માતા–પિતાને શ્રી વિનોદમુનિના શબરૂપે પણ ચહેરો જોવાનો અને અંતિમ દર્શનનો પ્રસંગ મળત, પરંતુ અંતરાય કર્મે બન્યું નહીં. આથી પ્લેનનો પ્રોગ્રામ પડતો મૂકવામાં આવ્યો અને માતા-પિતા તા ૧૪–૮–'૫૭ના રોજ ટ્રેઇન મારફત ફલોદી પહોંચ્યાં.

આ પ્રસંગે શ્રી લાલચંદજી મહારાજે અવસરને પિછાણીને અને ધૈર્યનું એકાએક ઐકય કરીને શ્રી વિનોદમુનિનાં માતા-પિતાના સાંત્વન અર્થે ઉપદેશ શરૂ કર્યો, જેનો ટૂંકામાં સાર આ પ્રમાણે છે.

"હવે તો એ રત્ન ચાલ્યું ગયું? સમાજનો આશાદીપક ઓલવાઈ ગયો! ઝટ ઊગીને આથમી ગયો! હવે એ દીપ ફરીથી આવી શકે તેમ નથી." શ્રી વિનોદમુનિના સંસાર પક્ષનાં માતુશ્રી મણિબહેનને મુનિશ્રીએ કહ્યું કેઃ–બહેન! ભાવિ પ્રબળ છે, આ બાબતમાં મહા પુરુષોએ પણ હાથ ધોઈ નાખ્યા છે અને સૌને મરણને શરણ થવું પડે છે, તો પછી આપણા જેવા પામર પ્રાણીનું શું ગજું છે! હવે તો શોક દૂર કરીને આપણે એમના મૃત્યુનો આદર્શ જોઈને માત્ર ધીરજ ધરવાની રહી."

પૂ. શ્રી સમર્થમલજી મહારાજ સાહેબનો અભિપ્રાય:-પ્રાથમિક તેમ જ અલ્પકાળના પરિચયથી મને શ્રી વિનોદમુનિના વિષે અનુભવ થયો કે તેમની ધર્મપ્રિયતા અને ધર્માભિલાષા 'અટ્ઠિમિંજા પેમાણુરાગરત્તે' નો પરિચય કરાવતી હતી, પ્રાય: સાંસારિક પ્રચૂર વૈભવ તરફ તેમની રુચિ દષ્ટિગોચર થતી ન હતી, પરંતુ તેઓ વીતરાગ-વાણીના સંસર્ગથી વિષય વિમુખ, ધર્મકાર્યમાં તત્પર અને તલ્લીન દેખાતા હતા. ખાસ પરિચયના અભાવે પણ તેમની વૈરાગ્ય ધારાથી તેમની ધર્માનુરાગીતા તથા જીવનચર્યાથી કઠિન કાર્ય કરવામાં પણ ગભરાટના સ્થાને સુખાનુભવની વૃત્તિ લક્ષમાં આવતી હતી.

## હવે

શ્રી વિનોદમુનિના જીવનના બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેનો ખુલાસો કરવામાં આવે છે.

પ્ર. ૧. તેમણે આજ્ઞા વગર સ્વયમેવ દીક્ષા કેમ લીધી?

ઉત્તર:-પાંચમા આરાના ભદ્રા શેઠાણીના પુત્ર એવંતા (અતિમુક્ત) કુમારને તેમનાં માતુશ્રીએ દીક્ષાની આજ્ઞા આપવાની તદ્દન ના પાડી એટલે તેમણે સ્વયમેવ દીક્ષા લીધી. ત્યાર બાદ ભદ્રા શેઠાણીએ પોતાના કુમારને ગુરુને સોંપી દીધા. તે જ રાત્રે તેમણે બારમી ભિખ્ખુની પડિમા અંગીકાર કરી. અને શિયાળણીના પરિષહથી કાળ કરી નલીન ગુલ્મ વિમાનમાં ગયા. તેવી જ રીતે શ્રી વિનોદકુમાર સ્વયં દીક્ષિત થયા

પ્ર. ૨. આવા વૈરાગી જીવને આવો ભયંકર પરિષહ કેમ આવે?

ઉત્તર:-કેટલાક ચરમ શરીરી જીવને મારણાંતિક ઉપસર્ગ આવેલ છે. જુઓ ગજસુકુમાર મુનિ, મેતારજ મુનિ, કોશલમુનિ, કારણ કે તેમની સત્તામાં હજારો ભવનાં કર્મ હોવાં જોઈએ, ત્યારે તેમને એકદમ મોક્ષ જવું હતું, તો મારણાંતિક ઉપસર્ગ આવ્યા વગર એટલાં કર્મ કેવી રીતે ખપે? બા. બ્ર.શ્રી વિનોદમુનિને આવો પરિષહ આવ્યો, જે ઉપરથી એમ અનુમાન થાય છે કે તે એકાવતારી જીવ હોય.

શ્રી વિનોદમુનિનું વિસ્તૃત જીવન ચરિત્ર જુદા પુસ્તકથી ગુજરાતી ભાષા તથા હિન્દી ભાષામાં છપાયેલ છે. તેમાંથી અહીં સારરૂપે સંક્ષેપ કરેલ છે.

# અમારાં પ્રકાશનો

ધર્મકરણી કરવામાં ઉપયોગી નીચેનાં ધાર્મિક પુસ્તકો અને ઉપકરણો પડતર કિંમત કરતાં અર્ધી કિંમતે આપવામાં આવે છે. તો જેઓને જરૂર હોય તેમણે નીચે બતાવેલ સ્થળેથી મેળવી લેવાં. (પોસ્ટેજ ખર્ચ અલગ થશે.)

| | વિગત | પડતર કિંમત | અર્ધી કિંમત |
|---|---|---|---|
| ૧. | ભગવતી ઉપક્રમ | ૫–૦૦ | — |
| ૨. | શ્રી જૈન તત્વ પ્રકાશ | ૭–૦૦ | ૩–૫૦ |
| ૩. | જૈન જ્ઞાનસાગર | ૬–૦૦ | ૩–૦૦ |
| ૪. | શ્રી નિર્ગ્રન્થ પ્રવચન | | ૬–૦૦ |
| ૫. | મહામંત્ર આરાધના, શ્રુતજ્ઞાન પ્રશ્નોત્તરી અને તત્ત્વ સંગ્રહ | ૪–૦૦ | ૨–૦૦ |
| ૬. | શ્રી બૃહદ જૈન થોક સંગ્રહ | ૩–૦૦ | ૧–૫૦ |
| ૭. | શ્રી ધર્મધ્યાન અને સજ્ઝાયમાળા | ૪–૦૦ | ૨–૦૦ |
| ૮. | શ્રી દંડકાવબોધ ગ્રંથ | ૩–૦૦ | ૧–૫૦ |
| ૯. | શ્રી આચારાંગ સૂત્ર | ૩–૭૫ | ૧–૮૭ |
| ૧૦. | શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર પ્રથમ સ્કંધ | ૪–૨૦ | ૨–૧૦ |
| ૧૧. | શ્રી સૂત્રકૃતાંગ સુત્ર દ્વિતીય સ્કંધ | ૪–૦૦ | ૨–૦૦ |
| ૧૨. | આધ્યાત્મિક પ્રવચનો (બા. બ્ર. અધ્યાત્મયોગી પંડિત રત્ન શ્રી સ્વ. કેશવલાલજી મહારાજનાં પ્રવચનો શ્રી ઉદાયન મહારાજનો અધિકાર ભાગ પહેલો તથા બીજો) | ૬–૦૦ | ૩–૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | અધ્યાત્મ પ્રવચન પૂ. શ્રી અમરચંદજી મહારાજ સાહેબનાં સને ૧૯૬૧ માં કલકત્તા ચાતુર્માસ દરમિયાન ફરમાવેલાં વ્યાખ્યાનનો સંગ્રહ | ૬–૦૦ | ૩.૦૦ |
| ૧૪. | અતિમુક્ત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું જીવન ચરિત્ર ( બીજી આવૃત્તિ ) (ગુજરાતી) | ૨–૫૦ | ૧–૨૫ |
| ૧૫. | અતિમુક્ત બા. બ્ર. શ્રી વિનોદમુનિનું જીવન ચરિત્ર ( હિન્દી ) | ૨–૫૦ | ૧–૨૫ |

| | વિગત | પડતર કિંમત | અર્ધી કિંમત |
|---|---|---|---|
| ૧૬. | શ્રી સિદ્ધિનાં સોપાન | ૧–૫૦ | ૦–૫૦ |
| ૧૭. | ભાવના શતક તથા કર્મ અને આત્માનો સંયોગ | ૧–૫૦ | ૦–૭૫ |
| ૧૮. | શ્રી પ્રતિક્રમણ સૂત્ર | ૦–૫૦ | ૦–૨૫ |
| ૧૯. | શ્રી સામાયિક સુત્ર | ૦–૧૦ | ૦–૦૫ |
| ૨૦. | દશવૈકાલિક સુત્ર | ૨–૫૦ | ૧–૨૫ |

**આ ઉપરાંત નીચે મુજબનાં ધર્મ કરણીનાં ઉપકરણો પણ અહીંથી મળશે.**

નવકારવાળી સુખડની, નવકારવાળી પ્લાસ્ટિકની, ઊનના ગુચ્છા, લચ્છી ૨૦, કટાસણુ ઊનનું, કટાસણુ બનાતનું, પુસ્તકો મૂકવા માટે લાકડાના સાપડા.

સ્થળ:
૬, દીવાનપુરા,
**રાજકોટ-૧**

**શામજી વેલજી વિરાણી અને શ્રી**
**કડવીબાઇ વિરાણી સ્મારક ટ્રસ્ટ**

# શ્રી દશવૈકાલિક સૂત્ર

## અધ્યયન પહેલું

### દ્રુમ પુષ્પિકા

આ સંસારમાં સર્વ પદાર્થ કરતા ધર્મ પદાર્થ ઉત્તમ છે, શ્રી તીર્થંકર દેવોએ શ્રુત ધર્મ અને ચારિત્રધર્મરૂપ જૈનધર્મ પ્રતિપાદન કરેલ છે. તે અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ છે. તેમાં પ્રથમ છ કાય જીવની રક્ષા કરવી તે પર દયા છે. અને પોતાના આત્માને વિષય, કષાય, આરંભ, પરિગ્રહથી નિવૃત્ત કરવો તે સ્વદયા છે. (સ્વદયામાં પરદયાનો સમાવેશ સમજવો) તે સ્વ પર દયાના પાલન માટે સંયમનું પાલન કરવું. અને તૃષ્ણાનો ત્યાગ કરી એકાંત કર્મની નિર્જરા અર્થે બાર પ્રકારનો તપ કરવો તે ચારિત્ર ધર્મ કહેવાય (સંયમના પેટામાં અહિંસાનો સમાવેશ જાણવો અને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા. બંધ, અને મોક્ષ આદિ નવતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું, જેમાં આત્મા અને શરીરની ભિન્નતાના જ્ઞાનનો પણ સમાવેશ જાણવો) તે શ્રુત ધર્મ કહેવાય. આવા પ્રકારનો ધર્મ છે તે ઉત્કૃષ્ટ માંગલિક છે. સિવાય પુત્રાદિકનો જન્મ, ઘર, મકાન બનાવવા, વિવાહ પ્રમુખ તથા ધન આદિની પ્રાપ્તિ તે બધા અશુદ્ધ, ચમત્કારિક, અને ક્ષણિક માંગલિક જાણવા, કારણકે તે બધા અમાંગલિક પણ થાય, પરંતુ ધર્મ માંગલિક સદાને માટે માંગલિક જ રહે છે તેમજ ધર્મ છે તે આ ભવના તથા પર ભવના સુખનું

કારણ છે, મોક્ષનું કારણ છે, દુ:ખનો ક્ષય કરવાનું કારણ છે એમ જાણી ધર્મ આરાધના કરવા જાગૃત રહેવું તે જ મનુષ્ય ભવનું કર્તવ્ય છે. મનુષ્યભવની સફળતા છે.

**धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो,**
१ २ ३ ४ ५ ६
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥**
७ ८ ९ १० ११ १४ १३ १२

**શબ્દાર્થ**– ધર્મ મંગલ ઉત્કૃષ્ટ અહિંસા જીવદયા સંયમ તપ દેવો
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
પણ તેને નમસ્કાર કરે છે કે જેનું મન સદા ધર્મમાં રક્ત છે.
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**–દુર્ગતિમાં પડતા જીવોને બચાવે અને સ્વર્ગ અથવા-મોક્ષ ગતિને પમાડે અથવા સર્વ દુ:ખોથી છોડાવી અનંતા સુખોની પ્રાપ્તિ કરાવે તેને ધર્મ કહેવાય અહિંસા, સંયમ અને તપ એ ત્રણ ધર્મના લક્ષણ છે. પ્રાણીઓના પ્રાણની રક્ષા કરવી અથવા તેમને બચાવવા એ અહિંસા કહેવાય. અને સંયમ એટલે પાપકારી કાર્યથી નિવૃત્ત થવું તે સંયમ, તેના સત્તર પ્રકાર છે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ, (આ
૧ ૨ ૩ ૪ ૫
પાંચે જીવ રૂપ છે. અને એકેન્દ્રિય જીવો કહેવાય છે) બેઈંદ્રિય
૬
તેઇંદ્રિય, ચૌરેંદ્રિય અને પંચેંદ્રિય, (આ ચાર ત્રસ જીવ કહેવાય)
૭ ૮ ૯
એ નવ પ્રકારના જીવોની દયા પાળવી જીવ સંયમ કહેવાય તેના નવ ભેદ થયા. સંયમના ઉપકરણો યત્નાથી લેવા, મુકવા તે અજીવ સંયમ, સ્થાન, વસ્ત્ર, પાટ, પાટલા વગેરેનું યત્નાપૂર્વક પ્રતિ લેખન

કરવું તે પ્રેક્ષા સંયમ, અનુકૂળ, પ્રતિકૂળ પરીષહો સમભાવે સહન
૧૧
કરવા પરંતુ ક્લેશ પામી અસંયમમાં પ્રવૃત્તિ ન કરવી અને સંયમના ગુણો અને અ સંયમના દોષો સ્વ તથા પરના આત્માને સમજાવી સંયમ માર્ગમાં સ્થિર થવું અને અન્યને સંયમ માર્ગમાં સ્થિર કરવા તે ઉપેક્ષા સંયમ. ઉચ્ચાર પ્રશ્રવણને યત્નાથી પરઠવવા તે
૧૨
અપહૃત્ય સંયમ, સ્થાન, વસ્ત્ર, પાટ, પાટલા, પાત્રા આદિનું વારંવાર
૧૩
પ્રમાર્જન કરવું તે પ્રમાર્જના સંયમ, મન વચન અને કાયાના
૧૪ ૧૫ ૧૬ ૧૭
ભાવોમાં પ્રવર્તાવવાને યોગને પ્રશસ્ત ભાવોમાં પ્રવર્તાવવા માટે ૧૭ પ્રકાર, વળી બીજા પ્રકારે સત્તર ભેદ કહેલ છે તે પાંચ મહાવ્રતનું પાલન કરવું, પાંચ ઇન્દ્રિયો તથા ચાર કષાયોનો નિગ્રહ કરવો, ત્રણ યોગને પ્રશસ્ત રાખવા તે પણ સંયમ કહેવાય. સંયમવિના અહિંસાનું સંપૂર્ણપણે પાલન થઇ શકે નહિ. સ્વ પર દયાના પાલન વિનાની સર્વ ક્રિયાઓથી સંસાર પરિભ્રમણના દુઃખોનો ક્ષય થઇ શકે નહિં. શુભ ક્રિયાઓ પુણ્ય બંધનું કારણ છે. અને સંયમ પાલન છે તે સર્વ દુઃખોથી મુક્ત થવાનો સાચો ઉપાય છે, જ્ઞાન સહિત ચારિત્ર-પાલન એજ મોક્ષનો સાચો ઉપાય છે. ભૂખ, તરસ, શીત, તાપના કષ્ટોને સમભાવે સહન કરવા તે પણ તપ કહેવાય. (પરમાં દોડતી વૃત્તિઓને સ્થિર કરવા તથા દેહમમત્વને તોડવા તપસ્યાની જરૂર છે.) તપ અને સંયમ એ અહિંસાના રક્ષક છે એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આરાધન રૂપ ધર્મ તે જ સંસાર પરિભ્રમણ રૂપ જન્મ, જરા અને મરણનાં સર્વ દુઃખોનો નાશ કરાવનાર તથા આત્મસ્વરૂપ પ્રાપ્ત કરાવી મોક્ષરૂપ સિદ્ધિ ગતિમાંના અનંતા શાશ્વતા સુખો પ્રાપ્ત કરાવનાર હોઈ, ધર્મ છે તે ઉત્કૃષ્ટ મંગલ છે.

આવા પ્રકારના ધર્મમાં સદાને માટે જેનું મન રક્ત છે તેવા આત્માને દેવ, દાનવ, ચક્રવર્તી, માંડલિક રાજા આદિ સર્વે નમસ્કાર કરે છે. એમ જાણી અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનું પાલન શ્રદ્ધા સહિત કરવું તે આત્મ શ્રેયનું કારણ અને માનવભવની સફળતા જાણવી. (તપનો સમાવેશ ચારિત્રમાં થાય છે)

**जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं,**
१ २ ३ ४ ६ ५

**न य पुप्फं किलामेइ, सोय पीणेइ अप्पयं** ॥२॥
११ ८ ९ १० १२ १३ १४

**શબ્દાર્થ**-જેમ વૃક્ષના પુષ્પમાં ભમરો રસ પીવે છે પણ પુષ્પને
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૮ ૯
પીડા દેતો નથી ભ્રમર તૃપ્ત કરે આત્માને.
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**-જેમ વૃક્ષના પુષ્પમાંથી ભમરો મર્યાદાથી રસ થોડો થોડો પીવે છે અને પોતાના આત્માને તૃપ્ત કરે છે, પરંતુ પુષ્પને પીડા પમાડતો નથી. વળી એક જ પુષ્પમાંથી રસને ગ્રહણ કરતો નથી પરંતુ જુદા જુદા પુષ્પોમાંથી થોડા થોડા રસને ગ્રહણ કરે છે તેની માફક સાધુએ જુદા જુદા ઘરોમાંથી ગૌચરી કરવી જોઈએ.

**एमे ए समणा मुत्ता, जे लोए संति साहुणो,**
१ २ ३ ४ ५ ६ ७ ८

**विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणा रया.** ॥३॥
९ १० ११ १२ १३ १४ १५

**શબ્દાર્થ**-એ પ્રકારે જે સાધુ પરિગ્રહથી મુક્ત જે મનુષ્ય લોકમાં
૧ ૨ ૩ ૪ ૫ ૬
સાધુ છે ભમરાની પેઠે પુષ્પમાં ગૃહસ્થે આપેલ આહાર આદિ
૮ ૭ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
એષણામાં રક્ત હોય છે.
૧૪ ૧૫

**ભાવાર્થ**–ઉપરોક્ત રીતે આ મનુષ્ય લોકમાં રહેલા–સાધુ તપસ્વીઓ જે નવ પ્રકારનો બાહ્ય અને ચૌદ પ્રકારનો અભ્યંતર સર્વ પરિગ્રહથી મુક્ત છે અને જ્ઞાનાદિ સહિત જે સાધુઓ છે તેઓ ભમરાઓની માફક (ભમરો તો અદત્ત ગ્રહણ કરે છે પરંતુ સાધુઓ અદત્ત ગ્રહણ કરતા નથી) ગૃહસ્થોએ આપેલ નિર્દોષ આહારાદિની ગવેષણામાં રક્ત પરાયણ રહે છે, તેમજ ગૃહસ્થને ઉપાધિરૂપ ન થાય એ રીતે જુદા જુદા ઘરોથી થોડો થોડો મર્યાદા પૂર્વક આહાર લેતા થકા સંયમનું પાલન કરે છે. આવા પ્રકારનો અહિંસા રૂપ ધર્મ સાધુઓજ પાળી શકે છે. વૃક્ષ સમાન ગ્રામાદિક, પુષ્પ સમાન ગૃહસ્થ, રસ સમાન આહારાદિક, ભમરા સમાન સાધુ તે ગૃહસ્થના ઘરેથી મર્યાદાથી આહાર લઈ પોતાના આત્માને સંતોષ પમાડે. આ દષ્ટાંતે ભમરાની ઉપમા એક દેશથી જાણવી.

**वयंच विर्त्ति लब्भामो, न य कोइ उवहम्मइ,**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥४॥**
૭ ૮ ૯ ૧૧ ૧૦

**શબ્દાર્થ**–અમે પણ એવી વૃતિ પામીશું નહિ કોઈ જીવની વિરા-
૧ ૨ ૩ ૪ ૫ ૬
ધના થાય ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલા આહારમાંથી નિર્દોષ
૭
આહાર લેતાં થકાં વિચરશું. પુષ્પને વિષે જેમ ભ્રમર
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–પૂર્વોક્ત બોધ સાંભળી સાધુ હોય તે નિર્ણય કરે કે જેમ ભમરો વૃક્ષોના પુષ્પોમાંથી થોડા થોડા રસને ગ્રહણ કરી પોતાના આત્માને તૃપ્ત કરે છે, એવી રીતે અમે પણ ગૃહસ્થોએ

પોતાના માટે બનાવેલા આહારમાંથી, ગૃહસ્થોએ આપેલા નિર્દોષ આહારને ગ્રહણ કરી, આજીવિકાને ચલાવીશું, પણ કોઈ જીવોની વિરાધના નહિ કરીએ. એ રીતે ભમરાની માફક થોડા થોડા આહારને લેતા થકા વિચરશું, ગૃહસ્થને ફરી આરંભ કરી આહાર નીપજાવવો પડે તે રીતે એક સ્થળેથી આહાર નહિ લઈએ. પરંતુ દાતારને દુઃખ ન થાય, એ રીતે થોડા થોડા નિર્દોષ આહારની ગવેષણા કરતા સંયમમાં વિચરશું.

**महुगारसमा बुद्धा, जे भवंति अणिस्सिया ।**
**१ २ ३ ४ ५**
**नाणापिंडरया दंता, तेण वुच्चंति साहुणो त्ति बेमि ॥५॥**
**६ ७ ८ ९ १० ११ १२ १३ १४**

**શબ્દાર્થ**–ભમરા સમાન તત્ત્વના જાણ હોય છે નિશ્રાવગરના
૧ ૨ ૩ ૪ ૫
પ્રતિબંધ રહિત, મમત્વ રહિત, જુદા જુદા અથવા થોડા થોડા આહારમાં
૬ ૭
આનંદ માનનારા ઈન્દ્રિય તથા મનને દમનારા તેને કહેવાય છે સાધુઓ
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
એ પ્રકારે હું કહું છું.
૧૩ ૧૪

**ભાવાર્થ**–ઉપરોકત ભમરા સમાન, તત્ત્વના જાણ કુલાદિના કોઇપણ પ્રતિબંધ રહિત, મમત્વ રહિત, જુદા જુદા ઘરોમાંથી અથવા થોડા થોડા આહારને લેનારા, અભિગ્રહના ધારણ કરનારા, રસ વગરના આહારને લેનારા, ઇન્દ્રિય અને મનને દમનારા, આહાર સંબંધમાં ઉદ્વેગ નહિ રાખનારા, નિર્દોષ આહારને ગ્રહણ કરનારાને સાધુ કહીએ. એમ હું કહું છું.

**દ્રુમ પુષ્પિકા નામનું પ્રથમ અધ્યયન સમાપ્ત.**

# અધ્યયન બીજું

## શ્રામણ્યપૂર્વક

રથનેમી અને રાજીમતીના દૃષ્ટાંતે વિષય-વિકાર છોડવા વિષે.

**कहं नु कुज्जा सामण्णं, जो कामे न निवारए ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**पए पए विसीअंतो, संकप्पस्स वसं गओ ॥१॥**
९ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**- કેવી રીતે પાળશે ? સાધુપણું જો કામભોગોથી નથી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
નિવૃત્ત થતો પગલે પગલે ખેદ પામશે સંકલ્પોને વશ થયેલો.
૮ ૯ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—જે સાધક કામભોગોથી નિવૃત થાય નહિ તથા પોતાના મનને વારી શકે નહિ, તે ખોટા અધ્યવસાયોને વશ થઇ ડગલે પગલે ખેદને પામે છે. તે સાધુપણું કેમ પાળી શકે? ન પાળી શકે.

**वत्थगंधमलंकारं, इत्थीओ सयणाणि य ।**
१ २ ३ ४ ५ ६
**अच्छंदा जे न भुंजंति, न से चाइत्ति वुच्चई ॥२॥**
७ ८ ९ १० १३ ११ १२ १४

**શબ્દાર્થ**—વસ્ત્ર, સુગંધી પદાર્થો, ઘરેણાં, સ્ત્રીઓ, પલંગ-આસન
૧ ૨ ૩ ૪ ૫
વળી પોતાને વશનથી જે મનુષ્ય નથી ભોગવતો તેને ત્યાગી ન કહેવાય
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—સુંદર વસ્ત્રો, સુગંધી પદાર્થો, ઘરેણાં, અલંકાર, સ્ત્રીઓ, પલંગાદિ આસનો આદિ સંપત્તિ પોતાને આધીન નથી, અથવા પોતાને પ્રાપ્ત થયેલ નથી, અથવા મેળવવા છતાં રોગાદિ

ના કારણે ભોગોનો ઉપભોગ કરી શકતો નથી, તેને ત્યાગી કહી શકાય નહિ, જ્યાં સુધી ભોગો ઉપરનો આસક્ત ભાવ છૂટયો ન હોય ત્યાં સુધી તે પુરુષને ત્યાગી ન કહી શકાય. પરંતુ બાહ્ય તથા આભ્યંતરથી જ્યાં જ્યાં પરિગ્રહનો ત્યાગ હોય ત્યાંજ ત્યાગીપણું સંભવે.

**जे य कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुव्वइ ।**
१ २ ३ ४ ५ ६ ७
**साहीणे चयइ भोए, से हु चाइ त्ति वुच्चइ ॥३॥**
८ १० ९ ११ १२ १३ १४

**શબ્દાર્થ**-જે માણસ મનોહર પ્રિય-વ્હાલા ભોગો પામ્યા છતાં
૧ ૨ ૩ ૪ ૫
ત્યાગ કરે, છે પોતાને સ્વાધીન હોવા છતાં ભોગોનો ત્યાગ કરે તેને
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
નિશ્ચે ત્યાગી સાધુ કહેવાય.
૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**-જે માણસ મનોહર, ઇષ્ટ, પ્રિય, શબ્દ આદિ વિષય-સુખોનાં સાધનોને પામીને સ્વેચ્છાએ શુભ પરિણામથી, ભોગવવાની શક્તિ હોવા છતાં, સ્વતંત્ર માલિકીવાળો હોવા છતાં પ્રાપ્ત ભોગોનો ત્યાગ કરે છે, તેને નિશ્ચે ત્યાગી સાધુ કહેવાય. (સાધનો હોય પરંતુ રોગના કારણે ન ભોગવાય તો તેને ત્યાગી ન કહેવાય.)

**समाइ पेहाइ परिव्वयंतो, सिया मणो निस्सरई बहिद्धा ।**
१ २ ३ ४ ५ ७ ६
**न सा महं नो वि अहं पि तीसे, इच्चेव ताओ विणइज्ज रागं ॥४॥**
८ ९ १० ११ १२ १३ १४ १५ १६ १८ १७

**શબ્દાર્થ**–સમભાવથી સમ્યક્‌દૃષ્ટિથી સંયમમાં વિચરતા કદાચિત્
૧ ૨ ૩ ૪
સ્ત્રીને દેખીને પોતાનું મન સંયમથી બહાર નીકળે નથી તે સ્ત્રી
૫ ૬ ૭ ૮ ૯
મારી નથી પણ હું તેનો એ પ્રમાણે વિચારી તે સ્ત્રીથી રાગને
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
દૂર કરે.

**ભાવાર્થ**–રાગદ્વેષ રહિત સમ્યગ દૃષ્ટિથી સંયમમાં વિચરતા, સંયમમાં સ્થિત મુનિનું મન સ્ત્રીને દેખીને કદાચિત મોહનીય કર્મના ઉદયથી પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ થઇ જવાથી સંયમ રૂપી ઘરની બહાર નીકળી જાય તો તે સમયે સાધુએ વિચારવું જોઇએ કે તે સ્ત્રી મારી નથી, અને હું તેનો નથી, સર્વ જીવો પોત–પોતાના કર્મો અલગ અલગ ભોગવે છે, એવા શુભ અધ્યવસાય કરી સ્ત્રી ઉપરના રાગને દૂર કરવો. સ્ત્રીના વિષયમાં મનની પ્રવૃત્તિ થવાથી ચારિત્રની મલીનતા આદિ અનેક દોષો ઉત્પન્ન થાય છે. વળી એવો વિચાર કરે કે હે મન ! ચારિત્રના પ્રાણ સમાન બ્રહ્મચર્ય પાલનની જીવન પર્યંત પ્રતિજ્ઞા કરેલ છે. એમ વિચારી પ્રતિજ્ઞાનું યથાતથ્ય પાલન કરવા સ્ત્રી ઉપરના રાગને દૂર કરે. જેણે ભોગોનો ત્યાગ કરેલ છે, ભોગોને વમ્યાં છે, તેને ફરી ભોગવવાની ઇચ્છા કરવી એતો શ્વાનની કોટીમાં ગણાય એમ વિચારી મનને સ્થિર કરે. બ્રહ્મચર્યથી દીર્ઘ આયુષ્ય, સુંદર આકાર, દૃઢ સંઘયણ, શક્તિ વિશેષ, જ્ઞાનની પ્રાપ્તિ આદિ ઘણા ગુણો પ્રાપ્ત થાય છે. વળી શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર અ. ૨. ઉ. ત્રીજાની બીજી ગાથામાં કહેલ છે કે સ્ત્રીઓથી અસેવિત પુરૂષોને મુક્તપુરૂષ સમાન કહેલા છે. વળી ભોગોને કિંપાકવૃક્ષના ફળની ઉપમા આપેલ છે. ભોગવતા મીઠા લાગે છે, પરંતુ તેના વિપાકો જીવોને અતિ લાંબા કાળ સુધી દુઃખોને ઉત્પન્ન કરાવનાર કહેલાં છે. તથા નરક આદિ હલકી ગતિમાં ઉત્પન્ન કરાવનાર છે. એમ વિચારી સ્ત્રી ઉપરના રાગને દૂર કરી સંયમમાં વિચરવું. રાગનું બંધન લોઢાની બેડીથી પણ

વધારે, મજબૂત કહેલ છે. એ બંધન તોડવું દુષ્કર છે. વિષયરાગ બધાં પાપોનું મૂળ છે. ચારિત્ર-વૃક્ષને કાપનાર કુહાડા સમાન છે. સ્ત્રી મોક્ષમાર્ગમાં અર્ગલા સમાન છે. નરક અને નિગોદના દુઃખોનું નિધાન છે. વિવિધ વ્યાધિઓનું ઉત્પત્તિ સ્થાન છે. સ્ત્રીઓનો સંપર્ક ઉપશમરૂપ કવચ પહેરેલા ઉત્તમ પુરુષોના અંતઃકરણને સ્ત્રીઓ પોતાની આંખોરૂપી છુરીની ધારથી છિન્નભિન્ન કરી નાંખે છે. સ્ત્રીઓની વાંકી ભમ્મર, નરકના દ્વાર ખોલવાની કુંચી સમાન છે. એમ વિચારી સ્ત્રીઓના રાગને દૂર કરવો એ આત્મશ્રેયનું કારણ છે. સુખ-સમાધિનું કારણ છે, એમ જાણી સ્ત્રીઓ ઉપરના રાગને દૂર કરવો.

**आयावयाही चय सोगमल्लं, कामे कमाही कमियं खु दुक्खं।**
१ २ ३ ४ ५ ८ ६ ७
**छिंदाहि दोसं विणएज्ज रागं, एवं सुही होहिसि संपराए॥५॥**
९ १० ११ १२ १३ १४ १५ १६

**શબ્દાર્થ**–આતાપના લે ત્યાગ કરે કોમલપણું કામભાવને ઉલ્લંઘન
૧ ૨ ૩ ૪ ૫
કરવાથી નિશ્ચય દુઃખ દૂર થાય છે. નાશ કરે દ્વેષનો દૂર કરે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
રાગને, એપ્રકારે સુખી થઇશ સંસારમાં
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**–ઉપરોક્ત વિચારણા કરતાં પોતાનું મન વશ ન થાય તો સાધકે મન વશ કરવા માટે આતાપના લેવી, ઉણોદરિ આદિ તપસ્યા કરવી, કોમલપણાને છોડવું. કોમલતાથી કામભોગની ઇચ્છા થાય છે; સ્ત્રીઓને પ્રાર્થનીય બને છે. વિષયો ઉપરના રાગને છોડવાથી દુઃખોથી છૂટી શકાય છે. રાગ અને દ્વેષ એ બંને ત્યાગવા યોગ્ય છે. એ બંનેને ત્યાગવાથી સુખી થવાય છે. માટે દેહ ઉપરનું મમત્વ છોડી ટાઢ તાપ આદિ કષ્ટોને સમભાવે સહન કરીને રાગ દ્વેષને તોડવા માટે શરીરને સુકવવાની જરૂર છે. આત્મહિતનું

કારણ છે. એમ વિચારી રાગને દૂર કરવા આહારની આસક્તિ ઓછી કરવી, તપસ્યા કરવી, એજ રાગને છોડવાનો સાચો ઉપાય છે. વિષય વાસના–એ બધા અનર્થોનું મૂળ છે. તથા ચારિત્રરૂપી વૃક્ષના મૂળને ઉખાડનાર છે. જેથી વિષય વાસનાનો ત્યાગ કરી તપસ્યા સાથે સંયમ પાલન કરવા જાગૃત રહેવું.

**पक्खंदे जलियं जोइं, धूमकेउं दुरासयं ।**
३ १ २ ४ ५
**नेच्छंति वंतयं भोत्तुं, कुले जाया अगंधणे ॥६॥**
८ ६ ७ ११ १० ९

**શબ્દાર્થ**–બળતી અગ્નિમાં પડે છે. ધૂમાડાવાળી દુઃખે કરી સહન
૧ ૨ ૩ ૪ ૫
કરી શકાય તેવી વમેલાવિષને ભોગવવા ઇચ્છતા નથી અગંધન
૬ ૭ ૮
જાતિના સર્પ જન્મેલા અગંધન કુળથી.
૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–અગંધન કુળના સર્પો ધૂમાડાવાળી અને દુઃસહ જ્વાળાવાળી અગ્નિમાં પડી મૃત્યુને પસંદ કરે છે–(તેઓ મંત્રવાદીઓના બોલાવ્યા થકા આવેછે.)પરંતુ વમેલાવિષને ગ્રહણ કરતા નથી. આવી રીતે તીર્યંચો પણ મૃત્યુને પસંદ કરે છે. પણ વમેલાં વિષને પાછું ગ્રહણ કરતા નથી. તો પછી સાધક વમેલા ભોગોને ફરી ભોગવવાની ઇચ્છા કેમ કરે? ન જ કરે. કુલીન પુરુષો ત્યાગ કરેલા વિષયોને પ્રાણ સંકટમાં પણ ગ્રહણ કરતા નથી. અને અસંયમી જીવન જીવવાને ઇચ્છતા નથી. આવો સાધકનો આચાર છે.

**धिरत्थु तेऽजसोकामी, जो तं जीवियकारणा ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥७॥**
९ ११ १० १२ १४ १४ १५

**શબ્દાર્થ**-ધિક્કાર હો તમને અપયશના કામી જે તમે અસંયમરૂપ-
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
જીવન માટે વમેલાને પીવાને ખાવાને ઇચ્છોછો કલ્યાણકારી
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
તમને મરણ હોય
૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**-હે અપયશના અભિલાષી ? (રથનેમી)તમારા પરાક્રમને ધિક્કાર હો ? અસંયમજીવનને માટે તમે મને નેમનાથ ભગવાને તજેલી એવી મને ત્યાગ કરેલને તમે ભોગવવા ઇચ્છો છો. ! આ મર્યાદાનું ઉલ્લંઘન કરવા કરતાં તમારે મૃત્યુને ભેટવું એ કલ્યાણકારી છે. વમેલા ભોગોને ઇચ્છિવા કરતાં મરણ શ્રેયસ્કર છે. (આ પ્રમાણે રાજીમતીએ રહેનેમીને ઉપદેશ દીધો)

**अहं च भोगरायस्स, तं चऽसि अंधगवण्हिणो ।**
१ २ ३ ४ ५
**मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥८॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-હું ભોગરાજના કુળના ઉગ્રસેન રાજાનીપુત્રી તમે છો
૧ ૨ ૩ ૪
અંધક વૃષ્ણિ કુળના-સમુદ્રવિજયરાજાના પુત્ર નહિ કુળમાં ગંધનકુળ
૫ ૬ ૭ ૮
જેવા થઈએ સંયમમાં સ્થિર થઈ વિચરો.
૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—હું ભોગરાજાના પુત્ર ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તમે સમુદ્રવિજય રાજાના પુત્ર છો. આમ આપણે બંન્ને ઉત્તમ કુલમાં જન્મીને ગંધનકુલના નાગ સમાન ન થવું જોઇએ, માટે હે મુનિ ! ચિત્તની ચંચલતા દૂર કરી મન અને સંયમમાં સ્થિરતા રાખી વિચરો. એજ આત્મહિતનું કારણ છે.

**કથા**–સોરઠ દેશમાં સ્વર્ગપુરી જેવી દ્વારકા નામની નગરીને વિષે શ્રીકૃષ્ણ મહારાજ રાજ્ય કરતા હતા. તેમના પિતાના મોટાભાઇ સમુદ્રવિજય હતા. તેમની શિવાદેવી નામની રાણીના પુત્ર નેમનાથ ભગવાન હતા. તેમનું ઉગ્રસેન રાજાની ધારણી નામની રાણીની સ્વરૂપવાન રાજેમતી નામની પુત્રીની સાથે સગપણ કર્યું હતું. શુભ મુહૂર્તે મોટા આડંબરથી નેમનાથ પરણવા માટે તોરણે જતા, ઉગ્રસેન રાજાએ જાનને ગૌરવ દેવા માટે ઘણાં પશુ પક્ષીને પાંજરાને વિષે–વાડાને વિષે–પુર્યા હતા. તેને જોઇને, નેમનાથ ભગવાન વિચારવા લાગ્યા કે અહો? એક સ્ત્રીને પરણતાં ઘણા જીવોની ઘાત થશે તેથી મારે પરણવું એ શ્રેષ્ઠ નથી. એમ ચિંતવી, તે જીવોને પાંજરામાંથી છોડાવીને રસ્તામાંથીજ પરણ્યા વિના પાછા વળ્યા, ઘેર જઈ વરસીદાન દઇ એક હજાર પુરુષ સાથે દીક્ષા લીધી, તેવાર પછી રાજીમતી પણ પતિના વિયોગથી વૈરાગ્ય પામીને સાતસેં સખીઓની સાથે દીક્ષા લઇ નેમનાથ ભગવાનને ગીરનાર પર્વત ઉપર વંદના નમસ્કાર કરવા જતાં રસ્તામાં મેઘ વૃષ્ટિથી ભિંજાએલી રાજીમતી ગુફામાં જઈને તમામ વસ્ત્રો ઉતારીને સુકવવા લાગી, ત્યાં નેમનાથ ભગવાનના રથનેમી નામના નાનાભાઇ દીક્ષા લઇ કાઉસગ્ગ ધ્યાને રહેલા, તેમણે તે રાજીમતીને નગ્નમુદ્રા જોઈને વિષયથી વ્યાકુળચિત્ત થતાં, રાજીમતીને ભોગો ભોગવવાને આમંત્રણ કરે છે. અને કહે છે કે આપણે ભુક્ત ભોગી થઈ પશ્ચાત દીક્ષા લઇશું. આવા રથનેમીના વચન સાંભળી રાજીમતી નીચે મુજબ કહે છે.

અહિં રાજપુત્રની કથા કહે છે. વસંતપુર નગરને વિષે જીતશત્રુ નામનો રાજા હતો, તેને વૃદ્ધાવસ્થાના સમયે એક પુત્ર થયો, તેની જન્મોત્રી કરાવતા નવમે વરસે સર્પઘાત હોવાનું જાણવામાં આવ્યું, આવા જ્યોતિષીના વચનથી રાજાએ એક સ્થંભવાળો મહેલ બનાવી, તેમાં યતના પૂર્વક પુત્રને રાખી, કલાથી ખાનપાનાદિક વસ્તુઓ પહોંચે તેવી ગોઠવણ કરી. તેના રક્ષણ માટે પાંચસો ગારૂડી રાખ્યા,

ક્યાંય કીડી સંચરે તેવી જગ્યા મહેલમાં રાખી નહિ, એમ કરતાં નવમે વરસે અગંધનકુળનો સર્પ કે જે સર્પના નવકુળમાં તેનું કુળ શ્રેષ્ઠ છે. તે સર્પ આકાશમાર્ગે ઉડી બારીમાં આવીને તે રાજપુત્રને ડંખ દઇ આકાશમાર્ગે ચાલ્યો ગયો કે તરત જ રાજપુત્રે ડંખ દીધાની વાત ગારૂડીને કહી. ગારૂડીએ એક તરફ જાજ્વલ્યમાન અગ્નિનો કુંડ ધખાવી મુકયો, અને બીજી તરફ દુધનો કુંડ ભરી મંત્ર જપવા લાગ્યો તેથી ત્યાં આઠકુળના સર્પો આવ્યા, તે દરેકને પૂછયું કે તમે રાજપુત્રને ડંખ દીધો છે? જો દીધો હોય તો તે વિષ પાછું ચુસી લઇ આ દુધપીને ચાલ્યા જાઓ, તે સાંભળી આઠકુળના સર્પોએ કહ્યું કે અમે ડંખ દીધો નથી. તેથી તે દુધ પી ચાલ્યા ગયા. ત્યારબાદ નવમો અગંધનકુળનો સર્પ મંત્રના જોરથી આવ્યો તો ખરો, પણ તેને પૂછતાં કહ્યું કે મેં ડંખ દીધો છે, તે વારે ગારૂડીએ તે વિષ પાછું ચુસી લેવાનું કહ્યું. તે વારે સર્પ કહેવા લાગ્યો કે અમારા કુળના સર્પો કોઈને ડંખ દીએ નહિ અને જો ડંખ દીએ તો તે વમેલા વિષને પાછું લીએ નહિ (ગંધનકૂળના સર્પો પાછું લીએ) તે વારે ગારૂડીએ કહ્યું કે જો વિષ પાછું ન લે તો અગ્નિના કુંડમાં પડવું પડશે, તે સાંભળી સર્પ ગુંચળું વળીને અગ્નિના કુંડમાં પડવા લાગ્યો, ત્યારે ગારૂડીએ તેને કહ્યું કે, રાજાને એકજ પુત્ર હોવાથી રાજા નિર્વંશી થાય છે, તે વારે સર્પ કહે કે રાજા નિર્વંશી થાય તો ભલે પણ મારા કુળની રીતિ, વમેલા વિષને પાછું લેવાની નથી, એમ કહી સર્પ અગ્નિના કુંડમાં પડી બળી મુવો પણ વમેલું વિષ પાછું ખેંચી લીધું નહિ. આ દષ્ટાંત સાધુઓને માટે છે. જે વમેલા ભોગોને ફરી ઇચ્છવા તે જન્મ મરણ રૂપ સંસાર પરિભ્રમણના હેતુ જાણવા.

**जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारिओ।**
१ २ ३ ४ ५ ७ ६
**वाया विध्धु व्व हडो, अट्ठि अप्पा भविस्ससि ॥९॥**
८ ९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**–જો તું કરીશ ઈચ્છા જ્યાં જ્યાં સ્ત્રીઓને જોઈશ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
વાયરાથી હલાવાયેલી પેઠે હડનામની વનસ્પતિ ચલિત ચિત્તવાળો થઈશ
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**–હે રથનેમી ? તમે જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં સ્ત્રીઓના રૂપને નીરખશો અને તેને જોઈને તે સ્ત્રી પ્રત્યે ખોટા વિચારો કરશો તો જેનું મૂળ સજ્જડ બંધાયેલ નથી, એવી હડનામની વનસ્પતિનું વૃક્ષ (સમુદ્ર કાંઠે રહેલ) જેમ વાયરાથી ઉખડી જાય છે અને નાશ પામે છે, તેમ તમે પણ સંયમમાં અસ્થિર રહેશો તો જન્મ મરણથી ઉત્પન્ન થતા સંસારરૂપી અટવીમાં-સંસારરૂપ અપાર સમુદ્રમાં વિષય વાસના રૂપી હવાથી ચંચળ-ચિત્તવાળા બની સંસાર પરિભ્રમણ કરશો. હડનામનું વૃક્ષ પ્રાયઃ સમુદ્રકાંઠે થાય છે. ત્યાં તેના મૂળ કાચા હોવાથી વાયરાથી ઉખડી સમુદ્રમાં આમતેમ ભમે છે. તેમ સંયમથી ભ્રષ્ટ થનારનો આત્મા સંસાર સમુદ્રરૂપ ચાર ગતિમાં જન્મ મરણ કરતો પરિભ્રમણ કરે છે. એમ જાણી સાધકે સંયમમાં સ્થિર થઈ વિચરવું એજ આત્મકલ્યાણનો સાચો માર્ગ છે

**तोसे सो वयणं सोच्चा, संजयाइ सुभासियं ।**
१ २ ३ ४ ५ ६
**अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥१०॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–તે રાજીમતીના તેવા વચન સાંભળીને સંયમવાળી સારાં
૧ ૨ ૩ ૪ ૫ ૬
કહેલાં વચનથી અંકુશ વડે જેમ હાથી તેમ ધર્મમાં સ્થિર થયા
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–તે સંયમવાળી રાજીમતીના સુંદર શિખામણરૂપ કહેલાં વચનોથી જેમ અંકુશથી હાથી સ્થિર થાય તેમ રથનેમી ધર્મના વિષયમાં સંયમ ભાવમાં સ્થિર થયા.

**एवं करंति संबुद्धा, पंडिया पवियक्खणा ।**
१ २ ३ ४ ५
**विणिअट्टंति भोगेसु, जहा से पुरिसुत्तमो त्ति बेमि ॥११॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**–એરીતે કરે છે સારી રીતે બોધ પામેલા સત્યગ્રાહક બુદ્ધિ-
૧ ૨ ૩ ૪
શાલીઓ–વિચક્ષણ પાછા ફરે છે ભોગોથી જેમ તે પુરુષોમાં ઉત્તમ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
તેમ કહું છું.
૧૧ ૧૨

**ભાવાર્થ**–જેમ પુરુષોમાં ઉત્તમ રથનેમી, રાજીમતીના વિશિષ્ટ વચનથી–ઉપદેશથી વિષયરૂપી વિષથી પાછા હઠી સંયમમાં સ્થિત થયા, તેવી જ રીતે તત્ત્વના જાણ વિષયભોગોના કડવા વિપાકોને જાણી વિચક્ષણ મુનિઓ વમેલા ભોગને સેવવાથી થતી આત્મગુણની હાનીના જાણકાર તથા પાપભીરુ આત્મા વિષય ભોગોને ફરી ગ્રહણ કરતા નથી. આ દૃષ્ટાંતથી સાધકે સ્ત્રીના પરિચયથી દૂર રહેવું તે આત્મ-શ્રેયનું કારણ જાણી સ્ત્રી સહવાસ કરવો નહિ.

**બીજું અધ્યયન સમાપ્ત.**

# અધ્યયન ત્રીજું

## ક્ષુલ્લકાચાર

**संजमे सुट्ठि अप्पाणं, विप्पमुक्काण ताइणं ।**
१ २ ३ ३ ४
**तेसिं मेय मणाइन्नं, निग्गंथाण महेसिणं ॥ १ ॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**—સંયમમાં સ્થિત આત્માવાળા પરિગ્રહથી રહિત છકાય
१ २ ३ ३ ४
જીવનના રક્ષક તેના હવે કહેવાતા અનાચિર્ણ નિર્ગ્રંથ મોટાઋષીશ્વરને
५ ६ ७ ८ ९

**ભાવાર્થ**—સંયમને વિષે સ્થિત આત્માવાળા, બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી વિશેષે કરી મુકાએલા—નિવૃત્ત થયેલા, છકાય જીવની રક્ષા કરનારા તેમજ પોતાના આત્માના રક્ષક, એવા નિગ્રન્થ મહર્ષિંઓએ હવે કહેવાતા બાવન અનાચિર્ણ નહિ આચરવા યોગ્ય જાણી પોતાના આત્માના કલ્યાણ માટે આચરવા નહિ. વિષય કષાય, અને માતાપિતા આદિ સ્વજન મમત્વ એ બધા સંસાર વૃદ્ધિના કારણ છે એમ જાણી બાવન અનાચિર્ણનો ત્યાગ કરી શુદ્ધ સંયમ પાલન કરવા સાધકે જાગૃત રહેવું.

**उद्देसियं कीयगडं, नियागमभिहडाणि य ।**
१ २ ३ ४
**राईभत्ते सिणाणे य, गंधमल्ले य वीयणे ॥ २ ॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**—સાધુને ઉદ્દેશી કરેલ ભોજનાદિ વેચાતું લાવેલ આમંત્રણ કરનારના ઘરેથી—અથવા પ્રતિદિન એક ઘરેથી આહારલેવો, સામે
१ २
३ ४

લાવેલ આહારાદિ, રાત્રિભોજન સ્નાનકરવું સુગંધીવસ્તુ ફુલનીમાળા
૫ ૬ ૭ ૮
વાપરવા પંખાથી પવન લેવો.
૯

**ભાવાર્થ**-સાધુને ઉદ્દેશીને કરેલ આહારાદિ, તથા સાધુ નિમિત્તે વેચાતું લાવીને આપે, આમંત્રણ કરનારના ઘરનો આહાર, તથા સાધુને દેવા સામેથી લાવેલ આહારાદિ, રાત્રિભોજન, દેશથી કે સર્વથી સ્નાન, સુગંધી પદાર્થો ભોગવવા, ફુલની માળા પહેરવી, પંખાએ કરી પવન લેવો, એ બધા અકલ્પનીય છે. એ સંયમી સાધુને આચરવા યોગ્ય નથી.

**संनिहि गिहिमत्ते य, रायपिंडे किमिच्छए ।**
१ २ ३ ४ ५
**संबाहणा दंतपहोयणा य, संपुच्छणा देहपलोयणा य ॥ ३ ॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**-આહારાદિનો સંચય કરવો-રાતવાસી રાખવા-ગૃહસ્થના
૧ ૨
ભાજનમાં જમવું રાજપિંડ દાનશાળાનો આહાર તેલ આદિથી અંગે
૩ ૪ ૫ ૬
મર્દન કરાવવું દાતણ કરવું દાંતમુખ ધોવા ગૃહસ્થને કુશલસમાચાર
૭ ૮ ૯
પૂછવા, આરીસામાં દેહને જોવો.
૧૦

**ભાવાર્થ**-ઘી, ગોળ આદિ આહાર, રાતવાસી રાખવા, ગૃહસ્થના વાસણમાં ભોજન કરવું, ચક્રવર્તી, વાસુદેવ, માંડલીક રાજા વગેરેને અર્થે કરેલ બલિષ્ટ આહારને ગ્રહણ કરવો-ખાવો, તથા તમારે શું જોઈએ છે, એવું પુછીને અપાતો તથા દાનશાળાનો આહાર લેવો,

તેલ આદિ વસ્તુથી શરીરે મર્દન કરાવવું, દાતણ કરવું અગર દંતમંજન વાપરવા, દાંતને ધોવા, ગૃહસ્થને ક્ષેમકુશલનું પૂછવું, આરીસામાં મુખ આદિનું જોવું, તે બધા અકલ્પનીય અને સંયમી સાધુને નહિ આચરવા યોગ્ય છે.

**अट्ठावए य नालीए, छत्तस्स य धारणट्ठाए ।**
१ २ ३ ४
**तेगिच्छं पाहणा पाए, समारंभं च जोइणो ॥ ४ ॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**–જુગટું રમવું, ગંજીપા–પાસાની રમત રમવી છત્રનું
૧ ૨ ૩
ધારણ કરવું અથવા માથે ઓઢવું રોગાદિ કારણે સાવદ્ય દવા કરવી
૪ ૫
પગે પગરખા પહેરવા અગ્નિનો આરંભ કરવો કરાવવો.
૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**–જુગટું રમવું, શેતરંજબાજી તથા ગંજીપા, ચોપાટે રમવું, પાસાથી રમવું, એ બધા અનર્થકારી છે. છત્રનું ધારણ કરવું, રોગના કારણથી સાવદ્ય વૈદું કરાવવું, કરવું, પગમાં પગરખા પહેરવા અને અગ્નિનો આરંભ કરવો, એ સર્વ અકલ્પનીય–અનાચિર્ણ છે તે સાધુએ આચરવા નહિ.

**सिज्जायरपिंडं च, आसंदी पलियंकए ।**
१ २ ३ ४
**गिहंतर निसिज्जा य, गायस्सुव्वट्टणाणि य ॥ ५ ॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**–શય્યાન્તર પલંગ,માંચી બે ઘર વચ્ચે આંતરામાં
૧ ૨ ૪ ૩ ૫
અથવા ગૃહસ્થના ઘેર બેસવું શરીરના ગાત્રો ઉટકવા.
૬ ૭ ૮

**ભાવાર્થ**–મકાન માલીકના ઘરનો આહાર–જેના મકાનમાં સાધુ રહેલા હોય તેના ઘરનો આહાર લેવો તથા નેતર આદિ ખુરશી, પલંગ, સાંગામાંચી આદિ ગૃહસ્થના આસનો (જેનું પ્રતિલેખન ન થઈ શકે) ઉપર બેસવું, સુવું, ગૃહસ્થના ઘેર કે શેરીમાં બેસવું,

(જરાવસ્થા, તપસ્યા તથા રોગના કારણો વરજીને) શરીરનો મેલ દૂર કરવો, શોભા માટે પીઠી ચોળવી કે સાબુથી હાથપગ ધોવા આદિ શરીરના ગાત્રોને સાફ કરવા તે બધા અકલ્પનીય છે. તે સાધુઓએ આચરવા યોગ્ય નથી.

**गिहिणो वेयावडियं, जाइ आजीववत्तिया ।**
१ २ ३ ४
**तत्तानिव्वुड भोइत्तं, आउरस्सरणाणि य ॥ ६ ॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–ગૃહસ્થની વૈયાવચ્ચ કરવી કરાવવી, જાતિ બતાવી
૧ ૨ ૩
આજીવિકા કરવી ઉનાંકરેલા પૂર્ણ અચેત નહિ થયેલાં અન્ન પાણી
૪ ૫ ૬ ૭
ભોગવવા પૂર્વના ભોગાદિને સંભારવા અથવા રોગ ઉત્પન્ન થયે
૮ ૯ ૧૦
આકુળવ્યાકુળ થઈ ગૃહસ્થની વૈયાવચ્ચનું સંભારવું તે.

**ભાવાર્થ**–ગૃહસ્થોની વૈયાવચ્ચ કરવી, અથવા ગૃહસ્થો પાસે વૈયાવચ્ચ કરાવવી, પોતાના જાતિ, કુળ આદિ બતાવીને આજીવિકા કરવી, શસ્ત્રથી અપરિણુત એટલે સચેત્ત અન્નપાણી વાપરવું, રોગાદિ ઉત્પન્ન થયે વ્યાકુળથઈ પૂર્વે ભોગવેલ ભોગોનું–સુખોનું તથા સ્વજનની વૈયાવચ્ચનું સ્મરણુ કરવું, એ બધા સાધુને અકલ્પનીય (અનાચિર્ણુ) છે.

**मूलए सिंगबेरे य उच्छुखंडे अनिव्वुडे ।**
१ २ ३ ४ ५
**कन्दे मूले य सच्चित्ते, फले बीए य आमए ॥ ७ ॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**-મૂળા આદુ શેરડીના ટુકડા શસ્ત્ર અપરિણુત સચેત્ત
૧ ૨ ૩ ૪ ૫
કંદ મૂળ સચિત્ત ફળ બીજ કાચાં સચિત્ત હોય.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**-મૂળા, આદુ, શેરડીના કટકા સચેત્ત, કંદ મૂળ સચિત્ત ફળ, બીજ-શાલી ઘઉં બાજરી પ્રમુખ બીજ વગેરે વનસ્પતિ કાચા હોય, સચેત્ત હોય તે બધા સાધુને-સંયમીને અકલ્પનીય-અનાચિર્ણ છે. તે ગ્રહણુ કરવા યોગ્ય નથી.

**सोवच्चले सिंधवे लोणे, रोमालोणे य आमए ।**
१ २ ३ ४ ५ ६
**सामुद्दे पंसुखारे य, कालालोणे य आमए ॥ ८ ॥**
७ ८ ९ १०

**શબ્દાર્થ**-સંચળ સિંધવ કાચું મીઠું આગરનું લુણુ સચેત
૧ ૨ ૩ ૪ ૫ ૬
સમુદ્રનું લુણુ ખારો તથા ઉસ સિંધદેશના પર્વતનું કાળુલુણુ કાચા-
૭ ૮ ૯ ૧૦
સચેત

**ભાવાર્થ**-સંચળ, સિંધવ, લવણુ, ખાણુનું મીઠું, ખારો, પર્વતમાંથી નીકળેલ કાળુ લુણુ વગેરે સચેત હોય તે સંયમી સાધુને અકલ્પનીય-અનાચિર્ણ છે. ભોગવવા યોગ્ય નથી.

**धुवणे त्ति वमणे य, वत्थीकम्म विरेयणे ।**
१ २ ३ ४ ५
**अंजणे दंतवण्णे य, गायाब्भंग विभूसणे ॥ ९ ॥**
६ ७ ८ ९

**શબ્દાર્થ**-કપડાંને ધૂપદેવો વળી વમન કરવું બસ્તિકર્મ રેચલેવો
                    ૧   ૨   ૩   ૪   ૬
આંખમાં અંજન કરવું. દાંતોને રંગવા શરીરને ચોળવું અલંકાર પહેરવા
  ૬   ૭   ૮   ૯
અથવા વિભુષા કરવી.

**ભાવાર્થ**-કપડાંને ધૂપ દઈ સુગંધી કરવા, વમન કરવું, ઔષધ લઈને, બળવૃદ્ધિ માટે બસ્તિકર્મ-એનીમા લેવી, રેચ લેવો, આંખમાં અંજન કરવું, દાંત રંગવા, શતપાકસહસ્ત્રપાક આદિ તેલોથી ગાત્રોને અભ્યંગન કરવું, શરીરની વિભૂષા કરવી, અલંકારો પહેરવા આદિ સંયમી સાધુને અકલ્પનીય-અનાચિર્ણ છે. ભોગવવા યોગ્ય નથી.

**सव्व मेय मणाइन्नं, निग्गंथाणं महेसिणं ।**
  १  २  ३  ४  ५
**संजमम्मि य जुत्ताणं, लहुभूय विहारिणं ॥ १०॥**
  ६  ७  ८  ९

**શબ્દાર્થ**-ઉપરોક્ત સર્વ આ અકલ્પનીય-અનાચિર્ણ નિર્ગ્રન્થોને
          ૧  ૨        ૪
મહર્ષિઓને સંયમથી યુક્ત વાયુની પેઠે અપ્રતિબદ્ધ વિહાર કરનારને
  ૫  ૬  ૭  ૮      ૯

**ભાવાર્થ**-ઉપરોક્ત જણાવ્યા તે સર્વ ક્રિયાઓ તથા આહારાદિ વગેરે, સંયમયુક્ત અને વાયુની પેઠે અપ્રતિબદ્ધ વિહારી નિગ્રંથોને, મહાત્માઓને, સાવદ્યવ્યાપારથી નિવૃત્ત, શ્રમણ ગુણના ધારક સંયમીઓને, આચરવા યોગ્ય નથી. ગ્રહણ કરવા યોગ્ય નથી. ભોગવવા યોગ્ય નથી. તે સર્વ બાવન અનાચિર્ણ દોષોને જાણી સેવન કરવું નહિ એવો સાધુનો આચાર છે.

**पंचासव परिण्णाया, तिगुत्ता छसु संजया ।**
  १  २  ३  ४  ५
**पंचनिग्गहणा धीरा, निग्गंथा उज्जुदंसिणो ॥ ११ ॥**
  ६  ७  ८  ९  १०

**શબ્દાર્થ**–પાંચ આશ્રવોને જાણનાર ત્રણ ગુપ્તિવાળા છજીવકાયના
૧ ૨ ૩ ૫
રક્ષક પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરનાર ધીરસાધક નિગ્રંથો સરલસ્વભાવી.
૫ ૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**–જેની દ્વારા આત્મારૂપી તલાવમાં અવ્રત અપ્રત્યાખ્યાને કરી વિષય કષાયને સેવવે, કરી, ઇંદ્રિયાદિક, દ્વારો વડે કર્મ રૂપીજળપ્રવાહ આવે તેને આશ્રવ કહેવાય છે. તે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભજોગરૂપ પાંચ આશ્રવ છે. તેને જ્ઞાનથી અનર્થોના કારણ જાણી, પ્રત્યાખ્યાન-પરિજ્ઞાથી ત્યાગ કરનારા, અનાચિર્ણોનો ત્યાગ કરનારા, મન, વચન અને કાયારૂપ ત્રણ ગુપ્તિઓથી યુક્ત, છકાયજીવોની રક્ષાના કરનારા, પાંચઈન્દ્રિયોને વશ કરનારા, ધીરસાધકો સંયમને ઉપાદેયરૂપે જોનારા નિર્ગ્રંથો, પરીષહ–ઉપસર્ગોને સમભાવે સહન કરનારા, સરલ હૃદયવાળા હોય છે.

**आयावयंति गिम्हेसु, हेमंतेसु अवाउडा ।**
१ २ ३ ४
**वासासु पडिसंलीणा, संजया सुसमाहिया ॥ १२ ॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**–ઉનાળામાં આતાપના લે શિયાળાની ઠંડીમાં વસ્ત્રરહિત
૧ ૨ ૩ ૪
ચોમાસામાં ઈન્દ્રિયોનું ગોપન કરી એક સ્થળમાં રહે સાધુઓ
૫ ૬ ૭
સમાધિયુક્ત
૮

**ભાવાર્થ**–ઉપરોક્ત ગુણવાળા સાધુમહાત્માઓ ઉનાળાનીઋતુમાં સૂર્ય સન્મુખ રહી ભૂજાઓ ઉંચી રાખી આતાપના લે છે, શિયાળાની ઠંડી ઋતુમાં કપડાં રહિત બની ઠંડીને સહન કરે છે, ચોમાસાના

ચારમાસ પાંચ ઇન્દ્રિયોને ગોપવી એક સ્થાને રહે છે. અને પોતાની શક્તિ અનુસાર તપસ્યા કરે છે. આવા મુનિઓ, અનાચિર્ણનું સેવન નહિ કરનારા, વિનય, શ્રુત આદિ ચાર પ્રકારની સમાધિને પ્રાપ્ત કરે છે. અને નિરવદ્ય વ્યાપારમાં સાવધાન રહી આત્માના ગુણોમાં પ્રશસ્ત ભાવોમાં રમણ કરે છે. આ બધા પરાક્રમો સંસાર પરિભ્રમણ રૂપ જન્મ જરા મરણના દુઃખોનો નાશ કરવા માટે કરે છે.

**परिसह रिंउदंत्ता, धूअमोहा जिइंदिया ।**
१ २ ३ ४ ५ ६
**सव्वदुक्खप्पहीणट्ठा, पक्कमंति महेसिणो ॥ १३ ॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–પરિષહ રૂપી વેરી દમનારા મોહને દૂર કરનારા
૧ ૨ ૩ ૪ ૫
જિતેન્દ્રિયો સર્વ દુઃખોનો ક્ષય કરવાને ઉદ્યમ કરે છે.
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**–પરિષહ રૂપ શત્રુને દમીને, મોહને દૂર કરીને, ઇન્દ્રિયોને જીતીને એ મહાત્માઓ–સાધુઓ સર્વ દુઃખને ક્ષય કરવાનો સંયમમાં પરાક્રમ કરે છે.

**दुक्कराइं करित्ताणं, दुस्सहाइं सहितु य ।**
१ २ ३ ४
**केइत्थ देवलोएसु केइ सिज्झंति नीरया ॥ १४ ॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**–દુષ્કર કરણી કરીને દુઃખે સહન કરવા યોગ્ય સહન
૧ ૨ ૩ ૪
કરીને કેટલાએક અહિંથી દેવલોકમાં, કેટલાક સિદ્ધિગતિમાં જાય છે કર્મ રહિત
૫ ૬ ૭ ૮ ૯
થઇ.

**ભાવાર્થ**–આવી દુષ્કર કરણી–ક્રિયાઓ, તપસ્યા આદિ કરીને અનાચિર્ણના ત્યાગી સાધકો દુઃસહ આતાપના આદિ સહન કરીને કેટલાએક મહર્ષિઓ અહિંથી દેવલોકમાં જાય છે. અને કેટલાએક કર્મરૂપી રજનો સર્વથા ક્ષય કરી કર્મરહિત થઇ સિદ્ધિગતિને–મોક્ષને પ્રાપ્ત કરે છે.

**खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।**
४ १ २ ३
**सिद्धि मग्गमणुप्पत्ता, ताइणो परिनिव्वुडे, त्तिबेमि ॥ १५ ॥**
५ ६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–પૂર્વકર્મોને સંયમવડે તપ વડે ખપાવી–ક્ષય કરીને
૧ ૨ ૩ ૪
સિદ્ધિમાર્ગને પામ્યા છકાયના રક્ષક કર્મરહિત થવાથી શીતળીભૂત
૫ ૬ ૭ ૮ ૯
થયા. એમ હું કહું છું
૧૦ ૧૧

**ભાવાર્થ** કોઈ મુનિને શેષ કર્મ બાકી રહી જાય તો સૌધર્માદિ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેઓ દેવસંબંધી આયુષ્ય ભોગવીને ત્યાંથી ચવીને આર્યક્ષેત્રમાં મનુષ્યજાતિમાં ઉંચકુળમાં, જન્મ પામીને સંયમ ગ્રહણ કરીને, સંયમ અને તપથી બાકી રહેલાં કર્મોને ખપાવીને, સર્વકર્મોથી મુક્ત થઈ કર્મજન્ય સંતાપથી રહિત થઇ, સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરે છે. મોક્ષને પ્રાપ્ત કરે છે, શીતલીભૂત થાય છે, અનંતા સુખોને પ્રાપ્ત કરે છે. એમ હું કહું છું.

**ત્રીજું અધ્યયન સમાપ્ત**

# અધ્યયન ચોથું

## ( છજીવનિકાય )

**सुयं मे आउसं ? तेणं भगवया एवमक्खायं, इह खलु**
१ २ ३ ४ ५ ६ ७ ८ ९

**छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं**
१० ११ १२ १३ १४ १५

**कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेयं मे**
१६ १७ १८ १९ २० २१

**अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती ॥ १ ॥**
२२ २३ २४ २५

**શબ્દાર્થ**- સાંભળ્યું છે મેં આયુષ્યમાન તે ભગવંતે આ રીતે
૧ ૨ ૩ ૪ ૫ ૬
કહ્યું છે અહીં નિશ્ચયથી છજીવનિકાય નામનું અધ્યયન શ્રમણ ભગવંત
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
મહાવીરે કાશ્યપગોત્રીએ કેવળજ્ઞાનથી જાણી પ્રતિપાદન કરેલ છે
૧૫ ૧૬ ૧૭
ભલીરીતે કહ્યું છે. સારીપેઠે આચરણ કરીને કહ્યું છે કલ્યાણકારી મને
૧૮ ૧૯ ૨૦ ૨૧
ભણવું આ અધ્યયન ધર્મની પ્રરૂપણાને માટે
૨૨ ૨૩ ૨૪ ૨૫

**ભાવાર્થ**–શ્રી સુધર્મા સ્વામી જંબૂસ્વામીને કહે છે કે, હે આયુષ્યમાન જંબૂ? મેં ભગવાન મહાવીરસ્વામી પાસેથી સાંભળ્યું છે, તે કાશ્યપ ગોત્રીય ભગવાને આ છજીવનિકાય નામનું અધ્યયન કેવળજ્ઞાન વડે જાણીને દેવ, મનુષ્ય અને અસુરોની સભામાં–પરિષદમાં રૂડી રીતે કહ્યું અને પોતે પણ આચરેલ હતું, તો આ ધર્મ પ્રજ્ઞપ્તિ અધ્યયન ભણવું શ્રેયસ્કર છે.

**कयरा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती। २।**

**શબ્દાર્થ**–કયું ? બાકીના શબ્દાર્થ ઉપર પ્રમાણે

**ભાવાર્થ**–શિષ્ય પૂછેછે હે ભગવન ? કયું તે છજીવનિકાય–છજીવણિયા નામનું અધ્યયન શ્રમણ ભગવાન મહાવીરસ્વામી કાશ્યપ ગોત્રીએ કેવળજ્ઞાનથી જાણીને કહ્યું છે–પ્રતિપાદન કરેલ છે ? જે મને ભણવું શ્રેયકર છે.

**इमा खलु सा छज्जीवणिया नामज्झयणं समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया सुअक्खाया सुपन्नत्ता सेयं मे अहिज्जिउं अज्झयणं धम्मपन्नत्ती। ३।**

**શબ્દાર્થ**–ઉપર પ્રમાણે

**ભાવાર્થ**–હે શિષ્ય ? જે આગળ બતાવું છું તે, છજીવનિકાય નામનું અધ્યયન કાશ્યપગોત્રીય ભગવાન મહાવીરે કેવળજ્ઞાન વડે જાણીને કહ્યું છે–પ્રતિપાદન કર્યું છે. તે ધર્મને જણાવનાર અધ્યયન ભણવું તે તને શ્રેયસ્કર છે.

**तंजहा–पुढविकाइया आउकाइया तेउकाइया वाउकाइया**
१ २ ३ ४ ५

**वणस्सइकाइया तसकाइया ॥ ४ ॥**
६ ७

**पुढवी चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ**
८ ९ १० ११ १२ १३ १४

**सत्थ परिणएणं ॥ ५ ॥**
१५ १६

**आउ, चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ सत्थ परिणएणं ॥ ६ ॥**

**तेउ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढो सत्ता अन्नत्थ सत्थ परिणएणं ॥ ७ ॥**

**वाउ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ सत्थ परिणएणं ॥ ८ ॥**

**वणस्सइ चित्तमंतमक्खाया अणेगजीवा, पुढोसत्ता अन्नत्थ सत्थ परिणएणं ॥ ९ ॥**

**શબ્દાર્થ**-તે આ પ્રમાણે-પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય,
૧ ૨ ૩ ૪
વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય, પૃથ્વી જીવવાળી કહી છે અનેકજીવ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
જુદાજુદા જીવછે અન્ય શસ્ત્રવડે અચિત્ત થાય છે. બાકીના અર્થ આવાજ
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
પ્રકારે પદ-૯ સુધીના

**ભાવાર્થ**-તે છજીવનિકાય આ પ્રમાણે- પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય. પૃથ્વી જીવવાળી છે, તેમાં અનેક જીવો છે. પૃથ્વીકાયના જીવો તે સર્વે જુદાજુદા શરીરવાળા છે. ભિન્ન ભિન્ન વર્ણ-રસ-ગંધ-સ્પર્શ સંઠાણવાળી પૃથ્વીરૂપ સ્વકાય તથા અગ્નિ, જલ, આદિ પરકાય એટલે સ્વ અને પરકાય તથા ઉભયકાય વડે એવા ત્રણપ્રકારના શસ્ત્રોથી પૃથ્વી જીવરહિત-અચિત્ત થાય છે. શસ્ત્ર પરિણત થતાં પૃથ્વી, જીવ રહિત થાય છે. બાકીની પૃથ્વી સચિત્ત છે. પૃથ્વીકાયને ફક્ત સ્પર્શેન્દ્રિય છે. એકજ ઇન્દ્રિયવાળી છે. તેની અવગાહના જઘન્ય-ઉત્કૃષ્ટ આંગળના અસંખ્યાતમાં ભાગની છે. તેનું આયુષ્ય જઘન્ય અંતમુર્હુતનું, ઉત્કૃષ્ટ બાવીસ હજાર વરસનું છે, તેમજ પ્રત્યેક શરીરી છે. એક શરીરે એકજીવ તે પ્રત્યેક શરીરી કહેવાય છે. તેને એકેન્દ્રિયજીવ કહેવાય છે. કઠિનતા સ્વભાવવાળી છે પત્થર- માટી-ધાતુ-વગેરે પૃથ્વીકાય છે. તે સજીવ છે, માટે તેની દયા પાળવી. ॥૫॥

## અપકાય :- ( પાણી-જલ )

**ભાવાર્થ**-ભૂમિમાં રહેલ પાણી સચેતન-જીવવાળું છે. તથા વરસાદથી પડતું, કુવા, તળાવ, નદી આદિના પાણી સચિત્ત છે. એટલે જેમ પૃથ્વી પોતેજ જીવ છે, તેમ પાણી પોતે પણ જીવ છે. તે પ્રત્યેક શરીરી છે. એટલે જુદા જુદા જીવો છે. તેની અવગાહના જઘન્ય ઉત્કૃષ્ટ આંગળના અસંખ્યાતમા ભાગની છે. આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ સાત હજાર વરસનું છે. અગ્નિ આદિ પરકાય, સ્વકાય અને ઉભયકાયરૂપ શસ્ત્રથી પાણી જીવ રહિત-અચિત્ત થાય છે, સિવાયનું સર્વ પાણી સચિત્ત હોય છે તેને સ્પર્શનરૂપ એક જ ઇન્દ્રિય છે. તે એકેન્દ્રિયજીવ કહેવાય છે, શસ્ત્ર પરિણમનથી પાણીના વર્ણ, ગંધ, રસ આદિ બદલાઈ જાય છે. તેને શસ્ત્ર પરિણમન થયું કહેવાય છે. પાણી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઠાણ સહિત છે. દ્રવત્વ સ્વભાવવાળું છે. પાણીને સજીવ જાણી તેની દયા પાળવી ॥૬॥

## તેઉકાય :- (અગ્નિ)

**ભાવાર્થ**-અગ્નિ-સચિત્ત છે-જીવવાળી છે, પ્રત્યેક શરીરી છે, અનેક જીવો છે, એક સ્પર્શનઇન્દ્રિયવાળી છે. તેમાં જુદા જુદા જીવો છે, સ્વકાય, પરકાય અને ઉભયકાયરૂપ શસ્ત્રથી અચિત્ત થયેલ સિવાયની અગ્નિ સચિત્ત છે, અવગાહના જ-ઉ. આંગળના અસંખ્યાતમા ભાગની છે; આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ત્રણ અહો રાત્રિનું છે. અગ્નિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સંઠાણ સહિત છે. એકેન્દ્રિયજીવ કહેવાય છે, જેનો ઉષ્ણતા સ્વભાવ છે. અગ્નિને જીવજાણી તેની દયા પાળવી-॥૭॥

## -: વાયુકાય :- (પવન)

**ભાવાર્થ**-વાયુ સચિત-જીવસહિત છે. પ્રત્યેક શરીરી છે, અનેક જીવો છે, એક સ્પર્શન ઇન્દ્રિય વાળી છે, તેમાં જુદા જુદા જીવો છે. સ્વકાય, પરકાય અને ઉભયકાય રૂપ શસ્ત્રથી અચિત થયેલ

સિવાયના બધા વાયુ સચિત્ત છે. અવગાહના જ-ઉત્કૃષ્ટ આંગળના અસંખ્યાતમા ભાગની છે. આયુષ્ય જઘન્ય અંતર્મુહુર્ત, ઉત્કૃષ્ટ ત્રણ હજાર વરસનું છે. વાયુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઠાણ સહિત છે. જેનો ચલન સ્વભાવ છે. જીવસહિતજાણી તેની દયા પાળવી ॥૮॥

## વનસ્પતિકાય:

**ભાવાર્થ**-વનસ્પતિ સચિત્ત-જીવવાળી છે. તેમાં અનેક જીવો છે. પ્રત્યેક શરીર તથા સાધારણ શરીરવાળી છે, સર્વ જુદા જુદા જીવ છે. સ્વકાય, પરકાય અને ઉભયકાય રૂપ શસ્ત્રથી અચિત્ત થયેલ સિવાયની બધી વનસ્પતિ સચિત્ત છે. તેનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ દશ હજાર વરસનું છે. અવગાહના જઘન્ય આંગળના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ એક હજાર જોજનથી કાંઈક અધિક કમળ ડોડા આશ્રી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા સંઠાણ સહિત છે. એક શરીરે એક જીવ તે પ્રત્યેક અને એક શરીરે અનંતા જીવ હોય તે સાધારણ શરીર કહેવાય છે. વનસ્પતિના ઘણા ભેદો રહેલા છે. ॥૯॥

**तं जहा-अग्गबीया, मूलबीया, पोरबीया; खंधबीया,**
१ २ ३ ४
**बीयरुहा, संमुच्छिमा तणलया, वणस्सइकाइया, सबीया**
५ ६ ७ ८ ९ १०
**चित्तमंत-मक्खाया अणगजीवा पुढोसत्ता अन्नत्थ सत्थ**
११ १२ १३ १४ १५ १६
**परिणएणं ॥ १० ॥**
१७

**શબ્દાર્થ**-અગ્રભાગે બીજ હોય, મૂળજ જેતું બીજ છે,
૧ ૨

ગાંઠમાં બીજ-પર્વબીજ સ્કંધ-થડ રૂપી બીજ બીજ-વાવવાથી ઉગે તે
૩ ૪ ૫
ઘઉં-ચણા આદિ, બીજ વિના ઉગે તે, ઘાસના તૃણ લતા વનસ્પ-
૬ ૭ ૮ ૯
તિ વૃક્ષો વગેરે, બીજવાળા સચિત્ત કહ્યાં છે અનેક જીવવાળા પ્રથક
૧૦ ૧૧ ૧૨ ૧૩
જીવવાળા અન્ય બીજા શસ્ત્ર વડે અચિત્ત થાય છે.
૧૪ ૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**-જેમ છે તેમ વનસ્પતિના ભેદો કહું છું. અગ્રભાગમાં બીજ હોય તે કોરંટક આદિ, મૂળ બીજવાળા કંદ આદિ, ગાંઠમાં બીજ હોય તે શેલડી આદિ, સ્કંધ-થડ બીજવાળા તે વડ આદિ, બીજથી ઉગે તે ઘઉં, બાજરો, જુવાર, ડાંગર આદિ, બીજના અભાવમાં ઉગે તે તૃણ-લતા આદિ, આ બધી વનસ્પતિ બીજ સહિત એક જીવવાળી તથા અનેક જીવવાળી છે. જુદા જુદા જીવવાળી છે. શસ્ત્રથી અચિત થયેલ વનસ્પતિમાં જીવ હોતા નથી. સાધારણ વનસ્પતિમાં બે ભેદ છે-સુક્ષ્મ અને બાદર જાણી વનસ્પતિની દયા પાળવી. ॥૧૦॥

**से जे पुण ईमे अणेगे बहवे तसा पाणा, तं जहा-अंडया,**
१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
**पोयया, जराउया, रसया, संसेइमा, संमुच्छिमा, उब्भिया,**
११ १२ १३ १४ १५ १६
**उववाइया, जेसिं केसिं च, पाणाणं अभिककंतं पडिककंतं**
१७ १८ १८ १९ २० २१
**संकुचियं पसारियं, रुयं भंतं तसियं पलाइयं आगइ**
२२ २३ २४ २५ २६ २७ २८
**गई विन्नाया जेय कीडपयंगा, जाय कुंथु पिपोलिया सव्वे**
२९ ३० ३१ ३२ ३३ ३४ ३५ ३६ ३७

**बेइंदिया, सव्वे तेइंदिया, सव्वे चउरिंदिया, सव्वे पंचिंदिया**
૩૮ ૩૯ ૪૦ ૪૧
**सव्वे तिरिक्ख जोणिया, सव्वे नेरइया सव्वे मणुया, सव्वे**
૪૨ ૪૩ ૪૪ ૪૫
**देवा, सव्वे पाणा परमाहम्मिया ! एसो खलु छठो**
૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧
**जीवनिकाओ तसकाउत्ति, पवुच्चइ ॥ ११ ॥**
૫૨ ૫૩ ૫૪

**શબ્દાર્થ**–હવે જે વળી આ અનેક ઘણા ત્રસ જીવો તે આ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
પ્રમાણે અંડજ–ઈંડાં પોતજ જરાયુજ રસમાં ઉત્પન્ન થાય તે પર-
૧૦ ૧૧ ૧૨ ૧૩
સેવામાં ઉત્પન્ન થાય તે જૂ માંકડ સંમૂચ્છિંમ, ભોં ફાડી ઉત્પન્ન
૧૪ ૧૫ ૧૬
થાય તે કુંભી તથા સેજામાં ઉત્પન્ન થાય તે જે કોઈ પ્રાણીઓને
૧૭ ૧૮ ૧૯
સામા આવતા પાછા વળતાં શરીર સંકોચતા પસારતા શબ્દ કરતાં
૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪
ભમતાં ત્રાસ પામતાં નાસી જતાં આવવું જવું વગેરે ઓઘસંજ્ઞાએ
૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦
જાણનારા જેઓ કીડા પતંગીયા વળી કુંથવા કીડીઓ સર્વે
૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭
બે ઈન્દ્રિય તેઈદ્રિય ચૌઈન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ યોનિવાળા નારકી
૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨ ૪૩ ૪૪
મનુષ્યો દેવતા જીવો પરમ સુખના અભિલાષી આ નિશ્ચયથી છઠો
૪૫ ૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧
જીવનિકાય ત્રસકાય એમ કહેવાય છે.
૫૨ ૫૩ ૫૪ ૫૫

**ભાવાર્થ**-અંડજ-ઈંડાથી ઉત્પન્ન થનારા પંખી આદિ, પોતજથી ઉત્પન્ન થનાર હાથી વગેરે, જરાયુજ-ઓરથી ઉત્પન્ન થનારા તે મનુષ્ય તથા તિર્યંચો-ગાય, બળદ, વગેરે, રસોમાં ઉત્પન્ન થનારા કીડા વગેરે, પરસેવાથી ઉત્પન્ન થનારા જૂ, માકડ વગેરે, સંમૂચ્છિંમ તે સ્વભાવિક ઉત્પન્ન થનારા દેડકા વગેરે, (ઘણા પ્રકારના, માતાપિતાના સંયોગ વિના (ગર્ભ ધારણ કર્યા વિના) ઉદ્‌ભિજ્જ-જમીન ફોડી ઉત્પન્ન થનારા તીડ વગેરે, ઉપપાતથી સેજામાં દેવ ઉત્પન્ન થાય અને કુંભીમાં નારકી ઉત્પન્ન થાય તે. આમાં કેટલાકનું સામું આવવું, પાછા હઠવું, શરીરનું સંકોચવું, અવયવોનું પસારવું, શબ્દ કરવો, ભ્રમણ કરવું, ત્રાસ પામવો, દોડવું, ગમનાગમન કરવું, એ આદિ ક્રિયાઓ કરવાવાળા ત્રસ જીવો છે. તેઓને ભગવંતે ત્રસ કહ્યા છે. (સ્થાવર જીવો-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તેઓ સ્થિર રહેનારા છે, જેમાં તેઉ વાયુને ગતિ અપેક્ષાએ ત્રસ પણ કહેલ છે.) તે જીવો કરમીયા ઇયેળ વગેરે સર્વે બેઇન્દ્રિયવાળા છે તે કાયા અને મુખવાળા, કુંથવા, કીડી વગેરે ત્રણ ઈન્દ્રિયવાળા છે. (તેને નાસિકા વધારે હોય છે.) પતંગીયા વગેરે સર્વે ચાર ઈન્દ્રિયવાળા છે (તેને ચક્ષુ વધારે હોય) પાંચ ઈન્દ્રિયવાળા સર્વે પંચેન્દ્રિય તિર્યંચો, નારકીઓ, દેવો, મનુષ્યો, (જેને કાયા, મુખ, નાક, કાન, આંખ એ પાંચે ઈન્દ્રિયો) આ સર્વે પ્રાણીઓ સુખના અભિલાષી છે. દુઃખના દ્વેષી છે, સર્વને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે. આ છઠા જીવના સમૂહને ત્રસકાય કહેવાય છે. હલન ચલન કરે, તડકામાંથી છાયામાં જાય વગેરે ક્રિયા ત્રસ જીવોમાં હોય છે.

**इच्चेसिं छण्हं जीवनिकायाणं नेव सयं दंडं समारं-**
१ २ ३ ४ ५ ६ ७
**भिज्जा, नेवन्नेहिं दंडं समारंभाविज्जा, दंडं**
८ ९ १० ११ १२

**समारंभंते वि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए**
૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
**तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि,**
૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩
**न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि**
૨૪ ૨૫ ૨૬ ૨૮ ૨૭
**तस्स भंते? पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं**
૨૯ ૩૦ ૩૨ ૩૧ ૩૨ ૩૪
**वोसिरामि ॥ सूत्र १२ ॥**
૩૫

**શબ્દાર્થ**—એ પ્રકારે ૭ જીવનિકાયોનો નહીં મુનિ પોતે
૧ ૨ ૩ ૪ ૫
હિંસા આરંભ કરે નહીં અન્ય પાસે હિંસા આરંભ કરાવે હિંસા
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
કરનારાઓ અન્યને નહીં અનુમોદે—રૂડું નહીં જાણે જીવે ત્યાં સુધી
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
ત્રણ કરણે ત્રિવિધે મને કરી વચને કરી કાયાએ કરી હિંસા નહીં કરે,
૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩
નહિ કરાવે હિંસા કરનારાઓ અન્યને ભલું જાણે નહિ હિંસાના કાર્યને હે
૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯
ભગવાન? નિંદુ છું ગર્હું છું હિંસાથી નિવૃત્ત થઉં છું પાછો વળું
૩૦ ૩૧ ૩૨ ૩૩
છું આત્માને પાપ કાર્યથી—હિંસા રૂપ કાર્યોથી મારા આત્માને
૩૪
વોસિરાવું છું.
૩૫

**ભાવાર્થ**-પૂર્વોક્ત ૭ પ્રકારના જીવોના સમૂહોને મારવારૂપ પોતે હિંસા કરવી નહિ, અન્ય પાસે તેની હિંસા કરાવવી નહિ, અન્ય હિંસા કરનારાઓને ભલું જાણવું નહિ, આવા પ્રકારનું ભગવંત મહાવીરનું ફરમાન સાંભળીને હવે સાધક સંયમ-દીક્ષા લેવા તૈયાર થયેલ શિષ્ય કહે છે કે હે ભગવંત, હવે હું જીવીશ ત્યાં સુધી, ત્રિવિધે, ત્રિવિધે મન, વચન, કાયાથી કોઈ જીવની હિંસા કરીશ નહિં, અન્ય પાસે કરાવીશ નહિ, હિંસાના કરનારાઓને ભલું જાણીશ નહિ. આવા ત્રણ પ્રકારે પૂર્વે મેં જે હિંસા કરી હોય તેમાંથી હું પાછો હઠું છું ને પાપને આત્મ સાક્ષીએ નિંદું છું, ગુરૂની સાક્ષીએ ગહું છું. ભૂતકાળમાં દંડ કરનારા-હિંસા કરનારા મારા આત્માના નિંદનીય પરિણામનો ત્યાગ કરું છું ॥

**पढमे भंते? महव्वए पाणाइवायाओ वेरमणं सव्वं**
२ १ ३ ४ ५ ६
**भंते? पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा**
७ ८ ९ १०
**बायरं वा, तसं वा थावरं वा, नेव सयं पाणे**
११ १२ १३ १४ १५ १६
**अइवाइज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे**
१७ १८
**अइवायंते वि अन्ने न समणुजाणेज्जा, जावज्जीवाए**
१९ २० २१
**तिविहं तिविहेणं मणेणं वायाए काएणं नकरेमि नकारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि, पढमे भंते? महव्वए उवट्ठिओमि, सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥ १३ ॥**

**શબ્દાર્થ**-પહેલા ભગવંત મહાવ્રતને વિષે પ્રાણાતિપાતથી
૨ ૧ ૩ ૪
નિવૃત્ત થવાનું છે સર્વથા પ્રાણાતિપાતનો ત્યાગ કરૂં છું તે સૂક્ષ્મ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
(નાના) અથવા બાદર-મોટા ત્રસ સ્થાવર નહિ પોતે જીવોના
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
પ્રાણોને હણીશ હણાવીશ હણતાને બીજાઓને ભલું નહિ જાણું
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧
બાકીના શબ્દાર્થ ઉપર મુજબ,

**ભાવાર્થ**-હે ભગવંત? પહેલા મહાવ્રતમાં પ્રાણાતિપાતથી-જીવહિંસાથી નિવર્તુ છું. હે ભગવાન્? સર્વથા જીવોને નહિ મારવાના જીવોની હિંસા-ઘાત નહી કરવાના પચ્ચક્ખાણ કરૂં છું, સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર, એમ એ સર્વ જીવોને હું પોતે મારીશ નહિ-હણીશ નહિ, બીજા પાસે મરાવીશ નહિ-હણાવીશ નહિ, અન્ય કોઈ જીવોને મારતા હશે તેને ભલું જાણીશ નહિં. મરણ પર્યંત ત્રિવિધે ત્રિવિધે મન-વચન કાયાએ કરી હું જીવ હિંસાને કરીશ નહિ, કરાવીશ નહિ, કરનારાને અનુમોદન આપીશ નહિ. ભૂતકાળમાં જીવહિંસા કરી હોય તે પાપથી હું પાછો હઠું છું. તે પાપોને આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ ગર્હું છું. આત્માના તેવા પાપ પરિણામ-અધ્યવસાયોનો હું હવેથી ત્યાગ કરૂં છું. ત્યાગ કરીને હે ભગવન? સર્વથા જીવદયા પાલનરૂપ પ્રથમ મહાવ્રતને ગ્રહણ કરી પ્રાણાતિપાતથી નિવૃત્ત થઈ તેનું પાલન કરવા સાવધાન થઉં છું.

**अहावरे दुच्चे भंते ? महव्वए मुसावायाओ वेरमणं,**
१ २ ३ ४ ५
**सव्वं भंते मुसावायं पच्चक्खामि से कोहा वा लोहा**
६ ७ ८ ९

वा भया वा हासा वा नेव सयं मुसं वइज्जा,
१० ११ १२ १३ १४ १५
नेवन्नेहिं मुसं वायाविज्जा, मुसं वयंते वि अन्ने
१६ १७
न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि नकारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ? पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि दुच्चे भंते. महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥१४॥

**શબ્દાર્થ**–હવે પહેલાં પછીના બીજા ભગવંત મૃષાવાદથી
૧ ૨ ૩ ૪ ૫
મૃષાવાદ તે ક્રોધથી લોભથી ભયથી હાસ્યથી નહિ પોતે અસત્ય
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
બોલીશ બોલાવીશ બોલનારને બાકીના ઉપર મુજબ.
૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**–હે ભગવંત ! બીજા મહાવ્રતમાં સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ કરૂં છું. હે ભગવાન ! હું આમરણાંત જીવું ત્યાં સુધી ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી, હું પોતે અસત્ય બોલીશ નહિ, બીજાની પાસે અસત્ય બોલાવીશ નહિ, અસત્ય બોલનારને અનુમોદીશ નહિ. જાવજ્જીવ–મરણ પર્યંત ત્રિવિધે મન–વચન–કાયાએ કરી જૂઠું બોલીશ નહિ, બોલાવીશ નહિ, બોલનારને ભલું જાણીશ નહિ, અનુમોદીશ નહિ. પૂર્વે અસત્ય બોલાયું હોય તો તે પાપથી હે ભગવાન ? હું પાછો હઠું છું, તે પાપને આત્મ સાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ ગર્હું છું, તેવા અશુભ પરિણામોથી મારા આત્માને નિવૃત્ત કરૂં છું. તે પાપોનો ત્યાગ કરૂં છું. તેમ અસત્યના પાપથી

સર્વથા નિવૃત્ત થઈ બીજા સત્યરૂપ મહાવ્રતને ગ્રહણ કરી તેનું પાલન કરવા સાવધાન થાઉં છું.

**अहावरे तच्चे भंते? महव्वए अदिन्नादाणाओ**
१ २ ३
**वेरमणं, सव्वं भंते? अदिन्नादाणं पच्चक्खामि से गामे वा नगरे वा रण्णे वा अप्पं वा बहुं वा अणुं**
४ ५ ६ ७ ८ ९
**वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं**
१० ११ १२
**अदिन्नं गिण्हिज्जा, नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा,**
१३ १४
**अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणेज्जा**
१५
**जावजीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएण नकरेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते? पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. तच्चे भंते महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥१५॥**

**શબ્દાર્થ**–ત્રીજા નહિ આપેલા ગ્રહણથી ગામમાં નગરમાં
૧ ૨ ૩ ૪ ૫
અરણ્યમાં અલ્પ બહુ થોડું ઝાઝું સચિત્ત અચિત્ત ન લઈશ ન લેવરાવીશ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
લેનારને ન ભલું જાણીશ, બાકીના ઉપર મુજબ.
૧૫

**ભાવાર્થ**–હે ભગવંત ? ત્રીજા મહાવ્રતમાં સર્વથા ચોરી કરવાનો ત્યાગ કરૂં છું. તેના હું પચ્ચક્ખાણ કરૂં છું. ગામમાં, નગરમાં,

અરણ્યમાં, અલ્પમૂલ્યવાળી કે ઘણા મૂલ્યવાળી, નાની કે મોટી, સચિત્ત કે અચિત્ત કોઈપણ વસ્તુ હું તેના માલીકના આપ્યા વિના લઈશ નહિ, બીજા પાસે લેવરાવીશ નહિ, લેતાને અનુમોદીશ નહિ. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન–વચન કાયાએ કરી ચોરી કરીશ નહિ, કરાવીશ નહિ, કરતાને અનુમોદીશ નહિ. પૂર્વે ચોરી કરી હોય તે પાપથી પાછો હઠું છું, તે પાપને આત્મ સાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ ગર્હું છું. તેવા અશુભ અસત્ય અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત્ત કરું છું. એમ સર્વથા ચોરીનો ત્યાગ કરીને ત્રીજા મહાવ્રતને ગ્રહણ કરી તેનું પાલન કરવા સાવધાન થાઉં છું.

**अहावरे चउत्थे भंते! महव्वए मेहुणाओ वेरमणं.**
१ २
**सव्वं भंते! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा**
३ ४
**माणुसं वा तिरिक्खजोणियं वा नेव सयं मेहुणं**
५ ६
**सेविज्जा, नेवन्नेहिं मेहुणं सेवाविज्जा, मेहुणं सेवंते**
७ ८ ९
**वि अन्ने न समणुजाणेज्जा. जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते! पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि. चउत्थे भंते महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं ॥१६॥**

શબ્દાર્થ–ચોથા મૈથુનથી મૈથુન દેવસંબંધી મનુષ્યસંબંધી
૧ ૨ ૩ ૪ ૫
તિર્યંચયોનિ સંબંધી ન સેવીશ ન સેવરાવીશ સેવતાને–શેષ ઉપર મુજબ.
૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**–હે ભગવંત ? ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતમાં સર્વથા મૈથુનનો (વિષયસેવનનો)ત્યાગ કરૂં છું. મૈથુન દેવસંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચસંબંધી હું પોતે સેવીશ નહિ, બીજા પાસે સેવરાવીશ નહિ, સેવનારને અનુમોદીશ નહિં. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાએ કરી મૈથુન સેવીશ નહિ, સેવરાવીશ નહિ, સેવતાને અનુમોદીશ નહિ, પૂર્વે તેવી પ્રવૃત્તિ કરી હોય તે પાપથી પાછો હઠું છું, તે પાપને આત્મ સાક્ષીએ નિંદું છું. ગુરૂ સાક્ષીએ ગહું છું. તે અશુભ, અસત્ય અધ્યવસાયાથી મારા આત્માને નિવૃત્ત, કરૂં છું. એમ સર્વથા મૈથુનનો ત્યાગ કરી ચોથા મહાવ્રતને ગ્રહણ કરી તેનું પાલન કરવા સાવધાન થાઉં છું.

**अहावरे पंचमे भंते ? महव्वए परिग्गहाओ वेरमणं,**
१ २
**सव्वं भंते परिग्गहं पच्चक्खामि से अप्पं वा बहुं**
३
**वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा नेव सयं परिग्गहं परिगिन्हिज्जा, नेवन्नेहिं परिग्गहं**
४
**परिगिन्हाविज्जा, परिग्गहं परिगिन्हंते वि अन्ने न**
५ ७
**समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणांमि. तस्स भंते ? पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. पंचमे भंते महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥१७॥**

**શબ્દાર્થ**–પાંચમે પરિગ્રહથી પરિગ્રહ સર્વથા ગ્રહણ ન કરીશ
૧ ૨ ૩ ૪
સર્વથા ગ્રહણ ન કરાવીશ સર્વથા ગ્રહણ કરનારને શેષ ઉપર મુજબ.
૫ ૬

ભાવાર્થ-હે ભગવંત ? પાંચમા મહાવ્રતમાં સર્વથા પરિગ્રહનો ત્યાગ કરૂં છું. તે પરિગ્રહ થોડા મૂલ્યવાળો કે ઘણા મૂલ્યવાળો હોય, થોડો હોય કે ઝાઝો હોય, સજીવ હોય કે નિર્જીવ હોય, તો પણ તેને હું અંગીકાર કરીશ નહિ-રાખીશ નહિ, બીજાને રખાવીશ નહિ, રાખનારને-ગ્રહણ કરનારને અનુમોદીશ નહિ, જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન-વચન કાયાએ કરી પરિગ્રહ રાખીશ નહિ, રખાવીશ નહિ, રાખનારને અનુમોદીશ નહિ. પૂર્વે રાખ્યો હોય તે પાપથી પાછો હઠું છું, આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું. ગુરુ સાક્ષીએ ગહું છું. એ પાપના પરિણામોથી, અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત્ત કરૂં છું. એમ સર્વથા પરિગ્રહનો ત્યાગ કરી પાંચમા મહાવ્રતને ગ્રહણ કરી તેનું પાલન કરવામાં સાવધાન થાઉં છું.

**अहावरे छट्ठे भंते ? वए राइभोयणाओ वेरमणं, सव्वं**
१ २ ३

**भंते ? राइभोयणं पच्चक्खामि. से असणं वा पाणं**
४ ५ ६

**वा खाइम वा साइमं वा नेव सयं राइं भुंजिज्जा,**
७ ८ ९ १०

**नेवन्नेहिं राइं भुंजाविज्जा, राइ भुंजंतं वि अन्ने न**
११ १२ १३

**समणुजाणेज्जा. जावज्जीवाए तिबिहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि, करंतं पि अन्नं न समणुजाणामि. तस्स भंते ? पडिक्कमामि, निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. छट्ठे भंते वए उवट्ठिओमि सव्वाओ राइभोयणाओ वेरमणं ॥१८॥**

**શબ્દાર્થ** છઠ્ઠા વ્રતમાં રાત્રિ ભોજનથી રાત્રિભોજન અશન
१ २ ३ ४ ५

અનાજ પાણી દુધ,ફળો મેવા, સોપારી એલચી વગેરે મુખવાસ, રાત્રિમાં
૬ ૭ ૮ ૯
ન ખાઇશ ન ખવરાવીશ ખાતાં બીજાને શેષ ઉપર મુજબ.
૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ** હે ભગવંત, સર્વથા રાત્રિ ભોજનનો ત્યાગ કરૂં છું, તે અશન–આહાર, પાણી, ખાદિમ મેવા, મિષ્ટાન, સ્વાદિમ–સોપારી આદિ મુખવાસ આ ચાર પ્રકારનો આહાર હું પોતે રાત્રે ખાઇશ નહિ, બીજાને ખવરાવીશ નહિ, ખાતાંને અનુમોદીશ નહિ. જાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે મન–વચન કાયાએ કરી હું રાત્રે ખાઇશ નહિ, ખવરાવીશ નહિ, ખાનારાઓને અનુમોદીશ નહિ, પૂર્વે તેવી પ્રવૃત્તિ કરી હોય તે પાપથી નિવૃત્ત થઉં છું. આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું. ગુરુસાક્ષીએ ગર્હું છું. અને એવા અશુભ અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત્ત કરૂં છું. આ પ્રમાણે સર્વથા રાત્રિ ભોજનનો ત્યાગ કરીને છઠ્ઠા રાત્રિભોજનરૂપ વ્રતને ગ્રહણ કરી તેનું પાલન કરવા સાવધાન થઉં છું. (રાત્રિભોજનથી બધા મહાવ્રતોમાં દોષ લાગે છે. તેના ત્યાગ વિના અન્ય વ્રતોનું પાલન પૂર્ણ રીતે થઇ શકે નહિ).

**इच्चेयाइं पंच महव्वयाइं राइभोयण-वेरमणं**
१ २
**छट्ठाइं अत्तहियट्ठयाए उवसंपज्जित्ताणं विहरामि ॥१९॥**
३ ४ ५

**શબ્દાર્થ**–એમ આ મહાવ્રતો આત્માના હિતને માટે અંગીકાર
૧ ૨ ૩ ૪
કરીને વિચરીશ
૫

**ભાવાર્થ**–એમ આ પાંચ મહાવ્રતો અને છઠું રાત્રિભોજન-વિરમણવ્રત, આત્માના હિતને માટે(મોક્ષને માટે) અંગીકાર કરીને તેનું પાલન કરવામાં સાવધાન થઉં છું.

## પૃથ્વીકાયની હિંસાથી નિવૃત્ત થવા સંબંધે

से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-
૧ ૩ ૪ ૫
पच्चक्खाय पावकम्मे दिया वा राओ वा एगओ वा
૬ ૭ ૮ ૯ ૧૦
परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से पुढविं
૧૧ ૧૨ ૧૩ ૧૪
वा, भित्तिं वा, सिलं वा, लेलुं वा ससरक्खं वा
૧૫ ૧૬ ૧૭ ૧૮
कायं, ससरक्खं वा वत्थं, हत्थेण वा, पाएण वा,
૧૯ ૨૦ ૨૧ ૨૨
कट्ठेण वा, किलिंचेण वा, अंगुलियाए वा, सिलागए
૨૩ ૨૪ ૨૫ ૨૬
वा सिलागहत्थेण वा, न आलिहिज्जा, न विलिहिज्जा,
૨૭ ૨૮ ૨૯
न घट्टिज्जा, न भिंदिज्जा, अन्नं न आलिहाविज्जा, न
૩૦ ૩૧ ૩૨
विलिहाविज्जा, न घट्टाविज्जा, न भिंदाविज्जा, अन्नं
૩૩ ૩૪ ૩૫
आलिहंतं वा, विलिहंतं वा, घट्टंतं वा, भिंदंतं
૩૬ ૩૭ ૩૮ ૩૯
वा, न समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं
૪૦ ૪૧
मणेणं वायाए काएणं न करेमि, न कारवेमि करंतं
पि अन्नं न समणुजाणामि. तस्स भंते ? पडिक्कमामि
निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥૨૦॥

**શબ્દાર્થ**—સાધુ સાધ્વી સંયમી-તપમાં રક્ત સાવદ્યવ્યાપારથી રહિત
૧ ૨ ૩ ૪
પાપોનો નાશ કરનાર પાપકર્મનું પચ્ચક્ખાણ કરનાર દિવસે રાત્રિએ
૫ ૭ ૬ ૮ ૯
એકલો સભામાં સુતેલો જાગતો પૃથ્વીકાય નદી કિનારાની માટીને
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
શિલાને નાનાપત્થરને સચિત્ત માટીવાળા શરીરને તથા વસ્ત્રને હાથે
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧
પગે કાષ્ટવડે ખીલાવડે આંગલીએકરી સળીવડે લોખંડની સળીઓના
૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭
સમૂહવડે લીટી ન તાણે વિશેષ વાર લીટી ન તાણે સંઘર્ષ ન કરે વાર વાર
૨૮ ૨૯ ૩૦
સંઘર્ષ ન કરે વિદારણ ન કરે બીજાપાસે ન કરાવે લીટી. સંઘર્ષ વિદારણ
૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫
લીટી ખેંચનારને વધારેવાર લીટી ખેંચનારને સંઘર્ષ કરનારને વિદારણ
૩૬ ૩૭ ૩૮ ૩૯
કરનારને ભલું જાણે નહિ. બાકીના શબ્દાર્થ ઉપર મુજબ.
૪૧ ૪૦

**ભાવાર્થ**—સંયમવાન, વ્રતધારી, તપસ્વી સાધક ભૂતકાળના કર્મોનો—પાપોનો નાશ કરનાર, વર્તમાન કાળના સર્વપ્રકારના સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત અને ભવિષ્યકળના પાપોનું—કર્મબંધનનું પચ્ચખાણ કરનાર સંવરપૂર્વક પાપોથી નિવૃત્ત હોવાથી વિરક્ત, એવા સાધુ કે સાધ્વીએ દિવસે કે રાતે, એકલા હોય કે સભામાં હોય, સુતેલ હોય કે જાગતા હોય, તેમણે સચિત્ત માટી, ખાણની માટી, નદીના કીનારાની માટી, મોટા સચિત્ત પત્થર, સચિત્ત પત્થરના નાના ટુકડાઓ, ઉદક સચેત્તરજે—માટીએ કરી ખરડેલું શરીર અને સચિત્ત ધૂળવાળા

વસ્ત્ર પાત્ર આદિ તેઓને હાથે, પગે, લાકડે, લાકડાના કટકે, આંગલીએ, લોખંડ આદિની સળીએ, સળીઓના સમૂહે કરીને તે સચિત્ત પૃથ્વી–માટી કે પત્થર ઉપર રેખા કરે નહિ. લીટી તાણે નહિ, તેને ખોદે નહિ, ઉખેડે નહિ, સંઘર્ષ ન કરે, ભાંગે નહિ, વારંવાર તેના ઉપર લીટી ન તાણે, ખોદે નહિ, ઉખેડે નહિ, સંઘર્ષ કરે નહિ, તેને વિદારે નહિ–ભાંગે નહિ, ખોદે નહિ, એક સ્થળેથી બીજે સ્થળે નાંખે નહિ, સચિત્ત પૃથ્વી, પત્થર આદિને અન્ય પાસે ખોદાવવા નહિ, તેના ઉપર રેખા લીટી તણાવવા નહિ, સંઘર્ષ કરાવવો નહિ, તેને ભેદાવવા નહિ, એક સ્થાનેથી બીજે સ્થાને ફેરવવા નહિ, અન્ય પોતાની મેળે લીટી તાણતો હોય–રેખા કરતો હોય, ખોદતો હોય, ઉખાડતો હોય, સંઘર્ષ કરતો હોય, ભેદતો હોય, એક સ્થળેથી બીજે સ્થળે લઈ જતો હોય, એ રીતે વારંવાર ક્રિયા કરતો હોય તો તેને અનુમોદે નહિ. હવે શિષ્ય કહે છે કે હે ગુરુદેવ, હું પણ એ રીતે સચેત્ત પૃથ્વીકાયાના જીવોને પીડા ઉત્પન્ન થાય તેવાં કાર્યો કરીશ નહિ તે જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન–વચન–કાયાએ કરી પૃથ્વીકાયની હિંસા કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ, તેમ કરનારને ભલું જાણીશ નહિ. પૂર્વે તેવાં કાર્યો કર્યા હોય તે પાપોથી પાછો હઠું છું. મારા આત્માની સાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ ગહું છું. આવા પાપકાર્યોથી–અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત્ત કરું છું.

## અપકાયની હિંસાથી નિવૃત્ત થવા સંબંધે

**से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय पच्चक्खाय-पावकम्मे दिया वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से उदगं**

वा ओसं वा हिमं वा महिअं वा करगं वा हरतणुगं
२ ३ ४ ५ ६
वा सुद्धोदगं वा उदउल्लं वा कायं उदउल्लं वा
७ ८ ९ ११
वत्थं ससिणिद्धं वा कायं ससिणिद्धं वा वत्थं न
१० ११
आमुसिज्जा न संफुसिज्जा न आवीलिज्जा, न
१२ १३ १४
पवोलिज्जा, न अक्खोडिज्जा न पक्खोडिज्जा, न
१५ १६ १७
आयाविज्जा न पयाविज्जा, अन्नं न आमुसाविज्जा न
१८ १९ २०
संफुसाविज्जा, न आवीलाविज्जा न पवीलाविज्जा,
२१ २२ २३
न अक्खोडाविज्जा न पक्खोडाविज्जा, न आयाविज्जा
२४ २५ २६
न पयाविज्जा, अन्नं आमुसंतं वा संफुसंतं वा
२७ २८ २९
आवीलंतं वा पवीलंतं वा अक्खोडंतं वा पक्खोडंतं
३० ३१ ३२ ३३
वा आयावंतं वा पयावंतं वा समणुजाणेज्जा.
३४ ३५

जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं. न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते? पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. ॥२१॥

**શબ્દાર્થ**-પાણી ઝાકળનું પાણી બરફ ધુમ્મસનું પાણી કરા તૃણ
૧ ૨ ૩ ૪ ૫
ઉપર રહેલ પાણી વાદળથી પડતું પાણી-આકાશમાંથી પડતા પાણીથી
૬ ૭
ભીંજાયેલું શરીર વસ્ત્ર ભીનું હોય ન એકવાર સ્પર્શ કરે, ન વારંવાર
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
સ્પર્શ કરે, ન નિચોવે ન હલાવે વારંવાર હલાવે એકવાર ઝાટકે ન વારં-
૧૪ ૧૫ ૧૬ ૧૭
વાર ઝાટકે તપાવે વારંવાર તપાવે ન થોડું સ્પર્શાવે ન વારંવાર સ્પર્શાવે
૧૮ ૧૯ ૨૦ ૨૧
ન એકવાર નીચોવરાવે, ન વારંવાર નીચોવરાવે ન એકવાર ઝટકાવે
૨૨ ૨૩ ૨૪
ન વારંવાર ઝટકાવરાવે ન એકવાર તપાવરાવે ન વારંવાર તપાવરાવે
૨૫ ૨૬ ૨૭ ૨૮
ન એકવાર સ્પર્શ કરનારને ન એકવાર નીચોવરાવનારને ન વારંવાર
૨૯ ૩૦ ૩૧
નીચોવનારને ન એકવાર ઝાટકનારને ન વારંવાર ઝાટકનારને, ન એકવાર
૩૨ ૩૩ ૩૪
તપાવનારને ન વારંવાર તપાવનારને અનુમોદન આપે નહિ.
૩૫

**ભાવાર્થ**-સંયમવાન, વ્રતધારી, તપસ્વી સાધક, ભૂતકાળનાં પાપોનો નાશ કરનાર, વર્તમાન કાળના સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારથી નિવૃત અને ભવિષ્યકાળના પાપકર્મરૂપ બંધનના પચ્ચક્ખાણ કરનાર, સંવરપૂર્વક પાપથી નિવૃત્ત હોવાથી વિરત, એવા સાધુ સાધ્વીએ દિવસે કે રાતે, એકલા હોયકે સભામાં હોય, સુતેલ હોય કે જાગતા હોય તેમણે જમીનમાંથી નીકળેલું પાણી કે ઝાકળનું પાણી, બરફનું પાણી, ધુમ્મસનું પાણી, કરાનું પાણી, ઘાસના તરણાના અગ્રભાગે રહેલું પાણી, આકાશમાંથી પડેલા વરસાદથી કે કોઈપણ સચેત્ત

પાણીથી ભીંજાએલું શરીર હોય અથવા પાણીથી લીલું થયેલ વસ્ત્ર નો થોડો કે ઝાઝો, એકવાર કે ઘણીવાર સ્પર્શ કરવો નહિ, થોડી કે ઝાઝીવાર શરીરને લુંછવું નહિ, વસ્ત્રને નીચોવવું નહિ, થોડીવાર કે ઝાઝીવાર વસ્ત્રને ઝાટકવું નહિ, થોડીવાર કે ઝાઝીવાર શરીર તથા વસ્ત્રને તપાવવું નહિ, એટલે તે પાણીના જીવને પીડા આપે નહિં, એવી રીતે બીજા પાસે કરાવે નહિ, તેમ કરતા હોય તેને ભલું જાણે નહિ. હવે શિષ્ય કહે છે કે હે ગુરૂદેવ ? હું પણ જાવજીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાએ કરી તેમ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ, તેમ કરનારને ભલું જાણીશ નહિ, પૂર્વે, ઉપરોક્ત પ્રકારે અપકાય સંબંધી પાપ લાગ્યું હોય તેનાથી હું પાછો હઠું છું. મારા આત્માની સાક્ષીએ નિંદું છું, ગુરુની સાક્ષીએ ગહુઁ છું. આવા પાપ કાર્યોથી-અશુભ અધ્યવસાયોથી, મારા આત્માને નિવૃત્ત કરૂં છું. (સચેત પાણીનો સંઘટો કરી શકાય નહિ).

## અગ્નિકાયની હિંસાથી નિવૃત્ત થવા સંબંધે

**से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय पच्चक्खाय-पावकम्मे दिया वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा से अगणिं वा**
१
**इंगालं वा मुम्मुरं वा अच्चिं वा, जालं वा अलायं वा,**
२ ३ ५ ५ ६
**सुद्धागणिं वा उक्कं वा, न उंजेज्जा, न घट्टेज्जा, न**
७ ८ ९ १०
**भिंदेज्जा, न उज्जालेज्जा, न पज्जालेज्जा, न**
१७ १८ १९
**निव्वावेज्जा, अन्नं उंजंतं वा घट्टंतं वा भिंदंतं**
२० २१ २२ २३

**वा उज्जालंतं वा पज्जालंतं वा निव्वावंतं वा न**
२४ २५ २६
**समणुजाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं**
**वायाए काएणं, न करेमि न कारवेमि. करंतं पि**
**अन्नं न समणुजाणामि. तस्स भंते! पडिक्कमामि**
२७
**निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. ॥२२॥**

**શબ્દાર્થ**-તપાવેલ લોઢાની અગ્નિ, અંગારાની અગ્નિ છૂટી-
૧ ૨ ૩
કણરૂપ અગ્નિ જ્વાલાની અગ્નિ જ્વાલાથી છૂટી પડેલ અગ્નિ ઉંબાડાની
૪ ૫ ૬
અગ્નિ કાષ્ટનો શુદ્ધ અગ્નિ, ઉલ્કાપાતનો, વીજળીનો અગ્નિ, કાષ્ટ નાંખે
૭ ૮ ૯
ન સંકોચે ન ભેદે ન પંખાથી થોડો જગાવે ન વધારે ન જગાવે ન
૧૦ ૧૧ ૧૨ ૧૩
ઓલવે ન કાષ્ટનંખાવે ન સંકોચાવે ન ભેદાવરાવે ન પંખાથી થોડો
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
જગાવરાવે ન વધારે પ્રદીપ કરાવે ન ઓલવાવરાવે ઇંધણનાંખનારને
૧૯ ૨૦ ૨૧
સંકોચનારને ભેદનારને પંખાથી થોડો પ્રદીપ્ત કરનારને પંખાથી
૨૨ ૨૩ ૨૪
વધારે પ્રદીપ્ત કરનારને ઓલવનારને ન અનુમોદે.
૨૫ ૨૬ ૨૭

**ભાવાર્થ**-સંયમવાન, વ્રતધારી, તપસ્વી સાધક ભૂતકાળનાં પાપોનો નાશ કરનાર, વર્તમાન કાળના સર્વપ્રકારના સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત અને ભવિષ્યકાળના પાપકર્મરૂપ બંધનના પચ્ચક્ખાણ કરનાર

સંવર પૂર્વક ( પાપ નહિ કરવાની બંધી કરનાર) પાપથી નિવૃત્ત હોવાથી વિરત, એવા સાધુ સાધ્વીએ દિવસે કે રાતે, એકલા હોય કે સભામાં હોય, સુતેલ હોય કે જાગતા હોય, તેમણે તપાવેલ લોઢામાંહેનો અગ્નિ, જ્વાલા વગરનો અગ્નિ, અગ્નિના કણીયા, મૂળ અગ્નિથી તૂટેલી જ્વાલા, મૂળ અગ્નિની સાથે સંયુક્ત જ્વાલા, ઉંબાડીયાનો અગ્નિ, અંગારા, ઉલ્કાપાતનો અગ્નિ, એ આદિ સર્વ જાતનો અગ્નિ, તેમાં લાકડા વગેરે નાંખી વધારવો નહિ.

હાથ આદિથી સંકોરવો નહિ, ધૂળ આદિથી ભેદવો નહિ, પંખાવગેરેથી પ્રદિપ્ત કરવો નહિ, વધારવો નહિ, પાણી વગેરે નાંખી ઓલવવો નહિ, આવી રીતે પોતે અગ્નિનો સ્પર્શ કરવો નહિ, તેમ બીજા પાસે કરાવવો નહિ. અને કરતાને પણ ભલું જાણવું નહિ. હવે શિષ્ય કહે છે કે હે ગુરુદેવ ? હું પણ જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાએ કરી તેમ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ, તેમ કરનારને ભલું જાણીશ નહિ. પૂર્વોક્ત પ્રકારે અગ્નિ સંબંધી પાપ લાગ્યું હોય તો તેનાથી હું પાછો હઠું છું. મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદું છું. ગુરુની સાક્ષીએ ગર્હુ છું. અને આવા પાપકાર્યોથી-અશુભ અધ્ય-વસાયોથી મારા આત્માને નિવૃત્ત કરૂં છું.

### વાયુકાયની હિંસાથી નિવૃત્ત થવા સંબંધે

**से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय पच्चक्खाय-पावकम्मे, दिया वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से सिएण वा, विहुयणेण वा, तालियंटेण वा, पत्तेण**
 १ २ ३ ४
**वा पत्तभंगेण वा, साहाए वा, साहाभंगेण वा,**
 ५ ६ ७

**पिहुणेण वा पिहुणहत्थेण वा, चेलेण वा, चेलकण्णेण**
८ ९ १० ११
**वा, हत्थेण वा मुहेण वा, अप्पणो वा कायं बाहिरं**
१२ १३ १४ १५ १६
**वावि पुग्गलं, न फुमेज्जा न वीएज्जा अन्नं न**
१७ १८ १९
**फुमावेज्जा न वीआवेज्जा अन्नं फुमंतं वा वीअंतं**
२० २१ २२ २३
**वा, न समणु जाणेज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि अन्नं न समणुजाणामि. तस्स भंते! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि. ॥२३॥**

**શબ્દાર્થ**–સફેદચામરવડે પંખાથી તાડપત્રના પંખાથી કમળ
૧ ૨ ૩ ૪
આદિના પાંદડાથી કેળના પાંદડાના કટકાથી શાખાથી ડાળીના કટકાથી
૫ ૬ ૭
મોરનીપીંછીથી મોરપીંછાની પૂંજણીથી વસ્ત્રથી વસ્ત્રના છેડાથી હાથથી
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
મુખથી પોતાની કાયાને-શરીરને અન્ય પુદગલને ન ફુંકે ન વીંજે
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
ન ફુંકાવે ન વિંજાવે ફુંકતાને વીંજતાને અનુમોદન આપે નહિ.
૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪

**ભાવાર્થ**–સંયમવાન વ્રતધારી તપસ્વી સાધક ભૂતકાળના પાપોનો નાશ કરનાર, વર્તમાન કાળના સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત અને ભવિષ્યકાળના પાપકર્મરૂપ બંધનના પચ્ચક્ખાણ કરનાર, સંવર પૂર્વક પાપથી નિવૃત્ત હોવાથી વિરત, એવા સાધુ

સાધ્વીએ દિવસે કે રાતે, એકલા હોય કે સભામાં હોય, સુતેલ હોય કે જાગતા હોય, તેમણે ચામરથી, પંખાથી, તાડપત્રના પંખાથી, પાંદડાથી, પાંદડાના કટકાથી, શાખાથી, શાખાના કટકાથી, મોર-પીંછાથી, મોર પીંછાની પૂંજણીથી, વસ્ત્રથી, વસ્ત્રના છેડાથી, હાથથી, મુખથી, અથવા કોઈપણ પદાર્થથી પોતાના શરીરને કે બાહ્ય પુદગલને, ઉષ્ણજલ, દૂધ આદિને ફુંકવા નહિ, વીંજવા નહિ, બીજા પાસે ફુંકાવવા નહિ, વીંજાવવા નહિ, ફુંકતા હોય કે વીંજતા હોય તેને ભલું જાણવું નહિ. હવે શિષ્ય કહે છે કે હે ગુરુ? હું પણ એમ જાવજ્જીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાએ કરી તેમ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ, તેમ કરનારને ભલું જાણીશ નહિ. અને પૂર્વે ઉપરોક્ત પ્રકારે વાયુકાય સંબંધી પાપ લાગ્યું હોય તેનાથી હું પાછો હઠું છું. મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદું છું. ગુરુની સાક્ષીએ ગર્હું છું. અને આવા પાપકાર્યોથી તથા અશુભ અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત્ત કરૂં છું.

## વનસ્પતિકાયની હિંસાથી નિવૃત્ત થવા સંબંધે

**से भिक्खू वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पाव-कम्मे, दिया वा राओ वा एगओ वा, परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से बीएसु वा,**
१

**बीयपइट्ठेसु वा, रुढेसु वा रुढपइट्ठेसु वा, जाएसु वा,**
२ ३ ४ ५

**जायपइट्ठेसु वा, हरिएसु वा, हरियपइट्ठेसु वा,**
६ ७ ८

**छिन्नेसु वा, छिन्नपइट्ठेसु वा, सचित्तेसु वा, सचित्त-**
९ १० ११ १२

**कोलपडिनिस्सिएसु वा, न गच्छेज्जा न चिट्ठेज्जा न**
१३ १४ १५

**निसीएज्जा, न तुयट्टेज्जा, अन्नं न गच्छावेज्जा, न**
१६ १७ १८
**चिट्ठावेज्जा, न निसीयावेज्जा न तुयट्टावेज्जा, अन्नं**
१९ २० २१
**गच्छंतं वा, चिट्ठंतं वा निसीयंतं वा, तुयट्टंतं**
२२ २३ २४ २५
**वा, न समणुजाणेज्जा, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ?**
२६
**पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥२४॥**

**શબ્દાર્થ**—બીજ ઉપર, બીજ ઉપર મુકેલ વસ્તુ ઉપર અંકુરા
૧ ૨ ૩
ઉપર અંકુરા ઉપર મુકેલ શયન આદિ ઉપર ગુચ્છાદિ વનસ્પતિની
૪ ૫
જાત ઉપર ગુચ્છાદિ ઉપર મુકેલ આસનાદિ ઉપર લીલીવનસ્પતિ
૬ ૭
ઉપર લીલીવનસ્પતિ મુકેલ વસ્તુ ઉપર, કાપેલ ડાળી ઉપર કાપેલડાળ-શાખા
૮ ૯
ઉપર મુકેલ વસ્તુ ઉપર ઇંડા આદિ જીવો ઉપર ઘુણાદિયુક્ત જીવોવાળા
૧૦ ૧૧ ૧૨
આસન આદિ ઉપર ચાલે ઉભો રહે નહિ બેસે નહિ સુવે નહિ
૧૩ ૧૫ ૧૬ ૧૭
બીજાને ચલાવે નહિ ઉભો રાખે નહિ બેસાડે નહિ સુવાડે નહિ
૧૮ ૧૯ ૨૦ ૨૧
ચાલનારને ઉભા રહેનારને બેસનારને સુનારને અનુમોદન આપે નહિ.
૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬

**ભાવાર્થ**-સંયમવાન વ્રતધારી તપસ્વી સાધક ભૂતકાળનાં પાપોનો નાશ કરનાર, વર્તમાનકાળના સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારથી નિવૃત અને ભવિષ્યકાળના પાપકર્મરૂપ બંધનના પચ્ચખાણ કરનાર, સંવરપૂર્વક પાપથી નિવૃત હોવાથી વિરત, એવા સાધુ સાધ્વીએ દિવસે કે રાત્રે, એકલા હોય કે સભામાં હોય, સુતેલ હોય કે જાગતા હોય તેમણે શાલિ વગેરેનાં બીજ ઉપર, બીજ ઉપર મુકેલા આસન આદિ વસ્તુ ઉપર, અંકુરાવાળી જગ્યામાં કે અંકુરાવાળા સ્થળમાં આસનાદિ પડેલા હોય તેના ઉપર, ગુચ્છા આદિ વનસ્પતિના છોડ ઉપર અથવા તેવા છોડ ઉપર પડેલી વસ્તુ ઉપર, લીલાઘાસ આદિ વનસ્પતિ ઉપર કે તેના ઉપર પડેલ વસ્તુ-આસનાદિ ઉપર, સચિત્ત ઇંડા આદિ જીવોવાળા સ્થાનમાં અથવા સ્થાન ઉપર મુકેલ વસ્તુ ઉપર અથવા ઘુણ આદિ પડેલ જીવોવાળા લાકડા વગેરે ઉપર જવું-આવવું નહિ, એટલે ચાલવું નહિ, બેસવું નહિ, ઉભા રહેવું નહિ, સુવું પણ નહિ, તેના ઉપર બીજાને ચલાવવો નહિ, ઉભો રખાવવો નહિ, બેસાડવો નહિ, સુવડાવવો નહિ, અને તેમ કરતાંને ભલું જાણવું નહિ. હવે શિષ્ય કહે છે કે હે ગુરુ ? હું પણ જાવજ્જીવસુધી ત્રિવિધે ત્રિવિધે મન, વચન, કાયાએ કરી તેમ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ, તેમ કરનારને ભલું જાણીશ નહિ. પૂર્વે ઉપરોક્ત પ્રકારે વનસ્પતિ સંબંધી પાપ લાગ્યું હોય તેનાથી હું પાછો હઠું છું, મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદું છું. ગુરુની સાક્ષીએ ગર્હું છું. અને આવા પાપકાર્યોથી તથા અશુભ અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત કરૂં છું.

### ત્રસકાયની હિંસાથી નિવૃત્ત થવા સંબંધે

**से भिक्खु वा भिक्खुणी वा संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे, दिया वा राओ वा एगओ वा, परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, से कीडं**

वा, पयंगं वा, कुंथुं वा, पिपीलियं वा, हत्थंसि
२ ३ ४ ५
वा, पायंसि वा, बाहुंसि वा, उरुंसि वा, उदरंसि
६ ७ ८ ९
वा, सीसंसि वा, वत्थंसि वा, पडिग्गहंसि वा,
१० ११ १२
कंबलंसि वा, पायपुछणंसि वा, रयहरणंसि वा,
१३ १४ १५
गोच्छगंसि वा, उडगंसि वा, दंडगंसि वा पीढगंसि
१६ १७ १८ १९
वा, फलगंसि वा, सेज्जंसि वा, संथारगंसि वा,
२० २१ २२
अन्नयरंसि वा, तहप्पगारे उवगरणजाए तओ
२३ २४ २५ २६
संजयामेव पडिलेहिय, पमज्जिय पमज्जिय, एगंत
२७ २८ २९ ३०
मवणेज्जा, नो णं संघायमावज्जेज्जा ॥२५॥
१३ ३२ ३३

**શબ્દાર્થ**—કીડા પતંગીયા કુંથવા કીડીઓ હાથઉપર પગ ઉપર
૧ ૨ ૩ ૪ ૫ ૬
બાહુઉપર સાથળઉપર પેટઉપર માથાઉપર વસ્ત્રમાં પાત્રમાં કામળીમાં
૭ ૮ ૯ ૯. ૧૧ ૧૨ ૧૩
પગ લૂછવાનાકપડામાં રજોહરણમાં ગોચ્છામાં માત્રાનાભાજનમાં લાક-
૧૪ ૧૫ ૧૬ ૧૭
ડીમાં પાટલામાં પાટીયામાં શય્યામાં સંથારામાં સિવાય કોઇ અન્ય
૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩

ઉપકરણોમાં તેવા પ્રકારના ઉપરોક્ત વસ્તુઓમાં કીડીઆદિ હોય તેને
૨૫ ૨૪ ૨૬
ઉપયોગપૂર્વક યત્નાપૂર્વક પડીલેહીને પુંજીને એકાંતસ્થાનમાં
૨૭ ૨૮ ૨૯ ૩૦
મુકે, નહિ જથ્થામાં એકઠા કરીને પીડા પમાડે.
૩૧ ૩૨ ૩૩ ૩૪

**ભાવાર્થ**—સંયમવાન વ્રતધારી સાધુ ભૂતકાળના પાપોનો નાશ કરનાર, વર્તમાનકાળના સર્વ પ્રકારના સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત અને ભવિષ્યકાળના પાપકર્મરૂપ બંધનના પચ્ચખ્ખાણ કરનાર–પાપ નહિ કરવાની બંધી કરનાર સંવર પૂર્વક પાપથી નિવૃત હોવાથી વિરત, એવા સાધુ સાધ્વીએ દિવસે કે રાતે, એકલા હોય કે સભામાં હોય, સુતેલ હોય કે જાગતા હોય, તેમણે કીડી, પતંગીયાં, કુંથવા કીડીઓ, આદિ હાથમાં, પગમાં, બાહુમાં, સાથળમાં, પેટમાં, માથામાં, વસ્ત્રમાં, ઓઘામાં, ગુચ્છામાં, માત્રાના–ભાજનમાં, દંડમાં–લાકડીમાં, પાટલામાં, પાટીયામાં, શય્યામાં, સંથારામાં વિ. સઘળા ઉપગરણ, સમૂહમાં કોઈ પણ સ્થળેથી જીવો આવી પડયા હોય તો તેને યત્ના પૂર્વક પડિલેહી, પ્રમાર્જી એકાંત સ્થળમાં મુકવા પણ તેમને એકઠા કરી પીડા કરવી નહિ, બીજા પાસે કરાવવી નહિ, તેમ કરનારને ભલું જાણવું નહિં. હવે શિષ્ય કહે છે કે હે ગુરૂ ! હું પણ જાવજીવ સુધી ત્રિવિધે ત્રિવિધે મન–વચન કાયાએ કરી તેમ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ, તેમ કરતાને ભલું જાણીશ નહિ. પૂર્વે ઉપરોક્ત પ્રકારે ત્રસકાય સંબંધી પાપ લાગ્યું હોય તેનાથી હું પાછો હટું છું. મારા આત્માની સાક્ષીએ તે પાપને નિંદું છું. ગુરૂ સાક્ષીએ ગહું છું. અને હવે આવા હિંસારૂપ પાપકાર્યોથી તથા અશુભ અધ્યવસાયોથી મારા આત્માને નિવૃત્ત કરૂં છું.

## (દશ વૈકાલિક અધ્યયન ચોથું-પદ્યવિભાગ)

**अजयं चरमाणो य, पाण भूयाइं हिंसइ ।**
१ २ ३ ४ ५
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥१॥**
६ ७ ८ ९ १० ११ १२ १३

શબ્દાર્થ-અજયણાથી ચાલતા ત્રસ સ્થાવર જીવોહણાય-ઘાત
૧ ૨ ૩ ૪ ૫
થાય બાંધે પાપ કર્મ તે પાપકર્મથી તે જીવને હોય કડવા-અશુભ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
દુ:ખરૂપફળ-વિપાક

**ભાવાર્થ**-જે સાધુ કે સાધ્વી, ઇર્યાસમિતિ ભૂલી અજતનાથી ચાલતાં બેઇન્દ્રિયાદિક ત્રસજીવોને તથા પૃથ્વીકાયાદિક સ્થાવર જીવોને હણે છે. તેથી કરીને તેને અશુભકર્મનો બંધ થાય છે. જ્ઞાનાવરણીયાદિ પાપકર્મનું ઉપાર્જન કરે છે. આત્મા કર્મરૂપી રજથી મલિન થાય છે. અને તેનું પરિણામ નરકતિર્યં-ચાદિકમાં ઉત્પન્ન થવા રૂપ દુ:ખદાયી આવે છે. તેના કડવા વિપાકો-દુ:ખો હિંસા કરનાર આત્માને ભોગવવાં પડે છે.

**अजयं चिट्ठमाणो य, पाणभूयाइं हिंसइ ।**
१ २
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥२॥**
**अजयं आसमाणो य, पाणभूयाइं हिंसइ ।**
३
**बंधइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥३॥**
**अजयं सयमाणो य, पाणभूयाइं हिंसइ ।**
४
**बंधइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥४॥**

**अजयं भुंजमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**५**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥५॥**
**अजयं भासमाणो य, पाणभूयाइं हिंसइ ।**
**६**
**बंधई पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥६॥**

**શબ્દાર્થ**–ઉપયોગવિના ઉભા રહેતાં બેસતા સુતાં ખાતાં બોલતાં
૧ ૨ ૩ ૪ ૫ ૬
બાકીના શબ્દાર્થ પૂર્વવત્.

**ભાવાર્થ**–ઉપયોગ વિના અયત્નાથી ઉભા રહેતા, બેસતાં, સુતાં, ખાતાં, અને બોલનાર સાધુ, સાધ્વી ત્રસ-બેઇન્દ્રિયાદિક તથા પૃથ્વીઆદિક સ્થાવર જીવોને હણે છે. તેથી તે જીવને હણનાર મનુષ્યને અશુભ કર્મનો બંધ થાય છે. જ્ઞાનાવરણીયાદિ પાપકર્મનું ઉપાર્જન કરે છે. તેથી આત્મા કર્મરૂપી રજથી મલિન થાય છે. અને તેનું પરિણામ નરક તિર્યંચાદિકગતિમાં ઉત્પન્ન થવા રૂપ દુ:ખદાયી પ્રાપ્ત થાય છે. અને તેના કડવા વિપાકો–દુ:ખો–હિંસા કરનાર આત્માને ભોગવવાં પડે છે. હવે શિષ્ય પૂછે છે.

**कहं चरे कहं चिट्ठे, कह मासे कहं सए ।**
**१ २ ३ ४ ५**
**कहं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥७॥**
**६ ७ ८ ९ १० ११**

**શબ્દાર્થ**–કેવીરીતે ચાલવું ઉભું રહેવું બેસવું સુવું બોલવું
૧ ૨ ૩ ૪ ૫ ૭
ખાવું કે જેથી પાપ કર્મ ન બંધાય ?
૬ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**-હે પુજ્ય? કેવી રીતે ચાલતાં, ઉભા રહેતા, બેસતાં, સુતાં, આહારને ખાતાં, બોલતાં પાપ કર્મ ન બંધાય?

**जयं चरे जयं चिट्ठे, जयं आसे जयं सए ।**
१ २ ४ ३ ५
**जयं भुंजंतो भासंतो, पावं कम्मं न बंधइ ॥८॥**
६ ७ ८ १० ९

**શબ્દાર્થ**-હે શિષ્ય? ઉપયોગ સહિત યત્નાથી ચાલતાં બેસતાં,
૧ ૨ ૪
ઉભારહેતાં, સુતા આહારને ખાતાં તથા ભાષા સમિતિ પૂર્વક બોલતાં
૩ ૫ ૬ ૭
પાપકર્મનો બંધ થાય નહિ.
૮ ૯ ૧૦

**ભાવાર્થ**-ઉપયોગ સહિત યત્નાપૂર્વક ચાલતાં, બેસતાં, ઉભા રહેતાં, સુતાં, આહારને ભોગવતાં તથા બોલતાં પાપ કર્મ બંધાય નહિ.

**सव्वभूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।**
१ २ ३ ४ ५ ६ ७
**पिहिआसवस्स दंतस्स, पावं कम्मं न बंधई ॥९॥**
८ ९ १० ११ १२ १४ १३

**શબ્દાર્થ**-સર્વ પ્રાણીને પોતાના આત્મા સમાન સમ્યક્ પ્રકારે
૧ ૨ ૩ ૪ ૫
ત્રસ અને સ્થાવર જીવોને જોનારાને ઢાંકયા છે આશ્રવદ્વાર ઇન્દ્રિયોને
૬ ૭ ૮ ૯ ૧૦
જીતનારને પાપકર્મનો બંધ થતો નથી.
૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**–જગતના સમસ્ત જીવોને પોતાના આત્માની સમાન જાણનાર, વીતરાગદેવે કહેલ વિધિપુર્વક સારી રીતે પૃથ્વી આદિ છકાયજીવના સ્વરૂપને જાણીને આશ્રવદ્વારોને બંધ કરનારા તથા ઇન્દ્રિયોને દમનારા સાધુ, સાધ્વીઓ પાપ કર્મને બાંધતા નથી.

**पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्व संजए ।**
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
**अन्नाणी किं काही, किं वा नाहीइ सेय पावगं ॥१०॥**
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫

**શબ્દાર્થ**–પ્રથમ જ્ઞાન તેવાર પછી દયા એમજ્ઞાનપૂર્વક ક્રિયાએ
૧ ૨ ૩ ૪ ૫
રહે સર્વ સંજતી–સાધુ અજ્ઞાની કેમ દયાપાળે કઈરીતે જાણે સંજમનું
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
સ્વરૂપ પાપરૂપ અસંજમનું સ્વરૂપ.

**ભાવાર્થ**–શિષ્ય કહે છે, હે સ્વામી, પ્રથમ શું જાણવાથી જીવની દયા પાળી શકાય? ઉત્તરમાં ગુરૂ કહે છે–કે પહેલાં જ્ઞાન શીખે ત્યાર પછી દયા પાળી શકાય–સંયમનું પાલન થઈ શકે (કેટલાક અન્યતીર્થીઓ કહે છે કે અજ્ઞાનજ શ્રેય છે. પરંતું જીવ અજીવના જાણ પણા વિના-જ્ઞાન વિના કેમ સંયમ પાળી શકાય) તેથી સંયમી જ્ઞાન તથા ક્રિયા સહિત રહે–એટલે પ્રથમ જ્ઞાન કરે, પછી દયા–ચારિત્રના પાલન સહિત સર્વ સાધુ વર્ગે રહેવું. જો જ્ઞાન ન હોય તો પુણ્ય અને પાપને પણ કેમ જાણી શકે? માટે જ્ઞાનની પ્રથમ અને અનિવાર્ય જરૂર છે. તેમ જાણી જ્ઞાનને શ્રધ્ધો. હવે પાપ અને પુણ્યને કેમ જાણે તે કહે છે.

**सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।**
૧ ૨ ૩ ૪
**उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥११॥**
૫ ૬ ૭ ૮ ૯ ૧૦

**શબ્દાર્થ**-સાંભળીને જાણે કલ્યાણના માર્ગને પાપના માર્ગને
૧ ૨ ૩ ૪
બન્નેને પછી જે કલ્યાણકારીમાર્ગ હોય તેને ગ્રહણ કરે-આચરે.
૫ ૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-ઉપદેશ સાંભળવાથી કલ્યાણનો માર્ગ-દયા, સંયમનું સ્વરૂપ જાણી શકાય છે, અને પાપરૂપ અસંયમનું સ્વરૂપ જાણી શકાય છે. સંયમમાર્ગ છે તે શાશ્વતા સિદ્ધિગતિના સુખો પ્રાપ્ત કરાવે છે. અને અસંયમ છે તે જન્મ મરણ રૂપ સંસાર પરિભ્રમણનું કારણ છે. દુ:ખનું કારણ છે. તે બન્નેને જાણીને જે કલ્યાણકારી માર્ગ હોય તેને ગ્રહણ કરવો. એ શ્રેયનું કારણ છે.

**जो जीवे वि न याणइ, अजीवे वि न याणइ ।**
१ २ ३ ४ ५
**जीवा जीवे अयाणंतो, कहं सो नाहीइ संजमं ॥१२॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-જે જીવોને પણ ન જાણે અજીવોને ન જાણે, જીવ અને
૧ ૨ ૩ ૪ ૫ ૬
અજીવને નહિ જાણતો કેવીરીતે તે જાણશે સંજમને.
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-જે સાધુ, સાધ્વી જીવોને જાણે નહિ, અજીવોને જાણે નહિ, જે જીવ અને અજીવ બંનેને જાણે નહિ તો તે સંયમના સ્વરૂપને કેવી રીતે જાણશે?

**जो जीवे वि वियाणेइ, अजीवे वि वियाणेइ ।**
१
**जोवा जीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥१३॥**
२ ३

**શબ્દાર્થ**-વિશેષજાણે વિશેષપ્રકારે જાણતો નિશ્ચયથી.

૧ ૨ ૩

**ભાવાર્થ**-જે સાધક જીવોને જાણે, અજીવોને જાણે, જીવ અને અજીવ બંનેને જાણે તે નિશ્ચયથી સંયમના સ્વરૂપને જાણી શકે છે.

**जया जीवमजीवे य, दो वि एए वियाणइ ।**

१ २

**तया गइं बहुविहं, सव्व जीवाण जाणइ ॥१४॥**

३ ४ ५ ६ ७ ८

**શબ્દાર્થ**-જ્યારે એ ત્યારે ગતિને નાનાપ્રકારના સર્વ જીવોની જાણે

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

**ભાવાર્થ**-જ્યારે જીવ, અજીવ એ બંનેને જાણે ત્યારે સર્વ જીવોની ઘણા પ્રકારની ગતિને પણ જાણી શકે છે.

**जया गइं बहु विहं, सव्व जीवाण जाणइ ।**

**तया पुण्णं च पावं च, बंधं मुक्खं च जाणइ ॥१५॥**

१ २ ३ ४

**जया पुणं च पावं च, बंध मुक्खं च जाणइ ।**

**तया निव्विदए भोए, जे दिव्वे जे य माणुसे ॥१६॥**

५ ६ ७ ८

**जया निव्विदए भोए, जे दिव्वे जे य माणुसे ।**

**तया चयइ संजोगं, सब्भिंतर बाहिरं ॥१७॥**

९ १० ११ १२

**जया चयइ संजोगं, सब्भिंतर बाहिरं ।**

**तया मुंडे भवित्ताणं, पव्वइए अणगारियं ॥१८॥**

१३ १४ १५ १६

**जया मुंडे भवित्ताणं पव्वइए अणगारियं ।**

**तया संवर मुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ॥१९॥**

१७ १८ १९ २० २१

जया संवर मुक्किट्ठं, धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहि कलुसं कडं ॥२०॥
२२ २३ २४ २५ २६
जया धुणइ कम्मरयं, अबोहि कलुसं कडं ।
तया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ॥२१॥
२७ २८ २९ ३०
जया सव्वत्तगं नाणं, दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च, जिणो जाणइ केवली ॥२२॥
३१ ३२ ३३ ३४
जया लोगमलोगं च, जिणो जाणइ केवली ।
तया जोगे निरुंभित्ता, सेलेसिं पडिवज्जइ ॥२३॥
३५ ३६ ३७ ३८
जया जोगे निरुंभिता, सेलेसिं पडिवज्जइ ।
तया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ नीरओ ॥२४॥
३९ ४० ४२ ४३
जया कम्मं खवित्ताणं, सिद्धिं गच्छइ नीरओ ।
तया लोगमत्थयत्थो, सिद्धो हवइ सासओ ॥२५॥
४४ ४५ ४६

**શબ્દાર્થ**–પુણ્યને પાપને બંધને મોક્ષને ત્યાગકરે ભોગોનો દેવસંબંધી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
મનુષ્યસંબંધી ત્યાગકરે સંજોગને આભ્યંતર બહારના મુંડ થાય
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
(દીક્ષાલે) મુંડથઈને સ્વીકાર કરે સાધુપણાનો સંવરને ઉત્કૃષ્ટ ધર્મને
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
સ્પર્શે ઉત્તમ કર્મરજને દૂર કરે મિથ્યાત્વપણામાં પાપોને ગ્રહણ
૨૦ ૨૧ ૨૩ ૨૨ ૨૪ ૨૫

કરેલાને લોકાલોકના-સર્વપદાર્થોને જાણવાવાળું કેવલજ્ઞાન કેવલદર્શન
૨૬ ૨૭ ૨૮ ૨૯
પામે લોકને અલોકને વીતરાગભગવાન, જાણનાર યોગોને રૂંધીને
૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬
શૈલેશીદશાને ગ્રહણકરે કર્મખપાવી કર્મરૂપી રજ રહિત થઈ મોક્ષને
૩૭ ૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨
પામે લોકાગ્રે સિધ્ધભગવાન, શાશ્વત બિરાજે.
૪૩ ૪૪ ૪૫ ૪૬

**ભાવાર્થ**-જ્યારે સર્વ જીવોની ઘણા પ્રકારની નરક-તિર્યંચાદિની ગતિને જાણે ત્યારે પુણ્ય, પાપ, બંધ, અને મોક્ષને પણ જાણે, ગાથા ૧૫ (ગતિનું સ્વરૂપ એટલે કેવા કાર્યથી જીવો ઉંચી નીચી ગતિને પામે તે જાણે).

જ્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે ત્યારે દેવ, અને મનુષ્ય સંબંધી શબ્દ આદિ ઇન્દ્રિયોના વિષયોને અસાર અને દુઃખનાજ હેતુ રૂપ જાણે. ગાથા ૧૬

જ્યારે દેવ અને મનુષ્ય સંબંધી શબ્દાદિ વિષયોને અસાર અને જન્મ મરણના પરિભ્રમણના કારણ રૂપ અને દુઃખરૂપ જાણે, ત્યારે બાહ્ય (કંચન અને કામિની-સ્ત્રી આદિ પરિગ્રહ) અને આભ્યંતર (કષાયો-ક્રોધ, માન, માયા, લોભ આદિ) સંયોગોનો ત્યાગ કરે. (ગાથા ૧૭)

જ્યારે બાહ્ય અને આભ્યંતર સંયોગોનો ત્યાગ કરે ત્યારે દ્રવ્યથી અને ભાવથી મુંડિત થઈ-દીક્ષા ગ્રહણ કરી સાધુધર્મનો સ્વીકાર કરે. ગા. ૧૮

જ્યારે મુંડિત થઇ-સંયમ ગ્રહણ કરી સાધુધર્મ અંગીકાર કરે ત્યારે ઉત્કૃષ્ટ સંવર (પંચમહાવ્રતરૂપ) ભાવરૂપ અનુત્તર ધર્મને સ્પર્શે. ગા. ૧૯

જ્યારે ઉત્કૃષ્ટ સંવરરૂપ અનુત્તર ધર્મને સ્પર્શે ત્યારે મિથ્યાત્વદષ્ટિભાવમાં સંચિત કરેલા પાપ–સમૂહરૂપ કર્મરજનો નાશ કરે છે. કર્મનો ક્ષય કરે છે. ગા. ૨૦

'જ્યારે મિથ્યા–દષ્ટિભાવમાં ગ્રહણ કરેલાં સંસારવર્ધક કર્મોનો નાશ કરે છે, ત્યારે જગતના સર્વ જીવાજીવના પદાર્થોને તથા તેની પર્યાયોને જાણનાર કેવલજ્ઞાન અને કેવલ દર્શનને પામે છે. ગા. ૨૧

જ્યારે સર્વ વ્યાપી જ્ઞાન દર્શનને પામે છે, ત્યારે વીતરાગ–કેવલી ભગવાન લોકાલોકના સ્વરૂપને જાણે છે. ગા. ૨૨

જ્યારે વીતરાગ–કેવલી ભગવાન લોક–અલોકને જાણે છે ત્યારે મન–વચન–કાયારૂપ યોગોનો નિરોધ કરી શૈલેશીદશાને પ્રાપ્ત કરે છે. ગા. ૨૩

જ્યારે કેવલી ભગવાન યોગોને રૂંધી, શૈલેશી દશાને પામે છે ત્યારે સકલ કર્મનો ક્ષય કરી, કર્મરૂપી રજ રહિત બની મોક્ષને પ્રાપ્ત કરે છે શાશ્વત અને અનંતા સુખને પ્રાપ્ત કરે છે. ગા. ૨૪

જ્યારે સર્વ કર્મ ખપાવી, કર્મરજ રહિત તથા શરીર રહિત બની મોક્ષે જાય છે, ત્યારે ત્રણે લોકના અગ્રભાગે–મસ્તકે જઇ ત્યાં સિદ્ધ ભગવાન રૂપે બીરાજમાન થઈ શાશ્વત અને અનંતા સુખો ભોગવતાં સાદિ અપર્યવસિત રહે છે ( જ્યાં ફરી જન્મ લેવાનો રહેતો નથી ). ગા. ૨૫

**सुहसायगस्स समणस्स, सायाउलगस्स निगामसाइस्स ।**
१ २ ३ ४
**उच्छोलणा पहोयस्स, दुलहा सुगइ तारिसगस्स ॥२६॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**–સુખના ભોગવનારને દ્રવ્યસાધુને સુખના માટે આકુલ-
૧ ૨ ૩

વ્યાકુલ અત્યંત સૂઈ રહેનાર ઘણું પાણી વાપરી હાથ પગને ધોનાર દુર્લભ
૪ ૫ ૬
મોક્ષગતિ વિષય સુખમાં આસકત જીવને
૭ ૮

**ભાવાર્થ**–પ્રાપ્ત થયેલા શબ્દ રસ આદિ ઇન્દ્રિયોના વિષય સુખમાં આસક્ત બની વિષયોના સુખો ભોગવનાર, દ્રવ્યસાધુ, વર્તમાન કાળના સુખોનો ગવેષક, સુખને માટે આકુલ વ્યાકુલ, આહાર, વસ્ત્ર, પાત્ર, સ્થાનક પ્રમુખ સદોષ ભોગવનાર અને દિવસે પણ અતિ સૂઈ રહેનાર, હાથ, પગ, મુખ આદિ ઘણા પાણીએ કરી ધોનાર, વીતરાગદેવની આજ્ઞાના વિરાધક, આવા સાધુને સુગતિ પ્રાપ્ત થવી દુર્લભ છે.

**तवोगुण पहाणस्स उज्जुमइ खंति संजमरयस्स ।**
१ २ ३ ४ ५
**परीसहे जिणंतस्स सुलहा सुगइ तारिसगस्स ॥२७॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–તપગુણમાં પ્રધાન સરલબુદ્ધિવાળા ક્ષમાવાન સંયમપાલ-
૧ ૨ ૩ ૪ ૫
નમાં રકત પરીષહોને જીતનાર સુલભ સુગતિ તેવા શ્રમણને
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–છઠ, અઠ્ઠમ, આદિ તપસ્યા કરનાર, મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત સરલ બુદ્ધિવાળા, ક્ષમાવાન, સંયમપાલનમાં સાવધાન, પરીષહોને જીતનાર–આવા ગુણના ધારક શ્રમણને દેવગતિ તથા મોક્ષની ગતિ પામવી સુલભ છે.

**पच्छावि ते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं ।**
१ २ ३ ४ ५ ६

**जेसिं पिओ तवो संजमो य खंती य बंभचेरं च ॥२८॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**–પાછલી વયમાં દીક્ષા ગ્રહણ કરી ચડતા પરિણામે સન્માર્ગે
૧ ૩ ૨
ચાલનાર જૈન તપ, સંજમ, ક્ષમા, બ્રહ્મચર્ય પ્રિય છે. તેઓ પણ
૭ ૯ ૧૦ ૧૧ ૧૨ ૮
શીઘ્ર દેવલોકમાં જાય છે.
૪ ૬ ૫

**ભાવાર્થ**–જે કોઈ પૂર્વના કર્મના વશે સંયમથી પતિત થઈને ફરી દીક્ષા ગ્રહણ કરનાર અથવા વૃદ્ધાવસ્થામાં છેલ્લી વયે પણ સંયમ ગ્રહણ કરનાર અને તપ, સંજમ, ક્ષમા અને બ્રહ્મચર્ય જેને પ્રિય હોય અને તે ગુણોમાં રકત રહેનાર સાધકો પણ શીઘ્રપણે દેવલોકની ગતિને પ્રાપ્ત કરે છે. જેમ ઉદાયન રાજા આદિ પાછલી વયમાં દીક્ષા લઈને પણ ઉત્તમ ગતિને પામ્યા છે. એમ જાણી સાધકે સંયમ પાલનમાં જાગૃત રહેવું.

**इच्चेयं छज्जीवणियं सम्मद्दिट्ठी सया जए ।**
१ २ ३ ५ ४
**दुल्लहं लहित्तु सामन्नं, कम्मुणा न विराहिज्जासि ॥**
६ ७ ८ ९ ११ १०
**त्ति बेमि ॥२९॥**

**શબ્દાર્થ**-એ પ્રકારનાં છજીવનિકાયની સમ્યગ્દષ્ટિ જતના કરે
૧ ૨ ૩ ૪
સદા દુર્લભ પામીને શ્રમણપણું ક્રિયાવડે વિરાધે નહિ.
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–તત્ત્વના યથાર્થ સ્વરૂપની શ્રદ્ધાવાળા, સમ્યગદષ્ટિ જીવો

દુર્લભ શ્રમણપણાને પામીને મન-વચન-કાયાએ કરી ઉપરોક્ત છ જીવનિકાયની એક દેશે કે સર્વ દેશે કરીને કદાપિ વિરાધના કરે નહિં, પીડા ઉપજાવે નહિ. એમ શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે હે જંબૂ! અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પાસેથી જેવું મેં સાંભળ્યું છે તેવું જ તને કહ્યું છે-આ ચોથા અધ્યયનમાં સાધુના આચાર, અને છકાયજીવનું જાણપણું બતાવ્યાં. હવે પાંચમા અધ્યયનમાં નિર્દોષ આહાર લેવાની વિધિ બતાવે છે.

**ઈતિ છજીવનીકાય નામનું ચોથું અધ્યયન સમાપ્ત**

---

## અધ્યયન પાંચમું

### (પિંડેષણા) ઉદ્દેશો પહેલો

**संपत्तो भिक्खकालंमि, असंभंतो अमुच्छिओ।**
१ २ ३ ४ ५
**इमेण कमु जोगेण, भत्तपाणं गवेसए ॥१॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**-પ્રાપ્તથયે ભિક્ષાનો સમય અસંભ્રાન્ત અમૂર્ચ્છિત
૧ ૨ ૩ ૪ ૫
આ પ્રકારે અનુક્રમે મન-વચન. કાયાના શુભયોગે કરી ભાત પાણીની
૬ ૭ ૮ ૯ ૧૦
ગવેષણા કરે.

**ભાવાર્થ**- સુસાધુઓએ ભિક્ષાનો કાળ-ગોચરીની વેળા થાય, ત્યારે અનાકુલપણે અનાસક્ત રહી, સરસ આહારની ઇચ્છાથી

રહિતપણે, મન, વચન, કાયાના જોગ સ્થિર રાખી આહાર પાણીની ગવેષણ કરે. (સાધુ શબ્દમાં સાધ્વીજીનો સમાવેશ જાણવો)

**से गामे वा नगरे वा, गोयरग्ग गओ मुणी**
१ २ ३ ४ ५
**चरे मंद मणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा ॥२॥**
७ ६ ८ ९ १०

**શબ્દાર્થ**–ગામમાં નગરમાં ગોચરીએ જતા મુનિ હળવેહળવે
૧ ૨ ૩ ૪ ૫ ૬
ચાલે અનાકુલપણે વ્યગ્રતા રહિત મનની.
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**–સુ સાધુઓએ ગ્રામાદિકને વિષે ગોચરીએ જતાં થકાં ધીમે ધીમે યત્નાથી ચાલવું. આકુલવ્યાકુલ પણા રહિત, ઉદ્વેગપણા રહિત, શાંત ચિત્ત રાખીને ઉપયોગ રાખીને સાવધાનપણે આહારની ગવેષણા કરવી.

**पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे ।**
१ २ ३ ४ ५
**वज्जंतो बीय हरियाइं, पाणे य दग मट्टियं ॥३॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–આગળ ધુંસરાપ્રમાણ જોતાંથકાં પૃથ્વીપર ચાલે
૧ ૨ ૩ ૪ ૫
વર્જીને બીજપ્રમુખ ધ્રો પ્રમુખ ત્રસજીવ સચેતપાણી માટી.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–સુ સાધુઓએ ગોચરીએ જતાં રસ્તામાં ધુંસરા પ્રમાણ ધરતી ઉપર જોતાં થકાં શાલી પ્રમુખના બીજ, લીલોતરી, પાણી, માટી, બેઇન્દ્રિય આદિ ત્રસજીવો–સ્થાવર જીવોની દયા પાળતાં થકાં, તેને ત્રાસ નહિ. આપતાં થકા ચાલવું.

**ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए ।**
१ २ ३ ४ ५
**संकमेण न गच्छिज्जा, विज्जमाणे परक्कमे ॥४॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–ખાડા ઉંચીનીચી જમીન હોય સ્થંભ–ખીલા કાદવવાળા
૧ ૨ ૩ ૪
માર્ગને તજીને પાણી તથા ખાડા ઓળંગવા પાટીયા કે પત્થર
૫ ૬
મુકયા હોય તેના ઉપર નહિ ચાલતાં બીજોમાર્ગ હોય તો તે રસ્તે
૭ ૮ ૯ ૧૦
થઈને જવું.

**ભાવાર્થ**–સુ સાધુઓએ ગોચરી આદિ કાર્ય માટે બહાર જતાં થકાં ખાડા, ખીલા, કાદવ તથા નદી વગેરેને ઉતરવા માટે પત્થર કે લાકડાના પાટીયા આદિ મુકયા હોય તેવા રસ્તે જવાથી સંયમની વિરાધના થવાનો સંભવ છે, એમ ધારી તેવા માર્ગે નહિ જતાં અન્ય બીજો સારો માર્ગ મળે તો તે માર્ગે થઈ ને જવું. એટલે જીવોની વિરાધના થાય તેવા રસ્તે જવું નહિ.

**पवडंते व से तत्थ, पक्खलंते व संजए ।**
१ २ ३ ४ ५ ६
**हिंसेज्ज पाण भूयाइं, तसे अदुव थावरे ॥५॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–પડે વળી તે સાધુ તિહાં ખાડાદિકને વિષે લપસી પડે
૧ ૨ ૩ ૪ ૫
સાધુ હણે પ્રાણીબેઇન્દ્રિયાદિક ત્રસ જીવો સ્થાવર જીવોને વનસ્પતિ
૬ ૭ ૮ ૧૦ ૧૧ ૯
વગેરેને.

**ભાવાર્થ**-ઉપરોક્ત ખાડાવાળા આદિ વિષમ માર્ગે ચાલતાં સાધુ કદાચિત્ પડી જાય, અગર લપસી જાય તો ત્રસ અને સ્થાવર જીવની હિંસા થાય અને પોતાના હાથ-પગ ભાંગે તેથી ઉભય વિરાધના થાય માટે યત્નાથી સાધુઓએ ઇરિયાસમિતિ સાચવીને જવું આવવું.

**तम्हा तेण न गच्छिज्जा, संजए सुसमाहिए ।**
१ २ ३ ४ ५ ६
**सइ अन्नेण मग्गेण, जयमेव परक्कमे ॥६॥**
८ ९ १० ११

**શબ્દાર્થ**-તેથી ઉપરોક્ત ખાડાદિક વિષમ માર્ગે ન જવું સાધુ
૧ ૨ ૩ ૪ ૫
ભલો સમાધિવંત બીજો માર્ગ હોય જતનાથી નિર્વદ્ય માર્ગે જાય.
૬ ૮ ૯ ૭ ૧૦ ૧૧

**ભાવાર્થ**-સુ સાધુઓએ ગોચરી આદિ કોઈ કાર્ય માટે બહાર જતાં ઉપરોક્ત ખાડાદિક વિષમ માર્ગે નહિ જતાં બીજો સારો માર્ગ હોય તો સર્વ જીવોની દયા જાણી ભલા સમાધિવંત સાધુઓ-વીતરાગ દેવની આજ્ઞાએ ચાલનાર, જીવોની દયા પાળી શકાય તેવા માર્ગે જાય. તેવો માર્ગ બીજો ન હોય તો યત્ના રાખી ચાલવું પરંતુ જીવવિરાધનાનો સંભવ હોય તે રસ્તે ન જવું.

**इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं ।**
१ २ ३ ४ ६ ५
**ससरक्खेहिं पाएहिं, संजओ तं ना इक्कमे ॥७॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**-અંગારા રાખના ઢગલા ફોતરા છાણ ઢગલા ઉપર
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૧૦
સચેત્તરજવાળા પગે કરી ચાલે નહિ સાધુ.
૭ ૮ ૧૧ ૧૨ ૯

**ભાવાર્થ**-મુ સાધુઓએ રસ્તામાં ચાલતાં અંગારાના, રાખના, ફોતરાના, છાણના ઢગલા હોય તો તેના ઉપર સચિત્ત રજથી ખરડાએલા પગે તે ઢગલાને ચાંપીને ચાલવું નહિ. તેમજ તેને ઉલ્લંઘીને પણ જવું નહિ. કારણકે જીવની વિરાધના થાય તેથી યત્નાથી અન્યમાર્ગે થઇને જવું.

**न चरेज्ज वासें वासंते, महियाए वा पडंतिए।**
१ २ ३ ४ ५ ६
**महावाए व वायंते, तिरिच्छ संपाइमेसु वा ॥८॥**
७ ८ ९ १०

**શબ્દાર્થ**-ન જાય વરસાદ વરસતો હોય ધુમ્મસ પડતી હોય
૧ ૨ ૩ ૪ ૫ ૬
જોરથીવાયુ વાતો હોય તિરચ્છા સંપાતિ મજીવોઉડતા હોય.
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-વરસાદ વરસતો હોય, ધુમ્મસ્સ પડતી હોય, જોરથી પવન વાતો હોય ધૂળ ઉડતી હોય, તથા સંપાતિમ-પતંગીયા આદિ ઘણા જીવો ઉડતાં હોય, તેવા સમયે સાધુઓએ ગોચરી જવું નહિ. કે ગ્રામાનુંગામ વિહાર કરવો નહિ. કદાચ બહાર ગયા બાદ તેમ થાય તો કોઇ ઢાંકેલી સારી જગ્યાએ ઉભું રહેવું.

**न चरेज्ज वेससामंते, बंभचेर वसाणुए ।**
१ २ ३ ४ ५
**बंभयारिस्स दंतस्स, हुज्जा तत्थ विसुत्तिया ॥९॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—ન જાય વેશ્યાના ઘરની શેરીમાં બ્રહ્મચર્યમાં સ્થિત
૧ ૨ ૩ ૪ ૫
બ્રહ્મચારીને ઇન્દ્રિયના દમન કરનારને હોય ત્યાં મનોવિકારરુપ પતન
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**—બ્રહ્મચારી સાધુઓએ ગોચરી આદિ માટે જ્યાં જવાથી બ્રહ્મચર્યનો નાશ થવાના કારણરૂપ વેશ્યાના વાસમાં જવું નહિ, ત્યાં જવાથી વેશ્યાના રૂપ લાવણ્યનું અવલોકન થતાં સાધુના મનમાં વિકાર ઉત્પન્ન થવાનો સંભવ હોય તેથી બ્રહ્મચર્યનો નાશ થવાનો ભય રહે. એમ જાણી સંયમી સાધુએ વેશ્યાના પાડામાં ગોચરીએ જવું નહિ.

**अणाययणे चरंतस्स, संसग्गीए अभिक्खणं ।**
१ २ ३ ४
**हुज्ज वयाणं पीला, सामन्नंमि य संसओ ॥१०॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**—ગોચરી નહિ જવા લાયક વેશ્યાના ઘરમાં જતાને
૧ ૨
સંસર્ગથી વારંવાર હોય વ્રતની વિરાધના સંયમમાં સંશય
૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**—વેશ્યાનાં ઘર તરફ વારંવાર જવાથી વેશ્યાને પાંચ ઇન્દ્રિયનાં વિષયસુખ ભોગવતી દેખીને, સાધુને વિષયભોગની ઇચ્છા થાય, ત્યારે બ્રહ્મચર્યપાલનનું ફળ હશે કે નહિ એમ સંશય ઉત્પન્ન થાય અને વેશ્યાનો સંસર્ગ થતાં વેશ્યા સાધુને બોલાવે અને સ્નેહ ઉત્પન્ન થાય તો બ્રહ્મચર્યવ્રતનો નાશ થવાનો પ્રસંગ આવે. જેથી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સંયમધર્મથી પતિત થઇ તે જીવ નરકાદિ દુર્ગતિને વિષે જાય. એમ જાણી વેશ્યા આદિ હલકટ સહવાસવાળા ઘરોમાં સંયમી સાધુએ ગોચરીએ જવું નહી.

**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वड्डणं ।**
१ २ ३ ४ ५ ६
**वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥११॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—તેથી એ પ્રકારે જાણીને દોષ દુર્ગતિવધારનાર, ત્યાગ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
કરે વેશ્યાના પાડામાં જવાનો મુનિ મોક્ષને આશ્રિત
૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—સંયમનો નાશ કરનાર નરક અને તિર્યંચની દુર્ગતિને અપાવનાર આદિ દોષના કારણ જાણીને મોક્ષના અભિલાષી સાધુએ-એકાંત મોક્ષનો ઉદ્યમ કરનારે, વેશ્યાના પાડામાં-શેરીઓમાં જવાનો ત્યાગ કરવો.

**साणं सूइयं गाविं, दित्तं गोणं हयं गयं ।**
१ २ ३ ४ ५ ६ ७
**संडिम्भं कलहं जुद्धं, दूरओ परिवज्जए ॥१२॥**
८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-કુતરા વિઆયેલી ગાય મદોન્મત્ત બળદ ઘોડા હાથી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
બાલક રમતા હોય તેવા સ્થાનો કલેશ થતો હોય, યુદ્ધ થતું હોય તેવાં
૮ ૯ ૧૦
સ્થાનોને દૂરથી છોડી દેવાં
૧૧ ૧૨

**ભાવાર્થ**—વિહારમાં કે ગોચરીમાં રસ્તે ચાલતાં સાધુઓએ જ્યાં શ્વાનો, તાજી વિંઆયેલી ગાય હોય, મદોન્મત્ત બળદ, ઘોડા, હાથી હોય તથા બાલકને રમવાના સ્થાન હોય તથા કલેશ અને યુદ્ધના સ્થાન હોય તેવાં સ્થાનો દૂરથી છોડી દેવા. અને બીજા માર્ગે ચાલવું.

**अणुन्नए नावणए, अप्पहिट्ठे अणाउले ।**
१ २ ३ ४
**इंदियाइं जहाभागं, दमइत्ता मुणी चरे ॥१३॥**
५ ६ ७ ८

શબ્દાર્થ—ઉંચું નહિ જોતો નીચું નહિ જોતો હર્ષ ન પામતો
૧ ૨ ૩
અનાકુલ ઇન્દ્રિયોને તેના વિષયોને દમતો વિચરે
૪ ૫ ૬ ૮ ૯

શબ્દાર્થ-રસ્તે ચાલતાં, સાધુઓએ બહુ ઉંચું કે બહુ નીચું જોઈને (અભિમાન રહિત, દીનપણા રહિત) ન ચાલવું એટલે ઉંચું કે નીચું જોતાં થકાં ન ચાલવું, આહારનો લાભ પ્રાપ્ત થાય તો હર્ષ ન ધરવો, આહારાદિ પ્રાપ્ત ન થાય તો ક્રોધ કરી આકુલવ્યાકુલ થવું નહિ. પરંતુ પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતી ઈન્દ્રિયોને દમતા થકા ચાલવું.

**दवदवस्स न गच्छिज्जा, भासमाणो य गोयरे।**
१ ३ २ ५ ४
**हसंतो नाभिगच्छेज्जा, कुलं उच्चावयं सया ॥१४॥**
६ ७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ—ઉતાવળો ઉતાવળો ચાલે નહિ ગોચરીએ જતા બોલતો
૧ ૨ ૩ ૪ ૫
કે હસતો થકો ન જાય કુલ ઉંચું હોય નીચું સદા
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

ભાવાર્થ—સાધુ ગોચરીએ જતાં બહુ ઉતાવળથી શીઘ્ર શીઘ્ર ન ચાલે, તેમજ ઉંચ નીચ કુળનો ભેદ નહિ રાખતાં, સામુદાયિક ગોચરી કરે; તેમજ રસ્તે જતાં કોઈ સાથે વાતો ન કરે, તેમજ હસે પણ નહિ, પરંતુ ઈર્યાસમિતિ શોધતાં થકાં ગોચરીનું કાર્ય કરે.

**आलोयं थिग्गलं दारं, संधि दग भवणाणि य।**
१ २ ३ ४ ५ ६
**चरंतो न विनिज्झाए, संकट्ठाणं विवज्जए ॥१५॥**
७ ९ ८ १० ११

શબ્દાર્થ—ગોખને- બારીઓને ચોરે ખાતર પાડેલ દીવાલ
૧ ૨

ચણી લીધેલ હોય તે સ્થાનને મકાનના બારણા, એ ઘર વચ્ચેની
૩ ૪
ખંચાલી, પાણીઆરાનાં સ્થાનો, રસ્તામાં ચાલતાં સમય જુએ નહિ.
૬ ૭ ૮ ૯
શંકાના સ્થાનો વિશેષે વર્જે–
૧૦ ૧૧

**ભાવાર્થ**—ગોચરી આદિ કાર્ય માટે ગામમાં જતાંસાધુએ–ગોખ, ભીંતમાં પુરી દીધેલ બારણા અગર ખાતર પાડેલ ઘરની દિવાલો, તથા પાણીઆરાનાં સ્થાનો વગેરે શંકાવાળા સ્થાનો નિહાળીને જોવા નહિ. તે જોતાં થકાં અન્ય મનુષ્યોને, સાધુ પ્રત્યે શંકા ઉત્પન્ન થાય કે આ સાધુ ચોર તો નહિ હોય ! તેથી સાધુએ આવાં શંકાનાં સ્થાનો રસ્તે ચાલતાં ન જોવાં.

**रण्णो गिहवइणं च, रहस्सारक्खियाण य ।**
१ २ ३ ४
**संकिलेसकरं ठाणं, दूरओ परिवज्जए ॥१६॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**–રાજાની ગૃહપતિની છાનીવાત કોટવાલની ઘણા કલેશ
૧ ૨ ૩ ૪ ૫
થાય તેવા સ્થાન દૂરથી ત્યાગે
૬ ૮ ૮

**ભાવાર્થ**—ગોચરીએ જતાં સાધુઓએ રાજા, ગૃહપતિ, કોટવાલ, વિગેરેનાં ખાનગી સ્થાનોમાં જ્યાં ગુપ્ત મંત્રણા થતી હોય ત્યાં જવું નહિ. તથા કલેશકારક સ્થાનોનો સદા દૂરથી ત્યાગ કરવો.

**पडिकुट्ठं कुलं न पविसे, मामगं परिवज्जए ।**
१ २ ३ ४ ५ ६
**अचियत्तं कुलं न पविसे, चियत्तं पविसे कुलं ॥१७॥**
७ ८ ९ १० ११ १३ १२

શબ્દાર્થ-નિષેધ કરેલા કુલમાં ગોચરી ન જાય ઘરના ધણીએ
૧ ૨ ૩ ૪
નિષેધ કરેલ ઘરમાં પણ ગોચરીએ ન જાય અપ્રતિતકારી ઘરોમાં-કુળોમાં
૫ ૬ ૭ ૮
ન જાય પ્રતિતકારી કુળોમાં જાય
૯ ૧૦ ૧૧ ૧૩ ૧૨

ભાવાર્થ—વાઘરી, ચમાર, ચોર, જુગારી કસાઈ તથા વેશ્યા પ્રમુખના અપ્રતીતકારી ઘરોમાં, નિંદનીક કુળોમાં, તથા કોઈ ગૃહસ્થે પોતાના ઘેર આવવાની મના કરી હોય તેવા સર્વના ઘરોમાં સાધુ ગોચરીએ જાય નહિ. પરંતુ પ્રતીતકારી અને ધર્મભાવનાવાળા પ્રશંસનીય કુલોને વિષે ગોચરી માટે જાય.

**साणी-पावार-पिहियं, अप्पणा नावपंगुरे ।**
૧ ૨ ૩ ૬ ૫ ૪
**कवाडं नो पणुल्लिज्जा, उग्गहंसि अजाइया ॥१८॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧

શબ્દાર્થ—શણ આદિના બનાવેલ પડદા કાંબળા ઘરના દ્વારને
૧ ૨
ઢાંકયા હોય તેને સાધુ ઉઘાડે નહિ. કમાડ ઉઘાડે નહિ આજ્ઞા લીધા વિના
૩ ૬ ૪ ૫ ૭ ૯ ૮ ૧૦ ૧૧

ભાવાર્થ—ગોચરી જતાં વાંસની સળીનાત્રાપડાએ કરી તથા કાંબળ, વસ્ત્ર આદિએ કરી ઘરનું દ્વાર બંધ કરેલ હોય. ઢાંકેલ હોય અથવા કમાડથી ઘર બંધ હોય તો, ઘરધણીની આજ્ઞા લીધા વિના સાધુએ કમાડ ઉઘાડવાં નહિ. ગૃહસ્થ બારણું ઢાંકી, ભોજનાદિક કરતો હોય તો તેને દ્વેષ ઉપજે, જેથી આજ્ઞા લઈ ત્રાપડાદિક ઉઘાડે.

**गोयरग्ग पविट्ठो य वच्चमुत्तं न धारए ।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**ओगासं फासुयं नच्चा, अणुन्नविय वोसिरे ॥१९॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧

શબ્દાર્થ—ગોચરીમાં ગયેલ વડીનીતિ લઘુનીતિ નહિ ધારણ કરે
૧ ૨ ૩ ૪ ૫ ૬
જગ્યા નિર્જીવ જાણી આજ્ઞા લઈ વોસિરાવે
૭ ૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ—ગોચરીએ ગયેલ સાધુઓને કદાચ વડીનીતિ અથવા લઘુનીતિની શંકા ઉત્પન્ન થાય તો તેને રોકે નહિ, પરંતુ નિર્જીવ પ્રાસુક જગ્યા જાણી તે જગ્યાના માલિકની રજા લઇને અથવા તે જગ્યાનો કોઈ માલિક ન હોય તો શક્રેન્દ્ર મહારાજની આજ્ઞા લઈ ઝાડા પેશાબને વોસરાવે. હાજતને રોકવાથી રોગ ઉપદ્રવનો સંભવ રહે છે.

**णीयं दुवारं तमसं, कुट्ठगं परिवज्जए ।**
**१ २ ३ ४ ५**
**अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहगा ॥२०॥**
७ ६ ८ ९ १० ११

શબ્દાર્થ—નીચું બારણું અંધકાર સહિત ઓરડો વર્જે આંખથી
૧ ૨ ૩ ૪ ૫ ૬
ન દેખાય તેવા જ્યાં ત્રસસ્થાવર જોવા મુશ્કેલ બને
૭ ૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ—મકાનના ઓરડા આદિ ઘરોમાં જ્યાં નીચા બારણાં હોય તથા અંધકારવાળા સ્થાનો હોય, ભોંયરા હોય તેવા અંધકારવાળા સ્થાનોમાં ગોચરી જવું નહિ, કારણકે ત્યાં આંખથી બરાબર જોઈ શકાય નહિ. તેમજ ત્રસ અને સ્થાવર જીવોનું પ્રતિલેખન પણ થઇ શકે નહિ. ઈર્યાસમિતિ શુદ્ધ સચવાય નહિ, તેથી જીવોની વિરાધના થાય, માટે તેવાં સ્થાનોમાં ગોચરી જવું નહિ.

**जत्थ पुप्फाइं बीयाइं, विप्पइन्नाइं कुट्ठए ।**
१ २ ३ ४ ५
**अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥२१॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–જ્યાં ફુલો બીજો વિખરાયેલ ઘરમાં ઓસરીમાં ફળીમાં
૧ ૨ ૩ ૪ ૫
હમણાં–તાજું લીંપણ લીલું હોય જોઈ વર્જે
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**–જ્યાં ઘરમાં કે આંગણા આદિ સ્થાનમાં ફુલો, ડાંગર આદિ સચેત બીજ વગેરે પદાર્થો છૂટા વિખરાયેલા હોય તથા તાજાં લીંપેલ લીલાં સ્થાનો હોય તો તે દેખીને ત્યાં તે ઘર આદિ સ્થાનોમાં ગોચરીએ જાય નહિ.

**एलगं दारगं साणं, वच्छगं वावि कुट्ठए ।**
१ २ ३ ४ ५
**उल्लंघिया न पविसे, विउहित्ताण व संजए ॥२२॥**
५ ८ १० ६ ७

**શબ્દાર્થ**–બકરા બાલક કુતરા વાછડા ઓળંગીને આઘાપાછા
૧ ૨ ૩ ૪ ૫ ૬
કરીને સાધુ ન ગૃહસ્થના ઘરમાં જાય
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**–ઘરના બારણામાં ઘેટાં બકરાં કુતરાં વાછડા વાછડી બેઠાં હોય તો તેઓને ઓળંગીને અથવા તેને કાઢી મુકીને કે આઘાપાછા કરીને સાધુ તે ઘરોમાં ગોચરીઆદિ માટે જાય નહિ.

**असंसत्तं पलोइज्जा, नाइदूरावलोयए ।**
१ २ ३ ४ ५
**उप्फुल्लं न विनिज्झाए, नियट्टिज्ज अयंपिरो ॥२३॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–સ્ત્રીની દૃષ્ટિ સાથે દૃષ્ટિ ન રાખતાં અવલોકન કરે
૧ ૨

ઘરમાં અતિ દૂર જોવું નહિ ગૃહસ્થના ઉપકરણો આંખો ફાડીને તાકી
૪ ૫ ૩ ૬
તાકીને જોવે નહિ પાછો વળે દીન વચન બોલ્યા સિવાય
૬ ૮ ૭ ૯ ૧૦

**ભાવાર્થ**–ગોચરીએ ગયેલા સાધુઓએ, સ્ત્રી જાતિ ઉપર આસક્તિ ન રાખતાં–પોતાની સમિતિ સાચવવા અવલોકન કરવું. ગૃહસ્થના ઘરમાં દૂર નજર નાંખીને જોવું નહિ, તેમજ ગૃહસ્થના ઉપકરણો તાકી તાકીને નેત્રથી જોવા નહિ. આહારાદિ ન મળે તો અદીન પણે પાછો વળે. દીન વચન બોલે નહિ. તેમજ ગૃહસ્થના અવગુણ ન બોલે.

**अइभूमिं न गच्छेज्जा, गोयरग्ग गओ मुणी ।**
१ २ ३ ४ ५ ६
**कुलस्स भूमिं जाणित्ता, मियं भूमिं परक्कमे ॥२४॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–ભૂમિની મર્યાદા છોડીને ન જાય ગોચરીએ ગયેલ
૧ ૨ ૩ ૪ ૫
સાધુ તે કુલની ભૂમિની મર્યાદા જાણી મર્યાદા મુજબ રસોડાની
૬ ૭ ૮ ૯
ભૂમિમાં જાય
૧૦ ૧૧

**ભાવાર્થ**–સાધુએ ગોચરીએ ગયા થકા, ગૃહસ્થના કુલની મર્યાદા જાણી તે મર્યાદાની ભૂમિથી ઘરમાં મર્યાદાને ઉલ્લંઘીને, ન જવું. મર્યાદા મુજબ પરિમિત ભૂમિમાં જઈ ઉભા રહેવું.

**तत्थेव पडिलेहिज्जा, भुमिभागं वियक्खणो ।**
१ २ ३ ४
**सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥२५॥**
५ ६ ७ ८

શબ્દાર્થ–ગૃહસ્થના ઘેર ગોચરી જતા ત્યાં પ્રતિલેખન કરે
૧ ૨
ભૂમિના ભાગનું વિચક્ષણ સાધુ ન્હાવાના સ્થાનનું વડીનીતિ કરવાના
૩ ૪ ૫ ૬
સ્થાનનું જોવું વર્જે
૭ ૮

ભાવાર્થ–ગોચરીએ ગયા થકા સાધુએ, ગૃહસ્થના મર્યાદાવાળા ભૂમિ ભાગને જોઇને–પડિલેહીને ઉભા રહેતાં ત્યાં સ્નાન કરવાનું સ્થાન તથા વડીનીતિ કરવાનું સ્થાન જોવામાં આવતું હોય તો તે સ્થાનનો તરત ત્યાગ કરી અનેરી જગ્યાએ ઉભા રહેવું. કેમકે તેમને તે તે સ્થાનોમાં ત્યાં નગ્ન સ્ત્રી કે પુરૂષ જોવામાં આવે તો સાધુને વિષય-વિકાર ઉત્પન્ન થાય અને ગૃહસ્થ શરમાય, એમ જાણી સાધુએ ગોચરીએ જાય ત્યાં ગૃહસ્થના ઘેર વિવેકથી અન્ય સ્થળે ઉભા રહેવું.

**दग मट्टिय आयाणे, बीयाणि हरियाणि य ।**
१ २ ३ ४ ५
**परिवज्जंतो चिट्ठिज्जा, सव्विंदिय समाहिए ॥२६॥**
६ ७ ८ ९

શબ્દાર્થ–પાણી સચેતમાટી લાવવાનો માર્ગ બીજ લીલીવનસ્પતિ
૧ ૧ ૩ ૪ ૫
પરિહરતો ઉભો રહે સર્વ ઇન્દ્રિયોને વશમાં રાખીને
૬ ૭ ૮ ૯

ભાવાર્થ–સાધુએ ગોચરીએ જતાં પાણી તથા માટી લાવવાના માર્ગને છોડીને, બીજ તથા લીલીવનસ્પતિ આદિ સચેત પદાર્થોને છોડી તેનાથી અલગ રહી સર્વ ઇન્દ્રિયોને વશ રાખી સમાધિ રાખી ઉભા રહેવું.

**तत्थ से चिट्ठमाणस्स, आहरे पाण भोयणं ।**
१ २ ३ ४ ५ ६
**अकप्पियं न गिण्हिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥२७॥**
७ ८ ९ ११ १०

શબ્દાર્થ–ત્યાં સાધુ રહ્યા થકા આપે પાણી ભોજન અકલ્પનીય
૧ ૧ ૩ ૪ ૫ ૬ ૭
હોય તો ન ગ્રહણ કરે કલ્પનીય ગ્રહણ કરે
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–ત્યાં એટલે ગોચરી જતાં ગૃહસ્થના ઘેર ઉચિત ભૂમિમાં–સ્થાનમાં ઉભા રહેલ સાધુને, ગૃહસ્થ આહાર પાણી લાવીને આપે તો અકલ્પનીય જણાય તો ગ્રહણ કરે નહિ અને નિર્દોષ સુજતા કલ્પનીય જણાય તો તે આહાર પાણી ગ્રહણ કરે.

**आहरंती सिया तत्थ, परिसाडिज्ज भोयणं ।**
१ २ ३ ४ ५
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥२८॥**
६ ७ ८ ९ १० ११

શબ્દાર્થ–ભિક્ષા લાવનારી કદાચિત્ ત્યાં રસ્તામાં ભોંય પર
૧ ૨ ૩ ૪
ઢોળતી વેરતી અન્નાદિક દેનાર પ્રત્યે કહે નહિ મને કલ્પે ઢોળાતાં
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
વેરાતાં અન્નપાણી
૧૧

**ભાવાર્થ**–ઘરમાંથી આહાર પાણી લાવતાં રસ્તામાં તેમાંથી ઢોળાતાં વેરાતાં હોય તો નીચે પૃથ્વી ઉપર કોઇ જીવ હોય તેના ઉપર તે આહારાદિ પડતાં વિરાધના થાય તેથી તે દેનાર સ્ત્રીને કહી દેવું કે તે આહાર પાણી મને કલ્પે તેમ નથી. અહિં સ્ત્રીનો

ઉલ્લેખ કરવાનું કારણ સ્ત્રી જાતિને રસોઇ કરવાનો પ્રસંગ વધારે હોય છે.

**संमद्दमाणी पाणाणि, बीयाणि हरियाणि य ।**
**१ २ ३ ४**
**असंजमकरिं नच्चा, तारिसं परिवज्जए ॥२९॥**
**५ ६ ७ ८**

શબ્દાર્થ—પગે ચાંપતી જીવોને બીજનો ધ્રોઆદિ લીલોત્રીને
૧ ૧ ૩ ૪
અસંજમનું કારણ જીવહિંસા જાણી તેવાં આહારાદિક ન લે
૫ ૬ ૭ ૮

**ભાવાર્થ**—બે ઇન્દ્રિયાદિક પ્રાણી જીવોને, ડાંગર પ્રમુખ બીજને ધ્રોપ્રમુખ લીલોત્રીને, પગે ચાંપતી થકી આહારાદિ આપે તો તે વારે સાધુ પોતાના નિમિતે જીવની હિંસા થતી હોય તો તે સંજમ-વિરાધનાનું કારણ જાણી તેવા પ્રકારના સદોષ આહાર પાણી સાધુ ગ્રહણ કરે નહિ. અર્થાત આહારાદિક આપનાર બહેનને તે કહે કે આવી રીતના આહારાદિક મને કલ્પતા નથી.

**साहट्टु निक्खिवित्ताणं, सच्चित्तं घट्टियाणि य ।**
१ २ ३ ४
**तहेव समणट्ठाए, उदगं संपणुल्लिया ॥३०॥**
५ ६ ७ ८ ९

શબ્દાર્થ— એકઠું કરીને મુકીને સચિત્તભાજનમાં સંઘટ્ટીને
૧ ૨ ૩ ૪
તેમજ સાધુને અર્થે પાણીનું ભાજન હલાવીને દે
૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**— સાધુને આહાર આપવાને માટે એક વાસણમાંથી કાઢી બીજા વાસણમાં નાખીને, સચિત પાણી આદિએ ખરડેલ

ભાજનમાં મૂકીને આપે, સચેત્ત વસ્તુનો સંઘટ્ટો કરીને આપે, એક હાથમાં સચેત્ત વસ્તુ હોય ને બીજા હાથથી આહાર આપે, અથવા સચેત્ત વસ્તુને આઘીપાછી કરીને આહાર આપે, તો તે આહાર સાધુને કલ્પે નહિ. સાધુને આહાર આપતાં અન્ય કોઈ પણ જીવને પીડા થાય તેવા આહારાદિક સાધુને ન કલ્પે. એમ જાણી આવા સદોષ આહાર ગ્રહણ ન કરે.

**ओगाहइत्ता चलइत्ता, आहरे पाण भोयणं ।**
१ २ ५ ३ ४
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥३१॥**
६ ७ ११ ९ १० ८

શબ્દાર્થ—પાણીને અવગાહીને પાણીમાં ચાલીને પાણીને આઘું
१ २
પાછું કરીને પાણી ભોજન લાવી આપે તો તે દેનાર દાતારને કહેવું
३ ४ ४ ६ ७
કે આવા સદોષ આહારાદિ મને કલ્પતા નથી
८ ९ १० ११

**ભાવાર્થ**—ઘરના આંગણામાં ભરાએલ સચેત્ત પાણીને અવગાહીને અથવા પાણીમાં ચાલીને અથવા પાણીને આઘુંપાછું કરીને આહારાદિ આપે તો દેનાર દાતારને કહી દેવું કે તેવા સદોષ આહાર પાણી મને કલ્પતા નથી.

**पुरेकम्मेण हत्थेण, दव्वीए भायणेण वा ।**
१ २ ३ ४ ५
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥३२॥**
६ ७ ११ ९ १० ८

શબ્દાર્થ—પહેલાં સચેત્ત પાણીથી ધોઈને હાથ ચાટવો વાસણ
१ २ ३ ४ ५

આદિ ધોઈને તે ભાજન વડે દેતાં આહારપાણી દેનારને કહે કે
૬ ૭
તેવા સદોષ આહારાદિ મને કલ્પતા નથી
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—સાધુને આપવા માટે હાથ, કડછી, કે કોઇપણ વાસણમાં પ્રથમ સચેત્ત પાણીથી ધોઇને આહારાદિક દેતાં થકાં સાધુ દાતારને કહે કે તેવા સદોષ આહારાદિ મને કલ્પતા નથી.

**एवं उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिया उसे ।**
१ २ ३ ४ ५ ६
**हरियाले हिंगुलए, मणोसिला अंजणे लोणे ॥३३॥**
७ ८ ९ १० ११
**गेरुय-वन्निय-सेढिय, सोरट्ठिय पिट्ठ कुक्कुस कए य ।**
१२ १३ १४ १५ १६ १७
**उक्किट्ठमसंसट्ठे, संसट्ठे चेव बोद्धव्वे ॥३४॥**
१८ २० १९ २१

**શબ્દાર્થ**—એવીરીતે ટપકતે પાણીએ ભીનાહાથે પૃથ્વીઆદિક
૧ ૨ ૩ ૪
સચેત્ત રજે ખરડાયેલા માટીએ ખારે હરિયાલે હિંગલાએ મણસિલે
૫ ૬ ૭ ૮ ૯
સુરમાએ લુણે ગેરુએ પીળીમાટીએ ખડીચૂને ફટકડીએ કાચાવાટેલ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
તરતના ખાંડેલ કુશકાએ તરબુચ દુધી આદિક ફળોના તાજા કરેલા
૧૭ ૧૮
કટકાએ (એ બધા સચિત્ત આશ્રી) ખરડેલાહાથે કોઈ વસ્તુએ કરી

એ ખરડાયેલા હાથને લુંછી અલિપ્ત હાથ કર્યા હોય જાણવું.
२० २१

**ભાવાર્થ**–સચેત્ત પાણીએ કરી હાથ ભીના થયેલા હોય, અથવા હાથથી પાણીના ટીપાં ઝરતાં હોય, સચેત્ત રજે કરી, માટીએ કરી, ખારે કરી, હરિયાલે કરી, હિંગલાએ કરી, મણસિલે કરી, સુરમાએ કરી, લુણે કરી, ગેરુએ કરી, પીળીમાટીએ કરી, સફેદ ખડીએ કરી, ફટકડીએ કરી, લીલા ગોખાના તાજા પીઠાએ કરી, તરતના ખાંડેલા કુશકાએ કરી, તરબુચ (કાલીંગડા) આદિ મોટા ફળના રસે કરી તથા અન્ય લીલોત્રી મોળતાં થકા હાથ ખરડાયેલા હોય અથવા ખરડાયેલા હાથને લુંછીને અલિપ્ત કરેલા હાથથી (સચેત્ત વસ્તુવાળા હાથ આદિ ભાજનથી) દાતાર આહારાદિક-ભિક્ષા આપે તો તે અકલ્પનીય જાણી સાધુએ ગ્રહણ કરવાં નહિ.

**असंसट्टेण हत्थेणं, दव्वीए भायणेण वा।**
१ २ ३ ४
**दिज्जमाणं न इच्छिज्जा, पच्छाकम्मं जहिं भवे ॥३५॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**–નહિખરડાયેલા હાથે ચાટવે થાળી આદિ ભાજને
१ २ ३ ४
દેતાંથકા ન ગ્રહણ કરે પશ્ચાતકર્મ લાગે.
५ ६ ७ ८ ९

**ભાવાર્થ**–હાથ, ચાટવો, થાળીપ્રમુખ ભાજન આહારથી ખરડાયેલ ન હોય અને સાધુને અન્નાદિક આપતા હાથ ભાજન આદિ ખરડાય તે ખરડાયેલ હાથ તથા ભાજન વગેરેને ગૃહસ્થો પાછળથી સચેત્ત પાણીએ ધોવે તો આહાર લેનાર સાધુને પશ્ચાત દોષ લાગે એમ જાણી સાધુના આચારથી અજાણ ગૃહસ્થોને ત્યાંથી સાધુએ

અણખરડાયેલા હાથથી અથવા ભાજનથી દેતા થકાં પણ, આહારને ગ્રહણ કરવા નહી.

**संसट्ठेण हत्थेण, दव्वीए भायणेण वा ।**
१ २ ३ ४
**दिज्जमाणं पडिच्छिज्जा. जं तत्थेसणियं भवे ॥३६॥**
५ ६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–ખરડાયેલા હાથ ચાટવો થાળીઆદિ ભાજને આહાર
१ २ ३ ४ ५
દેતા ગ્રહણ કરે જે ત્યાં નિર્દોષ હોય.
६ ७ ८ ९ १०

**ભાવાર્થ**–દેનાર ગૃહસ્થના હાથ, ચાટવો કે અન્ય કોઈ ભાજનથી દાતાર સાધુને આહારાદિ આપે અને તે આહાર નિર્દોષ હોય, કલ્પનીય હોય તો તે આહારાદિકને સાધુ ગ્રહણ કરે.

**दुण्हं तु भुंजमाणाणं, एगों तत्थ निमंतए ।**
१ २ ३ ४ ५
**दिज्जमाणं न इच्छिज्जा, छंदं से पडिलेहए ॥३७॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–બે માણસ ભોજન કરતા હોય એક માણસ ત્યાં
१ २ ३ ४
નિમંત્રણ કરે દેતાથકા ન ગ્રહણકરે બીજાનો અભિપ્રાય વિચારે.
५ ६ ७ ८ १० ९ ११

**ભાવાર્થ**-સાધુ ગોચરી જતાં ગૃહસ્થના ઘરે એક ભાણાને વિષે બે જણ ભેગા બેસી જમતા હોય તેમાંથી એક જણ સાધુને આહાર ગ્રહણ કરવા નિમંત્રણ કરે ત્યારે બીજા માણસનો અભિપ્રાય જાણ્યા વિના સાધુ તે આહારને ગ્રહણ કરે નહિ. એકની ભાવના હોય ને બીજાની ભાવના ન હોય તો ગ્રહણ કરે નહિ.

**दुण्हं तु भुंजमाणाणं, दो वि तत्थ निमंतए।**
१ २ ३ ४ ५
**दिज्जमाणं पडिच्छिज्जा, जं तत्थेसणियं भवे ॥३८॥**
६ ७ ९ ८ १०

**શબ્દાર્થ**–બે માણસ ભોજન કરતા હોય બંને જણ ત્યાં
१ २ ३ ४
આહાર માટે આમંત્રણ દેતાં થકી ગ્રહણ કરે જો નિર્દોષ હોય તો
५ ६ ७ ९ ८ १०

**ભાવાર્થ**–સાધુ ગોચરી જતાં ગૃહસ્થના ઘેર એક ભાણામાં બે જણ ભેગા બેસી જમતા હોય અને તેઓ બંને જણ સાધુને આહાર ગ્રહણ કરવા કહે કે આહારને વહોરો તો તે આહાર જો નિર્દોષ કલ્પનીય હોય તો તે આહારને ગ્રહણ કરે.

**गुव्विणीए उवण्णत्थं, विविहं पाणभोयणं।**
१ २ ३ ४ ५
**भुंजमाणं विवज्जिजज्जा, भुत्तसेसं पडिच्छए ॥३९॥**
६ ७ ८ ९

**શબ્દાર્થ**–ગર્ભવતી સ્ત્રી માટે તૈયાર કરેલ ભોજન અનેક પ્રકારના
१ २ ३
પાણી આહાર ખાતી હોય ખાધા પહેલાં ગ્રહણ ન કરે ખાતા વધેલ
४ ५ ६ ७ ८
હોય ગ્રહણ કરે
९

**ભાવાર્થ**–ગર્ભવતી સ્ત્રી માટે વિવિધ પ્રકારનાં ભોજન તૈયાર કરેલ હોય તે આહાર સાધુએ ગ્રહણ કરવો નહિ. પરંતુ તેણે જમી લીધા પછી આહાર વધ્યો હોય ને તે નિર્દોષ જણાય તો ગ્રહણ કરે.

**सिया य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।**
१ २ ३ ४
**उट्ठिया वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए ॥४०॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**-કદાચિત્ સાધુને માટે ગર્ભવંતી પૂર્ણ માસવાળી
૧ ૨ ૩ ૪
ઉભી થાય બેસે બેસી ફરી ઉભી થાય સાધુને દેવા
૫ ૬ ૭ ૮

**ભાવાર્થ**-કદાચિત્ પૂર્ણ નવ માસ વાળી ગર્ભવંતી સ્ત્રી સાધુને આહાર દેવા માટે ઉઠ બેસ કરે એટલે બેઠી હોય ને ઉભી થાય અગર ઉભી હોય ને બેસે તો ગર્ભમાં રહેલા બાળકને પીડા થાય એમ જાણી સાધુએ એ રીતનો ગર્ભવંતી સ્ત્રીના હાથથી આહાર ગ્રહણ કરવો નહિ. કોઈપણ જીવને સાધુ નિમિતે બાધા-પીડા થાય તેવો આહાર અકલ્પનીય ગણાય.

**तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पियं ।**
१ २ ३ ४ ५ ६
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४१॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-તેવા પ્રકારના હોય ભાત પાણી સાધુને ન કલ્પે
૧ ૨ ૩ ૪ ૫ ૬
દેનાર બાઈને કહે ન મને કલ્પે તેવા સદોષ આહાર
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-ઉપરોક્ત પ્રકારના સદોષ આહાર-પાણી દેનાર સ્ત્રીને કહે કે-એ આહારાદિ મને લેવા કલ્પે તેમ નથી.

**थणगं पिज्जमाणी, दारगं वा कुमारियं ।**
१ २ ३ ४

**तं निक्खवित्तु रोयंतं, आहरे पाण भोयणं ॥४२॥**
५ ७ ६ १० ९ ८
**तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।**
११ १४ १२ १३
**दिंतियं पडियाइक्खे, न म कप्पइ तारिसं ॥४३॥**
१५ १६ २० १८ १९ १७

**શબ્દાર્થ**–સ્તનમાંથી દૂધનું પાન કરાવતા પુત્ર પુત્રીને તેને રડતાં
૧ ૨ ૩ ૪ ૫ ૬
નીચે મુકીને આહાર પાણી સાધુને દેવા લાવે તેવા પ્રકારના ભાત
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
પાણી સદોષ જાણી દેનાર બાઈ પ્રત્યે કહે-તેવા સદોષ આહારાદિ મને
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
કલ્પે નહિ
૧૯ ૨૦

**ભાવાર્થ**–સ્તન પાન કરાવતા–બાલક અગર કુમારિકાને ધાવતાંને નીચે મુકી રોવરાવીને–રોતાં મુકીને સાધુને માટે આહાર પાણી લાવી સાધુને દેતાં થકાં તેનો નિષેધ કરે અને કહે કે તેવા સદોષ આહારાદિ મને કલ્પતા નથી. અને તેવા આહારાદિને ગ્રહણ કરે નહિ.

**जं भवे भत्त पाणं तु, कप्पाकप्पम्मि संकियं ।**
१ २ ३ ४ ५ ६ ७
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४४॥**
८ ९ १२ ११ १३ १०

**શબ્દાર્થ**–જે હોય ભાત પાણી કલ્પનીક અકલ્પનીક શંકાવાળો
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
આહાર દેતાં થકાં કહે તેવો શંકાવાળો સદોષ મને ન કલ્પે.
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

ભાવાર્થ-જે આહાર પાણી સદોષ છે કે નિર્દોષ છે તેમ શંકા રહેતી હોય તો તે દેનાર દાતારને નિષેધ કરે, અને કહે કે આવા શંકાવાળા આહાર પાણી મને કલ્પતા નથી.

**दगवारेण पिहियं नीसाए पीढएण वा ।**
१ २ ३ ४
**लोढेण वा वि लेवेण, सिलेसेण व केणइ ॥४५॥**
५ ६ ७ ८
**तं च उब्भिंदिया दिज्जा, समणट्ठाए व दावए ।**
८ ९ १० ११ १२
**दितयं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४६॥**
१३ १४ १५ १६ १७ १८

શબ્દાર્થ-સચેત પાણીવાળા ઠામથી ઢાંકેલું દળવાના પત્થર
૧ ૨ ૩
વડે બાજોઠથી લોખંડના ટુકડાએ ઢાંકી માટીના લેપે કરી લાખ
૪ ૫ ૬ ૭
અથવા મીણ આદિ ચીકણી વસ્તુના લેપે લીપ્યું હોય તે લેપઉખાડીને
૮ ૯
સાધુને અંદરની આહારાદિ વસ્તુ આપે સાધુને દેવા માટે દેતાંથકાં
૧૦ ૧૧ ૧૨ ૧૩
કહે ન મને કલ્પે દોષલાગે તેવો આહાર
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮

ભાવાર્થ-જે આહાર પાણી સચેત્ત પાણીથી ભરેલા વાસણથી ઢાંકેલ હોય અથવા પત્થરની શીલાથી, પાટલાથી, લોઢાના પતરા-આદિથી ઢાંકીને તેને માટીથી, લાખથી, મીણ આદિ કોઈ ચીકણી વસ્તુથી જેમાં આહારાદિ વસ્તુ હોય તે વાસણને લીંપી મોઢું બંધ કરેલ હોય તે લેપ ઉખાડીને અંદરની આહારાદિ વસ્તુ સાધુને વહોરાવે

—આપે તે વારે તે આહારાદિને અકલ્પનીય જાણી સાધુ ગ્રહણ ન કરે. કારણ જે સાધુને વહોરાવ્યા બાદ તે ઠામને ફરી લેપ કરે તો જીવહિંસા થાય જેથી પાશ્ચતકર્મનો દોષ લાગે એમ જાણી તે આહાર ગ્રહણ કરે નહિ.

**असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।**
१ २ ३ ४
**जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठापगडं इमं ॥४७॥**
५ ६ ७ ८ ९
**तं भवे भत्त पाणंतु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥४८॥**

**શબ્દાર્થ**-અન્ન, પાણી, મિષ્ટાન, મુખવાસ, જાણે સાંભળીને
૧ ૨ ૩ ૪ ૫ ૬
દાન આપવા માટે કરેલ છે પ્રત્યક્ષ
૭ ૮ ૯

**ભાવાર્થ**-સાધુ ગોચરી જતાં પોતે જાણ્યું હોય અથવા સાંભળ્યું હોય કે આ અશન, પાન, ખાદિમ મેવા મિષ્ટાન સુખડી આદિ, તથા સ્વાદિમ એટલે એલચી સોપારી આદિ મુખવાસ એ ચાર પ્રકારના આહાર, દાન આપવા માટે જ બનાવેલા છે. તો તે પ્રકારના સદોષ આહાર સાધુને કલ્પે નહિ, તે દેનાર દાતારને કહી દે કે આવા પ્રકારનો સદોષ આહાર મને કલ્પે તેમ નથી.

**असणं पाणगं वावि खाइमं साइमं तहा ।**
१ २ ३ ४
**जं जाणिज्ज सुणिज्जा वा, पुण्णट्ठा पगडं इमं ॥४९॥**
५ ६ ७
**तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।**
**तियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५०॥**

असणं पाणगं वा वि, खाइमं साइमं तहा।
जं जाणिज्ज सुणिज्जा वा, वणिमठा पगडं इमं ॥५१॥
८

तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५२॥
असणं पाणगं वा वि, खाइमं साइमं तहा।
जं जाणिज्ज सुणिज्जा वा, समणट्ठा पगडं इमं ॥५३॥
९ १० ११

तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५४॥

શબ્દાર્થ—અશન, પાણી મેવામિષ્ટાન મુખવાસ જાણે સાંભળીને
૧ ૨ ૩ ૪ ૫ ૬
પુણ્યના અર્થે ભિક્ષાચરોના અર્થે સાધુના અર્થે કરેલ છે પ્રત્યક્ષ
૭ ૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ—સાધુએ ગોચરી જતાં જાણ્યું હોય અથવા સાંભળ્યું હોય કે આ અન્ન પાણી મેવા મિષ્ટાન સોપારી એલાયચી આદિ મુખવાસ એમ ચાર પ્રકારના આહાર દાતારે પુણ્યાર્થે, ભિક્ષાચરોના અર્થે, સાધુના અર્થેજ બનાવેલાં છે, તેથી સાધુને કલ્પે નહિ, એમ જાણી આહાર દેનાર દાતારને કહી દે કે આવા પ્રકારના સદોષ આહાર મને કલ્પતાં નથી. ગાથા ૪૯ ૫૦ ૫૧ ૫૨ ૫૩ ૫૪નો ભાવાર્થ

उद्देसियं कीयगडं, पूइकम्मं च आहडं।
१ २ ३ ४
अज्झोयर पामिच्चं, मीसजायं विवज्जए ॥५५॥
५ ६ ७ ८

શબ્દાર્થ—સાધુને ઉદ્દેશીને વેચાતો લાવેલ પૂતિકર્મ (નિર્દોષ
૧ ૨ ૩

આહારમાં આધાકર્મી ભેલવ્યો હોય તે ) સામેલાવેલ આહાર-રાંધણામાં
                                              ૪
ઉમેરેલો, ઉછીનો કે ઉધાર લાવેલો, સાધુ માટે તથા પોતાના માટે
  ૬              ૬
ભેગો બનાવેલો વર્જે
 ૭

**ભાવાર્થ**-સાધુને આપવા માટે બનાવેલ આહાર, સાધુ માટે વેચાતો લાવેલો આહાર, સાધુ આવ્યા છે એમ જાણી મૂળ આહારમાં વધારો કરેલ આહાર, નિર્દોષ આહારમાં આધાકર્મી (સદોષ) આહારનું મીશ્રણ થયેલ આહાર, સામે આણેલો આહાર, પોતાના માટે તથા સાધુને દેવા માટે ભેગો બનાવેલ આહારાદિ સદોષ જાણી તેવા આહારને સાધુએ ગ્રહણ કરવા નહિ.

**उग्गमं से य पुच्छिज्जा, कस्सट्ठा केण वा कडं ।**
  १    २    ३  ४   ५
**सुच्चा निस्संकियं सुद्धं, पडिगाहिज्ज संजए ॥५६॥**
  ६    ७    ८    ९    १०

**શબ્દાર્થ**—ઉત્પત્તિને પૂછે કોનામાટે કોણે બનાવ્યોછે સાંભળીને
          ૧   ૨   ૩  ૪  ૫    ૬
શંકારહિત શુદ્ધ હોયતો ગ્રહણ કરે સાધુ
 ૭   ૮    ૯   ૧૦

**ભાવાર્થ**—સાધુ ગોચરી જતાં આહાર લેતાં તે દોષવાળો હોવાની શંકા પડે તો દાતારને આહારની ઉત્પત્તિ પુછવી કે આ કોને માટે તથા કોણે કર્યો છે ? એમ પુછ્યા બાદ શંકારહિત નિર્દોષ આહાર છે તેમ જણાય, તો તે આહારને ગ્રહણ કરે.

**असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।**
  १    २      ३   ४

पुप्फेसु होज्ज उम्मीसं, बीएसु हरिएसु वा ॥५७॥
५ ६ ७ ८ ९
तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥५८॥
असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
उदगम्मि होज्ज निक्खित्तं, उत्तिंग पणगेसु वा ॥५९॥
१० १२ ११ १३ १४
तं भवे भत्त पाणंतु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥६०॥
असणं पाणगं वा वि, खाइमं साइमं तहा ।
तेउम्मि होज्ज निक्खित्तं, तं च संघट्टिया दए ॥६१॥
१५ १७ १६ १८ १९
तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।
दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥६२॥

શબ્દાર્થ—અન્ન પાણી ખાદિમ-મિષ્ટાન મુખવાસ પુષ્પથી
१ २ ३ ४ ५
હોય મિશ્રિત બીજથી લીલીવનસ્પતિથી મિશ્રિત હોય સચિત્ત પાણી
६ ७ ८ ९ १०
ઉપર મુકેલ હોય કીડીઓના દર ઉપર મુકેલ હોય લીલફુલથી મિશ્રિત
११ १२ १३ १४
અથવા ઉપર મુકેલ હોય અગ્નિ ઉપર મૂકેલ હોય અથવા અગ્નિના
१५ १६ १७
સ્પર્શ થયો હોય તે આપે બાકી શબ્દાર્થ ઉપર મુજબ.
१८ १९

ભાવાર્થ—સાધુ ગોચરી જતાં ગૃહસ્થના ઘેર અન્ન પાણી મેવામીઠાઈ, સોપારી એલાયચી આદિ મુખવાસ એ ચારે પ્રકારના આહારાદિ જે સચેત્ત ફુલોથી, બીજથી, લીલીવનસ્પતિથી, લીલફુલથી

મિશ્રિત થયેલાં હોય અથવા તેના ઉપર મૂકેલા હોય, સચેત પાણી ઉપર, અગ્નિ ઉપર, કીડી આદિ જીવોના દર ઉપર મૂકેલાં હોય અથવા અગ્નિ આદિ સચેત વસ્તુનો સંઘટ્ટો કરીને આહાર પાણી આપે તો તે સાધુને કલ્પે નહિ, એમ જાણી દેનાર પ્રત્યે કહે કે આવા સદોષ આહારાદિ મને લેવા કલ્પતાં નથી. ગાથા–૫૭.૫૮.૫૯.૬૦.૬૧.૬૨

**एवं उस्सक्किया ओसक्किया, उज्जालिया पज्जालिया ।**
१ २ ३ ४ ५
**निव्वाविया । उस्सिंचिया निस्सिंचिया उववत्तिया ।**
६ ७ ८ ९
**ओवारिया दए ॥६३॥**
१०
**तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।**
११ १२ १३ १४ १५ १६
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥६४॥**
१७ १८ २२ २० २१ १९

શબ્દાર્થ—એમ ચૂલામાં કાષ્ટ નાંખીને કાષ્ટ પાછાકાઢીને એક-
૧ ૨ ૩
વાર કાષ્ટ નાંખી વારંવાર કાષ્ટ નાંખી ઓલવીને ઉભરાવાના ભય
૪ ૫ ૬
થી થોડું અન્ન કાઢીને ઉભરાતું જાણી થોડું પાણી છાંટીને અન્નને
૭ ૮
બીજા વાસણમાં નાંખી ચૂલાઉપરથી નીચે ઉતારીને આવા પ્રકારના
૯ ૧૦ ૧૧
હોય ભાત પાણી સાધુને અકલ્પનીક છે જાણી દેનારને કહે સદોષ
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
આહારાદિ મને કલ્પતાં નથી
૨૦ ૨૧ ૨૨

**ભાવાર્થ**—સાધુ ગ્રહસ્થના ઘરે ગોચરી જતાં સાધુને દેખી રાંધનાર બાઇએ ચુલે મૂકેલો આહાર આશ્રી અગ્નિ ઓલવાઈ જવાના ભયથી ચૂલામાં કાષ્ટ નાંખીને અથવા આહાર બળી જવાના ભયથી બળતાં કાષ્ટ પાછા કાઢીને, એકવાર અથવા વારંવાર ચુલામાં કાષ્ટ નાખીને, અન્નાદિ બળી જવાના ભયથી અગ્નિને ઓલવીને, ઉભરાઈ જવાના ભયથી વાસણમાંથી થોડું અન્ન કાઢી લઇને, અથવા પાણી છાંટીને અગ્નિ ઉપરનું અન્ન બીજા વાસણમાં કાઢીને, અથવા નીચું ઉતારીને જો દાતાર આહાર-પાણી સાધુને વહોરાવે-તો તેવા પ્રકારનો આહાર સાધુને લેવો કલ્પે નહિ. તેમજ દાતારને કહે કે આવા સદોષ આહારાદિ લેવા મને કલ્પતાં નથી.

**होज्ज कठं सिलं वा वि, इट्टालं वा वि एगया।**
१ २ ३ ४ ५
**ठवियं संकमट्ठाए, तं च होज्ज चलाचलं ॥६५॥**
६ ७ ९ ८

શબ્દાર્થ—હોય લાકડું પત્થર ઇંટ અથવા તેના ટુકડા એકદા
૧ ૨ ૩ ૪ ૫
જવા આવવા માટે મૂકયા હોય ડગમગતા હોય
૭ ૬ ૮ ૯

**ભાવાર્થ**—વર્ષાઋતુમાં પાણી ભરાવાથી (નીચી જમીનમાં પાણી ભરાતાં ચાલવાને માટે કાષ્ટ મૂકેલ હોય અથવા કાષ્ટના પાટીયા અથવા શીલા કે ઇંટના ટુકડા મૂકેલા હોય પણ તે જો ડગમગતા હોય તો તેવા રસ્તા ઉપર સાધુઓને ચાલવું કલ્પે નહિ. એમ જાણી તેવા રસ્તે ચાલવું નહિ. કારણકે તે લાકડા આદિ નીચે ત્રસ-સ્થાવર જીવો હોય તેને પીડા થવાનો સંભવ છે.

**ण तेण भिक्खू गच्छिज्जा, दिट्ठो तत्थ असंजमो।**
१ २ ३ ४ ५ ७ ६
**गंभीरं झुसिरं चेव, सव्विंदिय समाहिए ॥६६॥**
८ ९ १० ११

**શબ્દાર્થ**—ન તેવા રસ્તા ઉપર ભિક્ષુ ચાલે જોયે અસંજમ ત્યાં
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
પ્રકાશવગરનું પોલાણવાળું સર્વ ઇન્દ્રિયમાં સમાધિવંત
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—ઉપરોક્ત રસ્તે ચાલતાં શ્રી તીર્થંકર ભગવંતે ચારિત્રની વિરાધના થાય તેમ દીઠું-જાણ્યું છે, તેથી શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયમાં સમાધિવંત સાધુએ અંધારામાં રહેલાં અને અંદર પોલાણવાળા રસ્તામાં ચાલતા જીવોની વિરાધના થવા સંભવ છે તેમજ કદાચિત તે લાકડા કે પત્થર પર, પગ મૂકતાંની સાથે પત્થર આદિ ખસી જાય તો ચાલનાર પડી જાય ને હાથ પગ આદિ અંગોને નુકશાન પણ થાય માટે તેવા રસ્તા ઉપર સાધુએ કે સાધ્વીએ કે આત્માર્થીએ ચાલવું નહિ.

**निस्सेणिं फलगं पीढं, उस्सवित्ता णमारुहे ।**
१ २ ३ ४ ५
**मंचं किलं च पासायं, समणट्टाए व दावए ॥६७॥**
६ ७ ८ ९ १० ११
**दुरुहमाणी पवडिज्जा, हत्थं पायं व लूसए ।**
१२ १३ १४ १५ १६
**पुढवो जीवे वि हिंसिज्जा, जे य तंन्निस्सिआ जगे ॥६८॥**
१७ १८ १९ २० २१
**एयारिसे महादोसें, जाणिउणे महेसिणो ।**
२२ २३ २४ २५
**तम्हा मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया ॥६९॥**
२६ २७ २८ ३१ ३० २९

શબ્દાર્થ—નીસરણી પાટીઉં બાજોઠ ઉંચા કરી મેડી ઉપર ચડે
૧ ૨ ૩ ૫ ૫

ખાટલો ખીલાને ઉભાકરી પ્રાસાદ-મેડી ઉપર ચડે સાધુને અર્થે દેવા
૬ ૭ ૮ ૯ ૧૦
માટે ઉતારી આપે દુ;ખે કરી ચડતા પડે હાથ પગ ભાંગે પૃથ્વીકાયના-
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
જીવને હણે નીચે તેને બાઝી રહેલા હોય તેવા પ્રાણીઓને આવામોટાદોષો
૧૮ ૧૯ ૨૧ ૨૨ ૨૩
જાણી મોટા ઋષિઓ તે કારણથી માળ ઉપરથી લાવેલાં આહારાદિ
૨૪ ૨૫ ૨૬ ૨૭
ભિક્ષાને સાધુ ગ્રહણ ન કરે
૨૮ ૨૯ ૩૦ ૩૧

**ભાવાર્થ**-સાધુને દાન આપવા માટે જો માળ કે મેડી ઉપર ચડવાને સીડી, પાટીઉં, બાજોઠ, ખાટલો કે ખીલા આદિ કોઇ વસ્તુને ઉભી કરી-ઉંચી કરીને ચડતાં જો પડી જાય તો દાતારના-ચડનારાના હાથ પગ ભાંગે અને ત્યાં નીચે રહેલાં પૃથ્વીકાય આદિના જીવો અથવા પૃથ્વીકાયને આશ્રયે રહેલાં ત્રસ જીવો હોય તો, તેની વિરાધના થાય, એમ જાણી સમાધિવંત સાધુએ આવા મોટા દોષો જાણી આવી રીતે માળ ઉપર ચડવાના અસ્થિર સાધનો વડે માળ ઉપરથી ઉતારી લાવેલ આહારાદિને-ભિક્ષાને ગ્રહણ કરવી નહિ. અને અગાઉથી જ દાતારને માળ ઉપર ચડી આહારાદિ ભિક્ષા લાવવાની મના કરી દેવી.

**कंदं मूलं पलंबं वा, आम छिन्नं च सन्निरं ।**
१ २ ३ ४ ५ ६
**तुंबागं सिंगबेरं च, आमगं परिवज्जए ॥७०॥**
७ ८ ९ १०
**तहेव सत्तुचुण्णाइं, कोल चुन्नाइं आवणे ।**
११ १२ १३ १४ १५ १६
**सक्कुलिं फाणियं पूयं, अन्नं वा वि तहाविहं ॥७१॥**
१७ १८ १९ २० २१ २२

**विक्कायमाणं पसढं, रएण परिफासियं ।**
२३ २४ २५ २६
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥७२॥**
२७ २८ ३२ ३० ३१ २९

**શબ્દાર્થ**—કાંદા મૂળ તાડનાફલ કાચાં છેદેલાં વૃક્ષનાપત્ર ભાજી
૧ ૨ ૩ ૪ ૫ ૬
દુધી આદુ સચેત્ત વર્જે તેમજ સાથવાનો આટો ભુકો બોર ચૂર્ણ
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
હાટમાં તલસાંકળી નરમ ગોળ પુડલાં અન્ય વળી તેવા પ્રકારના
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨
પદાર્થો વેચવા માટે પ્રગટ ઊઘાડા ઘણા દિવસના રહેલાં સચેત્ત રજ
૨૩ ૨૪ ૨૫
વડે કરી ખરડાએલાં એવાં પદાર્થો દેતાં થકા કહે કે તેવા સદોષ
૨૬ ૨૭ ૧૮ ૧૯
પદાર્થો મને કલ્પતાં નથી.
૩૦ ૩૧ ૩૨

**ભાવાર્થ**—સુરણુ આદિ કંદ, મૂળ, તાડનાં ફલ કાચાં, છેદેલાં, વૃક્ષના પત્ર, ભાજી, દુધી, આદુ વગેરે સચેત્ત પદાર્થો જીવવાળા જાણી તેને ત્યાગે–ગ્રહણ કરે નહિ, તેમજ સાથવાનો ભુકો, બોરચૂર્ણ તલસાંકળી, નરમગોળ, પુડલાં આદિ ભોજન–ઉપયોગી–પદાર્થો તથા અન્ય તેવા પ્રકારના મોદક આદિ પદાર્થો દુકાનમાં વેચવા માટે ઘણા દિવસના ઉઘાડા રહેલાં સચેત્તરજથી ખરડાએલા હોય તો તેવા આહારાદિકના પદાર્થો દાતાર દેતાં થકા તેને કહે કે આવા સદોષ આહારાદિક મને કલ્પતાં નથી. (ગ્રહણ કરે નહિ.)

**बहु अट्ठियं पुग्गलं, अणिमिसं वा बहुकंटयं ।**
१ २ ३ ४ ५
**अत्थियं तिंदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥७३॥**
६ ७ ८ ९ १०

**अप्पे सिया भोयणज्जाए, बहु उज्झिय धम्मियं ।**
११ १२ १३ १४ १५ १६
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥७४॥**
१७ १८ २२ २० २१ १९

**શબ્દાર્થ**–ઘણા ઠલીયાવાળું સીતાફળઆદિ અનનાસ ઘણાકાંટા-
૧ ૨ ૩ ૪ ૫
વાળા અસ્થિકવૃક્ષનાંફળ ટીંબરૂનાફળ બીલું શેરડીના કટકા શીમળા-
૬ ૭ ૮ ૯ ૧૦
નાં ફળ આદિ થોડું હોય ખાવાયોગ્ય ઘણું ત્યાગકરવાયોગ્ય કાઢી
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
નાંખવા જેવુ–તેવોસ્વભાવ દેતાં કહે તેવાપ્રકારના સદોષ પદાર્થો મને
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
લેવા કલ્પતાં નથી.
૨૧ ૨૨

**ભાવાર્થ**–ખાવા યોગ્ય પદાર્થો પૈકી જેમાં ઘણા ઠલીયા હોય ને ખાવાનું થોડું હોય તેવા સીતાફળ વિ. ફળો તથા અનનાસ-નામના ફળો, અન્ય ઘણા કાંટાંવાળા ફળો, અસ્થિક ફળો, ટીંબરૂફળો, બીલુનાં ફળો, શેરડીના કટકા, શાલ્મલીનાં ફળો, આદિ જેમાં ખાવાને યોગ્ય પદાર્થ અલ્પ હોય અને નાખી દેવા યોગ્ય ભાગ વધારે હોય તેવા આહારના પદાર્થો દાતાર દીયે–આપે તે વારે તેનો નિષેધ કરે અને કહે કે આવી પાપબંધન થાય તેવી વસ્તુઓ સાધુઓને લેવી કલ્પે નહિ. કારણ કે નાખીદેવાયોગ્ય નાખી દેતાં, કીડી આદિ પ્રાણીઓના ઉપદ્રવ થાય અને જીવહિંસા થવાનો પ્રસંગ ઉત્પન્ન થાય તો પશ્ચાત દોષ લાગે, કર્મબંધ થાય એમ જાણી તેવી વસ્તુઓ સાધુને લેવી કલ્પતી નથી.

**तहे वुच्चावयं पाणं, अदुवा वारधोयणं ।**
१ २ ३ ४ ४
**संसेइमं चाउलोदगं, अहुणा धोयं विवज्जए ॥७५॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**-તેમજ સુગંધવાળું શ્રેષ્ઠ વર્ણાદિહિન પાણી નીચી
૧ ૨ ૩
જાતનું ગોળનાઘડાનું ધોવણ લોટનું ધોવણ ચોખાનુંધોવણ તરતનું
૪ ૫ ૭
ધોયેલું વર્જે
૮ ૯

**ભાવાર્થ**-પાણી લેવાની વિધિ કહે છે, દ્રાક્ષ પ્રમુખનું પાણી, શેરડીના રસથી ખરડાએલા ઘડાના ધોવણનું પાણી, કથરોટના ધોવણનું, ચોખાના ધોવણનું, ઇત્યાદિક ચોવીસ જાતના ધાન-અનાજનું ધોવણ આદિ સુગંધી હોય કે દુર્ગંધી હોય, પરંતુ તરતનું ધોવણ હોય-એ ઘડી થઈ ન હોય તેવું, જેને શસ્ત્ર પરિણમન પૂર્ણ રીતે થયું નથી, તે અચેત્ત થયું નથી, તેવા પ્રકારના સદોષ ધોવણનાં પાણી સાધુને લેવા કલ્પે નહિ.

**जं जाणेज्ज चिराधोयं, मईए दंसणेण वा ।**
१ २ ३ ४ ५
**पडिपुच्छिऊण सोच्चा वा, जं च निस्संकियं भवे ॥७६॥**
६ ७ ८ ९

**શબ્દાર્થ**-જે પાણીને જાણે ઘણાકાળનું પોતાની બુદ્ધિથી
૧ ૨ ૩ ૪
જોવાથી ગૃહસ્થને પૂછીને સાંભળીને શંકારહિત હોય
૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**-પૂર્વોક્ત ધોવણ બે ઘડીઉપરાંત કાળનું છે તેમ પોતાની બુદ્ધિથી જાણીને તથા દેખવાથી ધોવણનો રંગ બદલાઈગયો છે, તેમ જાણીને અથવા ગૃહસ્થને પુછીને શંકારહિત હોય તો નિર્દોષ જાણી ધોવણના પાણીને ગ્રહણ કરે.

**अजीवं परिणयं नच्चा, पडिगाहिज्ज संजए ।**
१ २ ३ ५ ४
**अह संकियं भविज्जा, आसाइत्ताण रोयए ॥७७॥**
६ ७ ८ ९ १०

**थोव मासायणट्ठाए, हत्थगंमि दलाहि मे ।**
११ १२ १३ १४ १५
**मा मे अच्चंबिलं पूयं, नालं तिण्हं विणित्तए ॥७८॥**
१६ १७ १८ १९ २०

**શબ્દાર્થ**-જીવરહિત શસ્ત્રપરિણિત જાણી સાધુ પાણી ગ્રહણ
૧ ૨ ૩ ૪ ૫
કરે અને જો શંકાવાળું જણાય ચાખીને નિશ્ચય કરે થોડું ચાખવામાટે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
હાથમાં આપો મને ઘણું ખાટું કોહેલું સમર્થનથી તૃષાને નિવારણ
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
કરવાને.

**ભાવાર્થ**-ઉષ્ણ પાણી કે ધોવણનું પાણી વગેરે અજીવ પણે પરિણમેલું-અચિત્ત જાણી સાધુ ગ્રહણ કરે. પણ જો તેમાં શંકા રહેતી હોય તો તેને ચાખીને નિર્ણય કરવો. પાણી આપનાર ગૃહસ્થને સાધુએ કહેવું કે મને ચાખવા માટે થોડુંક પાણી આપો, કારણ કે ઘણું ખાટું હોય કે કોહેલું હોય તો મારી તરસ દૂર કરવામાં સમર્થ ન થાય. તેવા પાણીનું મને પ્રયોજન નથી.

**तं च अच्चबिलं पूयं, नालं तिण्हं विणित्तए ।**
१ २ ३ ४ ५ ६
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥७९॥**
७ ८ ११ ९ १० १२

**શબ્દાર્થ**–તે ધોવણ ઘણું ખાટું હોય કોહેલું ન સમર્થ તૃષા
૧ ૨ ૩ ૪ ૫
નિવારવા દેનારને કહે તેવું પાણી મને કલ્પતું નથી.
૬ ૭ ૮ ૧૨ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–જે પાણી ઘણું ખાટું હોય અગર કોહી ગએલું હોય તે પાણી તરસ દૂર કરવામાં કામ ન લાગે. તેવા પાણી દેનારને મના કરવી કે તે પાણી મને ઉપયોગમાં આવે તેવું નથી.

**तं च होज्जा अकामेण, विमणेण पडिच्छियं ।**
१ ३ २ ४ ५
**तं अप्पणा न पिबे, नो वि अन्नस्स दावए ॥८०॥**
६ ७ ९ १०
**एगंत मवक्कमित्ता, अचित्तं पडिलेहिया ।**
११ १२ १३ १४
**जयं परिठविज्जा, परिट्ठप्प पडिक्कमे ॥८१॥**
१५ १६ १७ १८

**શબ્દાર્થ**–તેવું પાણી ભાવવિના લેવાઈગયું હોય મનવિના
૧ ૨ ૩ ૪
ગ્રહણ થઈ ગયું પોતે ન પીએ બીજાને ન આપે એકાંતમાં જઈ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
અચિત્તસ્થાન જોઇ યત્નાથી પરઠવે પરઠવીને ઇર્યાવહી–પડિક્કમે.
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮

**ભાવાર્થ**–કદાચ ગૃહસ્થના આગ્રહથી અનિચ્છાએ અથવા ચિત્તના વ્યગ્રપણાથી, તેવું ખાટું–ઉપયોગમાં ન આવે તેવું પાણી લેવાઈ ગયું હોય તો તે પાણી પોતે પીવું નહિ. તેમજ બીજાને પણ આપવું નહિ. પણ તે પાણી લઇને એકાંત સ્થળમાં જઇ અચિત્ત ભૂમિને જોઇને તથા ઓઘાથી જમીન પુંજીને પ્રતિલેખીને જયણાપુર્વક પરઠવી દેવું. બાદ ઉપાશ્રયમાં આવી ઇર્યાવહિનું પ્રતિક્રમણ કરે.

**सिया य गोयरग्ग गओ, इच्छिज्जा परिभोत्तुअं ।**
१ २ ३ ४ ५
**कुट्ठगं भित्तिमूलं वा, पडिलेहित्ताण फासुयं ॥८२॥**
६ ७ ९ ८
**अणुन्नवित्तु मेहावी, पडिच्छन्नंमि संवुडे ।**
१० ११ १२ १३
**हत्थगं संपमज्जित्ता, तत्थ भुंजिज्ज संजए ॥८३॥**
१४ १५ १६ १७ १८

**શબ્દાર્થ**–કદાચ ગોચરી ગયેલ ઇચ્છે ખાવાને શુન્યઘરમાં ભીંત
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
આગળ નિર્જીવ જગ્યા જોઇને–પ્રતિલેખીને ગૃહસ્થની આજ્ઞા લઇને
૮ ૯ ૧૦
બુદ્ધિશાળી ઉપરથી ઢાંકેલ ચારેતરફ–આચ્છાદાનવાળું (ઉઘાડું નહિ)
૧૧ ૧૨ ૧૩
હોય તેવા સ્થાનમાં ઉપયોગ સહિત સ્થાન પુંજીને હાથ તથા શરીરને
૧૪
પ્રતિલેખીને ત્યાં તેવા ઢાંકેલા સ્થાનમાં ઇરિયાવહિ પ્રતિક્રમી સાધુ
૧૫ ૧૬ ૧૮
આહાર કરે.
૧૭

**ભાવાર્થ**-ગોચરી ગયેલ સાધુ દૂર પ્રદેશમાં અથવા અન્ય ગામે ગયેલ કદાચ ક્ષુધા તૃષાથી પીડિત થાય તો ત્યાં આહાર કરવા ઇચ્છે તો ત્યાં કોઈ સુનું ઘર અથવા દીવાલનો એકાંત ભાગ નિર્દોષ હોય, જીવોના ઉપદ્રવ રહિત હોય તો તે સ્થાનના માલિકની રજા લઇને ચારે તરફથી તથા ઉપરથી ઢાંકેલી જગ્યામાં ઉપયોગપૂર્વક ઇરિયાવહી કર્યા પછી સ્થાનને પ્રમાર્જીને તથા પોતાના હાથ તથા શરીરને પ્રમાર્જીને અનાસકત ભાવથી આહાર પાણી ભોગવે.

**तत्थ से भुंजमाणस्स, अट्ठियं कंटओ सिया।**
१ २ ३ ४ ५
**तणकट्ठसकरं वा वि, अन्नं वा वि तहाविहं ॥८४॥**
६ ७ ८ १० ९
**तं उक्खिवित्तु न निक्खिवे, आसएण न छड्डुए।**
११ १२ १४ १३ १५ १६ १७
**हत्थेण तं गहेऊण, एगंत मवक्कमे ॥८५॥**
१८ १९ २० २१

**શબ્દાર્થ**-ત્યાં સાધુ આહાર કરતાં તે આહારમાં કદાચ ઠળીયા
૧ ૨ ૩ ૪
કાંટા કાષ્ટ કાંકરા ઘાસનાતૃણ તથા પ્રકારના અન્ય કોઇ નહિ ખાવા
૫ ૭ ૮ ૬ ૯ ૧૦
યોગ્ય જણાય તો જમતા થકા હાથે ઉપાડીને નાંખે નહિ મુખે કરી
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
થુંકી નાંખે નહિ હાથમાં લઇ એકાંતમાં નિર્દોષ જગ્યામાં જાય
૧૭ ૧૬ ૧૮ ૧૯ ૨૦ ૨૧

**ભાવાર્થ**-ઉપરોકત સ્થાનમાં આહાર કરતા થકા કદાચ ગૃહસ્થના પ્રમાદથી ઠળીયા, કાંટા, તણખલા, લાકડાની કરચ, કાંકરા તથા તેવા પ્રકારની કોઇ વસ્તુ ખાવાના ઉપયોગમાં ન આવે તેવી

વસ્તુ આહારમાં આવેલ હોયતો હાથથી કે મુખથી ફેંકવી નહિ, પણ તે વસ્તુને હાથમાં લઈ એકાંત જગ્યામાં પરઠવવા માટે જવું.

**एगंत मवक्कमित्ता, अचित्तं पडिलेहिया ।**
१ २ ३ ४
**जयं परिठविज्जा, परिठप्प पडिक्कमे ॥८६॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**– એકાંતમાં જઈ અચિત્તભૂમિને જોઇપુંજી જતનાએ
૧ ૨ ૩ ૪ ૫
પરઠવે પરઠવી ઇર્યાવહી પ્રતિક્રમવી
૬ ૭ ૮

**ભાવાર્થ**–એકાંત જગ્યામાં જઈ અચિત્ત–નિર્જીવ ભૂમિ તપાસી તેને પૂંજીને, નહિ ખાવા યોગ્ય આહારમાંથી નીકળેલા ઉપરોક્ત પદાર્થોને જતનાએ પરઠવી, બાદ ઈર્યાવહી પ્રતિક્રમવી.

**सिया य भिक्खू इच्छिज्जा, सिज्जमागम्म भोत्तुयं ।**
१ २ ३ ४ ५ ६
**सपिंडपायमागम्म, उंडुयं पडिलेहिया ॥८७॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–કદાચિત સાધુને એ ભાવના હોય ઉપાશ્રયે ગયા
૧ ૨ ૩ ૪ ૫
બાદ આહાર કરીશ આહાર પાત્રસહિત ઉપાશ્રયે આવી ભોજનના
૬ ૭ ૮ ૯ ૧૦
સ્થાનને તપાસી–પુંજીને
૧૧

**ભાવાર્થ**–કદાચિત્ સાધુને ક્ષુધાની પીડાથી ઉપાશ્રયે જઈ તરત આહાર કરવાની ઇચ્છા થાય તો ઉપાશ્રયે આવી આહાર પાત્રા સહિત નિસ્સીહિ મત્થએણ વંદામિ આદિ બોલીને ભોજનના સ્થાનનું પ્રતિલેખન કરે

**विणएण पविसित्ता, सगासे गुरुणो मुणी ।**
१ २ ४ ३ ५
**इरियावहियमायाय, आगओ य पडिक्कमे ॥८८॥**
७ ८ ६ ९

**શબ્દાર્થ**-વિનયપુર્વક ઉપાશ્રયમાં આવી ગુરુની પાસે સાધુ
૧ ૨ ૩ ૪ ૫
આવીને ગુરુને નમસ્કાર કરી ઈરિયાવહિ પ્રતિક્રમે-કાઉસગ્ગ કરે,
૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**-ગોચરી લઇ આવ્યા બાદ વિનય સહિત ઉપાશ્રયમાં આવતા 'નિસિહી' મત્થએણું વંદામિ કહેતો થકો ગુરુની પાસે આવીને ઇરિયાવહિ અને બીજું શ્રમણ સુત્ર બોલી કાઉસગ્ગ કરે.

**आभोइत्ताण नीसेसं, अइयारं जहक्कमं ।**
१ २ ३ ४
**गमणागमणे चेव, भत्त पाणे व संजए ॥८९॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**-જાણીને સમસ્ત અતિચાર અનુક્રમે જતાં આવતાં
૧ ૨ ૩ ૪ ૫ ૬
ભાત પાણી ગ્રહણ કરતા સાધુને
૭ ૮ ૯

**ભાવાર્થ**-હવે કાઉસગ્ગની અંદર ગોચરીએ જતાં તથા આવતાં તેમજ આહાર, પાણી ગ્રહણ કરતા થકાં જે અતિચાર લાગ્યા હોય તેને અનુક્રમે યાદ કરી લાગેલ દોષની આલોચના કરે.

**उज्जुप्पन्नो अणुव्विग्गो, अव्वक्खित्तेण चेयसा ।**
१ २ ३ ४ ५
**आलोए गुरुसगासे, जं जहा गहियं भवे ॥९०॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-સરલ બુદ્ધિવાન વ્યગ્રમણા સહિત ચંચલપણા રહિત
૧ ૨ ૩ ૪
મને આલોચે ગુરુ પાસે જે આહારાદિક જેમ ગ્રહણ કરેલ હોય
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-સરલ બુદ્ધિમાન સાધુ કાઉસગ્ગ પાળીને વ્યગ્રપણા રહિત મનની સ્થિરતાથી અનુક્રમે આહાર પાણી લીધા હોય તે પ્રમાણે સર્વ હકીકત ગુરુ સમીપે કહી બતાવે.

**न सम्ममालोइयं हुज्जा, पुव्विं पच्छा व जं कडं ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**पुणो पडिकमे तस्स, वोसट्ठो चिंतए इमं ॥९१॥**
९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**-નહિ સમ્યકપ્રકારે આલોવ્યું હોય પહેલાં પાછળથી
૧ ૨ ૩ ૪ ૫ ૬
ક્રમથી ન કહેવાયું હોય તો ફરીવાર પ્રતિક્રમે આલોવે તે સાધુ
૮ ૯ ૧૦ ૧૧
કાઉસગ્ગમાં રહીને લાગેલા અતિચાર દોષને ચિંતવે. હવે કહેવાશે
૧૨ ૧૩ ૧૪
તે પ્રમાણે.

**ભાવાર્થ**-જો અનુપયોગથી પૂર્વકર્મ પશ્ચાતૂકર્મ આદિ લાગેલ દોષોની સમ્યકપ્રકારે આલોચના ન થઈ હોય તો ફરીવાર શ્રમણ સૂત્રના બીજા પાઠથી આલોવે, ઇરિયાવહિનો પાઠ બોલી, કાયા વોસરાવિ કાયોત્સર્ગ કરીને લાગેલ દોષોને ચિંતવે-આલોવે. હવે કહેવાશે તે પ્રમાણે.

**अहो जिणेहिं असावज्जा, वित्ती साहूण देसिया ।**
१ २ ३ ४ ५ ६
**मोक्खसाहणहेउस्स, साहुदेहस्स धारणा ॥९२॥**
७ ८ ११ ९ १०

**શબ્દાર્થ**-અહો-આશ્ચર્ય તીર્થંકર દેવોએ પાપરહિત નિર્વાહ
૧ ૨ ૩ ૪
સાધુઓને દેખાડેલ છે મોક્ષ સાધનના હેતુથી દેહના ધારણ માટે સાધુને
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ-શ્રી જિન-તીર્થંકર દેવોએ સાધુને અસાવદ્ય નિર્દોષ અઢારે પાપરહિત આજીવિકા બતાવી છે, તે મોક્ષ સાધવાના હેતુ-ભૂત સાધુના દેહના નિર્વાહ અર્થે એટલે આ ઔદારિક શરીર એ મોક્ષ સાધનના હેતરૂપ જાણી સાધુ નિર્દોષ આહારને ગ્રહણ કરી અનાસક્તપણે ભોગવે.

**नमोक्कारेण पारित्ता, करित्ता जिण संथवं ।**
१ २ ५ ३ ४
**सज्झायं पट्ठवित्ताणं, वीसमेज्ज खणं मुणी ॥९३॥**
६ ७ ९ ८ १०

**શબ્દાર્થ**-નમસ્કારથી પાળીને જિન સ્તુતિ કરી સ્વાધ્યાય
૧ ૨ ૩ ૪ ૫ ૬
પૂર્ણ કરી થોડીવાર વિશ્રામ લે સાધુ
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-ઉપરોક્ત ચિંતવના કરીને પછી નમસ્કાર-નમો અરિહંતાણં શબ્દ બોલી કાઉસગ્ગને પાળે. ત્યાર પછી તીર્થં-કરોની સ્તુતિરૂપ લોગસ્સ સંપૂર્ણ કહે, ત્યારબાદ સિદ્ધાંતની પાંચ ગાથાની સજ્ઝાય કરીને થોડીવાર સાધુ વિસામો લે.

**विसमंतो इमं चिंते, हियमट्ठं लाभमट्ठिओ ।**
१ ५ ६ २ ३ ४
**जइ मे अणुग्गहं कुज्जा, साहू हुज्जामि तारिओ ॥९४॥**
७ ८ ९ १० ११ १४ १२ १३

**શબ્દાર્થ**-વિસામો લેતાં હિતને માટે લાભનો અર્થી એમ
૧ ૨ ૩ ૪ ૫

ચિંતવે જો મારો લાવેલ આહાર કૃપા કરે બીજા સાધુ ગ્રહણ કરી
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
મને સંસાર સમુદ્રથી તારનાર થાય
૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**-કર્મની નિર્જરાનો અર્થી, લાભનો અર્થી, વિશ્રામ લેતો સાધુ પોતાના હિતના અર્થે એમ ચિંતવે કે, જો આ પ્રાસુક આહાર લેવા અન્ય સાધુઓ મારા ઉપર મહેરબાની કરે તો આ ભવ સાગર તરવામાં મને સહાયક થાય, એમ ચિંતવતો અન્ય સાધુઓને આહાર ગ્રહણ કરવા નિમંત્રણ કરે.

**साहवो तो चियत्तेणं, निमंतिज्ज जहक्कमं ।**
१ २ ३ ४
**जइ तत्थ केइ इच्छिज्जा, तेहिं सद्धिं तु भुंजए ॥९५॥**
५ ६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**-સાધુઓને મનની પ્રીતિથી આમંત્રણ કરે અનુક્રમે
૧ ૨ ૩ ૪
જો ત્યાં કોઇ સાધુ ઇચ્છા કરે તેની સાથે ભોજન કરે.
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**-સાધુ ગોચરી લાવી ઉપાશ્રયે આવ્યા બાદ ઇરિયાવહિ આદિ ક્રિયા કરી ગુરુને વંદન કરી ગુરુની આજ્ઞા લઈ અનુક્રમે ગુરુ આદિ સર્વ સાધુઓને પોતે ગોચરીએ જઇ લાવેલ આહારમાંથી પ્રીતિપૂર્વક આહાર લેવા નિમંત્રણ કરે, જો કોઇ આહાર લેવાને ઇચ્છે તો તેને આપ્યા બાદ તેમની સાથે બેસી ભોજન કરે.

**अह कोइ न इच्छिज्जा, तओ भुंजिज्ज एगओ ।**
१ २ ४ ३ ५ ६ ७
**आलोए भायणे साहू, जयं अपरिसाडियं ॥९६॥**
८ ९ १० ११ १२

**શબ્દાર્થ**- અથવા કોઈ સાધુ ઈચ્છે નહિ તો પછી ભોગવે
૧ ૨ ૩ ૪ ૫ ૬
એકલો પ્રકાશવાળા ભાજનમાં સાધુ યત્નાથી ઢોળાતાં-વેરાતાં નહિ
૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-અન્ય સાધુઓને આમંત્રણ આપતા થકાં કોઈ આહાર લેવાને ઈચ્છે નહિ, તો પછી પોતે એકલો-રાગદ્વેષ રહિત પ્રકાશવાળા (પહોળા મોઢાવાળા પાત્રમાં) જયણા પૂર્વક હાથ તથા મોઢામાંથી આહાર નીચે ન વેરાય તેવી રીતે ઉપયોગથી આહાર કરે.

**तित्तगं व कडुयं व कसायं, अंबिलं व महुरं लवणं वा ।**
१ २ ३ ४ ५ ६
**पयलद्धमन्नठ पउत्तं, महु घयं व भुंजिज्ज संजए ॥९७॥**
७ ८ ९ १० ११ १२ १४ १३

**શબ્દાર્થ**-તીખા કડવા કષાયલા ખાટા મીઠા ખારા એવા
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
પ્રાપ્ત થયેલા અનેરાને માટે નીપજાવેલા આહારને સાકર ઘી માફક
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
માની આહાર કરે.
૧૪ ૧૩

**ભાવાર્થ**-ગૃહસ્થોએ પોતાના નિર્વાહને માટે બનાવેલાં આહાર આગમોક્ત વિધિથી પ્રાપ્ત થયેલા તીખા, કડવા, કષાયલા, ખાટા, મીઠા, ખારા, જેવા પ્રાપ્ત થયેલા હોય તેવા સાકર તથા ઘીની માફક માની પ્રીતિથી તે આહારને સંયમનિર્વાહને અર્થે અનાસક્ત પણે ભોગવે. (શરીરને પુષ્ટ બનાવવાની ભાવનાથી નહિ)

**अरसं विरसं वा वि, सूइयं वा असूइयं ।**
१ २ ३ ४
**उल्लंवा जइ वा सुक्कं, मंथुकुम्मास भोयणं ॥९८॥**
५ ६ ७ ८ ९

**उप्पण्णं नाइहीलिज्जा, अप्पं वा बहु फासुयं ।**
१० ११ १२ १४ १५ १६
**मुहालद्धं मुहाजीवी, भुंजिज्जा दोसवज्जियं ॥९९॥**
१७ १८ २१ १९ २०

**શબ્દાર્થ**–રસરહિત સ્વાદવિનાના શાકસહિત શાકાદિવિનાના
૧ ૨ ૩ ૪
લીલા સૂકાં બોરનો ભૂકો અડદના બાકળા આદિ ભોજન પદાર્થો
૫ ૬ ૭ ૮ ૯
પ્રાપ્ત થયેલાં થોડા કે ઘણા નિંદે નહિ પ્રાસુક–નિર્દોષ નિસ્વાર્થપણે
૧૦ ૧૪ ૧૫ ૧૨ ૧૧ ૧૬ ૧૭
મળેલાં જાતિ આદિ દેખાડયા વિના જીવન નિર્વાહ કરનાર દોષોને
૧૮ ૧૯
ત્યાગી ભોજન કરે.
૨૦ ૨૧

**ભાવાર્થ**–આહાર, હિંગ આદિના સંસ્કાર રહિત હોય, અથવા જુના ચોખાનો સ્વાદ વિનાનો હોય, શાકાદિ સહિત હોય કે રહિત હોય, રસવાળા શાકાદિ હોય કે રસ વગરના હોય, અડદના બાકળા હોય કે બોર ચૂર્ણ હોય, આહાર પૂર્ણ મળ્યો હોય કે ઓછો મળ્યો હોય, આહાર મળ્યો કે ન મળ્યો હોય, સારો આહાર મળ્યો હોય કે સાર રહિત મળ્યો હોય, તો પણ સિદ્ધાંતની વિધિએ મળેલાં નિર્દોષ આહારને નિંદવો નહિ, કારણ મંત્ર તંત્રાદિ વિના મળેલો છે. તથા સાધુ પોતે મુધાજીવી (જાતિ આદિ દેખાડયા વિના અગર નિયાણું કર્યા વિના જીવન નિર્વાહ કરનાર) છે. માટે તેણે સંયોજનાદિ દોષો લગાડયા વિના પ્રાપ્ત થયેલ ભોજન અનાસકતપણે કરવું.

**दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।**
१ २ ३ ४
**मुहादाई मुहाजीवी, दो वि गच्छंति सुगइं ॥१००॥**
५ ७ ६

**શબ્દાર્થ**-દુર્લભ પ્રત્યુપકારની ઈચ્છા વિનાના દાતારનું કાર્ય
૧ ૨ ૩
કર્યા વિના આહાર ગ્રહણ કરનાર દુર્લભ બંને સુગતિ પામે
૪ ૫ ૬ ૭

**ભાવાર્થ**-કાંઈ પણ ઉપકાર કર્યા વિના-બદલો લેવાની ઇચ્છા રહિત નિર્જરાની ભાવનાથી આહાર દેવા વાળા નિઃસ્વાર્થી દાતા દુર્લભ છે. તેમ મંત્ર તંત્રાદિ કરામત દેખાડયા વિના તથા કોઈપણ દાતારનું કાર્ય કર્યા વિના ભિક્ષા ગ્રહણ કરનાર આત્માર્થી સાધુ ધર્મપરાયણ રહી આહાર લેવા વાળા પણ દુર્લભ છે. મુધાદાયી-નિષ્કામ ભાવે દાન આપનાર શ્રાવક તથા મોક્ષ માટે જ જીવનાર મુધાજીવી સાધુઓ બન્ને સુગતિમાં જાય છે.

શ્રી સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કે હે જંબૂ! ચરમ જિનેશ્વર ભગવાન મહાવીર સ્વામીએ મને જેવો ઉપદેશ આપ્યો છે તેવો જ મેં તને કહ્યો છે.

**(પાંચમા અધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત.)**

## અધ્યયન ૫ મું : ઉદ્દેશો બીજો

**पडिग्गहं संलिहित्ताणं, लेवमायाए संजए ।**
१ २ ३ ४ ५
**दुगंधं वा सुगंधं वा, सव्व भुंजे न छड्डए ॥१॥**
६ ७ ८ ९ ११ १०

શબ્દાર્થ–પાત્રા સારી રીતે લૂછીને મુકે લેપ માત્ર ખરડયું ન
૧ ૨ ૩ ૪
રાખે (રાતવાસી દોષ ટાલવા માટે) સાધુ આહાર દુર્ગંધી હોય
૫ ૬
સુગંધી હોય સર્વ ભોગવે છોડે નહિ.
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–સાધુઓએ આહાર કરતાં પાત્રાને લેપ માત્ર નહિ રાખતા લૂછીને મુકવા. સુગંધી આહાર હોય કે દુર્ગંધી આહાર હોય– (દુર્ગંધી કે સ્વાદ વિનાના આહારને નહિ છોડતાં) તે સર્વ આહારને ભોગવે તેમજ આહારને રાતવાસી રાખે નહિ.

**सेज्जा निसीहियाए, समावन्नो य गोयरे ।**
१ २ ३ ४
**अयावयट्ठा भुच्चाणं, जइ तेणं न संथरे ॥२॥**
५ ५ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–ઉપાશ્રય–સ્થાનક સ્વાધ્યાય ભૂમિમાં રહેલ ગોચરીનો
૧ ૨ ૩ ૪
કાળ સંયમ નિર્વાહમાં અપૂર્ણ ભોજન કરતા જો તે આહારથી ક્ષુધા
૫ ૬ ૭ ૮
શાંત ન થાય–સંતોષ ન થાય
૧૦ ૯

ભાવાર્થ-સાધુ ઉપાશ્રય કે સ્વાધ્યાય ભૂમિમાં રહેલો ગોચરીનો સમય થયો જાણી ગોચરી કરવા જાય ત્યાં મર્યાદામાં આહાર લઇ સ્થાનકે આવી સંયમ યાત્રાના નિર્વાહ અર્થે ભોજન કરે. કદાચિત્ તેટલા આહારથી સંતોષ ન થાય-ક્ષુધા શાંત ન થાય તો-

**तओ कारणमुप्पण्णे, भत्तपाणं गवेसए ।**
१ २ ३ ४ ५
**विहिणा पुव्वउत्तेणं, इमेणं उत्तरेण य ॥३॥**
७ ६ ८ ९ १०

શબ્દાર્થ---તે વાર પછી ક્ષુધા શાંત ન થાય તો તે ક્ષુધાનું
૧ ૨
કારણ ઉત્પન્ન થવાથી ભાત પાણીની ગવેષણા કરે પૂર્વોક્ત વિધિ
૩ ૪ ૫ ૬ ૭
કહ્યા મુજબ આમ આગળ કહેવાશે તે
૮ ૯ ૧૦

ભાવાર્થ-ક્ષુધા શાંત ન થવાનું કારણ ઉત્પન્ન થતાં પૂર્વોક્ત વિધિએ અને હવે પછી કહેવામાં આવશે તે વિધિથી આહાર-પાણીની ગવેષણા ફરી કરે.

**कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
१ २ ३ ४ ५
**अकालं च विवज्जित्ता, काले कालं समायरे ॥४॥**
६ ७ ८ ९ १०

શબ્દાર્થ-કાળે ગોચરીએ જાય સાધુ કાળે તરત પાછો વળે
૧ ૨ ૩ ૪ ૫
અકાળ છોડીને ભિક્ષાનો અવસર જાણી કાળે જાય
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-સાધુ ગુરુની આજ્ઞા લઈ જે ગામમાં જે અવસરે આહારની વેળા હોય તે સમયે ગોચરીએ જાય અને ગોચરીએ ગયેલા સાધુએ ઉચિત્ત સમયે પાછા ફરવું જોઈએ અને જે સમય ભિક્ષાને માટે ઉચિત્ત ન હોય તે કાળને વર્જિને ઉચિત્ત કાળે જ ભિક્ષાચરીએ જવું જોઇએ. સઝાય કરવાના કાળે સઝાય કરવી. એટલે દરેક ક્રિયા ઉપયોગ રાખી કાળે-કાળે જ કરવી. એવો આ ગાથાનો ભાવાર્થ છે.

**अकाले चरसि भिक्खु, कालं न पडिलेहसि ।**
१ २ ३ ४ ५ ६
**अप्पाणं च किलामेसि, संनिवेसं च गरिहसि ॥५॥**
७ ८ ९ १०

**શબ્દાર્થ**-અકાળે જઇશ સાધુ ભિક્ષાનો સમય નહિ જોતો
૧ ૨ ૩ ૪ ૫ ૬
ઝાઝું ફરવાથી આત્માને કિલામનાથશે ગામની તથા ગૃહસ્થની નિંદા કરીશ
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-હે સાધુ! ગોચરીના કાળને જોયા વિના અકાળે ગોચરી જઇશ તો ઝાઝા સ્થળે ફરવું પડશે અને તારા આત્માને કિલામના થશે તેમ જ આહાર સરલતાથી નહિ મળતાં ગામની તથા ગૃહસ્થની નિંદા કરીશ, તો અશુભ કર્મના બંધ થશે. જેના કડવા વિપાકો તારે પોતાને જ ભોગવવાં પડશે. એમ જાણી ગોચરીના સમયે જ ગોચરીએ જવું.

**सइ काले चरे भिक्खु, कुज्जा पुरिसकारियं ।**
२ १ ३ ४ ५ ६
**अलाभुत्ति न सोइज्जा, तवुत्ति अहियासए ॥६॥**
७ ९ ८ १० ११

**શબ્દાર્થ**–ગોચરીનો વખત થયે છતે જાય સાધુ કરે ઉદ્યમ
૧ ૨ ૩ ૪ ૫ ૬
અલાભ થતા શોક ન કરે તપની વૃદ્ધિ થશે જાણી ક્ષુધા પરિષહ
૭ ૮ ૯ ૧૦
સહન કરે.
૧૧

**ભાવાર્થ**–ગોચરીનો સમય થયે સાધુએ ગોચરી જવાનો પુરૂષાર્થ કરવો, છતાં કદાચિત્ ગોચરી પ્રાપ્ત ન થાય તો શોક ન કરવો અને એમ જાણવું કે મારે તપની વૃદ્ધિ થશે, એમ માની ક્ષુધા-પરિષહને સમભાવે સહન કરવો.

**तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया ।**
१ २ ३ ४ ५ ६
**तं उज्जुयं न गच्छिज्जा, जयमेव परक्कमे ॥७॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**–તેમ જ ગોચરી જતાં હંસાદિ કાગડાદિ જીવો આહારને
૧ ૨ ૩ ૪ ૫
માટે એકઠા થયા હોય તેની સન્મુખ ન જાય યત્નાથી ચાલવું
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**–સાધુએ ગોચરી જતાં રસ્તામાં ખોરાકને માટે કોઇ સ્થળે કબૂતર કાગડા આદિ ઉંચ નીચ પક્ષીઓ એકત્ર થયેલા હોય તો તેના સન્મુખ નહિ ચાલતાં તેને ત્રાસ ઉત્પન્ન ન થાય, તેને ખોરાક લેવામાં અંતરાય ન પડે, એ રીતે એક બાજુથી અગર અન્ય રસ્તેથી બીજે સ્થળે જતનાથી ગોચરી માટે જવું.

**गोयरग्ग पविट्ठो य, न निसीइज्ज कत्थई ।**
१ २ ५ ४ ३
**कहं च न पबंधिज्जा, चिट्ठित्ताण व संजए ॥८॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**-ગોચરીએ જતા ગૃહસ્થના ઘેર કોઈ સ્થાને બેસે
૧ ૨ ૩ ૪
નહિ કથા વાર્તા ન કરે ગૃહસ્થના ઘેર બેસીને સાધુ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-ગોચરીએ જતાં સાધુઓએ ગૃહસ્થોના ઘરે કે રસ્તામાં કોઇ સ્થળે બેસવું નહિ, તેમ જ બેસીને ધર્મ કથા પણ કરવી નહિ તેમ કરતાં દોષો ઉત્પન્ન થવા સંભવ છે.

**अग्गलं फलिहं दारं, कवाडं वा वि संजए ।**
१ २ ३ ४ ६
**अवलंबिया न चिट्ठिज्जा, गोयरग्गगओ मुणी ॥९॥**
५ ८ ७ ९ १० ११

**શબ્દાર્થ**-ભૂગલ-અર્ગલા પરિઘ બારસાખ કમાડ અવલંબન
૧ ૨ ૩ ૪ ૫
લઈ સાધુ ગૃહસ્થના ઘેર ઉભો ન રહે ગોચરી ગયેલ સાધુ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**-ગોચરી ગયેલ સાધુએ ગૃહસ્થના ઘેર કમાડ, બારસાખ ભોગલ, આંગલીઓ, આદિ કોઇ વસ્તુનું અવલંબન લઈને કે વિના અવલંબને પણ ઉભો ન રહે, બેસે નહિ, તેમ કરવાથી લઘુતા અથવા સંયમ વિરાધના થવાનો સંભવ છે.

**समणं माहणं वा वि, किविणं वा वणीमगं ।**
१ २ ३ ४
**उवसंकमंतं भत्तट्ठा, पाणठाए व संजए ॥१०॥**
५ ६ ७ ८
**तं अइक्कमित्तु न पविसे, न चिट्ठे चक्खु गोयरे ।**
९ १० ११ १२ १३ १४ १५ १६
**एगंत मवक्कमित्ता, तत्थ चिट्ठिज्ज संजए ॥११॥**
१७ १८ १९ २० २१

**वणीमगस्स वा तस्स, दायगस्सुभयस्स वा ।**
२२ २३ २४ २५
**अप्पत्तियं सिया हुज्जा, लहुत्तं पवयणस्स वा ॥१२॥**
२६ २७ २८ २९ ३०

**શબ્દાર્થ**–શાકયાદિક શ્રમણ બ્રાહ્મણ કૃપણ રાંક દરિદ્રી ગૃહસ્થોના
૧ ૨ ૩ ૪
ઘર સમીપે આવતા ભાત પાણીના અર્થે સાધુ તે શાકયાદિકને
૫ ૬ ૭ ૮ ૯
ઓળંગીને ગૃહસ્થના ઘરમાં ન જાય ન ઉભો રહે દૃષ્ટિ પડે તેમ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
એકાંતે ન દેખે ત્યાં જઇને ત્યાં ઉભો રહે સાધુ પ્રત્યે ભિક્ષાચરને
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨
તેના દેનારા દાતારની બેહુની અપ્રતીતિ થાય કદાચિત્ લઘુતા થાય
૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૮ ૨૭ ૨૯
જૈન પ્રવચનની (જે સાધુ અને ભિખારી ભેગા આહાર લે છે.)
૩૦

**ભાવાર્થ**– શાકયાદિ શ્રમણો, બ્રાહ્મણો, કૃપણ, (પોતાના ધનનો સંચય કરી ભિક્ષા માગે તે કૃપણ કહેવાય) ભિખારી–માંગણ આદિ સર્વે અથવા ચાર પૈકી કોઇપણ આહાર પાણીના માટે (સાધુના આવ્યા પહેલાંથી) ગૃહસ્થના ઘેર આવી ઉભા હોય, તો તે શ્રમણાદિને ઓળંગીને ગૃહસ્થના ઘરમાં સાધુ ગોચરી માટે જાય નહિ. તેમજ તે શ્રમણાદિ સર્વની તેમ જ દાતારની દૃષ્ટિગોચર પણ ઉભો ન રહેતા, એકાંત સ્થળમાં જઇને ઉભો રહે. (અગર અન્ય સ્થાને ગોચરી માટે જાય) આમ કરવાનું કારણ એ છે કે તે ભીખારીઓને તથા દેવાવાળાને બંનેને સાધુ પ્રત્યે અપ્રીતિ થાય અને પ્રવચનનું લઘુપણું થાય, ભીખારી જાણે કે આપણી ભિક્ષામાં ભાગ પડશે અને દાતારને એમ

થાય કે બંનેને વહેંચી આપું, અગર કોઈ એમ જાણે કે ભિખારી અને જૈનના સાધુ બંને એકઠા ભિક્ષા લે છે. જાણી સાધુએ વિવેક રાખવો.

**पडिसेहिए व दिन्ने वा, तओ तम्मि नियत्तिए ।**
१ २ ३ ५ ४
**उवसंकमिज्ज भत्तठा, पाणठाए व संजए ॥१३॥**
६ ७ ८ ९

શબ્દાર્થ– નિષેધ કરીને દઈને પશ્ચાત ભિખારી આદિ ભિક્ષાચર
૧ ૨ ૩ ૫
ગયાબાદ ગૃહસ્થના ઘેર આવે ભાત પાણીના અર્થે સાધુ
૪ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**— સાધુઓના પહેલાં ગૃહસ્થના ઘેર આવેલા ભિક્ષાચરોને ગૃહસ્થે નિષેધ કરીને એટલે ભોજન આપ્યા વિના અગર તો ભોજન આપી તે ભિક્ષાચરોને ત્યાંથી દૂર કર્યા બાદ, સાધુએ ભાત પાણીના માટે ગૃહસ્થને ત્યાં જવું.

**उप्पलं पउमं वा वि, कुमुयं वा मगदंतियं ।**
१ २ ३ ४
**अन्नं वा पुप्फसच्चित्तं, तं च संलुंचिया दए ॥१४॥**
५ ६ ७ ८ ९
**तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।**
१० १३ ११ १२ १४ १५
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥१५॥**
१६ १७ २१ १९ २० १८

શબ્દાર્થ– લીલા રંગનું કમળ રાતું કમળ સફેદ કમળ મોગરાનાં
૧ ૨ ૩ ૪
ફુલ માલતી વગેરે અન્ય બીજી જાતના કોઈ સચિત્ત ફુલ છેદીને આપે
૫ ૭ ૬ ૯

તેવા પ્રકારના સચિત્ત ભાત પાણી હોય સાધુને અકલ્પનીક દેનાર
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
દાતારને કહે તેવા સદોષ આહાર મને લેવા કલ્પતા નથી
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧

**ભાવાર્થ**- ઉત્પલ કમળ, પદ્મ કુમુદ, મેંદી, માલતી, મોગરાના ફુલ અને તેવા પ્રકારના બીજા પણ સચિત્ત પુષ્પોને છેદીને પશ્ચાત આહાર પાણી આપે તો તે સાધુને અકલ્પનીક છે, તેથી દેનાર દાતારને મના કરવી કે આવા સદોષ આહાર પાણી મને કલ્પતાં નથી.

**उप्पलं पउमं वा वि, कुमुयं वा मगदंतियं ।**
**अन्नं वा पुप्फसच्चित्तं, तं च संमद्दिया दए ॥१६॥**
१

શબ્દાર્થ- પુષ્પોને મર્દન કરીને-બાકી શબ્દાર્થ ઉપર મુજબ
૧

**ભાવાર્થ**- ઉત્પલ કમલ, પદ્મકમળ, કુમુદ કમળ, મેંદી, માલતી, મોગરાના ફુલો તથા અન્ય તેવા પ્રકારના સચેત્ત પુષ્પોનું મર્દન કર્યા પછી આહાર પાણી આપે તો તે લેવા નહિ.

**तं भवे भत्त पाणं तु, संजयाण अकप्पियं ।**
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥१७॥**

શબ્દાર્થ- ઉપર મુજબ-ગા. ૧૫ મુજબ

**ભાવાર્થ**- તેવા પ્રકારના સદોષ આહાર પાણી સાધુને અકલ્પનીક જાણી દેનાર દાતારને કહે કે તેવા પૂર્વ દોષ વાળા (જીવોને પીડા પમાડીને) સદોષ આહાર મને કલ્પતાં નથી.

**सालुयं वा विरालियं, कुमुयं उप्पलनालियं ।**
१ २ ३ ४
**मुणालियं सासवनालियं, उच्छुखंडं अनिव्वुडं ॥१८॥**
६ ७ ८ ९ १० ११

**तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा ।**
૧૨ ૧૩ ૧૪ ૧૫
**अन्नस्स वा वि हरियस्स, आमगं परिवज्जए ॥१९॥**
૧૬ ૧૭ ૧૮ ૧૯

**શબ્દાર્થ**–લીલા કમળનો કંદ પલાસનો કંદ ધોળા કમળની
૧ ૨ ૩
લીલા કમળની ડાંડલી–નાલ કમળના જેવું સરસવની ડાંડલી શેલડીના
૪ ૫ ૬ ૭ ૮ ૯
કટકા સચિત્ત કુણું–તરણુ પલ્લવ વૃક્ષના તૃણુના અનેરી કોઇ લીલી
૧૦ ૧૧ ૧૨ ૩ ૧૪ ૧૫ ૧૬
વનસ્પતિ કાચા હોય–સચેત વર્જે
૧૭ ૧૮ ૧૯

**ભાવાર્થ**–શસ્ત્રથી નહિ પરિણમેલ–સચિત્ત ઉત્પલકંદ, પલાશકંદ, કુમુદની નાલ ડાંડલી, પદ્મકંદ, સરસવની ડાંઠલી, શેરડીના કટકા–તથા વૃક્ષના, તૃણુના, હરિતાદિના સચિત્ત કુંણા પ્રવાલોને અકલ્પનીક જાણી સાધુએ ગ્રહણુ કરવા નહિ.

**तरुणियं वा छिवाडिं, आमियं भज्जियं सइं ।**
૧ ૨ ૩ ૪ ૫
**दिंतियं पडियाइक्खे, न मे कप्पइ तारिसं ॥२०॥**
૬ ૭ ૧૦ ૮ ૯ ૧૧

**શબ્દાર્થ**– કુંણી કુંપળી મગ આદિની ફળી કાચી સેકેલી
૧ ૨ ૩ ૪
એકવાર દેતાં પ્રત્યે કહે મને લેવા કલ્પતા નથી સદોષ આહાર
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
**ભાવાર્થ**—જેની અંદર દાણો બંધાણો નથી એવી કુંણી મગ

આદિની શીંગો-ફળીઓ જે એકવાર ભૂંજેલ-સેકેલી હોય, જે સચિત્ત રહેલી હોય, પૂરી સેકાએલી ન હોય, તેવા પ્રકારની મિશ્ર ફળીઓ દેનાર પ્રત્યે કહે કે આવો સદોષ આહાર મને કલ્પતો નથી.

**तहा कोलमणुस्सिन्नं, वेलुयं कासवनालियं ।**
१ २ ३ ४ ५
**तिलं पप्पडगं नीमं, आमगं परिवज्जए ॥२१॥**
६ ७ ८ ८ १०

**શબ્દાર્થ**– તેમજ બોર નહિ પકાવેલું વાંસ કારેલાં શ્રીપર્ણી
૧ ૨ ૩ ૪ ૫
વૃક્ષના ફલ ( પાઠાંતર–શ્રીફલ–સીવણ વૃક્ષના ફળ ) તલની પાપડી
૬ ૭
નીમ વૃક્ષના ફળો (પાઠાંતર–કંદ વૃક્ષના ફળ ) કાચાં વર્જે
૮ ૯ ૧૦

**ભાવાર્થ**– તેમ જ બોર, વંશ કારેલાં, શ્રીપર્ણી વૃક્ષના ફળો, તલ સાંકળી અને નીમવૃક્ષના ફળો પકાવ્યા વિનાના કાચા તથા અન્ય બીજા ફળો શસ્ત્રથી નહિ પરિણમેલાં-સચિત્ત સાધુઓને કલ્પે નહિ, એમ જાણી તે લેવા નહિ.

**तहेव चाउलं पिट्ठं, वियडं वा तत्तनिव्वुडं ।**
१ २ ३ ४ ५
**तिलपिठं पूइपिन्नागं, आमगं परिवज्जए ॥२२॥**
६ ७ ८ ९

**શબ્દાર્થ**– તેમ જ વાટેલ ચોખાનું પીઠું કાચું પાણી અગર
૧ ૨ ૩ ૪
તાજું ધોવણ બરાબર સારીરીતે ઉનું નહિ થયેલ પાણી તલનો ભુકો
૫ ૬

સરસવનો ખોલ સંપૂર્ણ રીતે શસ્ત્ર નહિ પરિણમેલા પદાર્થો કાચા
૭ ૮
ગ્રહણ ન કરે
૯

**ભાવાર્થ**– સાધુએ તાજુ ખાંડેલ ચોખાનું પીઠું, બે ઘડી થયા પહેલાનું ધોવણ, કાચું પાણી, બરાબર ઉનું નહિ થયેલ-ત્રણ ઉકાળા ન આવેલું મિશ્ર પાણી, તલનો લોટ, સરસવનો ખોલ આદિ વસ્તુઓ જેમાં સચેત્તપણું હોવાની શંકા રહે તેવા પદાર્થો સાધુએ ગ્રહણ કરવા નહિ

**कविट्ठं माउलिंगं च, मूलगं मूलगत्तियं ।**
१ २ ३ ४
**आमं असत्थ परिणयं मणसा वि न पत्थए ॥२३॥**
५ ६ ७ ७ ९ १०
**तहेव फलमंथूणि बीयमंथूणि जाणिया ।**
११ १२ १३ १४ १५ १६
**बिहेलगं पियालं च, आमगं परिवज्जए ॥२४॥**
१७ १८ १९ २०

શબ્દાર્થ– કોઠું બીજોરાં મૂળા પાંદડા સહિત મૂળાની ડાંડલીઓ
૧ ૨ ૩ ૪
કાચા શસ્ત્રથી અપરિણુત મને કરીખાવું ન ઈચ્છે તેમ જ બોરફળનું
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
ચૂર્ણ બીજ આદિનું ચૂર્ણ જાણીને બહેડાના ફળ રાયણનાં ફળ
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
કાચાં વર્જે ત્યાગ કરે
૧૯ ૨૦

**ભાવાર્થ**– શસ્ત્ર પરિણમ્યા વિનાના કાચાં કોઠાં, બીજોરૂં,

મૂળો, મૂળાના પાંદડા, ડાંડલીઓ, મૂળાનો કાંદો, બોરચૂર્ણ, બીજ આદિનું ચૂર્ણ, બહેડાના ફળ, રાયણના ફળ આદિ ખોરાકના પદાર્થો સચિત્ત જણાય તે સાધુએ લેવાં નહિ. પૂરા અચેત ન થયા હોય તેવા સર્વ કોઇ પદાર્થો લેવા નહિ.

**समुयाणं चरे भिक्खु, कुलं उच्चावयं सया।**
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
**नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधारए ॥२५॥**
૮ ૯ ૧૦ ૧૧

**શબ્દાર્થ**- સામુદાણી ગોચરી કરે સાધુ ઉંચ નીચ કુળને વિષે
૧ ૨ ૩ ૫ ૬ ૪
સદા નીચકુળ ઓળંગી ઉંચા કુળને વિષે ન જાય.
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**- સાધુ હમેશાં ધનવંતના મોટા કુળને વિષે, નિર્ધનના નાના કુળને વિષે સામુદાણી ગોચરી માટે જાય. પરંતુ નિર્ધનને ત્યાં નિ:રસ આહાર મળશે એમ માની તેના ઘરને છોડી સરસ આહારની લાલચે ધનવંતને ઘેર ન જાય. નિંદનીય ઘરોમાં ગોચરી ન જાય, પણ રસ્તામાં આવતા નિર્ધનના ઘરને છોડ્યા વિના અનુક્રમે ગોચરી કરે. અથવા અભિગ્રહ હોય તો તે પ્રમાણે, ગોચરી કરે.

**अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**अमुच्छिओ भोयणंमि, मायन्ने एसणा रए ॥२६॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧

**શબ્દાર્થ**—અદીનપણે આહારને ગવેષે ન ખેદ કરે પંડિત
૧ ૨ ૩ ૪ ૫ ૬
મૂર્છારહિત ભોજનમાં મર્યાદાને જાણનાર નિર્દોષ આહાર લેવામાં રક્ત
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—ભોજનમાં અમૂર્છિત, પોતાના ભોજનની મર્યાદાનો જાણનાર, નિર્દોષ આહાર ગવેષણામાં રક્ત, સરસ આહારને વિષે લાલચ ન રાખતા નિર્દોષ આહારની અદીનપણે ગવેષણા કરતાં ન મળે તો પંડિત સાધુ ખેદ-કરે નહિ.

**बहुं पर घरे अत्थि, विविहं खाइमं साइमं ।**
१ २ ३ ४ ५ ६ ७
**न तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो न वा ॥२७॥**
८ ९ १० ११ १२ १३ १५ १४

શબ્દાર્થ– ઘણા ગૃહસ્થોના ઘરે હોય વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ
૧ ૨ ૩ ૪ ૫ ૬
આહાર મુખવાસ ન થાય ગૃહસ્થ ઉપર પંડિત સાધુ કોપાયમાન
૭ ૮ ૯ ૧૦ ૧૧
ગૃહસ્થની ઇચ્છા હોય તો આપે અને કદાચ ન આપે
૧૫ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**– સાધુ ગોચરી કરવા ગયો છે, ત્યાં ગૃહસ્થને ઘરે ઘણા પ્રકારના અન્ન, પાણી, મેવા, મુખવાસ પ્રગટ રહેલા છે. પણ તે ગૃહસ્થની ઇચ્છા હોય તો સાધુને આપે અને કદાચ ન આપે તો સાધુ તે ગૃહસ્થ ઉપર ક્રોધ કરે નહિ.

**सयणासणवत्थं वा, भत्तं पाणं व संजए ।**
१ २ ३ ४ ५ ६
**अदितस्स न कुप्पिज्जा, पच्चक्खे वि य दीसओ ॥२८॥**
७ ९ ८ १० ११

**શબ્દાર્થ**–શયન આસન વસ્ત્ર આહાર પાણી સાધુને ન આપે
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
ક્રોધ ન કરે પ્રગટ દેખાતા હોય
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**– ગૃહસ્થના ઘરમાં પ્રત્યક્ષ અન્ન, પાણી, પાટપાટલા વસ્ત્ર આદિ પડેલા દેખાતા હોય અને ન આપે તો સાધુ તે ગૃહસ્થ ઉપર ક્રોધ કરે નહિ.

**इत्थियं पुरिसं वा वि, डहरं वा महल्लगं ।**
१ २ ३ ४
**वंदमाणं न जाइज्जा, नो य णं फरुसं वए ॥२९॥**
५ ६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**– સ્ત્રી પુરૂષ બાળક વૃદ્ધ વાંદતા ન યાચે ન કર્કશ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
વચન બોલે
૧૦

**ભાવાર્થ**– સ્ત્રી, પુરૂષ, યુવાન કે વૃદ્ધ વંદના કરવા આવેલ હોય તેની પાસે સાધુએ વસ્તુની યાચના કરવી નહિ, તેમ કરવાથી વંદન કરવા આવનારના ભાવ ઘટે, તેમ જ યાચના છતાં ગૃહસ્થો પાસેથી વસ્તુ ન મળે તો તેને કઠોર વચન કહેવા નહિ, તારૂં વાંદવું વૃથા છે આદિ તેમ તેનું અપમાન કરે નહિ.

**जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।**
१ ३ २ ६ ४ ५ ७ ९ ८
**एव मन्नस माणस्स, सामण्ण मणुचिठई ॥३०॥**
१० ११ १२ १३

**શબ્દાર્થ**–જે કોઈ વાંદે નહિ તેના ઉપર ક્રોધ ન કરે વંદના
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
કરે તો અહંકાર ન કરે એમ બેહુને સરખા માને જિનાજ્ઞા પાળના-
૮ ૯ ૧૦ ૧૧
રનું ચારિત્ર અખંડિત પળાય છે, ચારિત્રમાં સ્થિર રહે છે.
૧૨ ૧૩

**ભાવાર્થ**–સાધુને જો કોઇ વંદના ન કરે તો તેના ઉપર કોપ ન કરે અને રાજા આદિ મોટા પુરુષો વંદના કરે તો અભિમાન કરે નહિ, એમ બંનેમાં (કોઇ નમસ્કાર કરે, કોઇ ન કરે તો તે બંનેને સરખા જાણે) સમભાવ રાખી ચારિત્રનું પાલન કરનાર સાધુનું ચારિત્ર અખંડિત કહેવાય છે. અથવા શ્રમણ ભાવમાં સ્થિર છે એમ કહેવાય.

**सिया एगइओ लध्धुं, लोमेण विणिगूहइ ।**
१ २ ३ ४ ५
**मामेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥३१॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**–કદાચ એકદા સરસ ભોજન પ્રાપ્ત થયું લોભે કરી
૧ ૨ ૩ ૪
સંતાડે, ગોપવે, કદાચ આ આહાર દેખાડયો થકો જોઇને ગુરુઆદિ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
પોતે ગ્રહણ કરશે.
૧૧ ૧૨

**ભાવાર્થ**–કદાચિત કોઈ સમયે ગૌચરી ગયા થકાં સ્વાદિષ્ટ આહાર મલતાં તે સાધુ એમ ચિંતવે કે આ સરસ આહાર ગુરુ દેખશે તો તે પોતે લઈ લેશે. મને આપશે નહીં એમ માની તે સરસ આહાર નીચે રાખી ઉપર તુચ્છ–રૂક્ષ આહાર નાંખી છુપાવું તો સારો આહાર ન જોઈ શકે, તેથી તે આહારને હું ભોગવી શકું, આવા પ્રકારની તુચ્છ વૃત્તિ સાધુપણામાં રાખવી ન ઘટે.

**अत्तट्ठा गुरुओ लुद्धो, बहुं पावं पकुव्वइ ।**
१ २ ३ ४ ५ ६
**दुत्तोसओ य से होइ, निव्वाणं च न गच्छई ॥३२॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–પોતાના સ્વાર્થ પ્રધાન લોભીઓ ઘણું પાપ કરે
૧ ૨ ૩ ૪ ૫ ૬
અસંતોષી આહારમાં હોય મોક્ષને ન પામે
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–પોતાના સ્વાર્થનેજ પ્રધાન માનવાવાળો સારા આહારનો લાલચુ, જેવા તેવા આહારથી સંતોષ નહિ પામનારો સાધુ ઘણાં પાપકર્મ ઉપાર્જન કરે જેથી તે મોક્ષગતિ પામે નહિ.

**सिया एगइओ लध्धुं, विविहं पाण-भोयणं।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**भद्दगं भद्दगं भुच्चा, विवण्णं विरसमाहरे ॥३३॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧

**શબ્દાર્થ**–કદાચિત એકલાને પ્રાપ્ત થાય વિવિધ પ્રકારના
૧ ૨ ૩ ૪
પાણી ભોજન સારૂં સારૂં ખાઇ વર્ણ રહિત રસ રહિત લાવે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–કદાચિત કોઇ એકલો સાધુ ગોચરીમાં સારો રસવાળો આહાર મેળવીને કોઈ એકાંત સ્થળમાં સારો સારો આહાર ખાઈને રસ-વિનાનો લુખો સુકો આહાર ઉપાશ્રયમાં લાવીને ભોગવે. (અન્ય સાધુઓ એમ જાણે કે આ સાધુ સંતોષવૃત્તિ વાળો છે એવી અપેક્ષા રાખતો થકો)

**जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**संतुठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥३४॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧

**શબ્દાર્થ**–જાણે આ બીજા મુનિઓ મોક્ષનો અર્થી આ મુનિ
૧ ૨ ૩ ૪ ૫ ૬

સંતોષથી સેવે છે પ્રાપ્ત-તુચ્છ આહાર લુખ્ખી વૃત્તિવાળો અતિ
૭ ૮ ૯ ૧૦
સંતોષ વાળો છે.

**ભાવાર્થ**- પૂર્વોક્ત શા માટે તે કરે છે. બીજા સાધુ મને એમ જાણે કે આ સાધુ નિરસ લુખા સૂકા આહારનો કરવાવાળો, સંતોષી અને લુખા પરિણામ વાળો દેખાય છે. એનો આત્મા સંતોષ-સુગમ છે. (એવી માયા કપટવાળી ભાવના વર્તે છે)

**पूयणट्ठा जसो कामी, माण सम्माण कामए ।**
१ २ ३ ४ ५ ६
**बहुं पसवई पावं, माया, सल्लं च कुव्वइ ॥३५॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**- પૂજાવાનો અર્થી યશનો ઇચ્છનાર માન-વંદન
૧ ૨ ૩ ૪
સન્માન વસ્ત્રાદિકનું આપવું તે કામી ઘણા ઉપાર્જન કરે પાપો
૫ ૬ ૭ ૮ ૯
માયા શલ્ય કરનાર
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**- ઉપરોક્ત વ્રતીવાળો સાધુ પૂજાનો, યશનો, માન, સન્માન પામવાનો અભિલાષી, માયા કપટરૂપ શલ્યનો કરનાર ઘણા પાપનું ઉપાર્જન કરે છે.

**सुरं वा मेरगं वा वि, अन्नं वा मज्जगं रसं ।**
१ २ ३ ४ ५
**ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो ॥३६॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**- દ્રાક્ષનોદારૂ મહુડાનોદારૂ અન્ય બીજા મદને વધારનાર
૧ ૨ ૩ ૪

તાડી–ખજુરીના રસ કેવળીની સાક્ષીએ ન પીએ સાધુ યશ–સંયમનો
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
સંરક્ષણ આત્માનો
૧૧ ૧૨

**ભાવાર્થ**– પોતાના આત્માને વશ કરીને જે સંયમ તથા યશના રક્ષણ કરનાર વીતરાગ દેવની શિખામણના માનનાર સાધુએ કેવળજ્ઞાની ભગવંતે નિષેધ કરેલ, દ્રાક્ષનો, આટાનો, મહુડાનો દારૂ તથા તે સિવાય અન્ય મદને વધારનારા તાડીના રસ, ખજુરીના રસ વગેરે કેવળી ભગવંતની સાક્ષીએ છાનો અથવા પ્રગટપણે તેવા મદ વધારનાર પીણા પીવે નહિ.

**पियए एगओ तेणो, न मे कोई वियाणइ ।**
१ २ ३ ४ ५ ६ ७
**तस्स पस्सह दोसाइं, नियडिं च सुणेह मे ॥३७॥**
८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**– પીવે એકલો ચોર ન મને કોઇ જાણતો તે પીનારાને
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
દેખો દોષ નિવડ માયાવાળાના કહું છું સાંભળો મને
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**– જે કોઇ સાધુ ભગવાનની આજ્ઞાનો ચોર થઈને, મને કોઈ દેખતું નથી, એમ ધારીને એકાંત સ્થળમાં રહી દારૂ પીએ (હે શિષ્યો ! હું તમને) તેના દોષો તથા માયા કપટ કરે તે કહું છું. સાંભળો. મદિરા પીવાની તીર્થંકરની આજ્ઞા નથી. તેથી તે પીનારને ચોર કહેવાય.

**वड्ढई सुंडिया तस्स, माया मोसं च भिक्खुणो ।**
१ २ ३ ४ ५
**अयसो अनिव्वाणं, सययं च असाहुया ॥३८॥**
६ ७ ८ ९

**શબ્દાર્થ**– વધે છે આસક્તિ તે દારૂ પીનારાને માયા મૃષાદોષ
૧ ૨ ૩ ૪ ૫
અપયશ અશાંતિ નિરંતર અસાધુતા
૬ ૭ ૮ ૯

ભાવાર્થ– તે મદિરા પીનાર સાધુને આસક્તિ વધે છે, માયા કપટ તથા મૃષાવાદના દોષો વધે છે વળી જગતમાં અપયશની વૃદ્ધિ થાય છે, તે વસ્તુ ન મળતાં ઉદ્વેગ ચિત્તમાં રહ્યા કરે છે, તૃષ્ણા વધે છે, આવા સાધુઓને દુનિયામાં કુસાધુ કહે છે અને અસાધુતાની વૃદ્ધિ થાય છે. જેથી તેને મોક્ષગતિ મળતી નથી.

**निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।**
१ २ ३ ४ ५ ६ ७
**तारिसो मरणंते वि, न आराहेइ संवरं ॥३९॥**
८ ९ ११ १२ १०

**શબ્દાર્થ**—નિત્ય ઉદ્વેગ ચિત્તવાળો જેમ ચોર પોતાના કર્મે કરી
૧ ૨ ૩ ૪ ૫ ૬
દુર્મતિ દુષ્ટચિત્તવાળો મરણનાઅવસરે ચારિત્રની આરાધના કરી
૭ ૮ ૯ ૧૦ ૧૨
શકતો નથી.
૧૧

**ભાવાર્થ**—જેમ ચોર પોતાના કર્મથી સદા ઉદ્વેગ-ચિત્તવાળો રહે તેમ, ચોરની માફક સંક્લિષ્ટ ચિત્તવાળો દુર્મતિ સાધુ મરણાંત સમયે ચારિત્રની આરાધના કરી શકતો નથી.

**आयरिए नाराहेइ, समणे या वि तारिसो ।**
१ २ ३ ४ ५
**गिहत्था वि णं गरिहंति, जेण जाणंति तारिसं ॥४०॥**
६ ७ ८ ९

શબ્દાર્થ—આચાર્યને ન આરાધે અન્ય સાધુનેપણ દારૂપીના-
૧ ૨ ૩ ૪ ૫
રની ગૃહસ્થ પણ નિંદા કરે જે જાણે દુષ્ટ આચારવાળાને
૬ ૭ ૮ ૯

ભાવાર્થ—દ્રવ્યવેશધારી દુષ્ટ આચારવાળો સાધુ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓની આરાધના—સેવા કરી શકતો નથી, તેમજ દારૂપીનારસાધુના આચારને જાણી ગૃહસ્થો પણ તેની નિંદા કરે છે.

**एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जए ।**
१ २ ३ ४ ५
**तारिसो मरणंते वि, नाराहेह संवरं ॥४१॥**
६ ७ ९ ८

શબ્દાર્થ—એવી રીતે અવગુણ સેવનાર ગુણોનો ત્યાગ કરનાર
૧ ૨ ૩ ૪ ૫
તેવો સાધુ મરણને અંતે ચારિત્રને આરાધી શકતો નથી.
૬ ૭ ૮ ૯

ભાવાર્થ—ઉપરોક્ત પ્રમાદ આદિ અવગુણના સ્થાનકનો સેવનાર, અન્યના દોષોને જોનાર, અપ્રમાદાદિક ગુણોનો ત્યાગ કરનાર, સંક્લિષ્ટ ચિત્તવાળો સાધુ મરણાંતે પણ સંવરગુણને આરાધી શકતો નથી. આત્મ કલ્યાણ કરી શકતો નથી.

**तवं कुव्वइ मेहावी, पणीयं वज्जए रसं ।**
१ २ ३ ४ ५ ६
**मज्जप्पमाय विरओ, तवस्सी अइउक्कस्सो ॥४२॥**
७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ—તપ કરે બુદ્ધિમાન સ્નિગ્ધઆહાર ત્યાગ કરે ઘૃતાદિક
૧ ૨ ૩ ૪ ૫ ૬
રસ જાત્યાદિક મદ નિંદ્રાદિક પ્રમાદ તથા મદ્ય પીવારૂપ પ્રમાદ ત્યાગ
૭ ૮ ૯

કરે તપસ્વી અતિ અહંકાર રહિત
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—બુદ્ધિમાન સાધુ તપસ્યા કરે, સરસઆહાર, ઘૃતાદિક રસ, મદિરાપાન, જાત્યાદિક આઠમદ, નિંદ્રાદિક પ્રમાદ તથા અહંકાર એ સર્વ સંયમને બાધક જાણી તેનો ત્યાગ કરે.

**तस्स पस्सह कल्लाणं, अणेग साहु पूइयं ।**
१ २ ३ ४ ५ ६
**विउलं अत्थ संजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥४३॥**
७ ८ ९ १० १२ ११

**શબ્દાર્થ**—પૂર્વોક્ત ગુણવાન દેખો ગુણની સંપદા રૂપ સંયમ
૧ ૨ ૩
કલ્યાણ ઘણા સાધુથી પૂજિત વિપુલ-વિસ્તીર્ણ અર્થતે મોક્ષાર્થ યુક્ત
૪ ૫ ૬ ૭ ૮ ૯
તેના ગુણને કહીશ મને સાંભળો
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—પૂર્વોક્ત ગુણવાન સાધુના ગુણ સંપદાવાળા સંયમ-રૂપ કલ્યાણને હે શિષ્ય ? તમે જુઓ, જે અનેક સાધુથી સેવાયેલા-પૂજાયેલા સિધ્ધાંતના અર્થ સહિત ભણેલા વિસ્તીર્ણ મોક્ષાર્થ સહિત મુક્તિના સુખને પામનારા તેવા સાધુના ગુણને કહીશ તમે સાંભળો.

**एवं तु गुणप्पेही, अगुणाणं च विवज्जए ।**
१ २ ३ ४ ५
**तारिसो मरणंते वि, आराहेइ संवरं ॥४४॥**
६ ७ ९ ८

**શબ્દાર્થ**—એમ ગુણના સેવનાર અવગુણનો ત્યાગ કરનાર તેવા
૧ ૨ ૩ ૪ ૫ ૬
સાધુ મરણાંતસુધી સંવરને આરાધે છે.
૭ ૮ ૯

**ભાવાર્થ**=એમ ગુણનો અર્થી, ક્ષમા, દયાદિ ગુણનો આચરનાર, અવિનય, ક્રોધ, હિંસાદિ અવગુણોનો ત્યાગ કરનાર, શુદ્ધ સંયમનું પાલન કરનાર એવો ગુણવંત સાધુ મરણાંત સુધી પાંચ મહાવ્રતરૂપ ચારિત્રને-સંવરને આરાધે છે.

**आयरिए आराहेइ, समणे यावि तारिसो ।**
१ २ ३ ४
**गिहत्था वि णं पूयंति, जेण जाणंति तारिसं ॥४५॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**—આચાર્યને આરાધે સાધુઓને તેવા ગુણવંતસાધુને
૧ ૨ ૩ ૪
ગૃહસ્થો પૂજે જે જાણે આચારવાળા ગુણવંતને.
૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**—આવા ગુણવાન સાધુઓ આચાર્ય, ઉપાધ્યાય તથા અન્ય સાધુઓની સેવા-વૈયાવચ્ચ કરે, આજ્ઞા પાળે, એવા ગુણવંત સાધુને જાણીને ગૃહસ્થો પણ તેમને પૂજે છે-સેવા ભક્તિ કરે છે.

**तव तेणे वय तेणे, रूव तेणे य जे नरे ।**
१ २ ३ ४ ५ ६ १० ११
**आयार भाव तेणे य, कुव्वई देवकिव्विसं ॥४६॥**
७ ८ ९ १२ १३

**શબ્દાર્થ**—તપનો ચોર વચનનો ચોર રૂપનો ચોર આચાર ભાવનો
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ચોર જે સાધુ પામે કિલ્વિષી દેવપણાને.
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—તપનો, વચનનો, રૂપનો, આચારનો, સૂત્રાર્થનો ચોર તેવો સાધુ ચારિત્રની વિરાધના કરીને મરણપછી બ્રહ્મચર્ય તથા જીવદયાના પાલન તથા દ્રવ્ય ચારિત્રની અપેક્ષાએ ઉપરના અવગુણો આશ્રી કિલ્વીષી નામના હલકામાં હલકી કોટીના દેવોમાં ઉત્પન્ન થાય છે,

**लध्धूण वि देवत्तं, उववन्नो देव किव्विसे ।**
१ २ ३ ४ ५
**तत्था वि से न याणाइ, किं मे किच्चा इमं फलं ॥४७॥**
६ ७ ८ ९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—પામીને દેવતાપણાને ઉત્પન્નથયેલ દેવ કિલવિષીમાં
૧ ૨ ૩ ૪ ૫
(સેવક દેવપણું) ત્યાં રહ્યાં થકાં નિર્મળ અવધિજ્ઞાન વિના નથી
૬ ૭ ૮
જાણતો શુ મેં પૂર્વભવમાં પાપકર્મ કર્યું જેનું પ્રત્યક્ષ આવું ફળ
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
પામ્યો.

**ભાવાર્થ**—પૂવોક્ત સંયમભાવમાં પ્રમાદ વશ બની વિરાધકપણાને આશ્રી અવગુણોના સેવનથી કિલવિષી–હલકી કોટીના દેવની જાતિમાં ઉત્પન્ન થયો. (તાત્પર્ય એ છે, કે કાંઈક કાય કલેશ કરવાથી તથા બ્રહ્મચર્ય પાલનથી ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન સુધી–ત્રણ જ્ઞાન થઈ જાય છે, તો પણ ચોરી આદિ પાપકર્મોના પ્રભાવથી જ્ઞાનાવરણીયનો પ્રબળ ઉદય થવાના કારણે અવિશુદ્ધ અવધિ રહે છે.) તપ આદિમાં માયા કપટનું ફળ વિશેષપણે છે તે કહે છે.

**तत्तो वि से चइत्ताणं, लब्भइ एल मूयगं ।**
१ २ ३ ४ ५
**नरगं तिरिक्ख जोणिं वा, बोही जत्थ सुदुल्लहा ॥४८॥**
६ ७ ८ १० ९ ११

**શબ્દાર્થ**–ત્યાંથી ચવીને પામશે બકરા આદિ માફક મૂંગા-
૧ ૨ ૩ ૪ ૫
પણું નરક તિર્યંચ યોનિ જ્યાં સમકિત અતિ દુર્લભ.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ—ત્યાંથી તે કિલ્વિષી દેવતાના ભવથી ચવીને બકરા આદિની યોનિમાં અગર મનુષ્યમાં ઉત્પન્ન થાય તો પણ બકરાની માફક મૂંગાપણે તથા નરક અને તિર્યંચગતિમાં જશે જ્યાં જૈન ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ હોય.

**एवं च दोसं दट्ठूणं, नाय पुत्तेण भासियं ।**
**१ २ ३ ४ ५**
**अणुमायंपि मेहावी, माया मोसं विवज्जण ॥४९॥**
**६ ७ ८ ९**

શબ્દાર્થ—એવા પૂર્વે કહ્યા તે દોષ દેખીને શ્રીમહાવીરે
૧ ૨ ૩ ૪
કહ્યું છે થોડી પણ માયા જુઠ વર્જે
૫ ૬ ૭ ૮ ૯

ભાવાર્થ-સાધુઓએ પૂર્વોક્ત માયા કપટ અને જૂઠું બોલવાના દોષ જાણીને પંડિત સાધુએ થોડુંયે પણ માયા કપટ અને જૂઠું બોલવું નહિ એમ જ્ઞાતપુત્ર સર્વજ્ઞ શ્રી મહાવીર દેવે કહેલ છે.

**सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे ।**
**१ २ ३ ४ ५ ६ ७**
**तत्थ भिक्खू सुप्पणिहिइन्दिए, तिव्व-लज्ज गुणवं विहरि-**
**८ ९ १० ११ १२ १३**
**ज्जासि ॥ त्तिबेमि ॥५०॥**

શબ્દાર્થ-શીખીને ભિક્ષા ગવેષણાની વિધિ શુદ્ધ સાધુ
૧ ૨ ૩ ૪ ૫
તત્ત્વના જાણ સમીપે એષણા સમિતિને વિષે સાધુ નિશ્ચળચિત્તે
૬ ૭ ૮ ૯ ૧૦

સમતાભાવમાં રાખેલ પાંચે ઇન્દ્રિયનો ધણી અનાચાર કરવામાં
૧૧
તીવ્ર લજ્જાવાળો અથવા તો ઉત્તમ સંયમની લજ્જાવાળો મૂળગુણ
૧૨
ઉત્તરગુણમાં દોષરહિત ગુણવાન સંયમમાં વિચરે.
૧૩ ૧૪

**ભાવાર્થ**—ગુર્વાદિક બહુ શ્રુત, પંડિત, તત્ત્વના જાણ, પિંડૈ-ષણાની શુદ્ધિના જાણકાર, સંયમવાન પાસે ગોચરીની એષણા-સમિતિને શીખીને તે એષણા સમિતિમાં ઉપયોગવંત રહીને પાંચ ઇન્દ્રિયોને વશ કરીને સમતાભાવથી અનાચાર સેવનમાં લજ્જાવંત થઇને પૂર્વે કહેલા સાધુના મૂળગુણ, ઉત્તરગુણોમાં દોષ રહિત ગુણોને ધારણ કરી સંયમમાં વિચરે.

**ઇતિ પિંડેસણા નામનું પાંચમું અધ્યયન સમાપ્ત**

---

## મહાચાર નામનું છઠ્ઠું અધ્યયન

**नाणदंसण संपन्नं, संजमे य तवे रयं ।**
१ २ ३ ४ ५ ६
**गणिमागमसंपन्नं, उज्जाणम्मि समोसढं ॥१॥**
७ ८ ९ १० ११
**रायाणो रायमच्चाय, माहणा अदुव खत्तिया ।**
१२ १३ १४ १५ १६
**पुच्छंति निहुयप्पाणो, कहं मे आयार गोयरो ॥२॥**
१७ १८ १९ २० २१ २२ २३

**શબ્દાર્થ**—જ્ઞાન દર્શન યુક્ત સંયમ તપ રક્ત આચાર્ય
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
આગમના જાણ ઉદ્યાનમાં પધાર્યાં રાજા રાજાના પ્રધાન બ્રાહ્મણ
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
અથવા ક્ષત્રિઓ પૂછે છે નિશ્ચળચિત્તથી કેવો ભગવંત આચાર
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨
ક્રિયા.
૨૩

**ભાવાર્થ**-જ્ઞાન દર્શન યુક્ત સંયમ અને તપમાં રકત એવા આચાર્ય આચારાંગાદિક બાર અંગના જાણ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ગામ પાસેના ઉદ્યાનમાં સમોસર્યા-પધાર્યા તે આચાર્ય પ્રત્યે રાજા, પ્રધાન, બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ નિશ્ચલ ચિત્તથી ભક્તિપુર્વક હાથ જોડીને પુછે છે કે હે આચાર્ય મહારાજ, આપનો આચાર તથા પાંચ સમિતિરૂપ ગોચરક્રિયા કેવા પ્રકારનાં છે તે કૃપા કરી અમને કહો.

**तेसिं सो निहुओ दंतो, सव्व भूय सुहावहो ।**
१ २ ३ ४ ५ ६ ७
**सिक्खाए सुसमाउत्तो, आयक्खइ वियक्खणो ॥३॥**
८ ९ १० ११

**શબ્દાર્થ**-તે રાજાદિક પ્રત્યે તે આચાર્ય નિશ્ચળચિત્તવાળા
૧ ૨ ૩
ઇન્દ્રિયના દમનાર સર્વ પ્રાણીઓને હિતકારી શિક્ષા યુક્ત કહે છે
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
પંડિત સાધુ
૧૧

**ભાવાર્થ**-હવે તે રાજા આદિ પ્રત્યે નિશ્ચળ આત્માના ધણી, પાંચ ઇન્દ્રિયોને દમનાર, સર્વજીવોને સુખદાતા, શાતાના ઉપજાવનાર,

દયાવંત, ગ્રહણ અને આસેવનારૂપ શિક્ષાથી યુક્ત એવા વિચક્ષણ આચાર્ય મહારાજ પુછેલા પ્રશ્નના ઉત્તર નીચે મુજબ આપે છે. ( જ્ઞાનનું ભણવું તે ગ્રહણશિક્ષા, નિરતિચાર વ્રતનું પાળવું તે આસેવનશિક્ષા )

**हंदि धम्मत्थकामाणं, निग्गंथाण सुणेह मे ।**
१ २ ३ ४ ५ ६ ७
**आयार गोयरं भीमं, सयलं दुरहिठियं ॥४॥**
८ ९ १० ११ १३ १२

શબ્દાર્થ—હે શ્રોતાઓ ! શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ તેનો
૧ ૨
અર્થ ( મોક્ષ પામવાનો ) અભિલાષી સાધુના સાંભળો મને
૩ ૪ ૫ ૬ ૭
જ્ઞાનાદિક આચાર ક્રિયારૂપ ચારિત્ર કેવા છે. ભયંકર સઘળાને
૮ ૯ ૧૦ ૧૧
આચરવા છે દોહિલા.
૧૨ ૧૩

**ભાવાર્થ**—હે શ્રોતાઓ ! તમે એક ચિત્તથી સાંભળો, મોક્ષના અભિલાષી મુમુક્ષુ નિર્ગ્રંથોનો-સાધુઓને શ્રુત ચારિત્રધર્મના પ્રયોજન-ક્રિયાકાંડને કહું છું. નિગ્ર-થોનો સઘળો આચાર શત્રુને જીતવાના અલ્પ સત્વવાળા જીવોને દુઃખે કરી આચરી શકે તેવો ભયંકર છે. કાયર જીવોને પાળવો દોહિલો છે.

**नन्नत्थं एरिसं वुत्तं, जे लोए परमदुच्चरं ।**
१ २ ३ ४ ५ ६ ७
**विउलट्ठाण भाइस्स, न भूयं न भविस्सइ ॥५॥**
८ ९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—બીજા સ્થળે નથી આવો કઠિન આચાર-ગોચર
૧ ૨
કહેલ જે લોકને વિષે અતિશે (કાયરને) આચરતા દોહિલો
૩ ૪ ૫ ૬ ૭
વિસ્તીર્ણ સ્થાન-મોક્ષ સંયમ સ્થાન સેવનારને (જિનમત-શ્રી વીત-
૮ ૯ ૧૦
રાગના ધર્મ સિવાય ૩૬૩ મતને વિષે નથી) ન ભૂતકાલે ન
૧૧ ૧૨ ૧૩
ભવિષ્યકાળમાં હશે (આવો કઠિન આચાર જૈન મત સિવાયના દર્શનોમાં નથી.)

**ભાવાર્થ**—હે શ્રોતાઓ લોકને વિષે આવો આચાર આચરતાં ઘણો જ દુષ્કર છે. આવો આચાર અન્ય દર્શનોમાં-ત્રણસોને ત્રેસઠ મિથ્યાત્વ મતને વિષે કહેલો નથી. ભૂતકાળમાં પણ આવો આચાર અન્ય દર્શનોમાં હતો નહિ અને ભવિષ્યકાળમાં પણ વિતરાગના માર્ગ સિવાયના મતમાં થશે નહિ, વળી મોટું મોક્ષનું સ્થાનક, તેનું ભાજન તે સંયમનું સેવન, તે અન્ય કોઇ સ્થળે નથી. આવા પ્રકારના પાંચ મહાવ્રતરૂપ કઠિન આચાર ફક્ત શ્રી વીતરાગ દર્શનમાં જ છે કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**स-खुड्डग-वियंत्ताणं, वाहियाणं च जे गुणा**
१ २ ३ ४ ५ ६ ७
**अखंड फुडिया कायव्वा, तं सुणेह जहा तहा ॥६॥**
८ ९ ९ १० ११ १२ १३

શબ્દાર્થ- તે બાળક યુવન તથા વૃદ્ધોને વ્યાધિવાળાને
૧ ૨ ૩ ૪
વ્યાધિ વગરનાને જે ગુણો (૧૮ સ્થાનકરૂપ આચાર) દેશ-
૫ ૬ ૭ ૮

વિરાધના તથા સર્વ વિરાધના રહિત પાળવા-સ્પર્શવા-આરાધવા તે
૮ ૯ ૧૦
સાંભળો જેમ તીર્થંકરદેવે કહ્યા છે તેમ.
૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**=હવે પછીની ગાથામાં કહેવામાં આવશે તે પ્રકારનો આચાર ગોચર નાની વયવાળાને, મોટીવયવાળાને, રોગીને-નિરોગી-બાળકને, યુવાનને, વૃદ્ધોને, થોડી પણ વિરાધના રહિત તથા સર્વ થકી વિરાધના રહિત, સંપુર્ણ પાળવો, તે આચાર જેમ શ્રી તીર્થંકરદેવે કહેલ છે. તેમ હું તમોને ( શિષ્યોને ) કહું છું.

**दस अठ य ठाणाइं, जाइं बालो वरज्झइ ।**
१ २ ३ ४ ५ ६
**तत्थ अन्नयरे ठाणे, निग्गंथत्ता उ भस्सइ ॥७॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—દસ આઠ સ્થાનક જે સ્થાનક તત્વના અજાણ
૧ ૨ ૩ ૪ ૫
વિરાધે તે અઢાર માંહેતું એક પણ સ્થાનક નિગ્રંથપણાથી
૬ ૭ ૮ ૯ ૧૦
ભ્રષ્ટ થાય.
૧૧

ભાવાર્થ-અઢાર સ્થાનકરૂપ આચાર જે કહેશે તે માંહેતું કોઈ પણ એક સ્થાનક અજ્ઞાની વિરાધે તો તે સાધુ નિગ્રંથપણાથી-સાધુપણાથી ભ્રષ્ટ થાય.

**वय-छक्कं कायछक्कं, अकप्पो गिहि-भायणं ।**
१ २ ३ ४
**पलियंक निसेज्जा य, सिणाणं सोह-वज्जणं ॥८॥**
५ ६ ७ ८ ९

શબ્દાર્થ—છ વ્રત છકાય અકલ્પનિક ગૃહસ્થનું ભાજન
૧ ૨ ૩ ૪
પલંગ ગૃહસ્થના ઘરે બેસવું સ્નાન કરવું શરીર શોભા કરવી
૫ ૬ ૭ ૮
વર્જવા.
૯

ભાવાર્થ—પાંચ મહાવ્રત તે અહિંસા, સત્ય, અચોર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહીપણું, છઠું રાત્રિભોજનનો ત્યાગ, તથા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય એ છકાય જીવોની દયા પાળવી. (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ પાંચેને ભગવંતે જીવ રૂપ કહેલા છે) અકલ્પનીક આહારાદિકનો ત્યાગ કરવો, ગૃહસ્થના ભાજનમાં જમવું નહિ, પલંગ આદિ ગૃહસ્થોના આસનમાં (જેનું પ્રતિલેખન ન થઇ શકે તેવા) શયન કરવું નહિ સુવું નહિ, ગૃહસ્થના ઘરે બેસવું નહિ, સર્વથા કે દેશથી સ્નાન કરવું નહિ, શરીરની શોભા–વિભુષા કરવી નહિ. આ અઢાર સ્થાનકનું પાલન કરવું. ગાથા ૭માં કહ્યું તે પૈકી વિરાધના કરનાર સાધુપણાથી ભ્રષ્ટ થાય છે.

**तत्थिमं पढमं ठाणं, महावीरेण देसिग्रं ।**
१ २ ३ ४
**अहिंसा निउणा दिठा, सव्व भूएसु संजमो ॥९॥**
६ ७ ८ ९ १० ११

શબ્દાર્થ—તેમાં પ્રથમ સ્થાનક ભગવંત મહાવીરે કહ્યું
૧ ૨ ૩ ૪ ૫
જીવ દયા–અભયદાન ભલી દીઠી, સર્વ જીવોને વિષે દયા પાળવી.
૭ ૮ ૯ ૧૦ ૧૧

શબ્દાર્થ—ઉપર કહેલા અઢાર સ્થાનકોમાં પ્રથમ સ્થાનક

ભગવંત મહાવીર દેવે જીવદયારૂપ અહિંસાનું પાલન કરવા કહ્યું (આહારના આધાકર્માદિ દોષો ટાળવાથી નિપુણ મોક્ષના સુખની આપનારી અહિંસાને ભલી કહી છે.) તે સુક્ષ્મ રીતે ધર્મના સાધનરૂપે અહિંસાને દીઠી, તે સર્વ જીવોને વિષે દયા પાળવી, તે પ્રથમ અહિંસારૂપ મહાવ્રત જાણવું.

**जावंति लोए पाणा, तसा अदुव थावरा ।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**ते जाणमजाणं वा, न हणे नो वि घायए ॥१०॥**
૯ ૭ ૮ ૧૧ ૧૦ ૧૩ ૧૨

શબ્દાર્થ—જેટલા લોકમાં પ્રાણીજીવ છે ત્રસજીવ અથવા
૧ ૨ ૩ ૪ ૫
સ્થાવરજીવ પૃથ્વીઆદિક જાણતાં અજાણતાં તેને હણે નહિ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
બીજા પાસે હણાવે નહિ.
૧૨ ૧૩

ભાવાર્થ—ઉર્ધ્વ, અધો અને તીર્છા લોકમાં જેટલા ત્રસ અને સ્થાવર જીવો છે, તે સર્વ જીવોને જાણતાં કે અજાણતાં પોતે હણવા નહિ, તેમજ બીજા પાસે હણાવવા નહિ અને હણતાને અનુમોદન દેવું નહિ, એવો સાધુ આચાર છે અને તે આત્માને હિતકર છે.

**सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।**
૧ ૨ ૩ ૪ ૬ ૫
**तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥११॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

શબ્દાર્થ—સર્વ જીવો ઇચ્છે છે જીવન જીવવાને મરવા
૧ ૨ ૩ ૪ ૫

ઇચ્છતા નથી તેથી પ્રાણીજીવની હિંસા ભયંકર જાણી ( નરકાદિ-
૬ ૭ ૮ ૯ ૧૦
ગતિના હેતુ છે.) સાધુઓ હિંસાનો ત્યાગ કરે.
૧૧ ૧૨

**ભાવાર્થ**—સંસારી સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, પણ કોઈ મરણને ઈચ્છતું નથી. તેમજ જીવ હિંસાનું પાપ નરકાદિ-ગતિનાં દુઃખરૂપ ભયંકર છે. એમ જાણી સાધુઓ તથા આત્માર્થી જીવોએ જીવહિંસાથી નિવર્તવું-હિંસાનો ત્યાગ કરવો, તે પોતાના આત્માને સુખના હેતુરૂપ છે. આ પ્રથમ મહાવ્રત.

**अप्पणट्टा परट्ठा वा, कोहा बा जइ वा भया ।**
१ २ ३ ४ ५
**हिंसगं न मुसं बूया, नो वि अन्नं वयावए ॥१२॥**
६ ९ ७ ८ १२ १० ११

**શબ્દાર્થ**—પોતાના માટે બીજાને માટે ક્રોધથી અથવા
१ २ ३ ४
ભયથી-માનથી-લોભથી હિંસા થાય તેવું જૂઠું ન બોલે બીજા
૫ ૬ ૭ ૯ ૮ ૧૦
પાસે બોલાવે નહિ.
૧૧ ૧૨

**ભાવાર્થ**-પોતાના અર્થે અથવા પારકા-બીજાના અર્થે ક્રોધે કરી, માને કરી, માયાએ કરી, લોભે કરી, હાસ્યે કરી, ભયે કરી, જીવની હિંસા થાય તથા કોઈના પ્રાણ દુભાય, તેવું જૂઠું બોલે નહિ, બીજા પાસે જૂઠું બોલાવે નહિ, અન્ય કોઇ જૂઠું બોલતો હોય તેને ભલું જાણે નહિ. આવા પ્રકારનો સાધુ આચાર છે.

**मुसावाओ उ लोगम्मि, सव्व साहूहिं गरिहिओ ।**
१ २ ३ ४ ५
**अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥१३॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–મૃષાવાદને લોકમાં સર્વ સાધુપુરૂષોએ નિંદ્યો છે
૧ ૨ ૩ ૪ ૫
તે અવિશ્વાસનો હેતુ છે. જીવોએ તેથી મૃષાવાદનો ત્યાગ કરવો.
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**–જૂઠું બોલવાવાળાનો, લોકને વિષે કોઈ વિશ્વાસ કરે નહિ. વળી જૂઠા વચનને માઠું જાણી સર્વ સાધુ–ઉત્તમ પુરૂષોએ નિંદેલ છે, એમ જાણી અસત્ય બોલવું નહિ ( સત્યવચનરૂપ બીજું મહાવ્રત )

**चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।**
१ २ ३ ४ ५
**दंत सोहण मित्तंपि, उग्गहंसि अजाइया ॥१४॥**
६ ७ ८

**तं अप्पणा न गिण्हंति, नो वि गिण्हावए परं ।**
९ १० १२ ११ १५ १४ १३
**अन्नं वा गिण्ह माणं वि, नाणु जाणंति संजया ॥१५॥**
१६ १७ २० १८ १९ २१

**શબ્દાર્થ**–સચિત્ત ( બે પગવાળા તથા ચાર પગવાળા જીવ )
૧

અચિત્ત ( સોનું રૂપું આદિ પદાર્થો ) થોડું અથવા ઝાઝું દાંત
૨ ૩ ૪ ૫
ખોતરવાની સળી પણ માલિકની રજા વિના અણયાચી તે કોઈ પણ
૬ ૭ ૮
વસ્તુ પોતે ગ્રહણ ન કરે બીજા પાસે ગ્રહણ કરાવે નહિ. અન્ય
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
ગ્રહણ કરનારને ભલું જાણે નહિ સાધુ
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧

**ભાવાર્થ**–સચેત અથવા અચેત થોડા મૂલ્યની કે વધારે મૂલ્યવાળી તથા દાંત ખોતરવાની સળી જેવી વસ્તુ પણ જેના તાબામાં હોય તે ધણીની આજ્ઞા વિના–યાચના કર્યા વિના સાધુ પોતે લીએ નહિ. બીજા પાસે લેવરાવે નહિ, અદત્ત લેવાવાળાને અનુમોદન આપે નહિ, એવો સાધુનો આચાર છે. એ ત્રીજા મહાવ્રતની પ્રતિજ્ઞા છે.

**अबंभचरियं घोरं, पमायं दुरहिट्ठियं ।**
१ २ ३ ४
**नायरंति मुणी लोए, भेयाययण वज्जिणो ॥१६॥**
५ ६ ७ ८ ९ १०
**मूल मेय महम्मस्स, महादोस समुस्सयं ।**
१३ ११ १२ १४ १५ १६
**तम्हा मेहुणसंसग्गं, निग्गंथा वज्जयंति णं ॥१७॥**
१७ १८ १९ २० २१

**શબ્દાર્થ**–મૈથુનનું સેવન ઘોર દુઃખનું કારણ છે. પ્રમાદનો
૧ ૨ ૩
હેતુ અનંતા ભવના હેતુરૂપ દુર્ગતિનું કારણ આચરે નહિ–સેવે
૪ ૫

નહિ સાધુ લોકને વિષે ચારિત્રનો ભેદ થવાનું કારણ નષ્ટ થવાનો
૬ ૭ ૮
હેતુ એ સ્થાન વર્જે મૈથુન અધર્મનું મૂળ છે, મોટા દોષના
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
સમૂહ–ઢગલારૂપ તેથી કરીને મૈથુનના સંસર્ગનો સાધુઓ
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
ત્યાગ કરે
૨૧

**ભાવાર્થ**–મૈથુનનું સેવન સાધુને માટે અથવા હરકોઇ જીવોને માટે ભયંકર દુઃખના હેતુરૂપ છે, પ્રમાદનું કારણ છે, પ્રમાદ એ દુઃખને ઉત્પન્ન કરવામાં સહાયક છે, તેથી દુઃખ રૂપ જ છે, વળી મૈથુન-સેવન અનંતા ભવના હેતુરૂપ દુર્ગતિ પમાડનાર છે. સંયમની વિરાધનાનું સ્થાનક છે, અધર્મનું મૂળ છે, મોટા દોષના સમૂહને ઉત્પન્ન કરાવનાર, તેમજ તેના કડવા વિપાકોના સમુહરૂપ કર્મનો ક્ષય દુઃખે કરી થવો પણ દુષ્કર છે. એમ જાણી સંસારના હેતુરૂપ જાણી, જિન વચનના જાણ, એવા નિર્ગ્રન્થોએ તેમજ આત્માર્થી પુરૂષોએ નહિ આચરેલું, એવા મૈથુન સેવનનો સાધુ પુરૂષો તથા આત્માર્થી પુરૂષો ત્યાગ કરે, મૈથુન સેવન કરે નહિ, તે આત્મહિતનું કારણ છે. વિશેષમાં ચારિત્રની સર્વથા વિરાધના કરનારા એવા પ્રાણાતિપાત આદિથી બ્હીતો ભિક્ષુ સંસારમાં ઘોર દુઃખોના જનક, સત્ અસત્‌ના વિવેકથી વિકળ બનાવી પ્રમાદને પેદા કરનાર જન્મ, જરા, મરણની પીડાથી ભરેલા અપાર સંસારમાં વારંવાર પરિભ્રમણ કરાવવાના કારણરૂપ દુષ્ફલ દાતા એવા મૈથુનનું સેવન કદાપિ કરતો નથી, મૈથુન એ હિંસા આદિ અનેક દારુણ કર્મો ઉત્પન્ન કરાવવાનું કારણ છે. વધબંધન આદિ મહાદોષોનું કારણ હોઇ અબ્રહ્મચર્યના પાપોનો અંત આવી શકતો નથી, કારણ કે અશુભ ભાવનારૂપ અંકુરોની ઉત્પત્તિ અવશ્ય થાય છે, વળી મૈથુન–

સેવનથી સર્વ વ્રતોનો ભંગ થાય છે, બ્રહ્મચર્યની કોઇપણ વાડનો ભંગ કરવાથી વ્રતોમાં મલિનતા થાય છે એમ જાણી સાધકે તે મૈથુન-રૂપ પાપ કર્મથી દૂર રહેવું. (ચોથું મહાવ્રત)

**बिड मुब्मेइमं लोणं, तिल्लं सप्पि च फाणियं ।**
१ २ ३ ४ ५ ६
**न ते संनिहि मिच्छंति, नायपुत्त वओरया ॥१८॥**
९ १० ७ ८ ११ १२ १३

**શબ્દાર્થ**-પકાવેલ મીઠું-બલવણ સમુદ્રનું મીઠું, મીઠું તેલ
૧ ૨ ૩ ૪
ઘી ઢીલો ગોળ-રાતવાસી રાખવું તે ઇચ્છે નહિ સાધુ જ્ઞાત પુત્ર
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
મહાવીરસ્વામીના વચનમાં રક્ત હોય તે.
૧૨ ૧૩

**ભાવાર્થ**-ભગવાન્ જ્ઞાતપુત્ર મહાવીરસ્વામીના વચનમાં રક્ત સાધુ કોઇપણ જાતનું અચેત મીઠું-મામુલી કિંમતવાળું હોવા છતાં સંગ્રહ કરે નહિ, તથા સાધારણ આહારની વસ્તુ કે જે તેલ, ઘી, ગોળ આદિ રાત્રિવાસ રાખવાને ઇચ્છે નહિ, કોઇ પણ આહારની વસ્તુ રાતવાસી રાખવી સાધુ સાધ્વીને કલ્પે નહિ.

**लोहस्सेस अणुप्फासें, मन्ने अन्नयरामवि ।**
१ २ ३ ४ ५
**जे सिया सन्निहिं कामे, गिही पव्वइए न से ॥१९॥**
६ ७ ८ ९ १० ११ १२ १३

શબ્દાર્થ-લોભનો આ મહિમા-પ્રભાવ માનું છું અન્ય
૧ ૨ ૩ ૪ ૫
થોડી પણ વસ્તુ જે કોઈ હોય વાસી રાખવાનો અભિલાષી
૬ ૭ ૮ ૯

ગૃહસ્થ સાધુ નહિ તેને કહેવાય.
૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**-જે કોઇ સાધુ લોભને વશ થઇ, આહારાદિકની થોડી પણ વસ્તુને રાતવાસી રાખવા ઇચ્છે અથવા વાસી રાખે તો તેને ભાવ સાધુ કહેવાય નહિ, પણ તે ગૃહસ્થ છે તેમ જાણવું. તાત્પર્ય એ છે કે લોભ ચારિત્રનો વિનાશ કરનાર છે. તેથી જે સંનિધિનું સેવન કરે તે ગૃહસ્થની સમાન વૃત્તિવાળો હોવાથી અસાધુ બની જાય છે એમ જાણી સંનિધિનો ત્યાગ કરવો, એમ શ્રી તીર્થંકર દેવોએ કહેલ છે,

**जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
१ २ ३ ४ ५
**तं पि संजम लज्जट्ठा, धारंति परिहरंति य ॥२०॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**-જે કોઇ વસ્ત્ર પાત્ર કાંબળ રજોહરણ તે સંયમ-
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
પાળવા લજ્જા માટે રાખે ભોગવે
૮ ૯ ૧૦

**ભાવાર્થ**-જે માનોપેત અને કલ્પનીક વસ્ત્ર, પાત્ર, કાંબળ, રજોહરણ, આદિ ઉપકરણો રાખે છે તે બધા સંયમપાલન માટે તથા શરીરની લજ્જા રાખવા અને તે પણ મૂર્છા રહિત રાખે-ભોગવે.

**न सो परिग्गहो वुत्तो, नाय पुत्तेण ताइणा ।**
१ २ ३ ४ ५ ६
**मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥२१॥**
७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ-ન તે, મમતારહિત વસ્ત્રાદિક રાખતા પરિગ્રહ કહ્યો
૧ ૨ ૩ ૪

મહાવીરસ્વામીએ છકાયના રખવાલે મુર્છાને (વસ્ત્રાદિ ઉપકરણો
૫ ૬ ૭
ઉપર મમત્વ હોય તો) પરિગ્રહ કહ્યો છે એવું કહેલ છે
૮ ૯ ૧૦ ૧૧
મહાન ઋષિએ–ભગવંતે
૧૨

**ભાવાર્થ**–છકાય જીવોના રક્ષણના કરનાર જ્ઞાતપુત્ર ભગવંત મહાવીર દેવે વસ્ત્ર, પાત્રાદિ સંયમના ઉપકરણોને પરિગ્રહ કહેલ નથી. પરંતુ ધર્મોપકરણ કહ્યા છે, પણ જો તે વસ્ત્રાદિક ઉપકરણોમાં મમત્વ ભાવ રાખે તો તેને પરિગ્રહ કહેલ છે.

**सव्वत्थुवहिणा बुध्धा, संरक्खण परिग्गहे।**
१ २ ३ ४ ५ ६
**अवि अप्पणो वि देहम्मि, नायरंति ममाइयं ॥२२॥**
७ ८ ९ १२ ११ १०

શબ્દાર્થ–સર્વ ઉચિત ક્ષેત્ર કાળને વિષે વસ્ત્રાદિ ઉપધિ
૧ ૨ ૩
તત્વના જાણ સંરક્ષણ માટે વસ્ત્રાદિક ઉપધિ વળી પોતાના
૪ ૫ ૬ ૭ ૮
દેહ ઉપર મમત્વ રાખે નહિ
૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**–જ્ઞાનીઓ–સાધુઓ સર્વ ઉચિત દેશકાળમાં, યોગ્ય ધર્મોપધિ રાખવાવાળા તત્ત્વજ્ઞ બુધ્ધિવાન સ્થાન વસ્ત્રાદિ વગેરે સંયમના રક્ષણ માટે અંગીકાર કરે છે, કેમકે તેઓ પોતાના શરીર ઉપર પણ મમત્વ રાખતા નથી, તો વસ્ત્રાદિ ઉપર મમત્વ કેમ રાખે ? ન રાખે, પરંતુ જો મમત્વ ભાવે ઉપગરણ રાખતા હોય તો તેને પરિગ્રહ કહેવાય. એમ જાણી સાધુ કોઇ વસ્તુ ઉપર મમત્વ ભાવ રાખે નહિ, (પાંચમું મહાવ્રત સમાપ્ત)

**अहो निच्चं तवो कम्मं, सव्वबुध्धेहिं वण्णियं ।**
१ २ ३ ४ ५ ६
**जाय लज्जासमावित्ती, एगभतं च भोयणं ॥२३॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–આશ્ચર્યની વાત નિત્ય તપ કર્મ સર્વ
૧ ૨ ૩ ૪
તીર્થંકરોએ કહેલ છે જે સંયમ અવિરોધી વૃત્તિ–દેહપોષણ
૫ ૬ ૭ ૮ ૯
એકવાર ભોજન.
૧૦ ૧૧

ભાવાર્થ–સંયમપાલનમાં વિરોધ ન આવે તેવી રીતે દેહના પોષણ પુરતું દિવસના એકવાર ભોજન કરનારને શ્રી તીર્થંકરદેવોએ સદાકાળ તપ–કર્મ કહેલ છે. જે સંયમલજ્જા સરખીવૃત્તિ એટલે સંયમનો નિર્વાહ કરવાને અર્થે દિવસમાં એકવાર ભોજન કરે, રાત્રિ ભોજન ન કરે તેથી તેને નિત્ય તપસ્વી કહેવાય ( એક જ વખત ભોજન કરવા આશ્રી ( છઠું વ્રત )

**संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।**
३ १ २ ४ ५ ६
**जाइ राओ अपासंतो, कहमेसणीयं चरे ॥२४॥**
८ ७ ९ १० ११ १२

**શબ્દાર્થ**–સૂક્ષ્મ જીવો છે ત્રસજીવો અથવા સ્થાવર જીવો
૧ ૨ ૩ ૪ ૫
પૃથ્વી આદિ રાત્રે જે જીવો દેખાય નહિ કેમ નિર્દોષ ગોચરી
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
થઈ શકે.
૧૨

**ભાવાર્થ**-રાત્રિએ ભોજન કરવાથી દોષ લાગે તે બતાવે છે. આ પ્રત્યક્ષ દેખાતા એવા કેટલાક સુક્ષ્મ અવગાહનાવાળા બે ઇન્દ્રિયાદિ ત્રસ પ્રાણીઓ તથા પૃથ્વીકાય આદિ સ્થાવર જીવો છે કે જેઓ રાત્રે દેખવામાં ન આવે. તેથી સાધુઓ રાત્રે નિર્દોષ ગોચરી કેમ કરી શકે? તેમ જ ભોજન કરતાં અને ગોચરીએ ફરતા ઉપરોક્ત જીવોની ઘાત થાય. દયા પાળી શકાય નહિ. એમ જાણી સાધુ રાત્રિ ભોજન કરે નહિ.

**उदउल्लं बीय संसत्तं, पाणा निवडिया महिं ।**
१ २ ३ ४ ५ ६
**दिया ताइं विवज्जिज्जा, राओ तत्थ कहं चरे ॥२५॥**
७ ८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**-પાણીથી ભીંજાએલ જેમાં બીજ સહિતહોય પ્રાણીજીવ
૧ ૨ ૩ ૪
પડયા હોય પૃથ્વી ઉપર દિવસે તેમને વર્જે રાત્રે તેમની કેમ દયા પાળી
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
શકાય ?

**ભાવાર્થ**-રાત્રિ ભોજનમાં તથા આહારપાણી ગવેષવામાં જે દોષ લાગે તે કહે છે કે ધરતી-જમીન પાણીથી ભીની હોય, જમીન ઉપર પાણી, બીજ, કીડી, કુંથવા આદિ જીવો પડયા હોય, તેમજ આહાર પણ સચેત પાણીથી ભીંજાએલ હોય અથવા બીજ આદિથી મિશ્ર હોય, તથા સંપાતિમ આદિ પ્રાણીઓ રહ્યા હોય, તેનો દિવસે તો ત્યાગ કરી શકાય, તેની દયા પાળી શકાય, પણ રાત્રે તેનો ત્યાગ કરી કેમ ચાલી શકાય? ઇર્યાસમિતિ શોધી શકાય નહિ. જેથી રાત્રિ-ભોજનનો ત્યાગ કરવો,

**एयं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासियं ।**
१ २ ३ ४ ५
**सव्वाहारं न भुंजंति, निग्गंथा राइभोयणं ॥२६॥**
६ ७ ८ ९ १२ १० ११

**શબ્દાર્થ**-એ પ્રાણી હિંસારૂપ દોષ દેખીને જ્ઞાતપુત્ર મહાવીર-
૧ ૨ ૩ ૪
સ્વામીએ કહ્યું સર્વ આહાર ન ભોગવે રાત્રે ભોજન સાધુ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-પૂર્વોક્ત દોષો રાત્રિ ભોજનમાં દેખીને જ્ઞાતપુત્ર ભગવંત મહાવીર સ્વામીએ કહેલ છે કે સાધુઓએ સર્વથા ચારે પ્રકારનો આહાર રાત્રે ખાવો નહિ. તેમજ ગ્રહણ પણ નહિ કરવો. પાંચ મહાવ્રતરૂપ પાંચ સ્થાનક અને આ રાત્રિભોજન ન કરવા રૂપ છઠું સ્થાનક (રાત્રીએ ભોજન કરતાં ઉડકણા ત્રસજીવોની પણ ઘાત થવા સંભવ)

**पुढविकायं न हिंसंति, मणसा वयसा कायसा।**
१ २ ३ ४ ५ ६
**तिविहेण करण जोएण, संजया सुसमाहिया ॥२७॥**
७ ८ ९ १० १२ ११

**શબ્દાર્થ**-પૃથ્વીકાય જીવોને ન હણે મનથી વચનથી કાયાથી
૧ ૨ ૩ ૪ ૫ ૬
ત્રણ પ્રકારે હણે નહિ હણાવે નહિ અનુમોદે-નહિ ત્રણે યોગોથી સાધુ
૭ ૮ ૯ ૧૦
સમાધિવંત ભલો.
૧૧ ૧૨

**ભાવાર્થ**-પૃથ્વીકાય જીવોની દયા પાળવા માટે કહે છે કે ભલા સમાધિવંત સાધુઓ પૃથ્વીકાયના જીવોને મનથી, વચનથી, કાયાથી, હણે નહિ, હિંસા કરે નહિ, હણાવે નહિ અને હણતા હોય તેને ભલું જાણે નહિ. એટલે પૃથ્વીકાય જીવની હિંસા કરતા નથી, કરાવતા નથી, હિંસાના કરનારાને ભલું જાણતા નથી.

**पुढविकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए।**
१ २ ३ ४ ५
**तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥२८॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**–પૃથ્વીકાયને હણુતો હણે પૃથ્વીકાયને આશ્રિત રહેલા
૧ ૨ ૩ ૪ ૫
ત્રસજીવો બે ઇન્દ્રિયાદિક ઘણા પ્રકારના બીજા પ્રાણીઓ દૃષ્ટિથી
૬ ૭ ૮
દેખાય તેવાને ચક્ષુથી ન દેખાય તેવાને
૯ ૧૦

**ભાવાર્થ**–પૃથ્વીકાયની હિંસા કરતા થકા તેને આધારે રહેલા ત્રસજીવો તથા બીજા અનેક પ્રકારના ચક્ષુથી દેખાય એવા અને ચક્ષુથી ન દેખાય એવા ત્રસ અને સ્થાવર જીવોને હણે છે.

**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वढणं।**
१ २ ३ ४ ५ ६
**पुढविकाय समारंभं, जावजीवाए वज्जए ॥२९॥**
७ ८ ९ १० ११

*શબ્દાર્થ–તેથી એવા દોષોને જાણીને દોષો દુર્ગતિના વધારનારા*
૧ ૨ ૩ ૪ ૫ ૬
પૃથ્વીકાયની હિંસાનો જાવ જીવ ત્યાગ કરે.
૭ ૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ–પૃથ્વીકાયની હિંસા કરતા તેની નિશ્રાએ રહેલા બીજા જીવો પણ હણાય છે, આવા હિંસાના દોષો દુર્ગતિને વધારનારા છે. એમ જાણીને સાધુએ પૃથ્વીકાયના સમારંભનો જાવજીવ સુધી ત્યાગ કરવો. સ્થાનક સાતમું

**आउकायं न हिंसंति, मणसा वयसा कायसा ।**
१ २ ३ ४ ५ ६
**तिविहेण करण जोएण, संजया सु समाहिया ॥३०॥**
७ ८ ९ १० ११ १२
**आउकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।**
१३ १४ १५ १६ १७
**तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥३१॥**
१८ १९ २० २१ २२
**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वढणं ।**
२३ २४ २५ २६ २७ २८
**आउकाय समारंभं, जाव जीवाए वज्जए ॥३२॥**
२९ ३० ३१ ३२ ३३

શબ્દાર્થ-પાણીના જીવોને ન હણે મનથી વચનથી કાયાથી
૧ ૨ ૩ ૪ ૫ ૬
ત્રિવિધે કરી કરણ જોગે કરી સાધુ ભલો સમાધિવંત પાણીના
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
જીવોને હણતાં થકા હણે પાણીના જીવોને આશ્રિત રહેલા ત્રસજીવો
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
અનેક પ્રકારના પ્રાણીજીવો ચક્ષુથી દેખાય એવા, ચક્ષુથી ન દેખાય
૧૯ ૨૦ ૨૧ ૨૨
તેવાને તેથી એ દોષોને જાણી દોષો દુર્ગતિના વધારનારા છે.
૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮
અપકાયના સમારંભનો જાવજીવ સુધી ત્યાગ કરે.
૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩

**ભાવાર્થ**-સુ સમાધિવંત સાધુઓ પાણીના જીવોને મન, વચન, કાયાએ કરી હણતા નથી, બીજા પાસે હણાવતા નથી,

હણનારાને અનુમોદતા નથી. પાણીના જીવોની હિંસા કરતાં, તેની નિશ્રાએ રહેલા ત્રસજીવો તથા બીજા અનેક પ્રકારના ચક્ષુથી દેખાય એવા તથા ન દેખાય તેવા જીવોને હણે છે. આવા જીવહિંસાના દોષો દુર્ગતિના વધારનારા છે એમ જાણી સાધુઓએ અપકાયના-પાણીના જીવોના આરંભનો જાવજીવ ત્યાગ કરવો. સ્થાનક ૮મું

**जायतेयं न इच्छंति, पावगं जलइत्तए।**
१ २ ३ ४ ५
**तिक्खमन्नयरं सत्थं, सव्वओ वि दुरासयं ॥३३॥**
६ ७ ८ ९ १०
**पाईणं पडिणं वा वि, उढं अणुदिसामवि।**
११ १२ १६ १५
**अहे दाहिणओ वा वि, दहे उत्तरओ वि य ॥३४॥**
१७ १३ १८ १४
**भूयाण मेस माघाओ, हव्ववाहो न संसओ।**
१९ २० २१ २२ २३ २४
**तं पईव पयावट्ठा, संजया किंचि नारंभे ॥३५॥**
२५ २६ २७ २८ २९ ३१ ३०

**શબ્દાર્થ**-અગ્નિને ન ઇચ્છે મને કરી પાપનું કારણ અગ્નિને
૧ ૨ ૩ ૪ ૫
સળગાવવો તે તીક્ષ્ણ ધારવાળું અન્ય કોઈ નથી શસ્ત્ર સર્વપ્રકારથી
૬ ૭ ૮ ૯
દુઃખે સહન કરી શકાય તેવું પૂર્વ દિશામાં પશ્ચિમ દિશામાં દક્ષિણ
૧૦ ૧૧ ૧૨
દિશામાં ઉત્તર દિશામાં વિદિશાઓમાં ઉર્ધ્વદિશામાં અધોદિશામાં
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
સર્વ દિશાઓમાં રહેલા જીવોને બાળે છે પ્રાણીઓને એ ઘાત
૧૮ ૧૯ ૨૦ ૨૧

કરવાના હેતુરૂપ અગ્નિ જીવોને હણે તેમાં નથી સંશય તેથી
૨૨ ૨૩ ૨૪
અગ્નિને દીવાના પ્રકાશ માટે ઠંડી દૂર કરવા તાપ માટે સાધુ હોય તે
૨૫ ૨૬ ૨૭ ૨૮
થોડો પણ અગ્નિનો આરંભ ન કરે.
૨૯ ૩૦ ૩૧

**ભાવાર્થ**–અગ્નિના જીવોની દયા પાળવા બાબતમાં કહે છે. સામાન્ય થોડો અગ્નિ પણ પાપનું કારણ છે. જીવહિંસાનું કારણ છે, એમ જાણી સાધુ અગ્નિને જાજ્વલ્યમાન કરવાને મનથી પણ ઈચ્છે નહિ. લોઢાના શસ્ત્રથી પણ અગ્નિરૂપ શસ્ત્ર ઘણું તિક્ષ્ણ છે. તે સર્વ પ્રકારે સહન કરતાં ઘણું જ દુષ્કર છે. વળી અગ્નિરૂપ શસ્ત્ર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ, અધો અને વિદિશામાં રહેલા જીવોને બાળી ભસ્મ કરે છે, દશે દિશામાં રહેલા જીવોની ઘાત કરનાર શસ્ત્ર છે. તેમાં સંશય નથી. એમ જાણીને સાધુ–પુરૂષોએ દીવાના પ્રકાશ માટે અથવા તો ઠંડી દૂર કરવા તાપ માટે થોડો કે ઘણો અગ્નિનો આરંભ કરવો નહિ.

**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वढणं ।**
**तेउकाय समारंभं, जाव जीवाए वज्जए ॥३६॥**

**શબ્દાર્થ**–ગાથા બત્રીશ મુજબ. અહિં અગ્નિના આરંભનો ત્યાગ કરવો

**ભાવાર્થ**–અગ્નિના આરંભથી ઉત્પન્ન થતા દોષો દુર્ગતિને વધારનારા છે એમ જાણી સાધુઓએ જાવ-જીવ સુધી અગ્નિકાયના આરંભનો ત્યાગ કરવો. સ્થાનક નવમું

**अणिलस्स समारंभं, बुद्धा मन्नंति तारिसं ।**
१ २ ३ ४ ५
**सावज्ज बहुलं चेयं, नेयं ताइहिं सेवियं ॥३७॥**
६ ७ ८ १० ९ ११

**तालियंटेण पत्तेण, साहाविहुयणेण वा ।**
१२ १३ १४ १५
**न ते वीइउ मिच्छंति, वीयावेऊण वा परं ॥३८॥**
१६ १७ १८ १९ २१ २०
**जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
२३ २२ २४ २५ २६ २७
**न ते वाय मुइरंति, जयं परिहरंति य ॥३९॥**
२८ २९ ३० ३१ ३२ ३३
**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वढणं ।**
३४ ३५ ३६ ३७ ३८ ३९
**वाउकाय समारंभं, जाव जीवाए वज्जए ॥४०॥**
४० ४१ ४२ ४३ ४४

**શબ્દાર્થ**–વાયુકાયનો આરંભ તીર્થંકરો માને છે અગ્નિના
૧ ૨ ૩ ૪ ૫
આરંભ સમાન જીવ હિંસાનું પાપ ઘણું વાયુકાયનો આરંભ સાધુઓએ
૬ ૭ ૮ ૯
ન કરવો તાડપત્ર આદિના વિંજણાથી વૃક્ષના પાંદડાથી વૃક્ષની ડાળીથી
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
એક પડવાળા વિંજણાથી નહિ વાયુને વિંજવો ઇચ્છે બીજા પાસે
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
વિંજાવવાને વળી જે વસ્ત્ર પાત્ર કાંબલ રજોહરણ અથવા પગ લુવાનું
૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭
કપડું ન કરે સાધુ વાયરાની ઉદીરણા થાય તેમ જયણાપૂર્વક ઉપ-
૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
કરણો ભોગવે–વાયુ કાયની વિરાધનાનો ત્યાગ કરે તેથી પાપનું
૩૩ ૩૪ ૩૫

કારણ જાણી દોષો દુર્ગતિના વધારનારા વાયુકાયનો આરંભ સાધુ
૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦ ૪૧
જાવજીવ સુધી ત્યાગ કરે.
૪૨ ૪૩ ૪૪

**ભાવાર્થ**-શ્રી તીર્થંકર દેવોએ વાયુના આરંભને અગ્નિના આરંભસમાન પાપકારી ઘણા દોષો ઉત્પન્ન કરાવનાર માનેલ છે. આવા ઘણા પાપના સમૂહને ઉત્પન્ન કરનારા વાયુના આરંભનું મુનિઓ સેવન કરતા નથી. તાડના વિંજણાથી કે વૃક્ષના પાંદડાથી કે વૃક્ષની ડાળીથી કે કોઇપણ અન્ય વસ્તુથી સાધુઓ પોતે પવન ખાતા નથી, તેમજ બીજા પાસે પોતાને વિંઝાવતા નથી, અને વાયુ ખાનારને અનુમોદતા નથી. વળી જે વસ્ત્ર, પાત્ર, કાંબલ, રજોહરણ આદિ ધર્મોપગરણોથી સાધુ વાયુની ઉદીરણા કરતા નથી. પણ જયણાપુર્વક વાયુકાયની વિરાધનાનો ત્યાગ કરે છે. વાયુકાયની વિરાધનાથી ઉપન્ન થતાં દોષો દુર્ગતિને વધારનારા-સંસાર પરિભ્રમણ રૂપ, જન્મ મરણને વધારનારા જાણીને સાધુઓએ જાવજીવ સુધી વાયુકાયના આરંભનો ત્યાગ કરવો. સ્થાનક દશમું-કપડાને દોરા ઉપર પણ મુકવાથી વાયુકાયની વિરાધના થાય તેથી ઉપકરણો યત્નાથી લેવા મુકવા.

वणस्सइं न हिंसंति, मणसा वयसा कायसा।
तिविहेण करणजोएण, संजया सु समाहिया ॥४१॥
वणस्सइं विहिंसंतो, हिंसई उ तयस्सिए।
तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥४२॥
तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वढणं।
वणस्सइ समारंभं, जावजीवाए वज्जए ॥४३॥

**શબ્દાર્થ**-ગાથા ૨૭-૨૮-૨૯ મુજબ. અહિં વનસ્પતિ-આરંભ જાણવો.

**ભાવાર્થ**—સુ સમાધિવંત સાધુઓ મન, વચન, કાયાથી વન-

સ્પતિકાયની હિંસા કરતાં નથી, બીજા પાસે કરાવતા નથી, હિંસા કરનારને અનમોદન આપતા નથી. વનસ્પતિની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા ત્રસ આદિ જીવો કેટલાક ચક્ષુથી દેખાય એવા અને કેટલાએક ચક્ષુથી ન દેખાય તેવા વિવિધ પ્રકારના જીવોને હણે છે. તેથી હિંસાના દોષો દુર્ગતિને વધારનારા છે, એમ જાણીને સાધુઓએ જાવજ્જીવ સુધી વનસ્પતિના આરંભનો ત્યાગ કરવો. ૪૧-૪૨-૪૩ સ્થાનક ૧૧મું

**तसकायं न हिंसंति, मणसा वयसा कायसा ।**
**तिविहेण करण जोएण, संजया सु समाहिया ॥४४॥**
**तसकाय विहिंसंतो, हिंसई उ तयस्सिए ।**
**तसे य विविहे पाणे, चक्खुसे य अचक्खुसे ॥४५॥**
**तम्हा एयं वियाणित्ता, दोसं दुग्गइ वढणं ।**
**तसकाय समारंभं, जावजीवाए वज्जए ॥४६॥**

**શબ્દાર્થ**—ગાથા ૨૭-૨૮-૨૯ મુજબ. અહિ ત્રસકાયજીવ આરંભ જાણવો.

**ભાવાર્થ**—સુ સમાધિવંત સાધુઓ મન, વચન, કાયાથી ત્રસકાયના જીવોની હિંસા કરતા નથી, બીજા પાસે કરાવતા નથી, હિંસા કરનારને અનુમોદન આપતા નથી, ત્રસકાય જીવોની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા બીજા અનેક જીવો કેટલાક ચક્ષુથી દેખાય એવા અને કેટલાક ચક્ષુથી ન દેખાય તેવા વિવિધ પ્રકારના જીવોને હણે છે. વિરાધના થાય છે તેથી હિંસાના દોષો દુર્ગતિને વધારનારા છે એમ જાણીને સાધુઓએ જાવજ્જીવ સુધી ત્રસકાય જીવોના આરંભનો ત્યાગ કરવો. સ્થાનક ૧૨મું

**जाइं चत्तारिऽभुंज्जाइं, इसिणाहारमाइणि ।**
૧ ૨ ૩ ૪ ૫
**ताइं तु विवज्जंतो, संजमं अणुपालए ॥४७॥**
૬ ૭ ૮ ૯

**पिंडं सिज्जं च वत्थं च, चउत्थं पाय मेव य।**
१० ११ १२ १३ १४ १५
**अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं ॥४८॥**
१६ १७ १८ २० १९

**શબ્દાર્થ**—જે ચાર પ્રકારના અકલ્પનીય-ભોગવવા યોગ્ય નહિ
૧ ૨ ૩
સાધુને આહારાદિ તેને વર્જીને સત્તર પ્રકારે સંયમનું પાલન કરે-
૪ ૫ ૬ ૭ ૮ ૯
આહાર શય્યા-ઉપાશ્રય વસ્ત્ર ચોથું પાત્ર એ પૈકીનું અકલ્પનીક ન
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
વાંછે નિર્દોષ ગ્રહણ કરે.
૧૮ ૧૯ ૨૦

**ભાવાર્થ**—આહારાદિ ચારે બોલ અકલ્પનિકને ગ્રહણ કરવા નહિ, તેનો ત્યાગ કરી સંયમ પાલન કરવું, એ ચાર બોલ બતાવે છે. આહાર, ઉપાશ્રય-શય્યા, વસ્ત્ર, ચોથું પાત્ર-આ ચારે અકલ્પનીય દોષ-વાળા હોયતો તેને મનથી પણ ઈચ્છવા નહિ-ગ્રહણ કરવા નહિ, નિર્દોષ હોય તો ગ્રહણ કરવાં. (ઉપરોક્ત ચારે વાના અકલ્પનીય ગ્રહણ કરવાથી ચારિત્રમાં દુષણ લાગે છે)

**जे नियागं ममायंति, कीय मुद्देसियाहडं।**
१ २ ३ ४ ५ ६ ७
**वहं ते समणुजाणंति, इइ वुत्तं महेसिणा ॥४८॥**

**શબ્દાર્થ**—જે કોઇ સાધુને ગૃહસ્થ નિત્ય ભોજન લઈ જવા
૧ ૨
આમંત્રણ કરી રાખે મારા ઘેરથી આહાર લઇ જવો વેચાણ લીધેલ
૩ ૪ ૫
સાધુને ઉદ્દેશીને કરેલો સામો લાવીને સાધુને આપતાં જો ગ્રહણ કરે
૬ ૭

તો તે સાધુ છકાયજીવની હિંસાનું અનુમોદન કરે છે.એમ કહેલું છે ભગવંતે.
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—જે કોઇ ગૃહસ્થ સાધુને આમંત્રી મુકે, કે આટલો આહાર નિત્ય મારા ઘેરથી લઈ જવો, તેવા પ્રકારનો નિમંત્રીત આહાર અથવા સાધુને માટેજ વેચાતો લાવીને, સાધુને ઉદ્દેશીને જ કરેલો આહાર અથવા સામે લાવેલો આહાર જો સાધુ ગ્રહણ કરે તો તે આહાર લાવતાં-બનાવતાં છકાયના જીવની હિંસા થઇ હોય તો તે સાધુ, તેની હિંસાની અનુમોદના કરે છે, એમ ભગવાન મહાવીર સ્વામીએ કહેલું છે. ઉપરોકત આહાર ગ્રહણથી મૂળગુણની વિરાધના થાય છે.

**तम्हा असणपाणाइं, कीयमुद्देसियाहडं ।**
१ २ ३ ४ ५ ६
**वज्जयंति ठिअप्पाणो, निग्गंथा धम्म जीविणो ॥५०॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—તેથી અન્ન પાણી વેચાતા લાવેલા સાધુ માટે
૧ ૨ ૩ ૪ ૫
બનાવેલા-સામે લાવેલા ગ્રહણ ન કરે સંયમમાં સ્થિત આત્મા છે જેનો,
૬ ૭ ૮ ૯
તે સાધુ ક્ષમાદિક દશ પ્રકારના યતિધર્મે જીવનારા છે
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-જે સાધુ દશપ્રકારના યતિ ધર્મનું પાલન કરનારા સત્ત્વશાલી અને સંયમને વિષે પોતાના આત્માને સ્થિત કરેલ છે, તેવા સાધુઓ પૂર્વોકત અન્ન પાણી વેચાતા લાવેલા, સાધુને માટે બનાવેલા, સામે લાવેલા આહારાદિનો ત્યાગ કરે છે, દોષિત આહારને ગ્રહણ કરતા નથી. સ્થાનક ૧૩મું

**कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो।**
१ २ ३ ४
**भुंजंतो असण पाणाइं, आयारो परिभस्सइ ॥५१॥**
७ ५ ६ ८ ९

**શબ્દાર્થ**—કાંસાના વાસણમાં કાંસાના પાત્રમાં માટીના અથવા
૧ ૨
કોઈપણ ધાતુના મોટાથાળમાં વળી તેમાં અન્ન–પાણી ખાતાં આચારથી
૩ ૪ ૫ ૬ ૭ ૮
ભ્રષ્ટ થાય છે.
૯

**ભાવાર્થ**—જે સાધુ કાંસાના વાટકામાં અથવા કાંસાની થાળીમાં અથવા માટી વગેરેના કુંડામાં અગર કોઈપણ ગૃહસ્થના ભાજનમાં અન્ન પાણી આદિ ખાય–ભોજન કરે, તો આચારથી ભ્રષ્ટ થાય છે. (ગૃહસ્થના ભાજનમાં આહાર કરવો સાધુ કે સાધ્વીને કલ્પે નહિ)

**सीओदग समारंभे, मत्त धोयण छड्डणे।**
१ २ ३ ४ ५ ६
**जाइं छण्णंति भूयाइं, दिट्ठो तत्थ असंजमो ॥५२॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—સચિત્ત પાણીનો આરંભ થાય ભાજન ધોતા નાખે
૧ ૨ ૩ ૪ ૫
ત્યાં હણાય અપકાયના જીવો દીઠો ત્યાં અસંજમ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—ગૃહસ્થના ભાજનમાં આહાર કરતા ગૃહસ્થો તો વાસણને કાચા પાણીથી ધોવાનો આરંભ કરે તેથી તે વાસણ ધોઈને તે પાણીનો ત્યાગ કરતાં તે પાણીમા જીવોનો તથા અન્ય જીવોનો ઘાત થાય. આમ ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવાથી તે સાધુને અસંજમ

થાય, એમ કેવલી ભગવંતે દીઠું છે, તેથી સાધુઓએ ગૃહસ્થના ભાજનમાં આહારાદિ કરવાં નહિ.

**पच्छाकम्मं पुरेकम्मं, सिया तत्थ न कप्पइ ।**
१ २ ३ ४ ५ ६
**एयमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥५३॥**
७ ८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**–પશ્ચાત્કર્મ પૂર્વકર્મ કદાચ તેથી ન કલ્પે ગૃહસ્થનું
૧ ૨ ૩ ૪ ૫ ૬
ભાજન આ અર્થે ન ભોગવે આહારાદિ સાધુ ગૃહસ્થના ભાજનમાં
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**–સાધુને કદાચિત પાત્રનો અભાવ હોય તો પણ ગૃહસ્થના કોઇ પણ ધાતુના (તાંબા–પીતળ–કાંસા–સોના–રૂપાના હોય કે માટીના હોય) કે માટીના ભાજનમાં જમવું કલ્પે નહિ, કારણ કે તે ગૃહસ્થ ભાજનને પ્રથમથી ધોઇને સાધુને આપે અગર તો સાધુએ ભોજન કરી લીધા પછી તે ભાજનને કાચા પાણીથી ધોઇને તે પાણીને નાંખી દેતા, ત્યાં રહેલા જીવો તથા પાણીના જીવોનો ઘાત થાય, તેથી પશ્ચાત્ દોષ અગર પૂર્વદોષ સાધુને લાગે, જેથી સાધુએ ગૃહસ્થના ભાજનમાં જમવું નહિ.

**आसंदी पलियंकेसु, मंचमासालएसु वा ।**
१ २ ३ ४
**अणायरिय मज्जाणं, आसइत्तु सइत्तु वा ॥५४॥**
५ ६ ७ ८

**શબ્દાર્થ**–નેતરનીખુરશી પલંગમાં માંચો–ખાટલામાં ઓઠીંગણ-
૧ ૨ ૩ ૪
વાળા સિંહાસનમાં સેવવા યોગ્ય નહિ સાધુપુરૂષોએ બેસવા સુવાને
૫ ૬ ૭ ૮

ભાવાર્થ-સાધુઓને નેતરના ગુંથેલા આસનો, પલંગ, ખાટલા, ઓઠીંગણવાળા આસનો વગેરે ઉપર બેસવા તથા સુવાને કલ્પતું નથી, કારણ તે તે આસનોમાં પોલાણ હોવાથી તેમાં રહેલા જીવોનો ઘાત થવાનો સંભવ છે. કારણ તેમાં પોલાણ હોવાથી પ્રતિલેખન પુર્ણરીતે થઈ શકે નહિ.

**नासंदी पलीयंकेसु, न निसिज्जा न पीढए**
१ ३ ३ ४ ५ ६ ७
**निग्गंथा पडिलेहाए, बुद्धबुत्त महिट्ठगा ॥५५॥**
८ ९ १० ११

શબ્દાર્થ-ન માંચી-ખુરશીને વિષે પલંગ વિષે ન બેસે, રૂથીભરેલ
૧ ૨ ૩ ૪ ૫
ગાદીમાં નહિ બાજોઠ આદિમાં સાધુ પ્રતિલેખન થઈ શકે નહિ
૬ ૭ ૮ ૯
શ્રીતીર્થંકર ભગવંતના કહેલા માર્ગને વિષે ચાલનારા
૧૦ ૧૨

ભાવાર્થ-તીર્થંકર દેવોની આજ્ઞાના પાળનાર, તેમના ઉપદેશેલા માર્ગે ચાલનાર સાધુને નેતરના ગુંથેલા આસનો, ખુરશી, આદિ તથા પલંગ, માંચી, રૂથી ભરેલ ગાદી એવા પોલા આસનો અગર જેનું પ્રતિલેખન થઈ શકે નહિ, તેવા આસનો ઉપર બેસવું કે સુવું કલ્પે નહિ, કારણકે તેવા આસનોને વિષે જીવોની યત્ના થાય નહિ

**गंभीर विजया एए, पाणा दुप्पडिलेहग**
१ २ ३ ४ ५ ६
**आसंदी पलियंकोय, पयमट्ठं विवज्जिया ॥५६॥**
७ ८ ९ १०

શબ્દાર્થ-પ્રકાશવિનાના આશ્રી આસનોમાં રહેલા જીવોનું
૧ ૨ ૩ ૪

પ્રતિલેખન થવું દોહિલું માંચીઆદિ પલંગ વગેરેમાં એદોષ ટાળવાના
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
અર્થે એ એ આસનોને વર્જે, ઉપયોગમાં ન લે.

ભાવાર્થ– નેતરની ખુરશી આદિ નેતરથી ભરેલાં આસનો તથા પલંગ વગરે આસનો વિશેષે અપ્રકાશવાળા હોઇને છિદ્રવાળા સ્થળોમાં જીવો ભરાઇ રહે. તે પ્રગટ દેખવામાં આવે નહિ. અને તેના ઉપર બેસવાથી તે જીવોને પીડા થાય, ઘાત પણ થાય, તેથી સાધુઓએ જેનું પ્રતિલેખન સંપૂર્ણ ન થાય તેવા આસનો ઉપયોગમાં લેવા નહિ, એવા આસન આદિનો ત્યાગ કરવો.

**गोयरग्ग पविट्ठस्स, निसिज्जा जस्स कप्पइ ।**
१ २ ३ ४ ५
**इमेरिस मणायारं, आवज्जइ अबोहियं ॥५७॥**
६ ७ ८ ९

શબ્દાર્થ—ગોચરીએ ગયો થકો ગૃહસ્થના ઘેર બેસવું જે કોઈ
૧ ૨ ૩ ૪
સાધુ કરે આગળ કહેવાશે તેવા અનાચાર દોષ ઉપજે મિથ્યાત્વરૂપ
૫ ૬ ૭ ૮ ૯
ફળ પામે.

ભાવાર્થ– ગોચરીએ ગયેલ સાધુ જો ગૃહસ્થના ઘેર બેસે તો આગળ કહેવામાં આવશે તેવા અનાચાર દોષો ઉત્પન્ન થાય કે જેનું ફળ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય.

**विवत्ती बंभचेरस्स, पाणाणं च वहे वहो ।**
१ २ ३ ४ ५
**वणीमग्ग पडिग्घाओ, पडिकोहो अगारिणं ॥५८॥**
६ ७ ८ ९

**अगुत्ती बंभचेरस्स, इत्थीओ वावि संकणं।**
૧૧ ૧૦ ૧૨ ૧૩
**कुसील वड्ढणं ठाणं, दूरओ परिवज्जए ॥५९॥**
૧૪ ૧૬ ૧૫ ૧૭ ૧૮

**શબ્દાર્થ**– નાશ થાય બ્રહ્મચર્યનો જીવોનો વધ થાય સંજમનો
૧ ૨ ૩ ૪ ૫
ઘાત થાય ભિખારીઓને અંતરાય થાય ઘરના માલિક ગૃહસ્થને ક્રોધ
૬ ૭ ૯ ૮
થાય બ્રહ્મચર્યની અગુપ્તિ થાય સ્ત્રીથી શંકા ઉત્પન્ન થાય કુશીલ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
સ્થાનકની વૃદ્ધિ થાય જેથી તેવા સ્થળોનો દૂરથી ત્યાગ કરવો.
૧૫ ૧૬ ૧૭ ૧૮

**ભાવાર્થ**—ગૃહસ્થના ઘેર બેસવાથી સ્ત્રીના પરિચયથી બ્રહ્મચર્યનો નાશ થાય, વળી પરિચય થતાં સાધુ માટે આધાકર્માદિ આહાર કરી આપે તો પ્રાણી–જીવનો વધ થાય, ભિક્ષાચરોને પાછું ફરવું પડે તેથી અંતરાયનો દોષ લાગે, ગૃહસ્થને સાધુ ઉપર તથા પોતાની સ્ત્રી ઉપર ક્રોધ થાય, તથા સ્ત્રી તરફ તેના માલિકને શંકા ઉત્પન્ન થાય, બ્રહ્મચર્યની અગુપ્તિ થાય, આવા હેતુથી કુશીલને વધારનારા આવા સ્થાનોનો સાધુઓએ દૂરથી જ ત્યાગ કરવો.

**तिण्हमन्नयरागस्स, निसिज्जा जस्स कप्पइ।**
૧ ૨ ૩ ૪ ૫
**जराए अभिभूयस्स, वाहियस्स तवस्सिणो ॥६०॥**
૬ ૭ ૮ ૯

**શબ્દાર્થ**— ત્રણમાંથી કોઈ પણ બેસવું જેને કલ્પે જરા–વૃદ્ધા-
૧ ૨ ૩ ૪ ૫ ૬
વસ્થાથી ઘેરાયેલ હોય રોગી હોય તપસ્વી થાકી ગયેલ હોય.
૭ ૮ ૯

**ભાવાર્થ**-વૃદ્ધાવસ્થાથી પરાભવ પામેલ હોય, રોગી-અશક્ત હોય, ઉત્કૃષ્ટ તપ કરનાર તપસ્વી હોય, આ ત્રણ પૈકીમાંથી કોઈ કારણે ગૃહસ્થને ત્યાં ગોચરી ગયેલ હોય ત્યાં તેને પરિશ્રમથી થાક લાગેલ હોય તો તેઓને થોડો ટાઇમ આરામ લેવા ગૃહસ્થના ઘેર બેસવું કલ્પે છે. (ગત સૂત્રનું આ અપવાદ સૂત્ર છે, એટલે આવા અપવાદન કારણે બેસી શકાય.)

**वाहियो वा अरोगी वा, सिणाणं जो उ पत्थए ।**
१ २ ३ ४ ५
**वुक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ॥६१॥**
६ ७ ८ १० ११ ९

**શબ્દાર્થ**- રોગી હોય અરોગી હોય સ્નાનને જો કોઇ સાધુ
१ २ ३ ४
વાંચ્છે ભ્રષ્ટ થાય આચારથી સંયમથી ખાલી હોય
५ ६ ७ ८ ९ १० ११

**ભાવાર્થ**—જો સાધુ રોગી હોય, કે નિરોગી હોય, તે જો સ્નાન કરવાની ઇચ્છા કરે તો તે સાધુ આચારથી ભ્રષ્ટ થાય છે. અને સંયમથી પણ ભ્રષ્ટ થાય છે. તેનાં કારણો હવે પછી કહે છે.

**संतिमे सुहुमा पाणा, घसासु भिलगासुय ।**
१ २ ३ ४ ५ ६
**जे य भिक्खु सियाणंतो, वियडेणुप्पलावए ॥६२॥**
७ ८ ९ १०

**શબ્દાર્થ**— છે ઇમ પ્રત્યક્ષ સૂક્ષ્મજીવો ક્ષારવાળી પોલી ભૂમિ
१ २ ३ ४
હોય ભૂમિમાં સાંધો હોય ચીરા હોય સાધુ સ્નાન કરે પ્રાસુક પાણીથી
६ ७ ८ ९

પણ જીવો તણાય અથવા બુડે અને મૃત્યુ પામે.
૧૦

ભાવાર્થ—ઉષ્ણ અચિત્ત થએલ પાણીથી પણ સ્નાન કરતા સંયમથી કેમ ભ્રષ્ટ થાય ? તે શંકાના ઉત્તરમાં ગુરુ કહે છે કે સ્નાન કરતાં તે સ્નાનના પાણીના વહેવાથી પોલી જમીન હોય, અથવા ફાટી ભૂમિ હોય તેને વિશે સૂક્ષ્મ બેઇન્દ્રિયાદિક જીવો હોય તે સ્નાનના પાણીના જવાથી તે જીવોની વિરાધના થાય, વળી જો નકોર ભૂમિ હોય તો તે પાણી વહેવાથી તેમાં તે જીવો તણાઈ જાય. પીડા પામે અને કેટલાએક ડુબી મૃત્યુ પામે. તેથી સ્નાન કરવાથી જીવોની વિરાધના થાય, એમ જાણી સાધુએ સ્નાન કરવું નહિ.

**तम्हा ते न सिणायंति, सीपण उसिणेण वा ।**
१ २ ३ ४ ५ ६
**जावज्जीव वयं घोरं, असिणाण महिट्ठगा ॥६३॥**
७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ- ઉપરોક્ત કારણે સાધુ ન સ્નાન કરે ટાઢા પાણીએ
૧ ૨ ૩ ૪ ૫
ઉષ્ણ પાણીએ જાવ જીવ સુધી વ્રત આચરતા દુષ્કર સ્નાન રહિત
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
વ્રતને વિષે રહેવું
૧૨

**ભાવાર્થ-** પૂર્વોક્ત સ્નાન કરવાના દોષો જાણીને સાધુ ગરમ પાણીથી કે ઠંડા અચિત્ત પાણીથી પણ સ્નાન કરે નહિ, દેશથી કે સર્વથી જાવ જીવ સુધી સ્નાન નહિ કરવા રૂપ ઘોરવ્રત પાળવું ઘણું દુષ્કર છે. પરંતુ આવા ઘોર વ્રતના પાળનારા સાધુઓ હોય છે (સ્નાન કરતાં જીવહિંસા થતાં સંયમની વિરાધના થાય છે) સ્થાનક ૧૭ મું

**सिणाणं अदुवा कक्कं, लुद्धं पउमगाणि य ।**
१ २ ३ ४
**गायस्सुव्वट्टणट्ठाए, नायरंति कयाइवि ॥६४॥**
५ ६ ९ ८ ७

**શબ્દાર્થ**- સ્નાન ચંદનાદિક લોદ્ર (સુગંધીદ્રવ્ય) કંકુ કેસર
૧ ૨ ૩ ૪
આદિ શરીરના અવયવોના મર્દન અર્થે કયારે પણ ઉપયોગ કરે નહિ
૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**-ભગવંતની આજ્ઞાના પાળનાર સાધુ કયારે પણ સ્નાન કરતા નથી. તથા ચંદન આદિના લેપ, લોધ્ર કેસર આદિ વિવિધ પ્રકારના સુગંધી દ્રવ્યોનો, શરીરને ચોળાવવા નિમિત્તે ઉપયોગ કરતા નથી. અને કરવા કલ્પતા નથી, તેથી સાધુએ આવા સુગંધી લેપો કરવા નહિ.

**नगिणस्स वावि मुंडस्स, दीहरोमनहंसिणो ।**
१ २ ३ ४ ५
**मेहुणा उवसंतस्स, किं विभूसाए कारियं ॥६५॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**-નગ્ન અથવા પ્રમાણોપેત વસ્ત્રધારી દ્રવ્યથી ભાવથી
૧ ૨
મુંડ સાધુ લાંબા વાળ નખવાળા મૈથુનથી નિવૃત્ત હોય તેને શું
૩ ૪ ૫ ૬ ૭
પ્રયોજન છે કે વિભૂષા કરે ?
૮ ૯ ૧૦

**ભાવાર્થ**-સાધુ કોઇ શક્તિમાન હોય તે નગ્ન રહે તેને, અથવા પ્રમાણોપેત વસ્ત્ર રાખવાવાળા, દ્રવ્યથી, ભાવથી મુંડિત થયેલ, લાંબા રોમ અને નખ વધેલ હોય તેવા જિનકલ્પીને અથવા મૈથુનથી

નિવૃત્ત થયેલાને અને લોચ કરવાવાળા સ્થવિર કલ્પીઓને વિભૂષા કરવાનું શું પ્રયોજન છે? કાંઇ પ્રયોજન નથી, તેથી સંયમશીલ સાધુએ વિભૂષા કરવી નહિ.

**विभूसावत्तियं भिक्खु, कम्मं बंधइ चिक्कणं ।**
१ २ ३ ४ ५ ६
**संसार सायरे घोरे, जेणं पडइ दुरुत्तरे ॥६६॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**–વિભૂષાકરનાર સાધુ કર્મો બાંધે ચિકણાં સંસારરૂપી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
સાગરમાં ઘોર–ભયંકર જે વિભૂષાના કર્મે કરી પડે છે તરતા
૮ ૯ ૧૦ ૧૧
દોહિલો–દુ:ખે કરી તરી શકાય.
૧૨

**ભાવાર્થ**–જે સાધુઓ વિભૂષા નિમિત્તે ઘણા લાંબા કાળના ઘણાં ચીકણાં કર્મો બાંધે છે, તેથી જેનો પાર પામતા દુષ્કર અને દુ:ખે કરી પરિપૂર્ણ, ભયંકર એવા સંસાર સમુદ્રમાં પડે છે.

**विभूसा वत्तियं चेयं, बुद्धा मन्नंति तारिसं ।**
१ २ ३ ५ ६
**सावज्जं बहुलं चेयं, नेयं ताईहिं सेवियं ॥६७॥**
८ ७ ९ १० ११ १२

**શબ્દાર્થ**–વિભૂષાના સંકલ્પ સહિત ચિત્તવાળાને તીર્થંકરો
૧ ૨ ૩ ૪
માને છે તેવું જ પાપ ઘણાપાપનું કારણ વિભૂષા ન કરે સાધુ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
વિભૂષાનું સેવન
૧૨

**ભાવાર્થ**–વિભૂષા સંબંધી સંકલ્પ કરવાવાળાને પણ તીર્થંકરો વિભૂષાની સમાન ઘણાં પાપનું કારણ માને છે. તે ઘણાં પાપો બાંધે છે માટે છકાયના રક્ષણના કરનારા સાધુઓએ વિભૂષા કરવી તો નહિ. પણ તેની ઇચ્છા પણ કરવી નહિ. આત્માર્થી મુનિઓ વિભૂષાનું સેવન કરતા નથી. (સ્થાનક ૧૮ મું)

**खवंति अप्पाणममोहदंसिणो, तवे रया संजम अज्जवे गुणे।**
૧ ૩ ૨ ૪ ૫ ૬ ૭ ૮ ૯
**धुणंति पावाइं पुरेकडाइं, नवाइं पावाइं न ते करंति ॥६८॥**
૧૦ ૧૨ ૧૩ ૧૪ ૧૬ ૧૭ ૧૫

**શબ્દાર્થ**–ક્ષય કરે છે મોહનો આત્માને ઉપશાંત બનાવીને
૧ ૨ ૩
સમ્યકદર્શની તપમાં રક્ત સંયમમાં રક્ત સરલતાના ગુણ સહિત
૪ ૫ ૬ ૭ ૮ ૯
ક્ષય કરે છે પાપોને પૂર્વે કરેલાં નવા પાપો કરતાં નથી સાધુ ઉપરોક્ત
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
ગુણવાળા

**ભાવાર્થ**–પૂર્વોક્ત અઢાર સ્થાનના પાલન કરનારા સાધુને લાભ થાય છે તે કહે છે, મોહને ખપાવીને સમ્યકદર્શની સાધુ સંયમે કરી, સરલતાના ગુણે કરી, ક્ષમાએ કરી, દયાએ કરી સહિત, તપને વિષે સાવધાન–તપમાં રક્ત, વસ્તુધર્મને યથાવસ્થિત દેખનારા મોહ રહિત, આત્માને ઉપશાંત કરી સમભાવથી રહેનારા મુનિઓ પૂર્વસંચિત પાપોને ખપાવે છે અને નવાં પાપકર્મને કરતા નથી.

**सओवसंता अममा अकिंचणा, सविज्जविज्जाणुगया जसंसिणो।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**उउप्पसन्ने विमले व चंदिमा, सिद्धिं विमाणाई उवेंति**
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
**ताइणो–त्तिबेमि ॥६९॥**
૧૪

**શબ્દાર્થ**—સદા ઉપશાંત મમતા રહિત પરિગ્રહ રહિત પોતાને
૧ ૨ ૩
તથા પરલોકને ઉપકારિણી વિદ્યાયુક્ત યશસ્વી ઋષીશ્વર શરદઋતુના
૪ ૫ ૬ ૭
પ્રશાંત નિર્મળ ચંદ્રમાની જેમ નિર્મળ, ભાવમળ રહિત શોભાયમાન
૮ ૯ ૧૦
મોક્ષને પામે વૈમાનિક દેવપણે ઉપજે છકાયના રક્ષણના કરનાર સાધુ
૨૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—કેવા સાધુઓ મોક્ષમાં જાય તે બતાવે છે. સદા ઉપશાંત ભાવવાળા, જગતના કોઈ પદાર્થ પ્રત્યે કે પોતાના દેહ પ્રત્યે મમતા નથી, પરિગ્રહ રહિત, સ્વ, પર હિત ચિંતક, જ્ઞાની, યશસ્વી, શુદ્ધચારિત્રી, જેમ શરદઋતુનો ચંદ્ર સોળ કળાએ પરિપૂર્ણ વાદળાના આચ્છાદન રહિત નિર્મળ હોય તેની માફક કર્મરૂપ વાદળથી રહિત, છકાયનું રક્ષણ કરનારા સાધુના સર્વ ગુણે કરી સહિત, દ્રવ્ય અને ભાવમળ રહિત આવા મુનિઓ મોક્ષમાં જાય છે. કદાચ શેષકર્મ રહ્યા હોય તો તેઓ વૈમાનિક દેવલોકમાં જાય છે. આમ શ્રી સુધર્મા સ્વામીએ શ્રી જંબૂસ્વામી પ્રત્યે છઠ્ઠા અધ્યયનનું ઉદાહરણ કહ્યું.

**છઠ્ઠું અધ્યયન સમાપ્ત**

## સુવાક્ય શુદ્ધિ નામનું સાતમું અધ્યયન

**चउण्हं खलु भासाणं, परिसंखाय पन्नवं ।**
१ २ ३ ४ ५
**दुण्हं तु विणयं सिक्खे, दो न भासिज्ज सव्वसो ॥१॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—ચાર નિશ્ચે ભાષાઓને જાણીને બુદ્ધિમાન સાધુ
१ २ ३ ४ ५
બે ભાષા શુદ્ધ ઉપયોગ કરવા શીખે–જાણે બે ભાષા ન બોલે સર્વથા
६ ७ ८ ९ १० ११ १२

**ભાવાર્થ**– બુદ્ધિમાન સાધુએ ચાર પ્રકારની ભાષાને જાણીને બે પ્રકારની ભાષાનો નિર્દોષપણે બોલવામાં ઉપયોગ કરવો અને બે પ્રકારની ભાષાનો સર્વથા ત્યાગ કરવો–બોલવી નહિ.

**जा य सच्चा अवत्तव्वा, सच्चा मोसा य जा मुसा ।**
१ २ ३ ४ ५ ६
**जा य बुद्धेहिं नाइन्ना, न तं भासिज्ज पन्नवं ॥२॥**
७ ८ ९ १२ ११ १०

**શબ્દાર્થ**—જે ભાષા સાચી હોય બોલવા યોગ્ય ન હોય તે
१ २ ३
ન બોલવી કાંઇક સાચી ને કાંઇક જુઠી એવી મિશ્ર ભાષા અસત્ય
४ ५ ६
જે ભાષાનો તીર્થંકરાદિએ ઉપયોગ કર્યો નથી, બોલ્યા નથી, તેવી
७ ८ ९
મિશ્ર અને અસત્ય ભાષા બુદ્ધિવાન સાધુ બોલે નહિ.
११ १० १२

**ભાવાર્થ**–ભાષાના ચાર પ્રકાર છે. ૧ સત્યભાષા ૨ અસત્ય ભાષા ૩ સત્યમૃષા ૪ અસત્યામૃષા (વ્યવહાર ભાષા) આ ચાર પ્રકારની ભાષામાં પ્રથમની સત્ય ભાષા સાધુએ બોલવી તે પણ સત્ય વચન હોવા છતાં પણ તે ભાષાથી જીવહિંસા થાય તેવી અગર બીજાને નુકશાન થાય તેવી અગર કોઈના પ્રાણ દુખાય–લાગણી દુભાય તેવી ભાષા ન બોલવી, પરંતુ નિરવદ્ય, સત્ય, પ્રિય વચન બોલવા, મિશ્ર ભાષા અને અસત્ય ભાષા એ બે ભાષાઓ સર્વથા સાધુને બોલવા લાયક નથી. કેમકે શ્રી તીર્થંકર દેવે તે ભાષા આદરી નથી અને ચોથી વ્યવહાર ભાષા જે છે તે તદ્દન સત્ય નથી તેમજ જુઠી પણ નથી, છતાં ઉપયોગ રાખી વ્યવહાર ભાષા સાધુને બોલવી કલ્પે, પરંતુ અયોગ્ય ભાષા બુદ્ધિમાન સાધુએ બોલવી નહિ.

**असच्चमोसं सच्चं च, अणवज्ज मकक्कसं ।**
१ २ ३ ४
**समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ॥ ३॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**– સાચી નહિ જુઠી નહિ એટલે વ્યવહાર ભાષા અને
૧
સાચી ભાષા એ બે ભાષા નિરવદ્ય–નિર્દોષ કઠોરતા રહિત સારીરીતે
૨ ૩ ૪
વિચારીને સંદેહ વિનાની વાણી બોલે બુદ્ધિમાન સાધુ
૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**– નિર્દોષ, પાપ વિનાની, કઠોરતા રહિત, સ્વ, પર હિતકારી, સંદેહ રહિત એવી ઉપયોગ રાખી વ્યવહાર ભાષા તથા સત્યભાષા આ બે પ્રકારની ભાષા પ્રજ્ઞાવંત સાધુએ બોલવી.

**एयं च अट्ठमन्नं वा, जं तु नामेइ सासयं ।**
१ २ ३ ४ ५ ६ ७
**स भासं सच्चमोसंपि, तं पि धीरो विवज्जए ॥ ४॥**
८ ९ १० ११ १३ १२ १४

**શબ્દાર્થ**– પૂર્વોક્ત કહેલ બોલવાના અર્થને નિષેધી અન્ય
૧ ૨ ૩
જે ભાષા બોલતા ન પામ કરે મોક્ષપદ તેવી ભાષા કાંઇક સાચી
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
તથા કાંઈક જુઠી પ્રજ્ઞાવંત સાધુ તે પણ ત્યાગ કરે
૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**– પૂર્વે નિષેધ કરેલી સાવદ્ય ભાષા તથા કઠોર ભાષા અને તેના સમાન બીજી પણ ભાષા કે જે મોક્ષપદ પામવામાં બાધક થાય, તેવી કોઈ પણ ભાષા બુદ્ધિમાન સાધુએ બોલવી નહિં. એટલે અસત્ય તથા મિશ્ર ભાષાને તો સાધુને બોલવાનો નિષેધ જ છે. પરંતુ વ્યવહાર ભાષા અને સત્ય ભાષા પણ સંયમમાં બાધક થાય, દોષ લાગે અને મોક્ષપદ પ્રાપ્તિમાં પ્રતિકૂળ હોય તેવી ભાષા પણ સાધુઓએ બોલવી નહિ.

**वितहंपि तहामुत्तिं, जं गिरं भासए नरो।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**तम्हा सो पुट्ठो पावेणं, किं पुणं जो मुसं वए? ॥ ५॥**
९ १० ११ १ १३ १४ १५ १६

શબ્દાર્થ—અસત્ય વળી તથા મૂર્તિ–સાચા સમાન જોકોઈ વાણી
૧ ૨ ૩ ૪ ૫ ૬
બોલે માણસ તો પણ તે બોલનાર બંધાય પાપથી તો શું કહેવું જુઠી
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
ભાષા બોલનાર તો બંધાય જ.
૧૬

**ભાવાર્થ**—અસત્ય છતાં સત્ય વસ્તુના જેવા સ્વરૂપને પામેલા (કોઇ પુરૂષે સ્ત્રીનું રૂપ કર્યું હોય અથવા કોઈ સ્ત્રીએ પુરૂષનુ રૂપ કર્યું હોય તેને અજાણપણાથી કહે કે એ સ્ત્રી જ છે અથવા પુરૂષ જ છે

એમ બોલવાથી બોલનાર સાધુ પાપકર્મથી લેપાય છે)તેનો આશ્રય લઈને, તેવું વચન બોલતાં બોલનાર પુરૂષ આત્મા પાપકર્મથી લેપાય છે, તો પછી જે માણસ અસત્ય બોલે તે પાપકર્મથી લેપાય તેમાં શું કહેવું ! નિશ્ચય પાપકર્મ બાંધે જ.

**तम्हा गच्छामो वक्खामो, अमुगं वाणे भविस्सइ।**
१ २ ३ ४ ५ ६
**अहं वाणं करिस्सामि, एसो वाणं करिस्सइ ॥६॥**
७ ८ ९ १० ११
**एवमाइ उजा भासा, एस कालंमि संकिया।**
१२ १३ १४ १५ १६
**संपयाइयमट्ठे वा, तंपि धीरो विवज्जए ॥७॥**
१७ १८ १९ २० २१ २२

**શબ્દાર્થ**-તેથી નિશ્ચય ભાષા ન બોલવી જેવી કે અમે
૧
પ્રભાતે અહિંથી જઇશું જ. તેને તમારાં કહેલાં સર્વ સમાચાર કહીશું જ
૨ ૩
અમુક કાર્ય અમારૂં થશેજ હું કાલે લોચ આદિ કાર્ય કરીશ એ મારૂં
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
કાર્ય કરશે જ ઇત્યાદિક જે ભાષા ભવિષ્યકાળની શંકિત(કારણકે
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
એક મુહુર્તમાં ઘણા વિઘ્ન આવવા સંભવ) વર્તમાન ભુતકાળની
૧૭ ૧૮
વાતો આદિ તેવી નિશ્ચયકારી ભાષા બુદ્ધિમાન સાધુ ત્યાગે
૧૯ ૨૦ ૨૧ ૨૨

**ભાવાર્થ**-હવે સાધુએ સંપૂર્ણ નિર્ણય વિના નિશ્ચયકારી ભાષા ન બોલવા વિષે કહે છે. અસત્ય છતાં સત્ય વસ્તુના જેવું સ્વરૂપ પામેલી વસ્તુ આશ્રયી વચનથી બોલતાં પણ કર્મ બંધાય છે

તો "અમે અમુક ટાઇમે અહીંથી જઇશું જ, અમે આમ સર્વ સમાચાર કહીશું જ, અમારૂં અમુક કાર્ય થશે જ, અમો અમુક કાર્ય કરીશું, અથવા અમુક વ્યકિત અમારું કાર્ય કરશે જ, ઇત્યાદિક વર્તમાનકાળ સંબંધી, અતીતકાળ સંબંધી, અથવા ભવિષ્યકાળ સંબંધીની ભાષાઓ શંકાવાળી, બુદ્ધિમાન સાધુઓએ બોલવી નહિં. કારણકે બોલ્યા પ્રમાણે કાર્ય ન થાય તો (એક મુહુર્તમાં ઘણા વિઘ્નો આવી પડે ને કાર્ય ન થાય તેમ સંભવ) અસત્યનો દોષ વાગે તથા લોકોમાં લઘુતા વગેરે થાય.

**अईयम्मि य कालंमि, पच्चुपन्न मणागए ।**
૧ ૨ ૩ ૪
**जमट्ठं तु न जाणिज्जा, एवमेयं ति नो वए ॥८॥**
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**अइयम्मि य कालंम्मि, पच्चुपन्न मणागए ।**
૧૨ ૧૫ ૧૩ ૧૪
**जत्थ संका भवे तं तु, एव मेयं ति नो वए ॥९॥**
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩

**શબ્દાર્થ**—અતીત કાળમાં વર્તમાન ભવિષ્ય જે વસ્તુના અર્થ
૧ ૨ ૩ ૪ ૫
ન જાણે એવું એમ ન બોલે. અતીત વર્તમાન ભવિષ્યકાળ જે કાર્યને
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
વિષે શંકા રહેતી હોય, ત્યાં આમજ છે આ પ્રમાણે હતી આ પ્રમાણે
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧
હશે એવું ન બોલે.
૨૨ ૨૩

**ભાવાર્થ**—અતીત કાળ સંબંધી તેમજ વર્તમાન તથા ભવિષ્યકાળ સંબંધી જે વસ્તુના અર્થને, કાર્યને પોતે ન જાણેલ હોય, તેના

સંબંધમાં આ હકીકત આમજ છે અથવા આ પ્રમાણે હતી અથવા આ પ્રમાણે થશે, એમ નિશ્ચયકારી ભાષા સાધુ બોલે નહિ. તેમજ ઉપરોક્ત ત્રણે કાળ સંબંધમાં જે કાર્યને વિષે, જે હકીકતને વિષે શંકા હોય તે સંબંધમાં આમજ છે, અગર આમ જ હતું અગર આમજ બનશે વગેરે નિશ્ચયકારી ભાષા સાધુએ બોલે નહિ.

**अईयंमि य कालंमि, पच्चुप्पन्नमणागए ।**
૧ ૪ ૨ ૩
**निस्संकियं भवे जं तु, एवमेयं तु निद्दिसे ॥१०॥**
૫ ૬ ૭ ૮ ૯

શબ્દાર્થ–અતીત, વર્તમાન, ભવિષ્ય કાળ શંકારહિત હોય જે
૧ ૨ ૩ ૪ ૫ ૬
અર્થ શબ્દથી નિરવદ્ય હોય આમ છે તેમ કહે
૭ ૮ ૯

**ભાવાર્થ**–ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળને વિષે જે વસ્તુના સંબંધમાં નિઃશંકપણું હોય તથા નિષ્પાપ હોય, તો તે વસ્તુ–હકીકત આ પ્રમાણે છે એમ કહી શકાય.

**तहेव फरुसा भासा, गुरु भुओ वघाइणी ।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**सच्चा वि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ॥११॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

શબ્દાર્થ–તેમજ કઠોર ભાષા ઘણા જીવોની હિંસા થાય તેવી
૧ ૨ ૩ ૪ ૫ ૬
ભલે સાચી હોય અન્યને અસમાધિ ઉત્પન્ન કરાવનાર હોય સાધુએ
૭ ૮
નહિ બોલવી જે ભાષાથી પાપકર્મ બંધાય
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**-તેમજ કઠોર ભાષાથી પૃથ્વી આદિક છકાયના જીવોની ઘાત થાય, તથા અન્ય જીવોને અસાતા, અસમાધિ ઉત્પન્ન થાય, અને તેથી પોતાના આત્માને પાપકર્મ બંધાય, તેવી કદાચ સાચી ભાષા હોય તોપણ તેવી કઠોર કે મર્મકારી ભાષા સાધુ પુરૂષે બોલવી નહિ

**तहेव काणं काणेत्ति, पंडगं पंडगेत्ति वा ।**
१ २ ३ ४ ५
**वाहियं वा वि रोगित्ति, तेणं चोरे त्ति नो वए ॥१२॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**-તેમજ કાણાને કાણો નપુંસકને નપુંસક રોગવાળાને
૧ ૨ ૩ ૪ ૫ ૬
રોગી ચોરને ચોર ન કહેવો.
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—સાધુઓએ કે આત્માર્થીએ, કોઈ મનુષ્ય આંખે કાણો હોય તેને કાંણો કહેવો નહિ તેમજ નપુંસકને નપુંસક, રોગવાળાને રોગી, ચોરને ચોર કહેવો નહિ. તેમ કહેવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય અને લજ્જાનો નાશ અને જ્ઞાનની વિરાધના વગેરે દોષો ઉત્પન્ન થાય છે.

**एएणन्नेण अट्ठेणं, परो जेणुवहम्मइ ।**
१ २ ३ ५ ४ ६
**आयार भाव दोसन्नु, न तं भासिज्ज पन्नवं ॥१३॥**
७ ८ ९ ११ १२ १०

**શબ્દાર્થ**-પૂર્વોક્ત વચનોથી અન્યબીજાશબ્દો વડે અર્થવડે જેણે
૧ ૨ ૩ ૪
કરી અન્ય જીવો હણાય દુભાય આચાર ભાવ દોષોના જાણનાર
૫ ૬ ૭ ૮ ૯
પ્રજ્ઞાવંત સાધુ ન બોલે
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-આચાર, ભાવ અને દોષોના જાણનાર, પ્રજ્ઞાવંત સાધુઓએ પૂર્વે કહેલ તથા બીજા શબ્દો વડે અન્ય જીવો દુભાય, છકાય જીવની ઘાત થાય, તેવી ભાષા બોલવી નહિ.

**तहेव होले गोलित्ति, साणे वा वसुलि त्ति य।**
१ २ ३ ४ ५ ६
**दमए दुहए वावि, नेवं भासिज्ज पन्नवं ॥१४॥**
७ ८ ९ १२ ११ १०
**अज्जिए पज्जिए वावि, अम्मो माउस्सिय त्ति य।**
१३ १४ १५ १६ १७ १८
**पिउस्सिए भायणिज्ज त्ति, धूए णत्तुणिय त्ति य ॥१५॥**
१९ २० २१ २२ २३
**हले हलित्ति अन्नित्ति, भट्टे सामिणि गोमिणि।**
२४ २५ २६ २७ २८ २९
**होले गोले वसुलि त्ति, इत्थियं नेव मालवे ॥१६॥**
३० ३१ ३२ ३३ ३४ ३५

**શબ્દાર્થ**-તેમજ મૂર્ખ વ્યભિચારથી ઉત્પન્ન થયેલ-જારપુરૂષથી
૧ ૨ ૩
કુતરા છીનાળવા એમ ભીખારી દુર્ભાગી એવા દુર્વચન પ્રજ્ઞાવંત સાધુ
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
બોલે નહિ માની અથવા પિતાનીમાતા-આજી-માતાનીમાતાનીમાતા
૧૧ ૧૨ ૧૩
તથા પિતાની માતાની માતા તે વડી આજી હે જન્મદાતા-માતા માસી
૧૪ ૧૫ ૧૬
માતાનીબહેન હોય તેને ફોઇ-પિતાની બહેન ભાણેજી-બહેનની દીકરી
૧૭ ૧૮ ૧૯ ૨૦
પુત્રી પૌત્રી તેને હે ફલાણી હે સખી હે અન્ય અનેરી હે શેઠાણી, હે
૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭

સ્વામિની હે ગોપિણી-ઘણી ગાયોવાળી હે હોલણી ગોલણ વટલેલ
૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
અથવા છીનાળવી આવા પ્રકારે સ્ત્રીજાતિને સાધુઓ ઉપરોક્ત નામથી
૩૩
રીસ ચઢે તેવી ભાષાથી અગર સંસારીની માફક બોલાવે નહી.
૩૪ ૩૫

**ભાવાર્થ**—પ્રજ્ઞાવંત સાધુઓએ પુરૂષોને હે મૂર્ખ, જારથી પેદા થયેલ કુજાત, હે કુતરા, હે અન્યાયના કરણહાર, છીનાળવા, ભીખારી, દુર્ભાગી, આવા હલકા શબ્દોથી બોલાવે નહી. એજ રીતે સ્ત્રીઓને હે આજી-દાદી ( માનીમાતા, અથવા પિતાની માતા ) આજીની માતા વડી આજી અથવા અપરદાદી, માતા, માસી, ફોઈ, ભાણેજી, પુત્રી પૌત્રી, હલે, અલી, અન્ને, ભટ્ટે, સ્વામિની, ગોપિણી, હોલે, ગોલે, છીનાલણ આદિ શબ્દોથી બોલાવવી નહી. આમાંથી હોલે આદિ શબ્દો બીજા દેશોની અપેક્ષાએ નિંદાવાચક છે, તેમ કેટલાક શબ્દો પ્રીતિ ઉત્પન્ન કરનારા છે, જેથી હલકા શબ્દોથી અથવા સાંસારિક સગપણ અપેક્ષાએ માતા,પિતા આદિ શબ્દોથી સાધુઓએ સંસારીઓને બોલાવવા નહી. તેમ બોલવાથી રાગ તથા દૂષનાં કારણો ઉત્પન્ન થાય અને પ્રવચનની લઘુતા થાય. જેથી ભાષા નિચારીને, વિરવદ્ય. પ્રિય અને સત્ય તથા વહેવાર ભાષા બોલવી.

**नामधिज्जेण णं बूया, इत्थीगुत्तेण वा पुणो ।**
१ २ ३ ४ ५ ६ ७
**जहारिह मभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥१७॥**
८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—સ્ત્રીનું નામ લઈને બોલાવે હે દેવાનું પ્રિય સ્ત્રીનું
૧ ૨ ૩ ૪

જે ગોત્ર હોય તે ગોત્રને નામે કરી બોલાવે યથાયોગ્ય નામથી દેશકાળને
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
અનુસરીને નામ લઇ બોલાવે વારંવાર જરૂર પડે તો બોલાવે.
૧૧ ૧૨

**ભાવાર્થ**—સાધુઓએ કોઈપણ કારણ ઉત્પન્ન થયે સ્ત્રી આદિને બોલાવવા જરૂર પડે તો તે સ્ત્રીનું નામ લઈને બોલાવવી અથવા સ્ત્રીના ગોત્રના નામથી દેશકાળને અનુસરી યથા યોગ્ય નામથી ગુણ-દોષ વિચારીને થોડા અગર વધારે વખત બોલાવે, જેમ કે હે દેવદત્તા ! કાશ્યપ ગોત્રી, અગર વૃદ્ધા, ધર્મશીલા, ધર્મપ્રિયા વિ. શબ્દોથી બોલાવવી.

**अज्जए पज्जए वा वि, बप्पो चुल्लपिउ त्ति य ।**
१ २ ३ ४ ५
**माउलो भाइणिज्ज त्ति, पुत्तो, नत्तुणिय ति य ॥१८॥**
६ ७ ८ ९
**हे हो हलित्ति अन्नित्ति, भट्टे सामिय गोमिय ।**
१० ११ १२ १३ १४ १५ १६
**होल गोल वसुलि त्ति, पुरिसं नेव मालवे ॥१९॥**
१७ १८ १९ २० २१ २२

**શબ્દાર્થ**-પિતાનો પિતા તથા માતાના પિતા, પિતાના પિતાનો
૧
પિતા-દાદો અથવા માતાના પિતાનો પિતા નાના પિતા, કાકા
૨ ૩ ૪
બાપનો મોટોભાઈ-ભાઈજી મામા ભાણેજ પુત્ર પુત્રીનો પુત્ર હે ફલાણા
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
અલ્યા અન્ય શેઠ સ્વામિ ઠાકોર ગાયોના ધણી હાલી ગોલા વટલેલ
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
પુરૂષને આવા નામથી ન બોલાવે.
૨૦ ૨૧ ૨૨

**ભાવાર્થ**- હે આર્ય-દાદા, હે નાના, હે વડદાદા, હે વડનાના, પિતા, કાકા, મામા, ભાણેજ, ભાઈજી, પુત્ર, પુત્રી, પૌત્ર, હે, ભો, હલ, અલ્યા, અન્ય, શેઠ, સ્વામિ, ગોમિ, હોલ, ગોલ, વસુલ એ આદિ નામથી પુરૂષોને બોલાવવા નહિ. તેમ બોલવાથી રાગ, દ્વેષ, અપ્રીતિ આદિ દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે એમ જાણી સાધુઓએ ઉપયોગ રાખવો. જે વચનથી સામી વ્યક્તિ દુઃભાય અને પોતાને પાપનો બંધ થાય તેવા નામે સાધુઓએ ગૃહસ્થીઓને બોલાવવા નહિ.

**नामधिज्जेण णं बूया, पुरिस गुत्तेण वा पुणो ।**
१ २
**जहारिह-मभिगिज्झ, आलविज्ज लविज्ज वा ॥२०॥**

**શબ્દાર્થ**-પુરૂષના ગોત્રથી બાકી ગાથા ૧૭ મુજબ શબ્દાર્થ.
૧ ૨

**ભાવાર્થ**-જે પુરૂષને બોલાવવો હોય તો તેનું નામ લઈને બોલાવવો અથવા ગોત્ર વડે કરી અથવા દેશકાળ અનુસરી યથાયોગ્ય નામથી ગુણદોષ વિચારી થોડું કે ઝાઝું કારણ ઉત્પન્ન થયે બોલાવે.

**पंचिंदियाण पाणाणं, एसइत्थी अयं पुमं ।**
१ २ ३ ४ ५ ६
**जाव णं न वियाणिज्जा, ताव जाइ त्ति आलवे ॥२१॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-પંચેન્દ્રિય જીવોને આ સ્ત્રી એ પુરૂષ જ્યાં લગી જાણે
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
ત્યાં લગી જાતિને આશ્રયી બોલાવે.
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-પંચેન્દ્રિય પ્રાણીઓમાં 'આ ગાય સ્ત્રીરૂપ છે' અગર 'આ પુરૂષરૂપ બળદ છે' એમ દૂર રહેલા તિર્યંચોમાં સ્ત્રી પુરૂષોનો

જ્યાં સુધી નિર્ણય ન થઈ શકે, ત્યાં સુધી કોઈ કાર્ય પ્રસંગે તે સંબંધમાં બોલવાની જરૂર પડે તો તેની જાતિ વડે નિર્દેષ કરવો કે એ ગો જાતિ છે, અથવા અશ્વની જાતિ છે કે પક્ષીની જાતિ છે, તેમ સાધુઓએ બોલવું.

**तहेव माणुसं पसुं, पक्खिं वा वि सरीसिवं ।**
१ २ ३ ४ ५
**थूले पमेइले वज्झे, पायमित्ति य नो वए ॥२२॥**
६ ७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ-તેમજ મનુષ્ય પશુ પક્ષી સર્પ-અજગરને દેખી જાડો
૧ ૨ ૩ ૪ ૫ ૬
ઘણામેદવાળો છે વધ કરવા યોગ્ય છે પકાવવા યોગ્ય છે એમ ન બોલે.
૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-વળી સાધુઓએ મનુષ્ય, પશુ, પક્ષી, અને સર્પ આદિ પંચેન્દ્રિય જીવોને દેખીને આ જાડો છે, ઘણા મેદ વાળો છે, વધ કરવા યોગ્ય છે, પકાવવા યોગ્ય છે, એ પ્રમાણે બોલવું નહિ. તેમ બોલવાથી હિંસા થવાનો સંભવ તથા અપ્રીતિનું કારણ થાય.

**परिवुड्ढ त्ति णं बूया, बूया उवचिय त्ति य ।**
१ २
**संजाए पीणिए वा वि, महाकाय त्ति आलवे ॥२३॥**
३ ४ ५ ६

શબ્દાર્થ-વૃદ્ધ થયો છે. બલવાન છે. ઉપચિત શરીરવાળો સારો
૧ ૨ ૩
ઉછરેલો પુષ્ટ મોટા શરીરવાળો એમ બોલે.
૪ ૫ ૬

**ભાવાર્થ**-સાધુઓએ કારણ પડયે છતે પૂર્વોકત જાડા માણસ અથવા પશુ પંખીને દેખીને કહે કે આ વૃદ્ધ છે, બલવાન છે, ઉપચિત

શરીરવાળો છે, સારી રીતે ઉછરેલો પુષ્ટ અને મોટી કાયાવાળો છે, એ પ્રમાણે નિરવદ્ય વચન બોલે.

**तहेव गाओ दुज्झाओ, दम्मा गोरहग त्ति य।**
१ २ ३ ४
**वाहिमा रहजोगि त्ति, नेवं भासिज्ज पन्नवं ॥२४॥**
५ ६ ८ ९ ७

**શબ્દાર્થ**—ગાયો દોવાલાયક દમવાલાયક બળદ હળે જોડવા
૧ ૨ ૩ ૪ ૫
યોગ્ય રથયોગ્ય બુદ્ધિમાન ન બોલે
૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**—આ ગાયોને દોવાનો સમય થયો છે. અગર દોવા લાયક છે, આ બળદ પલોટવા લાયક છે, રથમાં જોડવા લાયક છે, આવા પ્રકારે બુદ્ધિમાન સાધુ બોલે નહિ. આમ બોલવાથી પાપબંધ થાય અને ત્યાગ માર્ગની લઘુતા થાય.

**जुवं गवि त्ति णं बूया, धेणुं रसदय त्ति य।**
१ २ ३ ४ ५
**रहस्से महल्लए वा वि, वए संवहणि त्ति य ॥२५॥**
६ ७ ९ ८

**શબ્દાર્થ**—યુવાન બળદ એમ બોલે ગાય દૂધ આપનારી છે
૧ ૨ ૩ ૪ ૫
બળદ નાનો છે મોટો છે ધોરી રથ વહે છે બોલે
૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**—કોઈ કાર્ય પ્રસંગે કદાચ સાધુઓને બોલવું પડે તો દમવા લાયક બળદોને દેખી એમ કહેવું કે આ બળદ યુવાન છે, ગાય દૂધ આપનારી છે. આ બળદ નાના છે, આ બળદ મોટા છે, આ ધોરી રથ વહે છે, આવા પ્રકારના નિષ્પાપ શબ્દો બોલવા.

**तहेव गंतुमुज्जाणं, पव्वयाणि वणाणि य।**
१ २ ३ ४ ५
**रुक्खा महल्ल पेहाए, नेवं भासिज्ज पन्नवं ॥२६॥**
६ ७ ८ २२ २१ २०

**अलं पासाय खंभाणं, तोरणाणि गिहाणि य।**
९ १० ११ १२ १३
**फलिहग्गल नावाणं, अलं उदग दोणिणं ॥२७॥**
१४ १५ १६ १९ १७ १८

**શબ્દાર્થ**—તેમજ જઇને વન-બાગ-ઉદ્યાનમાં પર્વતો ઉપર
૧ ૨ ૩ ૪
મોટા વનોમાં વૃક્ષો મોટા જોઈને યોગ્ય મહેલોના થાંભલાને માટે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
નગરના દરવાજાઓને માટે ઘરોના મોભ આદિ માટે ભોગળ માટે
૧૨ ૧૩ ૧૪
આંગળીયા માટે અર્ગલા હોડી-વહાણ માટે પાણીની દોણી ( રેંટમાં
૧૫ ૧૬ ૧૭ ૧૮
જલને ધારણ કરનારી કાષ્ટની બનાવટનું ઠામ ) પ્રમુખ બનાવવામાં ઉપયોગમાં આવે તેવા છે—સમર્થ છે એમ બુદ્ધિમાન સાધુ બોલે નહિ
૧૯ ૨૦ ૨૧ ૨૨

**ભાવાર્થ**—સાધુઓએ પ્રસંગવશાત ઉદ્યાનમાં, પર્વતો ઉપર, વનમાં ગયા થકા ત્યાં મોટા વૃક્ષો જોઇને આ વૃક્ષો મહેલ, બંગલા, બાંધવામાં, થાંભલા, નગરની ભાગોળ, દરવાજાના કમાડ, આંગળીયા, અર્ગલા, ઘરોના મોભ, આડી, હોડી, રેંટ વગેરે બનાવવાના ઉપયોગમાં આવે તેવા છે, તથા પાણી રાખવાનું ભાજન વગેરે બનાવવાના ઉપયોગમાં આવે તેવા છે, એવા સાવદ્યકારી વચનો બોલવા નહિ,

**पीढए चंगबेरे य, नंगले मइयं सिया।**
१ २ ३ ४ ५
**जंत लट्ठी व नाभी वा, गंडिया व अलं सिया ॥२८॥**
६ ७ ८ ९ १० ११
**आसणं सयणं जाणं, हुज्जा वा किंचुवस्सए।**
१२ १३ १४ १५ १६
**भुओ वघाइणिं भासं, नेवं भासिज्ज पन्नवं ॥२९॥**
१७ १८ १९ २२ २१ २०

શબ્દાર્થ—બાજોઠ કાષ્ટપાત્ર-કથરોટ હળ, ખેતરમાં વાવેલ
१ २ ३
બીજને ઢાંકવા માટેનું કાષ્ટનું સાધન-રપટો થાય તેવા છે ઘાણી
४ ५ ६
ચરખા તથા શેરડી પીલવાના યંત્રોની લાકડી પૈડાની નાભી સોનીને
७ ८
ઉપયોગમાં આવે તે-એરણુ બનાવવામાં સમર્થ થાય તેમ છે માંચી-
९ १० ११ १२
સિંહાસન આદિ આસન પલંગાદિ રથ થાય તેવા ઉપાશ્રય ઘર આદિના
१३ १४ १५
કમાડાદિક થશે જીવની હિંસા થાય તેવી ભાષા પ્રજ્ઞાવંત સાધુ
१६ १७ १८ १९ २०
બોલે નહિ.
२१ २२

ભાવાર્થ—સાધુ ઉપરોક્ત વનઆદિ સ્થાનોમાં ગયા થકા વૃક્ષોને જોઈને, આ વૃક્ષો, બાજોઠ, કથરોટ, હળ, રપટો, ઘાણી તથા ચરખા તથા શેરડી પીલવાના યંત્રોની લાકડી(ઉભું લાકડું)નાભી-ગાડાના પૈડાનું સાધન, એરણુ, માંચી, સિંહાસન, પલંગ, રથ, ઘર, ઉપાશ્રય આદિના કમાડાદિક વસ્તુઓ બનાવવામાં ઉપયોગી થાય તેવાં છે, બુદ્ધિમાન

સાધુ આવા પ્રકારની જીવોની ઘાત થાય તેવી ભાષા બોલે નહિ.

**तहेव गंतुमज्जाणं, पव्वयाणि वणाणि य।**
१ ३ २ ४ ५
**रुक्खा महल्ल पेहाए, एवं भासिज्ज पन्नवं ॥३०॥**
६ ७ ८ ९ १० ११
**जाइमंता इमे रुक्खा, दीहवट्टा महालया।**
१२ १३ १४ १५ १६ १७
**पयायसाला विडिमा, वए दरिसणि त्ति य ॥३१॥**
१८ १९ २० २१ २२

**શબ્દાર્થ**—તેમજ વનમાં ગયાથકા પર્વતઉપર મોટાવનોમાં
૧ ૨ ૩ ૪ ૫
વૃક્ષો મોટા દેખી એમ બોલે પ્રજ્ઞાવંત સાધુ ઉંચી જાતનાં આ વૃક્ષો
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
લાંબા ગોળાકાર મોટા વિસ્તારવાળા વડ આદિ, નીપજી છે ઘણી
૧૫ ૧૬ ૧૭ ૧૮
શાખાઓ પ્રશાખાઓ દેખવાલાયક બોલે
૧૯ ૨૦ ૨૧ ૨૨

**ભાવાર્થ**—સાધુ વિહાર કરતાં ઉદ્યાન, પર્વત કે વન તરફ જતાં મોટા વૃક્ષો દેખીને પ્રસંગવશાત બોલવું પડે તો આ પ્રમાણે બોલવું કે આ વૃક્ષો જાતિવંત છે, લાંબા છે, ગોળાકાર છે, શાખા-પ્રશાખાવાળા દર્શનીય છે, રમણીક છે એવી નિષ્પાપ ભાષા બોલે.

**तहा फलाइं पक्काइं, पायखज्जाइं नो वए।**
१ २ ३ ४ ५ ६ ७
**वेलोइयाइं टालाइं, वेहिमाइं त्ति नो वए ॥३२॥**
८ ९ १० १३ १२ ११

**શબ્દાર્થ**—વળી ફળ આંબાદિકના પાકાં પકાવીને ખાવાયોગ્ય
૧ ૨ ૩ ૪ ૫

એમ ન બોલે, પાડવા યોગ્ય-લેવાયોગ્ય, કુંણા છે(ગોટલી થઈ નથી)બે
૬ ૭ ૮ ૯
ભાગ આદિ કટકા કરવા યોગ્ય છે એમ પ્રજ્ઞાવંત સાધુ બોલે નહિ.
૧૦ ૧૩ ૧૧ ૧૨

**ભાવાર્થ**-વૃક્ષોનાં ફળો દેખીને આ રીતે ન બોલવું તે કહે છે-આંબાના ફળો પાકી ગયા છે, પકાવીને ખાવાલાયક છે, તેમ ન બોલવું તથા આ ફળો પાકયાં હોવાથી તેને લઇ લેવાનો અવસર થયો છે, અગર તે કોમળ છે અથવા બે ભાગ કરવા લાયક છે. આ પ્રમાણે બોલવું નહિ.

**असंथडा इमे अंबा, बहु निव्वडिमा फला ।**
३ १ २ ४ ५ ६
**वइज्ज बहु संभूया, भूयरुव त्ति वा पुणो ॥३३॥**
७ ८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—વૃક્ષો ફળોનો ભાર ધારણ કરવા અસમર્થ છે આ
૩ ૧
આંબા ઘણા નિપના છે ફળ આંબાને વિષે એમ કહે અતિશે પાકા
૨ ૪ ૫ ૬ ૭ ૮ ૯
કોમલરૂપ છે એમ બોલે.
૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—આ આંબાના વૃક્ષો ઘણા ફળોનો ભાર ઉપાડવા સમર્થ નથી તેટલા ઘણા ફળો નીપજ્યાં છે, એ ફળો ઘણા પાકાં છે, કોમલ છે, અદભૂત રૂપવાળા છે(ઘણી વનસ્પતિ નીપજી છે તે જીવ સ્વરૂપ છે) પ્રસંગ ઉત્પન્ન થયે સાધુ આમ નિર્દોષ વચન બોલે.

**तहेवोसहिओ पक्काओ, नीलियाओ छवीइ य ।**
१ २ ३ ४ ५
**लाइमा भज्जिमाउ त्ति, पिहुखज्ज त्ति नो वए ॥३४॥**
६ ७ ८ ९ १० १३ ११ १२

**શબ્દાર્થ**-તેમ જ ઔષધી-ડાંગર વગેરે અનાજ પાકયાં છે
૧ ૨ ૩
વાલ-ચોરા ફલી આદિ લીલી છે લણુવા યોગ્ય છે સેકવા યોગ્ય છે
૪ ૫ ૬ ૭
એમ પોંક કરીને તથા ઓળા કરી ખાવા યોગ્ય છે એમ પ્રજ્ઞાવંત
૮ ૯ ૧૦ ૧૪
સાધુ ન બોલે
૧૧ ૧૨

**ભાવાર્થ**-ચોવીસે ધાન્યની જાતિને ઔષધી કહેવાય. તે પૈકી ડાંગર, વાલ, ચોરા આદિ ધાન્યો પાકયાં છે; તે લણુવા લાયક છે, ભુંજવા લાયક છે અને પોંક કરીને ખાવા લાયક છે, આવી સાવદ્ય ભાષા સાધુએ બોલવી નહિ.

**रुढा बहु संभूया, थिरा ओसढा वि य।**
१ २ ३ ४ ५
**गब्भियाओ पसूयाओ, संसाराउ त्ति आलवे ॥३५॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—અંકુરા નીકળ્યા છે ઘણા નિષ્પન્ન થયેલ છે ઉપદ્રવ
૧ ૨ ૩
રહિત સ્થિર છે સંપૂર્ણ નીપજેલ છે ઉપઘાતથી નીકળેલ છે ગાભે
૪ ૫ ૬
ડોડે તૈયાર થયેલ છે-ગર્ભમાંથી ડોડા કોઇના બહાર નીકળ્યા છે
૭
તંદુલાદિક સારહાણુા નીપજ્યા છે એમ કાર્યવિશેષે બોલે
૮ ૯ ૧૦

ભાવાર્થ—સાધુને કાર્ય ઉત્પન્ન થયે-કારણુવશાત્ બોલવું પડે તો એમ બોલે કે અંકુરા ઘણા નીકળ્યા છે, મોર ટીસી નીકળ્યાં

છે, ગાભેડોડે આવેલ છે, ઉપઘાતથી નીપજેલ છે, ઉપદ્રવ રહિત સ્થિર છે, તંદુલાદિક સાર દાણા ઉત્પન્ન થયા છે, ડાંગર આદિ સારી રીતે પેદા થયેલ છે. આવી ભાષા બોલવી.

**तहेव संखडिं नच्चा, किच्चं कज्जं त्ति नो वए।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**तेणगं वा वि वज्झित्ति, सुतित्थि त्ति य आवगा ॥३६॥**
९ १० ११ १२ १३

શબ્દાર્થ—તેમજ જ્યાં ઘણા લોકો જમતા હોય તે જાણી સારૂં
૧ ૨ ૩
કીધું કાર્ય એમ ન કહે ચોરને હણવા યોગ્ય છે. ભલો છે તરવા
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
યોગ્ય કાંઠો છે નદી તરવી સોહિલી છે.
૧૨ ૧૩

**ભાવાર્થ**—પિતૃ આદિની તૃપ્તિને અર્થે કોઇ જમણ કરતું હોય અગર કર્યું હોય તે જાણીને જમણ કરનારને તમે આ કાર્ય બહુ સારૂં કર્યું એમ સાધુ બોલે નહિ, વળી ચોરને દેખીને એ ચોર ઘણાના દ્રવ્ય હરણ કરે છે, માટે તે હણવા યોગ્ય છે એમ પણ ન બોલે, વળી નદીને વહેતી દેખીને આ નદી તીર–કાંઠાની જગ્યા રૂડી છે તેથી નદી તરવી સોહિલી છે, તરવા યોગ્ય છે, એવા સાવદ્યકારી વચનો પ્રજ્ઞાવંત સાધુ બોલે નહિ.

**संखडिं संखडिं बूया, पणियट्ठं त्ति तेणगं।**
१ २ ३ ४ ५ ६ ७
**बहु समाणि तित्थाणि, आवगाणं वियागरे ॥३७॥**
८ ९ १० ११ १२

શબ્દાર્થ—જમણવારને જમણવાર કહે કરીયાણાનો અર્થી છે.
૧ ૨ ૩ ૪ ૫

એમ કહે ચોરને સ્વાર્થ સાધક છે એમ કહેવાય ઘણા સરખા છે
૬ ૭ ૮ ૯
નદી ઉતરવાના માર્ગો કાંઠા આવતા જતા પંથીઓ નદીના કાંઠે
૧૦ ૧૧
ઉતરે છે એમ બોલે
૧૨

**ભાવાર્થ**–જમણવારને જમણવાર કહે, ધનાદિકના અર્થી ચોરને જોઇને એમ કહે કે પોતાના પ્રાણને સંકટમાં નાખીને સ્વાર્થની સિદ્ધિ કરવામાં તત્પર છે, નદીને જોઈને એમ કહે કે નદીના કાંઠા સરખા છે, આવતાં જતાં પંથી લોક નદીના કાંઠે ઉતરે છે, કામ પડે તો સાધુ આ પ્રમાણે નિરવદ્ય ભાષા બોલે.

**तहा नइओ पुण्णाओ, कायतिज्ज त्ति नो वए ।**
१ २ ३ ४ ५ ६ ८ ७
**नावाहिं तारिमाओ त्ति, पाणिपिज्ज त्ति नो वए ॥३८॥**
९ १० ११ १२ १३ १४ १५

**શબ્દાર્થ**–તેમજ નદી પૂર્ણ ભરેલ દેખીને કાયાએકરી તરવાયોગ્ય
૧ ૨ ૩ ૪ ૫
છે એમ બોલે નહિ નાવાએકરી તરવાયોગ્ય છે હાથેથી કાંઠે બેસી
૬ ૭ ૮ ૯ ૧૦
પાણી પીવા યોગ્ય છે એમ ન બોલે
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**—તેમજ નદીને પૂર્ણ ભરેલી દેખીને આ નદી કાયાએ કરીને તથા નાવાએ કરી તરવા યોગ્ય છે. તથા કાંઠે બેસીને હાથે કરી પાણી પીવા યોગ્ય છે, એવા સાવદ્યકારી વચન સાધુ બોલે નહિ.

**बहु बाहडा अगाहा, बहुसलिलुप्पिलोदगा ।**
१ २ ३ ४ ५ ७ ६
**बहु वित्थडोदगा यावि, एवं भासेज्ज पन्नवं ॥३९॥**
८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—ઘણું પાણીભરેલું છે ઘણી ઉંડી છે ઘણું પાણી
૧ ૨ ૩ ૪ ૫
ઉછળે છે ઉપરા ઉપર પાણીના કલ્લોલેકરીને ઘણા વિસ્તારથી પાણી
૬ ૭ ૮ ૯ ૧૦
વહે છે એમ બોલે પ્રજ્ઞાવંત સાધુ
૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—પ્રસંગવશાત સાધુને બોલવું પડે તો એમ બોલે કે આ નદીમાં ઘણું પાણી છે, ઘણી ઉંડી છે, ઘણા વિસ્તારથી વહે છે, ઉપરાઉપરી જલના કલ્લોલે કરી ઉછળે છે, આ નદી ઉતરી શકાય તેવી નથી, એમ સાધુ બોલે.

**तहेव सावज्जं जोगं, परस्सट्ठा य निट्ठियं ।**
१ २ ३ ४ ५ ६
**कीरमाणं ति वा नच्चा, सावज्जं नालवे मुणी ॥४०॥**
७ ८ ९ १० ११ १४ १३ १२

**શબ્દાર્થ**—તેમજ પાપવાળા યોગ પારકાના અર્થે કીધો વર્તમાને
૧ ૨ ૩ ૪ ૫ ૬
કરે છે એવું ભવિષ્યમાંકરીશું જાણીને સાવદ્યભાષા પ્રજ્ઞાવંત મુનિ
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
બોલે નહિ.
૧૩ ૧૪

**ભાવાર્થ**—તેમજ પારકાના નિમિત્તે પાપવાળા વ્યાપાર પૂર્વે થયા હોય તેને જાણીને સાધુઓએ તેના સંબંધમાં સાવદ્ય કાર્યો કરાવવા કે અનુમોદવા રૂપે કાંઈ બોલવું નહિ.

**सुकडित्ति सुपक्कित्ति, सुच्छिन्ने सुहडे मडे ।**
१ २ ३ ४ ५
**सुनिट्ठिए सुलट्ठित्ति, सावज्जं वज्जए मुणी ॥४१॥**
६ ७ ८ १० ९

**શબ્દાર્થ**—સારી રીતે કર્યું સારૂં પકાવેલું સારૂં છેદાયેલું
૧ ૨ ૩
સારૂં હરણ કરાયેલું ભલે મુઓ ઠીક નાશ પામ્યું સુંદર રૂપવંત
૪ ૫ ૬ ૭
સાવદ્ય મુનિ વર્જે.
૮ ૯ ૧૦

**ભાવાર્થ**—જેમકે આ સભા-મકાન સારા બનાવ્યાં છે, સહસ્રપાક તેલ સારૂં પકાવ્યું છે, શાક આદિ સારું છેદ્યું છે, આ નીચ, લોભીનું ધન ચોરાયું તે ઠીક થયું છે, અથવા શત્રુ મરણ પામ્યો તે સારૂં થયું છે, અથવા આ અભિમાનીનું ધન નાશ પામ્યું અથવા આ કન્યા ઘણી સુંદર છે, આવા પ્રકારના સાવદ્ય વચનો સાધુઓએ બોલવા નહિ.

**पयत्त पक्कित्ति व पक्कमालवे, पयत्त छिन्न ति व छिन्न मालवे ।**
१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
**पयत्त लट्ठित्ति व कम्म हेउयं, पहार गाढ त्ति व गाढ मालवे ॥४२॥**
११ १२ १३ १४ १५ १६ १७ १८

**શબ્દાર્થ**—પ્રયત્નથી અન્નાદિક પાક્યું છે તેને પાક્યું કહે
૧ ૨ ૩ ૪ ૫
પ્રયત્નથી છેદાયું છે તેને છેદ્યું કહે પ્રયત્નથી કન્યાનું લાલન પાલન
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
થયું છે કર્મ બાંધવાનો હેતુ પ્રહાર આકરો દીધો તેને ગાઢો પ્રહાર
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭

લાગ્યો એમ કહે
૧૮

**ભાવાર્થ**—અન્નાદિ તથા સહસ્રપાક તેલાદિ ઘણા પ્રયત્નથી તથા આરંભથી પકાવેલા છે, શાકઆદિને ઘણા પ્રયત્નથી આરંભ પૂર્વક છેદેલું છે, કન્યાના વિષયમાં કહે કે આ કન્યાનું સંભાળપૂર્વક લાલન પાલન થયેલું છે, તે જો દીક્ષા લે તો સંયમનું સુંદર રીતિથી પાલન કરી શકે. શૃંગારાદિ ક્રિયાઓ કર્મબંધના હેતુરૂપ છે, ગાઢ પ્રહાર લાગેલવાળાને દેખી આને ગાઢ પ્રહાર લાગ્યો છે, આમ યત્નાપૂર્વક સાધુ નિષ્પાપ ભાષા બોલે.

**सव्वुक्कसं परग्घं वा, अउलं नत्थि एरिसं ।**
१ २ ३ ४ ५
**अविक्किय मवत्तव्वं, अचियत्तं चेव नो वए ॥४३॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—સર્વથી ઉત્કૃષ્ટ છે ઘણામૂલ્યવાળું ઘણું નથી એવું
૧ ૨ ૩ ૪ ૫
અનુપમ ક્યાંઇ બીજે સ્થળે યથા સ્વરૂપ જોવીને તેવી છે અકથનીય
૬ ૭
છે બહુ ગુણવાળી હોવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય એવા શબ્દો ન બોલે
૮ ૯ ૧૦

**ભાવાર્થ**—કોઇ ચાલતા વ્યવહારિક કાર્યમાં પૂછે તો અથવા વગર પૂછયે પણ આ કરીયાણું-વસ્તુ સર્વથી ઉત્કૃષ્ટ છે, સુંદર છે, ઘણા મૂલ્યવાળી છે, આના જેવી બીજી કોઇ ઉંચીવસ્તુ નથી. આ વસ્તુ તો સુલભ છે અથવા અનંત ગુણવાળી છે, આ વસ્તુનું મૂલ્ય કહેવાય નહિ તેવી છે. આવા અપ્રીતિ ઉત્પન્ન થાય તેવા વચનો સાધુઓએ બોલવા નહિ, કારણ તેમ બોલવાથી અધિકરણ દોષ તથા અંતરાય આદિ દોષો ઉત્પન્ન થાય છે.

**सव्व मेयं वइस्सामि, सव्वमेयं त्ति नो वए।**
१ ३ ४ ५ ६ ७ ८
**अणुवीइ सव्वं सव्वत्थ, एवं भासिज्ज पन्नवं ॥४४॥**
९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—સર્વ સંદેશા એ તમે કહેજો કહે તે વારે કહે હા હું
૧ ૨
સર્વ સંદેશા કહીશ એમ ન બોલે વિચારીને સર્વદોષ ટાળીને સર્વ
૪ ૫ ૩ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
દ્રવ્યક્ષેત્રાદિક જોઇને એમ યોગ્ય બોલે કે જેથી દોષ ન લાગે
૧૨ ૧૩
પ્રજ્ઞાવંત-સાધુ
૧૪

**ભાવાર્થ**—કોઈ સાધુએ બીજાકોઇને કહેવા માટે કાંઇ સંદેશો આપ્યો હોય તો તેને એમ ન કહેવું કે હું આ સર્વ સંદેશા તમારા કહેવા પ્રમાણેજ કહીશ તેમ કહેવું નહિ, કારણ કે સર્વ વ્યંજન, સ્વર આદિ યુક્ત સર્વને કોઈ બીજાને કહી શકે નહિ. અને જો સંપૂર્ણ ન કહેવાય તો મૃષાવાદનો દોષ લાગે, માટે બુદ્ધિમાન સાધુએ સર્વ સ્થળે વિચારીને બોલવું.

**सुक्कीयं वा सुविक्कीयं, अकिज्जं किज्जमेव वा।**
१ २ ३ ४
**इमं गिण्ह इमं मुंच, पणीयं नो वियागरे ॥४५॥**
५ ६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—સારૂં ખરીદ કર્યું સારૂં વેચ્યું નહિ ખરીદ કરવા
૧ ૨ ૩
લાયક ખરીદ કરવાલાયક આ ગ્રહણ કરો-એ ન લેશો કરિયાણાં
૪ ૫ ૬ ૭ ૮
આશ્રી ન બોલે
૯ ૧૦

**ભાવાર્થ**—કોઇએ કાંઇ વેચાતું લઈ સાધુને દેખાડયે છતે સાધુએ એમ ન કહેવું કે તમે ઠીક વેચાતું લીધું, અથવા સારૂં થયું કે તમે વેચી નાંખ્યું, અગર ખરીદવા લાયક છે અથવા ખરીદવા લાયક નથી, તેમજ આ કરિયાણું લઈ રાખો, આગળ મોંઘું થશે અથવા વેચી નાખો આગળ સોંઘું થશે, આવી રીતે બોલવાથી અપ્રીતિનું કારણ તથા અધિકરણ–દોષો લાગે, તેથી સાધુઓએ વ્યાપાર સંબંધમાં કાંઇ કહેવું નહિ પણ, મૌન રહેવું.

**अप्पग्घे वा महग्घे वा, कए वा विक्कए वि वा ।**
१ २ ३ ४
**पणियट्ठे समुप्पन्ने, अणवज्जं वियागरे ॥४६॥**
५ ६ ७ ८

શબ્દાર્થ–થોડી કિંમત વાળું ઝાઝી કિંમતવાળુ કરિયાણું ખરીદીમાં
१ २
વેચાણમાં કરિયાણાના પદાર્થના અર્થમાં પ્રસંગવશાત નિર્વદ્ય ભાષા
૪ ૫ ૬ ૭
બોલે
૮

**ભાવાર્થ**–થોડી કિંમતવાળા કે ઝાઝી કિંમતવાળા કરિયાણા લેવામાં, અગર વેચવાનાં સંબંધમાં કોઈ ગૃહસ્થ પ્રશ્ન કરે તો તેને સાધુઓએ નિર્દોષ, નિષ્પાપ ઉત્તર આપવો કે, આ વસ્તુના વ્યાપાર સંબંધમાં સાધુઓએ અભિપ્રાય આપવો કલ્પે નહિ, કારણ લે વેચ થવામાં આરંભ રહેલ છે.

**तहे वाऽसंजयं धीरो, आस एहि करेहि वा ।**
१ २ ३ ४ ५ ६
**सयं चिट्ठ वयाहित्ति, नेवं भासिज्ज पन्नवं ॥४७॥**
७ ८ ९ १० १२ १३ ११

**શબ્દાર્થ**—તેમજ ગૃહસ્થને સાધુ તું બેસ અહિં આવ અમુક
૧ ૨ ૩ ૪ ૫ ૬
કાર્ય કર શય્યામાં નિદ્રા લે ઉભો રહે જા એમ પ્રજ્ઞાવંત સાધુ ન કહે
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**-ધીર અને બુદ્ધિમાન સાધુએએ ગૃહસ્થોને અહીં બેસો, અહીં આવો, આ કામ કરો, સુવો, ઉભા રહો અગર જાઓ આદિ કાંઈ કહેવું નહિ. સંસારીઓને તેના કોઈ કાર્યમાં (ધર્મક્રિયા સિવાયની ક્રિયાઓમાં) આદેશ આપવો નહિ.

**बहवे इमे असाहू, लोए वुच्चंति साहुणो ।**
१ २ ३ ४ ५
**न लवे असाहुं साहुत्ति, साहुं साहुत्ति आलवे ॥४८॥**
६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-ઘણા અસાધુઓ લોકમાં કહેવાય છે સાધુઓ ન
૧ ૨ ૩ ૪ ૫ ૬
કહે અસાધુને સાધુ સાધુને સાધુ કહે.
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-આ લોકને વિષે અસાધુઓ (વિતરાગની આજ્ઞા વિરૂદ્ધ વર્તનવાળા) ઘણા છે અને બહુધા લોકો તેઓને સાધુ કહે છે, પરંતુ તેઓ મોક્ષમાર્ગના આરાધક નથી, તેથી વીતરાગદેવની આજ્ઞાએ વર્તમાને ચાલનાર સાધુઓએ અસાધુઓને સાધુ કહેવા નહિ. પણ જે સાધુના ગુણે કરી સંપન્ન હોય, વીતરાગની આજ્ઞાનુસાર વર્તનાર પંચ મહાવ્રતધારી સાધુઓને સાધુ કહેવા.

**नाण-दंसण-संपन्नं, संजमे य तवे रयं ।**
१ २ ३ ४ ५ ६
**एवं गुण समाउत्तं, संजयं साहु मालवे ॥४९॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—શ્રુતાદિક જ્ઞાનેકરી સમકિતેકરી સહિત સત્તરભેદે
૧ ૨ ૩
સંયમમાં બારભેદે તપમાં રક્ત એવાગુણે કરી સહિત સાધુ નિગ્રંથને
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
સાધુ કહી બોલાવે
૧૧ ૧૨

**ભાવાર્થ**-જ્ઞાન, દર્શન સહિત હોય તથા સત્તર પ્રકારના સંયમમાં અને બાર પ્રકારના તપમાં જે અનુરક્ત હોય, એવા ગુણવાન સંયમીને સાધુ કહેવો. પણ દ્રવ્યલિંગ-વેષમાત્ર ધારીને સાધુ કહેવાથી મૃષાવાદનો દોષ લાગે તેથી દ્રવ્યલિંગીને સાધુ કહેવા નહિ.

**देवाणं मणुयाणं च, तिरियाणं च वुग्गहे ।**
१ २ ३ ४
**अमुयाणं जओ होउ, मा वा होउ त्ति नो वए ॥५०॥**
५ ६ ७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-દેવોના મનુષ્યોના તિર્યંચોના સંગ્રામમાં અમુકનો
૧ ૨ ૩ ૪ ૫
જય થાઓ ન થાઓ એવું ન બોલે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-દેવોનો, મનુષ્યોનો, તિર્યંચોનો ઝઘડો-સંગ્રામ દેખીને અમુકનો જય થાઓ અને અમુકનો પરાજય થાઓ, આવા પ્રકારે સાધુઓએ બોલવું નહિ.

**वाओ वुट्ठं च सीउण्हं, खेमं धायं सिवं ति वा ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**कया णु हुज्ज एयाणि, मा वा होउ त्ति नो वए ॥५१॥**
९ १० ११ १२ १३ १४ १५ १६

**શબ્દાર્થ**-પવન વરસાદ ટાઢ તાપ સ્વચક્ર પરચક્રના ભયરહિત
૧ ૨ ૩ ૪ ૫

સુકાળ રોગાદિક આદિ ઉપસર્ગરહિત એમ ક્યારે થશે આ નહિ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
થાઓ એમ ન કહે
૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**–પવન વાય તો સારૂં, ન વાય તો સારૂં, વરસાદ થાય તો સારૂં, ન થાય તો સારૂં, ભલે લોકો દુઃખ પામે, ટાઢ, તાપ, સ્વચક્ર પરચક્રના ભયરહિત, સુકાળ, ઉપદ્રવ રહિતપણું ઇત્યાદિ ક્યારે થશે અથવા ન થાઓ, આમ બોલવાથી અધિકરણાદિ દોષો ઉત્પન્ન થાય અને વાયુ વગેરેના થવાથી પ્રાણીઓને પીડાની પ્રાપ્તિ થાય તથા આર્તધ્યાન થાય, એમ જાણી સાધુઓએ પ્રસંગ વશાત્ નિષ્પાપ વચન બોલવાં.

**तहेव मेहं व नहं व माणवं, न देवदेवत्ति गिरं वइज्जा ।**
१ २ ३ ४ ९ ५ ६ ७ ८ १०
**समुच्छिए उन्नए वा पओए, वइज्ज वा बुट्ठ बलाहय त्ति ॥५२॥**
११ १२ १३ १७ १४ १५ १६

**શબ્દાર્થ**—તેમજ મેઘને આકાશને માનનીય મનુષ્યને દેવ દેવ
૧ ૨ ૩ ૫
છે એવી વાણી ન બોલવી સમુચ્છિંમ છે ઉપન્યો છે મેઘ વરસ્યો દેવ
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
એમ કહેવું.
૧૬ ૧૭

**ભાવાર્થ**—તેમજ મેઘ-વરસાદ, આકાશ, રાજાદિ મોટા પુરૂષોને દેખીને આ દેવ દેવ છે એવી વાણી સાધુઓએ બોલવી નહિ. પરંતુ મેઘને દેખીને આ વરસાદ વરસ્યો છે; વરસે છે, વરસાદને વરસાદ, આકાશને આકાશ, રાજાને રાજા કહી બોલાવાય, પણ દેવ કહી બોલાવવાથી મૃષાવાદનો દોષ લાગે તથા લઘુતાનો દોષ

લાગે, માટે સાધુઓએ વિચારીને નિષ્પાપ જરૂર પુરતી વાણી બોલવી.

**अंतलिक्ख त्तिणं बूया, गुज्झाणुचरिय त्ति य।**
१ २ ३ ४ ५
**रिद्धिमंतं नरं दिस्स, रिद्धिमंतं त्ति आलवे ॥५३॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–આકાશ–અંતરિક્ષ એમ કહેવું દેવોને ગમન કરવાનો
૧ ૨ ૩ ૪ ૫
માર્ગ છે ઋદ્ધિવાળા મનુષ્યને જોઈ ઋદ્ધિમાન છે એમ બોલે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–આકાશને અંતરિક્ષ તથા દેવોને વસવાનું સ્થાન તથા જવા આવવાનું સ્થાન છે. ઋદ્ધિવંત પુરૂષને દેખી આ ઋદ્ધિવંત છે, એમ કહી બોલાવવા (કાર્યવશાત) નિર્દોષ, સત્ય, પ્રિયકારી ભાષા બોલે.

**तहेव सावज्जणुमोयणी गिरा, ओहारिणो जाय परोवघाइणी।**
१ २ ३ ४ ५ ६ ७
**से कोह लोह भय हास माणवो, न हासमाणो वि**
८ ९ १० ११ १२ १४ १३
**गिरं वइज्जा ॥५४॥**
१५

**શબ્દાર્થ**–તેમજ સાવદ્યક્રિયાને અનુમોદનારી વાણી નિશ્ચયાત્મક
૧ ૨ ૩ ૪ ૫
જે વાણી બોલવાથી અન્ય ઘણા જીવોને ઉપઘાતની કરનારી–પીડાકારી
૬ ૭
થાય ક્રોધથી લોભથી ભયથી હાસ્યથી–માનથી સાધુ હાસ્ય કરતાં
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
પણ ન બોલે
૧૫ ૧૬

**ભાવાર્થ**-સાધુઓએ સાવદ્યકાર્યને અનુમોદના કરવાવાળી વાણી તથા નિશ્ચયકારી(આ કાર્ય આમજ છે તેવી) અથવા સંશયવાળી તથા અન્યજીવોને ઉપઘાત કરવાવાળી વાણી ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી પણ એવી વાણી બોલવી નહિ. કેમકે તેવી વાણી બોલવાથી કર્મ બંધાય છે, તેમજ હાંસી કરતાં તથા સાવદ્યકારી ભાષા બોલતાં પાપકર્મનો બંધ થાય છે.

**सुवक्कसुद्धिं समुपेहिया मुणी, गिरं च दुट्ठं परिवज्जए सया।**
१ २ ३ ४ ५ ६ ७

**मियं अदुट्ठं अणुवीइ भासए, सयाण मज्झे लहई पसंसणं ॥५५॥**
८ ९ १० ११ १२ १३ १५ १४

**શબ્દાર્થ**-સુવાક્યની શુદ્ધિને જોઇને મુનિ વાણી દુષ્ટ સાવદ્ય
१ २ ३ ४ ५

વર્જે સદાય જાવજીવ પરિમિત અદુષ્ટ સુકોમલ પરજીવને હિતકારી
६ ७ ८ ९

વિચારીને બોલે સત્પુરૂષો માંહે પ્રશંસાને પામે
१० ११ १२ १३ १४ १५

**ભાવાર્થ**-હવે કેવી ભાષા બોલવી તે કહે છે. મુનિઓએ ઉત્તમ વાક્યશુદ્ધિને જાણીને, સદાકાળ જાવજીવ સુધી ભાષા સમિતિનો ઉપયોગ રાખીને, દુષ્ટ ભાષા, સાવદ્યકારી, પરને પીડાકારી એવી ભાષાને વર્જિને સત્ય, પરિમિત, નિર્દોષ, પ્રિયકારી, દોષરહિત, વિચારીને ભાષા બોલવી. તેમ બોલવાથી સત્પુરૂષોમાં પ્રશંસાને પામે છે.

**भासाइ दोसे य गुणे य जाणिया, तीसें य दुट्ठे**
१ २ ३ ४ ५ ६

**परिवज्जए सया।**
७ ८

**छसु संजए सामणिए सया जए, वएज्ज बुद्धे हियमाणु**
९ १० ११ १२ १३ १७ १४ १५

**लोमियं ॥५६॥**
१६

**શબ્દાર્થ**-ભાષાના દોષોને ગુણોને જાણીને તેમાંથી દુષ્ટ ભાષાનો
૧ ૨ ૩ ૪ ૫ ૬
વિશેષે ત્યાગ કરીને સદા છજીવનિકાયને વિષે સંયમમાં ઉપયોગવંત
૭ ૮ ૯ ૧૦
સાધુ શ્રમણભાવમાં હંમેશા યત્નાવંત-ઉદ્યમવંત તત્ત્વનાજાણ જ્ઞાની
૧૧ ૧૨ ૧૩ ૧૪
સાધુ હિતકારી, અનુકુળ, મધુર વાણી બોલે.
૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**—ભાષાના દોષો અને ગુણોને યથાર્થપણે જાણી દુષ્ટ તથા સાવદ્ય ભાષાને ત્યાગીને સદાય છ જીવનિકાયને વિષે સંયમવાન અને ચારિત્રમાં ઉદ્યમવાન જ્ઞાની સાધુઓએ સંયમનું રક્ષણ થાય તેવી સત્ય, મધુર, પ્રિયકારી અને નિર્વદ્ય ભાષા બોલવી.

**परिक्ख भासी सुसमाहि इन्दिए, चउक्कसायावगए अणिस्सिए।**
१ २ ४ ३ ५ ६ ७
**स निध्धुणे धुन्न मलं पुरेकडं, आराहए लोगमिणं**
८ ९ १० ११ १२ १३
**तहा परं ॥ त्ति बेमि ॥१७॥**
१४

**શબ્દાર્થ**-પરીક્ષા કરીને બોલનાર સર્વ ઇંદ્રિયોને વશમાં રાખનાર
૧ ૨ ૩ ૪
ચાર કષાયરહિત નેશ્રારહિત સાધુ ક્ષય કરે પાપરૂપ મલને પૂર્વે કરેલા
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
આરાધે છે આ લોકને પરલોકને
૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**-વિચાર કરીને બોલનાર, ઇંદ્રિયોને વશમાં રાખનાર, જીતેન્દ્રિય, ક્રોધ આદિ ચાર કષાયોનો ત્યાગ કરનાર તથા દ્રવ્ય-ભાવથી

નિશ્રારહિત, કોઈપણ જાતના મમત્વના બંધન રહિત, આવા મહાત્માઓ જન્માંતરોમાં પૂર્વભવોમાં-ભૂતકાળમાં કરેલા પાપકર્મરૂપ મળને દૂર કરીને-ક્ષય કરીને વાણી સંયમથી આ લોક-મનુષ્યલોક તથા પરલોક-નિર્વાણને આરાધે છે. આ લોકને વિષે વંદનીય થાય ને પરલોકે સિદ્ધ થાય-મોક્ષને પામે. આ પ્રમાણે શ્રી સુધર્મા સ્વામીએ પોતાના જંબૂ નામના શિષ્યને કહ્યું.

**સાતમું અધ્યયન સમાપ્ત**

---

# અધ્યયન આઠમું

## ( આચાર પ્રણિધિ )

**आयार प्पणिहिं लध्धुं, जहा कायव्व भिक्खुणा।**
१ २ ३ ४ ५ ६
**तं मे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥१॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—જ્ઞાનાદિક આચાર ઇન્દ્રિય અને મનનો સંવર
૧
આદિ શુદ્ધ આચારરૂપ નિધાન પામીને જેમ કરવું અનુષ્ઠાન-ક્રિયા
૨ ૩ ૪ ૫
સાધુને તે તમને હે શિષ્ય કહીશ અનુક્રમે સાંભળો મુજને કહેતા પ્રત્યે.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—ભાષા સમિતિએ બોલતા આચારરૂપ નિધાન પામે તે આ આઠમા અધ્યયનમાં પાંચ આચારરૂપ નિધાન કહે છે. શ્રી સુધર્માસ્વામી પોતાના જંબૂ નામના શિષ્યને કહે છે કે હે જંબૂ!

શાસ્ત્રમાં કહેલી મર્યાદાનું નામ આચાર છે. એમાં સાવધાન રહેવું તે પ્રણિધિ છે. અથવા ઉત્તમ નિધાનની સમાન આચાર પ્રણિધિને જાણીને ભિક્ષુએ જે પ્રકારે આચરણ કરવું જોઈએ તે શ્રી. તીર્થંકર ભગવાને તથા ગણધરોએ પ્રરૂપેલી આચાર પ્રણિધિને અથવા વિધિને તમોને અનુક્રમે કહીશ, તે તમો મારી પાસેથી સાંભળો. જેમ દ્રવ્ય-નિધિ દરિદ્રતાને દૂર કરી દુ:ખોનો નાશ કરી, સંપત્તિની પ્રાપ્તિ કરાવીને મનુષ્યોને વિભૂષિત કરી સુખી કરે છે, તેમ આ આચારરૂપ નિધિ કર્મરૂપી દરિદ્રતાને દૂર કરીને, આચાર પાલન કરનાર સાધુને સકળ દુ:ખોથી મુક્ત કરે છે, અને અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંતવીર્ય રૂપી સંપત્તિથી શોભાયમાન બનાવી અક્ષય સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવે છે. પૌદ્ગલિક નિધિથી તો અલ્પકાળ સુખ પ્રાપ્ત થાય છે, પરંતુ આ આચારરૂપી નિધિથી તો અક્ષય સુખ પ્રાપ્ત થાય છે કે જેનો ક્યારે પણ નાશ થતો જ નથી. જે આચાર પ્રણિધિને જાણીને સાધુઓએ તે પ્રમાણે બરાબર ક્રિયા-અનુષ્ઠાન કરવાં જોઈએ.

**पुढवि दग अगणि मारुय, तण रुक्ख स बीयगा ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**तसा य पाण जीव त्ति, इइ वुत्तं महेसिणा ॥ २ ॥**
९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—પૃથ્વી પાણી અગ્નિ વાયુ-પવન ઘાસ વૃક્ષ બીજવાળા
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૮ ૭
ત્રાસ પ્રાણી બે ઇન્દ્રિયાદિક જીવો છે એમ કહેલ છે તીર્થંકરદેવોએ
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—પૃથ્વીકાય-માટી, પત્થર, રેતી, કાંકરા, હીરા, માણેક આદિ, અપકાય-પાણી, અગ્નિ, વાયુ-પવન, ઘાસ, વૃક્ષ, સાળી પ્રમુખ બીજ તે વનસ્પતિકાય એ પાંચે એક ઇન્દ્રિયવાળા (તેને ફક્ત કાયારૂપ

એકજ હોય છે ઇન્દ્રિય ) જીવો છે, તથા બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, અને પંચેન્દ્રિય, એ ત્રસ પ્રાણીઓ, એ છકાયના જીવોની દયા પાળવા શ્રી ઋષભાદિક સર્વ તીર્થંકરોએ કહ્યું છે. ( છ પ્રકારના જીવો કહ્યા છે. તેમાં પ્રાયઃ એક ઇન્દ્રિયવાળા સ્થાવર કહેલ છે. છઠો ભેદ ત્રસકાયનો છે.)

**तेसिं अच्छण जोएण, निच्चं होयव्वयं सिया ।**
१ २ ३ ४ ५ ६ ७
**मणसा काय वक्केण, एवं हवइ संजए ॥ ३ ॥**
८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—તે છકાયજીવના દયારૂપ વ્યાપારે કરી નિત્ય
૧ ૨ ૩ ૪
પ્રવર્તવું મહાવ્રત સહિત સર્વદા જાવજીવ મને કરી કાયાએ કરી
૫ ૬ ૭ ૮ ૯
વચને કરી આચાર પાળતા રહેવું સાધુએ
૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**--સાધુઓએ નિત્યપ્રત્યે છકાયજીવોની દયાપાલનરૂપ વ્યાપારે કરી, પાંચ મહાવ્રતે કરી ( અહિંસા, સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહીપણું ) સહિત અને મન, વચન, કાયાએ કરી આચારનું પાલન કરતા રહેવું, એટલે છ કાય જીવોના રક્ષણ કરવાવાળા થવું જોઈએ અને તેમ વર્તન કરવાથી જ તેમનામાં સંયતપણું સંભવે છે. જૈન ધર્મમાં મુખ્ય બાબત અહિંસારૂપ ધર્મ કરેલ છે, બીજાવ્રતો તેના પાલનમાં સહાયરૂપ જાણવા.

**पुढविं भित्तिं सिलं लेलुं, नेव भिंदे न संलिहे ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**तिविहेण करण जोएण, संजए सु समाहिए ॥४॥**
९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—પૃથ્વી સચિત્ત માટી નદીનીભેખડની મોટાપત્થર પત્થર-
૧ ૨ ૩ ૪
નાટુકડા ન તેના કટકા કરે–ભેદે ન તેનાપર લીટી કાઢે ત્રિવિધે કરણે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
મન વચન કાયાએ કરી સાધુ સમાધિવંત
૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—નિર્મળ ભાવવાળા સાધુઓએ શુદ્ધ પૃથ્વી, સચિત્ત માટી, નદીના કિનારાની ભીંત અથવા ભેખડ–કાંઠો, મોટા પત્થર કે નાના પત્થર–ટુકડા કે જે સચિત્ત પૃથ્વી હોય તેને મન, વચન, કાયાથી, કરવા, કરાવવા, અને અનુમોદવારૂપ ત્રણ કરણ અને ત્રણ યોગથી ભેદે નહિ, તેના ઉપર કોઇ વસ્તુથી લીટી તાણે નહિ. કારણ કે તે જીવરૂપ છે, તેથી તેને પીડા ઉત્પન્ન થાય તેમ તેનો સંઘટો પણ કરે નહિ.

**सुद्धपुढवीए न निसीए, ससरक्खम्मि य आसणे।**
१ २ ३ ४ ५ ६
**पमज्जितु निसीइज्जा, जाइत्ता जस्स उग्गहं** ॥५॥
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—સચિત્ત પૃથ્વી ઉપર ન બેસે સચિત્તરજથી ખરડાયેલા
૧ ૨ ૩ ૪ ૫
આસનાદિક ઉપર ન બેસે, રજોહરણથી પુંજીને અચિત્તસ્થાને બેસે
૬ ૭ ૮
જેની જગ્યા હોય આજ્ઞા માગીને
૧૦ ૧૧ ૯

**ભાવાર્થ**—સાધુઓએ સચેત્ત પૃથ્વી ઉપર તથા સચિત્ત રજે કરી ખરડાયેલા આસન ઉપર બેસવું નહિ, પણ અચિત્ત પૃથ્વી જોઈ, જાણીને તેના માલિકની આજ્ઞા લઈને તે જગ્યાએ રજોહરણાદિકે

પુંજીને બેસવું. (અને જો જગ્યાનો માલિક ન હોય તો જસ ઓગહ અણું જાણુઈ એમ કહીને બેસવું) સચેત્ત પૃથ્વીનો સ્પર્શ પણ કરવો નહિ.

**सीओदगं न सेविज्जा, सिलावुट्टं हिमाणि य।**
१ २ ३ ४ ६ ५ ७
**उसिणोदगं तत्त-फासुयं, पडिगाहिज्ज संजए ॥६॥**
८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—કાચું પાણી ન પીવે વરસાદના કરાના બરફના પાણીને,
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
ઉષ્ણ અચેત્ત પાણી તપાવેલ અચિત્ત થયેલું લે સાધુ.
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—સાધુઓએ વરસાદનું પાણી, કરા, બરફ, હીમ, ઈત્યાદિક સચિત્ત પાણી પીવું નહિ, તથા વાપરવું પણ નહિ, પરંતુ અગ્નિથી તપાવેલ ઉનું પાણી અચિત્ત થયેલું તથા એકવીસ જાતના ધોવણનું અચિત્ત થયેલ પાણીને ગ્રહણ કરે-પીવે, વાપરે-નિર્દોષ પાણી વાપરે.

**उदउल्लं अप्पणो कायं, नेव पुंछे न संलिहे।**
१ २ ३ ४ ५ ६ ७
**समुप्पेह तहाभूयं, नो णं संघट्टए मुणी ॥७॥**
८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—પાણીથી ભીનું થયેલું પોતાના શરીરને નહિ લુંછે
૧ ૨ ૩ ૪ ૫
નહિ સ્પર્શ કરે બરાબર જોઈને ભીંજાએલી કાયાને નહિ થોડો પણ
૬ ૭ ૮ ૯ ૧૦
સ્પર્શ કરે મુનિ
૧૧ ૧૨

**ભાવાર્થ**—ગોચરી આદિ પ્રસંગે બહાર જતાં રસ્તામાં વરસાદ થતાં ભીંજાએલા, પોતાના શરીરને બીજા લુગડા વગેરેથી લુંછવું નહિ, તેમજ હાથ વગેરેથી સ્પર્શ કરવો નહિ, અથવા મસળે પણ નહિ, પાણીના જીવોની અનુકંપા જાણીને, ભીંજાયેલ શરીરનો થોડો પણ સ્પર્શ કરે નહિ, એટલે, સચેત્ત પાણીનો સ્પર્શ કરે નહિ, શરીર ભીંજાએલ હોય તો એક સ્થળે ઉભા રહી પાણી સુકાયા પછી હરકોઈ ક્રિયામાં જોડાય. વસ્ત્ર ભીંજાયા હોય તો તેને નીચોવે નહિ, વસ્ત્રને એકાંત જગ્યાએ મુકીને સુકાયા પછી તેનો ઉપયોગ કરે.

**इंगालं अगणिं अच्चि, अलायं वा सजोइयं ।**
१ २ ३ ४ ५
**न उंजिज्जा न घट्टिज्जा, नो णं निव्वावए मुणी ॥८॥**
६ ७ ८ १० ९ ११

**શબ્દાર્થ**—અંગારા લોઢા આદિની અગ્નિ જવાળાની તુટેલ
૧ ૨ ૩
જવાળાની અગ્નિ ઉંબાડાની, જયોતિ આદિની અગ્નિને કાષ્ટ નાખી
૪ ૫
નહિ વધારે-પ્રજાલે અગર સંઘર્ષ ન કરે ઓલવે નહિ સાધુ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—સાધુઓ અંગારાની, લોઢાની અગ્નિ, ઝાળની, ઉંબાડાની, દીવા પ્રમુખ આદિની અગ્નિને વસ્ત્રાદિકે ઝાપટ ન નાખે, હાથ આદિથી સંઘર્ષ ન કરે, ન ઓલવે-બુઝાવે નહિ, પ્રદીપ્ત પણ કરે નહિ એટલે અગ્નિનો સ્પર્શ કરે નહિ. તેમજ અગ્નિનો આરંભ કરે નહિ, કરાવે પણ નહિ,

**तालियंटेण पत्तेण, साहाए विहुणेण वा ।**
१ २ ३ ४
**न वीइज्ज अप्पणो कायं, बाहिरं वा वि पुग्गलं ॥९॥**
५ ६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—તાલપત્ર વડે પાંદડે કરી વૃક્ષની ડાળે કરી મોર-
૧ ૨ ૩ ૪
પીંછીવડે ( પાઠાંતર વીંજણે કરી ) નહિ વીંઝે વાયુ નાખે પોતાના
૫ ૬ ૭
શરીરને અનેરા પુદગળ અન્ન પાણી દુધ વગેરેને
૮ ૯ ૧૦

**ભાવાર્થ**—બેપડવાળા કે એક પડવાળા વીંજણે કરીને, વૃક્ષના પાંદડે કરીને, મોર પીંછી વડે કે વૃક્ષની ડાળી વડે અથવા કપડાએ કરી કોઈ પણ વસ્તુએ કરીને, પોતાની કાયાને અથવા આહારાદિ વગેરેને, ઉષ્ણ પુદગળને ઠંડા કરવા માટે વાયુ નાંખે નહિ. વાયુના જીવની ઘાત થાય તેવાં કાર્યો કરે નહિ.

**तणरुक्खं न छिंदिज्जा, फलं मूलं च कस्सई ।**
१ २ ३ ४ ५ ६ ७
**आमगं विविहं बीयं, मणसा वि न पत्थए ॥१०॥**
८ ९ १० ११ १३ १२

**શબ્દાર્થ**—ડાભાદિક તૃણા વૃક્ષ ન છેદે કેરીઆદિ ફળો મૂળ કોઈ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
વનસ્પતિને ક્યારે પણ કાચી સચિત્ત ઘણા પ્રકારના બીજ તલ આદિ
૮ ૯ ૧૦
મને કરીને ખાવાને ઈચ્છે નહિ.
૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—સાધુઓએ તૃણ, વૃક્ષ, તથા વૃક્ષના ફળો તથા વનસ્પતિના મૂળને તેમજ અનેક પ્રકારના સચેત્ત બીજ આદિ વનસ્પતિને છેદવાં, કાપવા, ખાવાને ઈચ્છા કરવી નહિ. સ્પર્શ પણ ન કરવો.

**गहणेसु न चिट्ठेज्जा, बीएसु हरिएसु वा ।**
१ २ ३ ४ ५

**उदगंमि तहा निच्चं, उत्तिंग पणगेसु वा ॥११॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—ગહન વનને વિષે વૃક્ષોની ઘટામાં (સચેત ફળ, ફુલ,
૧ ૪
પાંદડા પડયા હોય તે ઉપર) ન ઉભો રહે કે બેસે બીજ–દાણા,
૨ ૩ ૪
ધોપ્રમુખ વનસ્પતિ ઉપર ઉદકનામની અથવા પાઠાંતર અનંત નામની
૫ ૬
વનસ્પતિ ઉપર તેને સચિત્ત વનસ્પતિ જાણીને નિત્ય કીડીયારા લીલફુલ
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**—ગહનવનમાં વૃક્ષોની ઘટામાં, સચિત્ત બીજ, પાંદડા, ફળ, ફુલ, કીડીયારા, લીલફુલ, ધોપ્રમુખ વનસ્પતિ આદિ રહેલાં હોય તેના ઉપર ઉભા રહે નહિ, બેસે નહિ, ચાલે પણ નહિ, ઘણા જીવોની ઘાત થવા સંભવ તેથી સાધુઓએ નિર્વદ્ય જગ્યા જોઈ ઉભું રહેવું, બેસવું કે ચાલવું કે શયન કરવું, જેથી દોષ લાગે નહિ. ગહનવનમાં પાંદડાના સમુહમાં નીચેના ભાગમાં પ્રતિલેખન થાય નહિ તેથી તેવા પોલા સ્થાનોમાં પણ બેસે નહિ.

**तसे पाणे न हिंसिज्जा, वाया अदुव कम्मुणा ।**
१ २ ३ ४ ५ ६
**उवरओ सव्व भूएसु, पासेज्ज विविहं जगं ॥१२॥**
९ ७ ८ १२ १० ११

**શબ્દાર્થ**—ત્રસજીવોને પ્રાણીઓને નહિ હણે વચને કાયાએ
૧ ૨ ૩ ૪ ૫ ૬
તથા મને કરી સર્વ પ્રકારના જીવોની હિંસાથી નિવૃત્ત થયેલ અનેક
૭ ૮ ૯
પ્રકારના જીવોને જોઈને
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-સાધુઓએ મન, વચન અને કાયાથી ત્રણ કરણ ને ત્રણ યોગથી બેઇન્દ્રિયાદિ ત્રસજીવોની હિંસા કરવી નહિ. સમસ્ત પ્રાણીઓમાં રાગદ્વેષ રહિત થઇ ત્રસ અને સ્થાવર જીવરૂપ જગત્‌ને જુએ, વિચારે કે, આ જીવો આરંભ તથા કષાયને આશ્રયી કર્મોને વશ થઇને નરક તિર્યંચ આદિ ગતિઓને પામીને ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ આદિ, નિમિત્તોથી કલેશના સમુદ્રમાં વહેતાં કદાપિ વિશ્રાન્તિ પાનત નથી. એમ જાણી સંસાર અનિત્ય તથા દુઃખરૂપ છે આમ વિચારવાથી વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થાય છે. એમ જાણી સંસાર સાગરથી પાર થવા માટે સંયમ પાલનમાં, અહિંસા પાલનમાં સાધુ ઉદ્યમવંત બને.

**अट्ठ सुहुमाइं पेहाए, जाइं जाणितु संजए ।**
१ २ ३ ४ ५ ६
**दयाहिगारी भूएसु, आस चिट्ठ सएहिं वा ॥१३॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**-આઠ સૂક્ષ્મ આદિજીવો જાણીને જે સુક્ષ્મની જાતિને
૧ ૨ ૩ ૪
જાણી સાધુ દયાનો અધિકારી જીવોને વિષે બેસતા ઉભા રહેતા સુતા
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
દયા પાળે.

**ભાવાર્થ**-સાધુઓએ આઠ જાતના સુક્ષ્મ જીવોને જાણવા જોઇએ. આ સૂક્ષ્મજીવોને જાણવાથી સાધુ જીવદયાનો અધિકારી થાય છે. તેથી કરીને સૂક્ષ્મ જીવોને દેખીને સાધુએ ઉપયોગપૂર્વક બેસવું, ઉભા રહેવું, અને શયન વગેરે કાર્યમાં ઉપયોગ રાખવાથી નિર્દોષપણે સંયમનું પાલન થઇ શકે છે.

**कयराइं अट्ठ सुहुमाइं, जाइं पुच्छिज्ज संजए ।**
१ २ ३ ४ ५ ६
**इमाइं ताइं मेहावी, आइक्खिज्ज वियक्खणो ॥१४॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—કયા કયા આઠ સૂક્ષ્માદિ જાતિ પૂછે છે સાધુ એમ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
તે આઠ સૂક્ષ્મ પંડિત સાધુ કહે છે બુદ્ધિવંત
૮ ૯ ૧૦ ૧૧

ભાવાર્થ—શિષ્ય પૂછે છે હે ભગવાન્! તે આઠ સૂક્ષ્મ જીવોની જાતિ કઈ છે, કે જે દયાના અધિકારી થવા માટે સાધુએ ગુરૂને પ્રશ્ન કરે છે (ગુરૂ ઉત્તર આપે છે) હે શિષ્ય? આગળ કહેવામાં આવશે તે આઠ સૂક્ષ્મજીવોને બુદ્ધિના વિચક્ષણ ગુરૂ શિષ્યોને બતાવે છે.

**सिणेहं पुप्फसुहुमं च, पाणुत्तिगं तहेव य ।**
१ २ ४ ३ ९
**पणगं बीय हरियं च, अंड सुहुमं च अट्ठमं ॥१५॥**
५ ६ ७ ८ १० ११

**શબ્દાર્થ**—સૂક્ષ્મપાણી—ઉસ, ઠાર, ધુમસ, હરતણું, હિમ, સ્નેહાદિ,
૧
વડપ્રમુખના ફુલ સૂક્ષ્મ કીડીઓના દર કુંથુવાદિક પંચવર્ણી લીલફુલ
૨ ૩ ૪ ૯ ૫
સૂક્ષ્મબીજ અંકુરાદિ સૂક્ષ્મ ઇંડા સૂક્ષ્મ એ આઠ
૬ ૭ ૮ ૧૦ ૧૧

**ભાવાર્થ**—ઉસ, ધુંઅરનું પાણી, વડપ્રમુખનાફુલ, કુંથુવાદિક, કીડીઓના નગરા, પંચવર્ણી લીલફુલ, વડ, ઉંબરાદિનાફુલ, ઘોઆદિના નવા અંકુરા, ગરોળી વિગેરેના ઇંડા ઇત્યાદિ, સૂક્ષ્મ એટલે બહુ જ

થોડી અવગાહનાવાળા કોઇ દૃષ્ટિમાં આવે ને કોઈ ન આવે એવા સૂક્ષ્મજીવોને જાણી દયા પાળવી.

**एवमेयाणि जाणित्ता, सव्वभावेण संजए ।**
१ २ ३ ४ ५
**अप्पमत्तो जए निच्चं, सव्विंदिय समाहिए ॥१६॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—એમ એ આને જાણીને સર્વ પ્રકારે પોતાની શક્તિએ
૧ ૨ ૩ ૪
કરી સાધુ પ્રમાદરહિત જીવની રક્ષા કરે નિત્ય–સદા ઇન્દ્રિયને જીતીને
૫ ૬ ૭ ૮ ૯
સમાધિવંત સાધુ
૧૦

**ભાવાર્થ**—એમ આઠે પ્રકારના સૂક્ષ્મજીવોને જાણીને, પોતાની સર્વ શક્તિએ કરી અપ્રમત રહેતો થકો સાધુ સદાકાળ જીવોની રક્ષા કરે અને પાંચ ઈન્દ્રિયોને જીતીને શાંત, દાંત, સમાધિવંત થકો જીવો માત્રની દયા પાળતો થકો સંયમ પાલન કરે.

**धुवं च पडिलेहिज्जा, जोगसा पाय कंबलं ।**
१ २ ३ ४ ५
**सिज्जमुच्चार भूमिं च, संथारं अदुवासणं ॥१७॥**
६ ७ ८ ९ १०

શબ્દાર્થ—સદાકાળ પ્રતિલેખે–દૃષ્ટિએ કરી જીવને જુએ પોતાની
१ २ ३
છતી શક્તિએ મન વચન કાયાના જોગને સ્થિર રાખી પાત્રા કંબલ
૪ ૫
આદિ ઉપગરણોને સ્થાનકને વડીનીતિ લઘુનીતિની ભૂમિને સંથારાને-
૬ ૭ ૮ ૯

પથારીને આસનને પ્રતિલેખે
૧૦

**ભાવાર્થ**-સાધુ મન વચનકાયાના જોગને સ્થિર કરીને એકાગ્રતાથી પાત્રા, કંબલ, સ્થાનક, લઘુનીતિ તથા વડીનીતિની ભૂમિને તથા સંથારા તથા આસન આદિ સર્વ ઉપગરણોને વિષે દૃષ્ટિએ કરી જીવોનું પ્રતિલેખન કરે, સદાકાળ પ્રથમ દૃષ્ટિએ જોઇ પછી રજોહરણ ગોચ્છાથી પ્રમાર્જન કરવું.

**उच्चारं पासवणं खेलं, सिंघाण जल्लियं ।**
१ २ ३ ४ ५
**फासुयं पडिलेहित्ता, परिट्ठाविज्ज संजए ॥१८॥**
६ ७ ८ ९

શબ્દાર્થ—વડીનીતિ લઘુનીતિ ગળફો નાક કાનનો મેલ અચિત્ત
૧ ૨ ૩ ૪ ૫ ૬
નિર્જીવ જમીન જોઈ પુંજીને પરઠવે સાધુ.
૭ ૮ ૯

**ભાવાર્થ**—સાધુઓએ જીવરહિત ભૂમિને પડિલેહીને-પુંજીને-જોઇને, વડીનીતિ, લઘુનીતિ, ગળફો, નાકકાનના મેલ આદિ શરીરની અશુચીને પરિઠવવાં.

**पविसितु परागारं, पाणट्ठा भोयणस्स वा ।**
२ १ ४ ३
**जयं चिट्ठे मियं भासे, न य रुवेसु मणं करे ॥१९॥**
६ ८ ७ ९ १३ १० ११ १२

**શબ્દાર્થ**—ગૃહસ્થના ઘરમાં પ્રવેશીને ભાત પાણીના અર્થે
૧ ૨ ૩ ૪ ૫
યત્નાપૂર્વક પરિમિત ઉભો રહે બોલે સ્ત્રીઓના રૂપને વિષે મન કરે નહિ.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

ભાવાર્થ-ગૃહસ્થના ઘરને વિષે સાધુ આહાર તથા પાણી માટે ગયો થકો ત્યાં યત્નાએ ઉભો રહે અને પરિમિત બોલે, તથા દાતારની સ્ત્રી વગેરેના રૂપમાં મનને આસક્ત થવા દે નહિ.

**बहुं सुणेइ कण्णेहिं, बहुं अच्छीहिं पिच्छइ ।**
१ २ ३ ४ ५ ६
**न य दिट्ठं सुयं सव्वं, भिक्खु अक्खाउ मरिहइ ॥२०॥**
७ ८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—ઘણી સારી અગર ખરાબ વાતો સાંભળે કાને કરી
૧ ૨ ૩
સાધુ ઘણી શ્રેષ્ઠ તથા હલકી વસ્તુને આંખથી દેખે ન દીઠું સાંભળ્યું
૪ ૫ ૬ ૭ ૮ ૯
સર્વ સાધુને કહેવું યોગ્ય નહિ.

**ભાવાર્થ**-સાધુ ગોચરી આદિ કાર્ય માટે બહાર જતાં ત્યાં રસ્તામાં સારી અગર ખરાબ વાતો સાંભળે તથા આંખથી ઘણું દેખ્યું હોય અથવા નજરે દીઠું નથી પણ કાનથી સાંભળ્યું હોય તે સઘળી વાતો સાધુ અન્યને કહે નહિ. કારણ કે તેમાં કેટલીક ગુપ્ત વાતો પણ હોય, તથા મર્મકારી વાત હોય, તેથી અન્યને તે વાતો કહેવી યોગ્ય નથી. કારણ કોઇની મર્મકારી વાત બહાર પ્રગટ થતા જીવની ઘાત થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

**सुयं वा जइ वा दिट्ठं, न लविज्जो वघाइयं ।**
३ ४ ५ ६
**न य केण उवाएणं, गिहिजोगं समायरे ॥२१॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-સાંભળ્યું હોય અથવા દીઠું હોય ન બોલે પરની
૧ ૨ ૩ ૪ ૫
ઘાત થાય તેવું નહિ કોઈ ઉપાયથી ગૃહસ્થના વ્યાપારને અંગીકાર કરે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—ગોચરી આદિ પ્રસંગે સાધુઓએ સાંભળેલું કે દીઠેલું પર જીવને ઉપઘાત્ત કરવાવાળું વચન બોલવું નહિ. એટલે સાંભળેલી વાતો અન્યને કહેવી નહિ. તેમજ ગૃહસ્થના બાળકોને રમાડવા આદિ ગૃહસ્થોના કાર્યો કરવા નહિ.

**निट्ठाणं रस निज्जुढं, भद्दगं पावगं ति वा ।**
१ २ ३ ४ ५
**पुठो वा वि अपुट्ठो वा, लाभालाभं न निद्दिसे ॥२२॥**
६ ७ ८ ९ ११ १०

**શબ્દાર્થ**—સરસ આહાર નિરસ આહાર સારો ખરાબ અન્ય
૧ ૩ ૨ ૪
ગૃહસ્થ પૂછે પૂછ્યા વિના મળ્યો ન મળ્યો કહે નહિ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—સાધુ ગોચરી લાવતાં કોઇ ગૃહસ્થ પૂછે અગર વિના પૂછે આહાર સરસ પ્રાપ્ત થયો કે નહિ, રસ વગરનો લુખો સુકો, ખરાબ આહાર પ્રાપ્ત થયો હોય, તેમજ ગોચરીમાં અમુકને ઘેરથી આહાર પ્રાપ્ત થયો હોય કે અન્યને ત્યાંથી પ્રાપ્ત ન થયો હોય, તે વાતો ગૃહસ્થોને કહે નહિ. તેમજ આ નગર સારૂં છે, અથવા ખરાબ છે, તેમ પણ સાધુએ બોલવું નહિ.

**न य भोयणंमि गिद्धो, चरे उंछं अयंपिरो ।**
१ २ ३ ५ ४ ६
**अफासुयं न भुंजिज्जा, कीय मुद्देसियाहडं ॥२३॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—ન સરસ આહારમાં ગૃદ્ધિ થઇને શ્રીમંતને ઘરે આહાર
૧ ૨ ૩
આટે જાય સામુદાણિક ગોચરી કરે ગૃહસ્થની નિંદા ન કરે અપ્રાસુક
૫ ૬ ૭

આહાર ન ભોગવે વેચાતો લાવેલ સાધુને માટે જ બનાવેલ સામે
૮ ૯ ૧૦ ૧૧
લાવેલ આહાર
૧૨

**ભાવાર્થ**-સાધુઓએ ભોજનમાં આસક્ત થઈને સરસ આહાર માટે ધનાઢ્ય ગૃહસ્થોને ઘરે ન જવું, પરંતુ મૌનપણે પ્રાસુક-નિર્દોષ આહાર મેળવવા માટે અલ્પ બોલતા, શ્રીમંતોના ઘરે તથા ગરીબોના ઘરે સામુદાણિક ગોચરી કરવી જોઇએ અને ગોચરીએ જતાં કદાચ કોઈ ગૃહસ્થને ત્યાંથી લુખોસુકો આહાર મળે, અથવા ન મળે તો, તે ગૃહસ્થની નિંદા ન કરે, તેમજ કદાચ અજાણતા અપ્રાસુક આહાર આવી જાય, તો તે ભોગવે નહિ, અથવા સાધુના અર્થે વેચાતો લાવેલ હોય અથવા સાધુને ઉદ્દેશીને જ બનાવેલ હોય અથવા સામે લાવેલ હોય તેવો દોષિત આહાર ગ્રહણ કરે નહિ.

**संनिहिं च न कुव्विज्जा, अणुमायं पि संजए ।**
१ २ ३ ४ ५
**मुहाजीवी असंबद्धे, हविज्ज जगनिस्सिए ॥२४॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—ઘી ગોળ આદિ રાતવાસી ન રાખે થોડો પણ
૧ ૨ ૩ ૪
આહાર સાધુ સાવદ્ય વ્યાપાર રહિત આજીવિકા કરનાર ગૃહસ્થના
૫ ૬ ૭ ૮
પ્રતિબંધ રહિત હોય ત્રસ સ્થાવર જીવની રક્ષાનો કરનાર.
૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**-સાધુઓએ થોડો પણ આહાર રાતવાસી રાખવો નહિ, સંગ્રહ ન કરવો અને સાવદ્ય વ્યાપાર રહિત, તથા ગૃહસ્થોની સાથે નહિ લેપાયેલા, ગૃહસ્થના પ્રતિબંધ રહિત અને જગત્‌ના ત્રસ

અને સ્થાવર જીવોના રક્ષણુ કરવાવાળા થવું જોઈએ. આવો સાધુ-ધર્મનો આચાર છે.

**लूहवित्ती सुसंतुट्ठे, अप्पिच्छे सुहरे सिया ।**
 १ २ ३ ४ ५
**जासुरत्तं न गच्छिज्जा, सुच्चाणं जिण सासणं ॥२५॥**
 ६ ७ ८ ८ ९ १०

**શબ્દાર્થ**—લુખા આહારથી સંતોષી અલ્પ ઈચ્છાવાળા થોડા
 ૧ ૨ ૩
આહારથી સંતોષ રાખનાર ક્રોધને વશ ન થાય સાંભળીને જિન
 ૪ ૫ ૬ ૮ ૭ ૮ ૯
શાસ્ત્રોને
 ૧૦

**ભાવાર્થ**-લુખી વૃત્તિવાળા, સંતોષી, અલ્પ ઈચ્છાવાળા, થોડા આહારથી પણુ સંતોષ માનવાવાળા, સાધુઓએ શ્રી તીર્થંકર દેવના વચનો સાંભળીને કદાચ ક્રોધ ઉત્પન્ન થઇ જાય તો તેણે ક્રોધને વશ ન થવું. ઉપશાંત ભાવે રહેવું.

**कण्ण सुक्खेहिं सद्देहिं, पेमं नाभिनिवेसए ।**
 १ २ ३ ४ ४ ६
**दारुणं कक्कसं फासं, काएण अहियासए ॥२६॥**
 ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—કાનને સુખકારી શબ્દોથી રાગ ન કરે ભયંકર
 ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
કર્કશ સ્પર્શોને કાયાએ સહન કરે
 ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—કાનને સુખ ઉપજે તેવા વીણાદિકના શબ્દો સાંભળી તેમાં સાધુએ રાગ ન કરવો અને અનિષ્ટ શબ્દો સાંભળી દ્વેષ ન

કરવો. તેમજ દારુણ અને કર્કશ સ્પર્શો પ્રાપ્ત થયે કાયાએ કરી સમભાવે સહન કરવા જોઈએ.

**खुहं पिवासं दुस्सिज्जं, सीउण्हं अरइं भयं ।**
१ २ ३ ४ ५ ६ ७
**अहियासे अवहिओ, देह दुक्खं महाफलं ॥२७॥**
१२ ८ ९ १० ११

**શબ્દાર્થ**—ભૂખ-ક્ષુધા-તરસ વિષમસ્થાનક ટાઢ-ઠંડી તાપ-ગરમી
૧ ૨ ૩ ૪ ૫
અરતિ-દુઃખ ભયને અદીનપણે દેહને ઉત્પન્ન દુઃખ મહાફળ છે જાણી
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
સહન કરે
૧૨

**ભાવાર્થ**—સાધુઓએ ભૂખનો, તરસનો, વિષમસ્થાનકનો, ઠંડીનો, તાપનો અરતિનો સિંહ આદિના ભયનો પરીષહ ઈત્યાદિક પરીષહોથી પોતાની કાયાને જે દુઃખ ઉત્પન્ન થાય તે સમભાવે સહન કરતાં મહાફળ-મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ જાણી ઉત્પન્ન પરીષહોને દીનતા રહિત સમભાવે સહન કરવાં. કારણકે કાયકલેશ પણ બાહ્ય તપ છે.

**अत्थंगयम्मि आइच्चे, पुरत्था य अणुग्गए ।**
२ १ ३ ४
**आहार माइयं सव्वं, मणसा वि न पत्थए ॥२८॥**
५ ६ ७ ८ ९

**શબ્દાર્થ**—સૂર્ય આથમીગયે પૂર્વદિશામાં સૂર્ય ઉગ્યો ન હોય
૧ ૨ ૩ ૪
ત્યાં સુધી આહારાદિ સર્વે મને કરીને પણ ન ઇચ્છે
૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**—સૂર્ય અસ્ત થયા પછીથી તે પ્રાતઃકાળમાં સૂર્યનો ઉદય ન થાય ત્યાં સુધીમાં સર્વે આહારાદિ ખાવાને મનથી પણ ઇચ્છે નહિ, એવો સાધુનો આચાર છે.

**अतिंतिणे अचबले, अप्पभासी मियासणे ।**
**१ २ ३ ४**
**हविज्ज उयरे दंते, थोवं लध्धुं न खिंसए ॥२९॥**
**५ ६ ७ ८ ९ १० ११**

**શબ્દાર્થ**—તણતણાટરહિત ચપળતારહિત થોડું બોલનાર
૧ ૨ ૩
મિતાહારી હોય ભૂખપૂર્ણ આહાર નહી મળતાં પણ સંતોષ રાખનાર
૪ ૫ ૬ ૭
અન્નાદિક થોડું પ્રાપ્ત થતાં ન કરે ગૃહસ્થની નિંદા.
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—મર્યાદિત આહારના સેવનાર, અલ્પ બોલનાર, સ્થિરચિત્તવાળા સાધુઓ, આહાર ન મળતાં આકુળ વ્યાકુળ ન થાય, તેમજ ક્ષુધા સંતોષાય તેટલો પૂર્ણ આહાર ન મળતાં પણ સંતોષ રાખનાર, આહારાદિ થોડા પ્રાપ્ત થતાં અથવા નિરસ આહાર મળતાં ગૃહસ્થની નિંદા કરે નહી. આવા પ્રકારનો સાધુનો આચાર છે.

**न बाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे ।**
**३ १ २ ४ ६ ५**
**सुय लाभे न मज्जिज्जा, जच्चा तवस्सि बुद्धिए ॥३०॥**
**७ ८ १० ९ ११ १२ १३**

**શબ્દાર્થ**—અન્યનો તિરસ્કાર કરે નહી પોતે અહંકાર ન કરે
૧ ૨ ૩ ૪ ૫ ૬
શ્રુતજ્ઞાનનો લાભ થતાં મદ ન કરે જાતિનો તપનો બુદ્ધિનો
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—મુનિઓએ કોઈનો તિરસ્કાર કરવો નહી. તેમજ પોતાની પ્રશંસા–વખાણુ ન કરે, અહંકાર ન કરે, શ્રુતજ્ઞાનનો લાભ પ્રાપ્ત થતાં મદ ન કરે, તેમજ જાતિનો, કુળનો, તપનો તથા બુદ્ધિ આદિનો મદ કરવો નહી. મદ કરવાથી નીચગોત્ર કર્મ બંધાય છે. એમ જાણી એક પણ મદ કરવો નહી.

**से जाणमजाणं वा, कट्टु आहम्मियं पयं ।**
१ २ ३ ४ ५ ६
**संवरे खिप्प मप्पाणं, बीयं तं न समायरे ॥३१॥**
७ ८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—સાધુ જાણતાં કે અજાણતાં કરીને અધાર્મિક પદ
१ २ ३ ४ ५ ६
આલોચના કરે શીઘ્ર આત્માથી પ્રાયશ્ચિત લઇ બીજીવાર અધર્મસ્થાન-
७ ८ ९ १० ११
કનું નહિ સેવન કરે.
१२ १३

**ભાવાર્થ**-મુનિઓએ જાણતાં કે અજાણતાં ચારિત્રને વિષે જો મૂળગુણ, ઉત્તરગુણની વિરાધના કરી હોય તેમજ કોઈ અધર્મનું સેવન કરેલ હોય તો તેનું પ્રાયશ્ચિત લઈ તે પાપકર્મનો તત્કાળ ત્યાગ કરે અને બીજીવાર એવા અધર્મસ્થાનકનું સેવન કરે નહિ.

**अणायारं परक्कम्मं, नेव गुहे न न्हवे ।**
१ २ ३ ४ ६ ५
**सुइ सया वियडभावे, संसत्तो जिइंदिए ॥३२॥**
७ ९ ८ ० ११

**શબ્દાર્થ**—અનાચાર સેવી નહી છુપાવે સર્વથા ન છુપાવે
१ २ ३ ४ ६ ५

પવિત્રચિત્તથી પ્રગટભાવને ધારણ કરનાર સદા થાય ગૃહસ્થના રાગદ્વેષ
૭ ૮ ૯
રહિત જિતેન્દ્રિય બની વિચરે.
૧૦ ૧૧

**ભાવાર્થ**—કદાચ કોઈ પાપકર્મ સેવાઈ ગયું હોય તો તેની ગુરૂની સમીપે આલોચના કરતાં તેને સર્વથા કે થોડું પણ છૂપાવે નહિ. પરંતુ પવિત્ર ચિત્તવાળા બની, પ્રગટ ભાવોને ધારણ કરી પ્રાયશ્ચિત્ત લઇ પવિત્ર બને તેમજ ગૃહસ્થના પ્રતિબંધથી રહિત અને પાંચે ઇન્દ્રિયોને જીતીને અનાસક્ત ભાવથી સંયમપાલન કરતાં વિચરે. આવો સાધુનો આચાર છે.

**अमोहं वयणं कुज्जा, आयरियस्स महप्पणो ।**
१ २ ३ ४ ५
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥३३॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—સફળ વચન કરવું આચાર્યનું મહાત્માનું તે આચા-
૧ ૨ ૩ ૪ ૫ ૬
ર્યના વચનને અંગીકાર કરીને કાયાએ કરી ગુરૂના કાર્યને નિપજાવે
૮ ૭ ૯ ૧૦

**ભાવાર્થ**—ગુણે કરી મોટો છે આત્મા જેનો, જેનું વચન સફળ કારક છે, એવા આચાર્યના વચનને ગ્રહણ કરીને—સ્વીકારીને, ગુરૂના જે કાર્ય હોય તે કાર્યોને કાયાએ કરીને સુવિનીત શિષ્ય કરી આપે.

**अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया ।**
१ २ ३ ४ ५
**विणियट्टिज्ज भोगेसु, आउं परिमिय मप्पणो ॥३४॥**
६ ७ ८ ९ १०

શબ્દાર્થ—અનિત્ય જીવન જાણી મોક્ષમાર્ગને જાણીને ત્યાગ કરે
૧ ૨ ૩ ૪ ૫ ૬
ભોગોનો આયુષ્ય પરિમિત પોતાનું
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**—સાધુઓએ આ જીવનને અનિત્ય જાણીને, પોતાના આયુષ્યને પરિમિત જાણીને, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગને નિરંતર સુખરૂપ વિચારીને, પાંચ ઈન્દ્રિયોના , વિષયને કર્મબંધના કારણ તથા સંસાર પરિભ્રમણના હેતુભૂત જાણી વિષયોથી નિવૃત્ત થવું, એ આત્મહિતને માટે શ્રેયકર છે.

**बलं थामं च पेहाए, सद्धामारुग्गमप्पणो ।**
१ २ ३ ५ ४ ६
**खितं कालं च विन्नाय, तहप्पाणं निजुंजए ॥३५॥**
७ ८ ९ १० ११ १२ १३

શબ્દાર્થ—મનનું બળ શરીરબળ જોઈને પોતાના શરીરને રોગ
૧ ૨ ૩ ૬ ૪
રહિત શ્રદ્ધા જાણી ક્ષેત્ર કાળ અથવા યોવનવય જાણી એ અવસરે
૫ ૭ ૮ ૯ ૧૦
આત્માને ધર્મથી જુદો ન પાડે
૧૧ ૧૩ ૧૨

ભાવાર્થ-સાધુઓએ-આત્માર્થીઓએ મનબળ, શ્રદ્ધા, નિરોગી શરીર, આર્યક્ષેત્રનીપ્રાપ્તિ, મનુષ્યભવ, ભાવથી સુગુરૂનો સંયોગ, યોવનવય રૂપ અવસર આદિની પ્રાપ્તિ જાણી પોતાના આત્માને ધર્મથી વિમુખ ન કરવો, વારંવાર આવો સુયોગ પ્રાપ્ત થવો દુર્લભ જાણી સંયમમાં ઉપયોગવંત રહેવું.

**जरा जाव न पीडेइ, वाही जाव न वढई ।**
२ १ ३ ४ ५ ६ ८ ७
**जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ॥३६॥**
१० ९ १२ ११ १३ १४ १५

**શબ્દાર્થ**—જ્યાં સુધી જરા-ઘડપણ નથી પીડા રોગોની વૃદ્ધિ
૧ ૨ ૩ ૪ ૫
જ્યાં સુધી થઈ નથી. ઇન્દ્રિયોના બળ જ્યાં સુધી હાની પામેલ નથી
૬ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
ત્યાં સુધીમાં ધર્મકરણી કરીલેવી
૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**—જ્યાં સુધી વૃધ્ધાવસ્થાની પીડા થઇ નથી, એટલે વૃધ્ધાવસ્થા આવી નથી, તેમજ શરીરમાં રોગોની ઉત્પત્તિ થઇ નથી, જ્યાં સુધી પાંચ ઇન્દ્રિયોનું બળ હીણું થયું નથી, તે પહેલાં આત્મ-હિતના સાધનરૂપ ધર્મક્રિયા કરી લેવી. એજ ઉત્તમ છે.

**कोहं माणं च मायं च, लोभं च पाव वढ्ढणं ।**
१ २ ३ ४ ५ ६
**वमे चत्तारी दोसे उ, इच्छंतो हियमप्पणो ॥३७॥**
९ ७ ८ ११ १०

**શબ્દાર્થ**-ક્રોધ માન માયા લોભ દુઃખના વધારનાર જાણી
૧ ૨ ૩ ૪ ૫ ૬
નરકાદિક પામવારૂપ ચારે દોષોનો ત્યાગ કરે આત્મહિત ઇચ્છિનાર
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**--પોતાના આત્માના હિતની ઇચ્છા કરનાર. પુરૂષોએ ક્રોધ, માન, માયા, લોભ આ ચાર દોષો પાપને-દુઃખને વધારનારા જાણી તેનો ત્યાગ કરવો. આ બોધ સાધુવર્ગ તથા ગૃહસ્થો સર્વ માટે જાણવો.

**कोहो पीइं पणासेइ, माणो विणय नासणो ।**
१ २ ३ ४ ५ ६
**माया मित्ताणि नासेइ, लोभो सव्व विणासणो ॥३८॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-ક્રોધ પ્રીતિનો નાશ કરે છે માન વિનયનો નાશ
૧ ૨ ૩ ૪ ૫ ૬
કરે છે માયા મિત્રતાનો નાશ કરે છે લોભ સર્વગુણનો નાશ કરે છે
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વગુણોનો નાશ કરે છે એમ જાણી તેનો ત્યાગ કરવો.

**उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।**
१ २ ३ ४ ५ ६
**माय मज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥३९॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**-ક્ષમાવડે નાશ કરે ક્રોધનો માનને નમ્રતાથી જીતે
૧ ૨ ૩ ૪ ૫ ૬
માયાને સરલ ભાવથી જીતે લોભને સંતોષથી જીતે
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—ક્રોધને ક્ષમાએ કરીને હણે- નાશકરે, કોમલતા-નમ્રતાથી માનને જીતે, સરલતા કપટરહિતપણાથી માયાને જીતે અને લોભને સંતોષથી જીતે, આ રીતે ચારે દોષોને મુનિએ જીતવા.

**कोहो य माणो य अणिग्गहीया,**
१ २ ३
**माया य लोभो य पवढमाणा ।**
४ ५ ६

**चत्तारि एए कसिणा कसाया,**
७ ८ ९ १०
**सिंचन्ति मूलाइं पुणब्भवस्स** ॥४०॥
११ १३ १२

**શબ્દાર્થ**–ક્રોધ માન જીત્યાનથી માયા લોભ વધતા થકા એ
૧ ૨ ૩ ૪ ૫ ૬
ચારે ક્રોધાદિક સંપૂર્ણ કષાયો અશુભ ભાવરૂપ પાણીએ કરીને સિંચે
૭ ૮ ૯ ૧૦ ૧૧
છે જન્મમરણ રૂપવૃક્ષના તથાવિધ કર્મરૂપી મૂળને
૧૨ ૧૩

**ભાવાર્થ**–વશ નહી કરેલા ક્રોધ તથા માન તેમજ માયા અને લોભ વૃદ્ધિ પામતા રહેતા આ ચારે સંપૂર્ણ અને ક્લિષ્ટ કષાયો, પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળને અથવા આઠ કર્મરૂપી મૂળોને અથવા મિથ્યાત્વ આદિને અશુભભાવરૂપી પાણીથી સિંચે છે એટલે જન્મ-મરણની વૃદ્ધિ કરાવે છે. (આ બોધ સર્વ આત્માર્થીઓને માટે છે)

**रायणिएसु विणयं पउंजे,**
१ २ ३
**धुव सीलयं सययं न हावइज्जा।**
४ ५ ६ ७ ८
**कुम्मुव्व अल्लीण पलीण गुत्तो,**
९ १० ११ १२
**परक्कमिज्जा तव संजमंमि** ॥४१॥
१३ १४ १५

**શબ્દાર્થ**—લાંબાકાળની દીક્ષાપર્યાયવાળાનો વિનય કરે નિશ્ચય
૧ ૨ ૩ ૪
શિયળને નિરંતર ન છાંડે કાચબાની માફક અંગોપાંગ સમ્યક પ્રકારે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

ગોપવી રાખે ઉદ્યમ કરે તપમાં સંયમમાં
૧૨ ૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**—સાધુઓએ રત્નાધિક-ઘણા કાળની દીક્ષાવાળા, દીક્ષાએ મોટા એવા રત્ન સરીખા ગુરુ તથા વડેરા સાધુઓનો વિનય કરવો, શિયળ આદિ આચારને વિષે સદા નિશ્ચલ રહીને કોઇ પરીષહ ઉત્પન્ન થયે અઢાર હજાર શીલાંગ રૂપ ધ્રુવ શિયળાદિક આચારનું નિરંતર પાલન કરવું-શિયળને નિરંતર સાચવવું તથા કાચબાની માફક પોતાનાં અંગોપાંગને ગોપવીને તપ તથા સંયમને વિષે ઉદ્યમ કરવો. વિનયવાન જ કષાયોનો ત્યાગ કરી શકે છે અને વિનય દ્વારા જ ગુરૂ મહારાજ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

**निद्दं च न बहु मन्निज्जा, संप्पहासं विवज्जए ।**
१ ४ ३ ५ ६
**मिहो कहाहिं न रमे, सज्झायम्मि रओ सया ॥४२॥**
७ ८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—નિદ્રાને બહુમાન ન આપે અતિશે હસવું છોડે
૧ ૨ ૩ ૪ ૫ ૬
મૈથુન આદિની કથામાં ન રતિ પામે સજ્ઝાયમાં રકત રહે સદા
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—મુનિઓએ નિદ્રાને બહુમાન ન આપવું, એટલે ઘણો કાળ નિદ્રા લેવી નહી, તેમજ કોઈની હાંસી મશ્કરી કરવી નહી, અને પોતાએ ઘણું હસવું નહી. મૈથુનની, શંગારની કથાઓ કરવી નહી, પરંતુ નિરંતર સ્વાધ્યાય તથા ધ્યાનમાં રક્ત રહેવું.

**जोगं च समण धम्मंमि, जुंजे अणलसो धुवं ।**
१ २ ३ ४ ५ ६
**जुत्तो य समण धम्मंमि, अट्ठं लहइ अणुत्तरं ॥४३॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—મન વચન કાયાનો વ્યાપાર સાધુનો ક્ષમાદિક દશ
૧ ૨ ૩
પ્રકારના યતિ ધર્મને વિષે જોડે પ્રમાદરહિત ઉત્સાહથી નિત્ય-સદા
૪ ૫ ૬
સહિત સાધુ ધર્મે કરીને અર્થ પામે પ્રધાન કેવળજ્ઞાન
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—મુનિઓએ પ્રમાદરહિત ઉત્સાહથી સાધુના આચારને વિષે મન, વચન, કાયાના જોગને નિશ્ચલપણે સ્થાપવા. આવા દશ પ્રકારના શ્રમણ ધર્મમાં નિત્ય જોડાએલ સાધુ ધર્મે કરીને જ્ઞાન, દર્શન ચારિત્રની આરાધનાથી ઉત્કૃષ્ટ એવું કેવળજ્ઞાન પામે છે.

**इहलोग पारत्तहियं, जेणं गच्छइ सुग्गइं ।**
૧ ૨ ૩ ૪ ૫ ૬
**बहुस्सुयं पज्जुवासिज्जा, पुच्छिज्जत्थ विणिच्छयं ॥४४॥**
૭ ૮ ૯ ૧૦ ૧૧

**શબ્દાર્થ**—આલોકમાં પરલોકમાં હિતકરનાર જેનું આરાધન
૧ ૨ ૩ ૪
કરવાથી જાય દેવલોક અગર મોક્ષમાં બહુશ્રુત આગમના જાણકારની
૫ ૬ ૭
સેવા કરીને પૂછે અર્થને નિશ્ચય થાય
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—જેનાથી આ લોક તથા પરલોકમાં આત્માનું હિત થાય, તથા સારી ગતિ પ્રાપ્ત થાય એવા જ્ઞાનાદિક પ્રાપ્ત કરવા માટે તથા ધર્મ આરાધન કરવા મુનિઓએ બહુશ્રુત-આગમના જાણ-ગીતાર્થ આચાર્ય મહારાજની સેવા કરીને પશ્ચાત્ પોતાનું કલ્યાણ થાય તેવા અર્થોના નિર્ણયો પૂછવાં કે જેનાથી દેવગતિ અથવા મોક્ષગતિ પમાય.

**हत्थं पायं च कायं च, पणिहाय जिइंदिए ।**
१ २ ३ ४ ५
**अल्लीण गुत्तो निसिए, सगासे गुरुणो मुणी ॥४५॥**
६ ७ ८ १० ९ ११

**શબ્દાર્થ**-હાથ પગ શરીર સંવરી-એકાગ્રચિત્તે જિતેન્દ્રિય બની
૧ ૨ ૩ ૪ ૫
અવયવો સંકોચી ગોપવી બેસે ગુરુની પાસે સાધુ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—હાથ, પગ, કાયાના અવયવો પ્રમુખને સંકોચીને, ઇન્દ્રિયોને ગોપવીને, એકાગ્રચિત્તથી, ઇન્દ્રિય વિકારોને ત્યાગીને ઉપયોગપૂર્વક વિનય સાચવી ગુરુની પાસે સાધુએ બેસવું.

**न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ ।**
५ १ २ ४ ३
**न य उरुं समासिज्ज, चिट्ठिज्जा गुरुणंतिए ॥४६॥**
७ ६ ८ ९ १० ११

**શબ્દાર્થ**-ગુરુને અડીને પડખે ગુરુની આગળ, ગુરુની પાછળ
૧ ૨ ૩
નજીકમાં અડીને આચાર્યનો વિનય સાચવવા ન બેસે ગુરુના સાથળને
૪ ૫ ૬
અડીને ન સાથળને લગાડે વિનયથી બેસે ગુરુની પાસે
ન ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**-આચાર્ય-ગુરુની પડખે, આગળ, પીઠપાછળ, અડીને તથા ગુરુના સાથળની સાથે પોતાનો સાથળ અડાડીને તથા સાથળ ઉપર પગ ચડાવીને શિષ્યોએ બેસવું નહિ. પરંતુ ગુરુની આશાતના ન થાય તેમ વિનયથી ગુરુની પાસે બેસવું.

**अपुच्छिओ न भासिज्जा, भासमाणस्स अंतरा ।**
१ २ ३ ४ ५
**पिट्ठिमंसं न खाइज्जा, माया मोसं वि वज्जए ॥४७॥**
६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–પૂછ્યાવિના ન બોલે ગુરુ બોલતા હોય ત્યારે વચ્ચમાં
૧ ૨ ૩ ૪ ૫
ન બોલવું પરોક્ષમાં નિંદા નહિ કરવી ન કરે માયા મૃષા છાંડે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**–સાધુઓએ ગુરૂએ પૂછ્યા વિના (કારણ સિવાય) બોલવું નહિ. તથા ગુરુ બોલતા હોય–કોઇ સાથે વાતચિત્ત કરતા હોય કે ઉપદેશ આપતા હોય ત્યારે વચમાં બોલવું નહિ, તેમજ ગુરુના કે અન્ય કોઇના પરોક્ષપણે કે પ્રત્યક્ષ દોષો પ્રગટ ન કરવા, એટલે નિંદા ન કરવી. તથા માયાકપટ, મૃષાવાદનો ત્યાગ કરવો.

**अप्पत्तियं जेण सिया, आसु कुप्पिज्ज वा परो ।**
१ २ ३ ४ ५ ६
**सव्वसो तं न भासिज्जा, भासं अहियगामिणिं ॥४८॥**
७ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**–અપ્રીતિ–અવિશ્વાસ જે વચન બોલતા થાય શીઘ્ર
૧ ૨ ૩ ૪
ક્રોધ ઉત્પન્ન થાય બીજાને, સર્વથા તેવી ભાષા ન બોલવી જે ભાષા-
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
બોલવાથી છકાયજીવની ઘાત થાય કે દુઃખ થાય દુર્ગતિએ લઇ જાય તેવી.
૧૨ ૧૩

**ભાવાર્થ**–જે ભાષા બોલવાથી અન્યને અપ્રીતિ થાય, અવિશ્વાસ થાય, અને જલદી ક્રોધ ઉત્પન્ન થાય તથા દુઃખ પામે તેવી ભાષા સર્વથા ન બોલવી. તેમજ જે ભાષા બોલવાથી છકાય જીવનું

અહિત થાય અને પોતાને બોલનારને દુર્ગતિ પ્રાપ્ત થાય, તેવી અનિષ્ટ ભાષા સાધુઓએ કે આત્માર્થીઓએ ન બોલવી.

**दिट्ठं मियं असंदिद्धं, पडिपुन्नं वियं जियं ।**
१ २ ३ ४ ५ ६
**अयंपिर मणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥४९॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**–જોયેલ–દેખેલ પરિમિત સંશયરહિત પ્રતિપૂર્ણ સ્પષ્ટ
૧ ૨ ૩ ૪ ૫
ઉચ્ચારવાળી સુખકારી વિષયને અનુસાર હોય વિષય પૂરતી જ અતિ
૬
ઉંચી કે નીચી ઉદ્વેગને નહિ કરાવવા વાળી એવી સુખકારી ભાષા
૭ ૮ ૯
બોલે આત્માના સ્વરૂપનો જાણ સાધુ.
૧૦ ૧૧

**ભાવાર્થ**–આત્માર્થી મુનિઓએ પોતે દેખેલ પદાર્થ વિષયમાં, પરિમિત, શંકારહિત, પ્રતિપૂર્ણ તથા ઉચ્ચારથી પ્રતિપૂર્ણ, સ્પષ્ટ, પરિચયવાળી, અતિ ઉંચી કે નીચી નહિ, તથા કોઇને ઉદ્વેગ ઉત્પન્ન ન થાય તેવી સુખકારી, પ્રિયકારી અને નિર્વદ્ય તથા સત્ય ભાષા બોલવી.

**आयार पन्नत्तिधरं, दिट्ठिवाय महिज्जगं ।**
१ २ ३ ४
**वायविक्खलियं नच्चा, न तं उवहसे मुणी ॥५०॥**
५ ६ ७ १० ९ ८

**શબ્દાર્થ**–આચારાંગ, ભગવતી દ્રષ્ટિવાદના ભણનાર વચન બોલતાં
૧ ૨ ૩ ૪ ૫
ભૂલ થઈ જાય જાણીને મુનિએ હસવું નહિ.
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**-શ્રી. આચારાંગસૂત્ર. શ્રી ભગવતીના ધરણહાર તથા બારમું દ્રષ્ટિવાદના ભણનાર એવા બહુ સૂત્રી સાધુ કદાચિત્ બોલતાં સ્ખલના પામે, તો પણ અન્ય સાધુઓએ તેમની હાંસી કરવી નહિ.

**नक्खत्तं सुमिणं जोगं, निमित्तं मंत भेसजं ।**
१ २ ३ ४ ५ ६
**गिहिणो तं न आइक्खे, भूआहिगरणं पयं ॥५१॥**
७ ८ १० ९ ११ १२ १३

શબ્દાર્થ-નક્ષત્રવિચાર સ્વપ્નનું શુભાશુભફળ વશીકરણાદિક
१ २ ३
નિમિત્ત ત્રણે કાળનું કહેવું સર્પ વીંછી આદિના મંત્ર રોગોના ઔષધ
४ ५ ६
ગૃહસ્થોને તે છ બોલના વિચાર કહે નહિ એકેન્દ્રિયાદિક જીવોને
७ ८ ९ १० ११
પીડાનું સ્થાનક છે.
१२ १३

**ભાવાર્થ**--સાધુઓએ નક્ષત્ર, સ્વપ્ન ફળ, વશીકરણ, ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળનું નિમિત્ત, સર્પ, વીંછી પ્રમુખના મંત્રો, રોગોના ઔષધો એ છ બોલના વિચારો, શુભાશુભ ફળ ગૃહસ્થોને, અસંજતીને કહેવા નહિ. કારણ કે તે કહેવાથી છકાય જીવની હિંસા-વિરાધના થવાનો સંભવ છે.

**अन्नट्ठं पगडं लयणं, भइज्ज सयणासणं ।**
१ २ ३ ४ ५ ६
**उच्चारभूमि संपन्नं, इत्थी पसु विवज्जियं ॥५२॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—બીજાને માટે કરેલું સ્થાનક-વસતિ સેવે સંથારો
१ २ ३ ४ ५

આસન વડીનીતિ લઘુનીતિની ભૂમિ સહિત સ્ત્રી પશુ નપુંસક રહિત.
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**--સાધુને સ્થાનક કેવું કલ્પે તે વિધિ કહે છે કે અન્યને માટે બનાવેલું હોય, વડીનીતિ લઘુનીતિ પરઠવવાની નિર્દોષ જગ્યા યુક્ત હોય, તથા સ્ત્રી, પશુ, નપુંસક રહિતના સ્થાનક સેવવા. તથા આસન વગેરે પણ બીજાને માટે બનાવેલા હોય તેવા નિર્દોષ વાપરવા સાધુને કલ્પે. સાધુને નિર્દોષ આહાર મળવો સુલભ પણ સ્થાનક નિર્દોષ મળવું દુર્લભ હોય છે.

**विवित्ता य भवे सिज्जा, नारीणं न लवे कहं ।**
१ ३ २ ४ ६ ७ ५
**गिहि संथवं न कुज्जा, कुज्जा साहुहिं संथवं ॥५३॥**
८ ९ १० ११ १४ १२ १३

**શબ્દાર્થ**—સ્ત્રી પશુ નપુસંકરહિત સ્થાનક હોય સ્ત્રીઓને
૧ ૨ ૩ ૪
કથા વાર્તા ન કહે ગૃહસ્થનો પરિચય ન કરે સાધુનો પરિચય કરે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—સ્ત્રી પશુ નપુંસક રહિત શયન–સ્થાનક સેવે–પરંતુ અન્ય કોઈ બીજા સાધુ ન હોય ને એકલો સાધુ હોય તો સ્ત્રીઓને કથા વાર્તા કહે નહિ, કેમકે શંકાદિ દોષનો સંભવ છે. તેમજ ગૃહસ્થીઓનો પણ પરિચય કરે નહી. કારણકે રાગબંધન થવાનો સંભવ છે, તેથી ધર્મકથા સિવાય પરિચય ન રાખવો, પરંતુ મુનિઓની સાથે પરિચય કરવો કે જેથી જ્ઞાન ધ્યાનરૂપ કલ્યાણની વૃદ્ધિ થાય છે.

**जहा कुक्कुड पोयस्स, निच्चं कुललओ भयं ।**
१ २ ३ ४ ५ ६
**एवं खु बंभयारिस्स, इत्थी विग्गहओ भयं ॥५४॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—જેમ કુકડીના નાના બચ્ચાંને સદા બિલાડીનો ભય
૧ ૨ ૩ ૪ ૫
હોય એવી રીતે નિશ્ચે બ્રહ્મચારીને સ્ત્રી શરીરથી ભય કહેલ છે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—જેમ કુકડીના નાના બચ્ચાંને સદા બિલાડીથી ભય હોય છે, તેવી જ રીતે બ્રહ્મચારીઓને સ્ત્રીના શરીરથી પણ ભય જાણવો. એટલે સ્ત્રીના શરીર થકી ભય કહ્યો એનો ભાવાર્થ એ છે જે સ્ત્રીના મૃત કલેવરથી પણ ભય કહ્યો છે, કારણ કે સ્ત્રીરૂપ વિષય શીઘ્ર મનને મોહિત કરનાર બને છે. તેથી બ્રહ્મચારીઓએ સ્ત્રીના પરિચયથી દૂર રહેવું. સ્ત્રી સામે દષ્ટિ પણ કરવી નહિ.

**चित्त भित्तिं न निज्झाए, नारीं वा सु अलंकियं ।**
२ १ ३ ४ ५ ७ ६
**भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥५५॥**
७ ८ ९ १०

**શબ્દાર્થ**—ઘરની ભીંતે સ્ત્રીનું રૂપ ચિત્રેલ હોય તે પણ ન
૧ ૨ ૩
જોવે સ્ત્રીને અલંકાર સહિત કે રહિત પણ ન જોવે કદાચિત્ દષ્ટિ પડી
૪ ૫ ૬ ૭
જાય તો જેમ સૂર્યને દેખીને દષ્ટિ પાછી વાળી લે છે તેમ બ્રહ્મચારીએ
૭ ૮ ૯ ૧૦
સ્ત્રી દેખતા દષ્ટિ પાછી વાળવી

**ભાવાર્થ**—ઘરની ભીંતે ચિત્રામણ આલેખ્યું હોય તે પણ સાધુએ જોવું નહી. તેમજ સ્ત્રીએ સુંદર અલંકારો પહેરેલા હોય તો તેને દેખીને, સૂર્યને દેખીને જેમ દષ્ટિ પાછી વાળે તેમ સ્ત્રી અલંકાર સહિત કે અલંકાર રહિત હોય તેને દેખીને સાધુઓએ તથા બ્રહ્મચારી-ઓએ દષ્ટિ પાછી વાળી લેવી. એટલે સ્ત્રીને દષ્ટિએ ફરી જોવી નહી.

**हत्थ पाय पडिच्छिन्नं, कन्न नास विगप्पियं ।**
१ २ ५ ३ ४ ५
**अवि वाससयं नारिं, बंभयारी विवज्जए ॥५६॥**
६ ७ ८ ९

**શબ્દાર્થ**—હાથ પગ કાન નાક કપાયેલા સોવર્ષની હોય સ્ત્રી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
બ્રહ્મચારી ચારિત્રરૂપ ધનને લૂટનાર જાણી ત્યાગ કરે
૮ ૯

**ભાવાર્થ**—જે સ્ત્રી સો વરસની ઉંમરની હોય, હાથ પગ તથા કાન કપાયેલા હોય, એવી સ્ત્રીનો પણ સાધુએ પરિચય ન કરવો (તો જુવાન સ્ત્રીના પરિચયની વાત જ શી કરવી.)

**विभूसा इत्थि संसग्गो, पणीयं रस भोयणं ।**
१ २ ३ ४ ५ ६
**नरस्सत्त गवेसिस्स, विसं तालउडं जहा ॥५७॥**
७ ८ १० ९ ११

**શબ્દાર્થ**—શરીરની વિભૂષા કરવી, સ્ત્રી સાથેનો સંબંધ પ્રણીત
૧ ૨ ૩ ૪
રસવાળા આહારના ભોજન આત્માના ગવેષક-આત્માર્થીએ તાલપુટ
૫ ૬ ૭ ૮ ૯
વિષ સમાન જાણવા
૧૦ ૧૧

**ભાવાર્થ**—સાધુ-સાધ્વીજી તથા બ્રહ્મચારી પુરુષને, શરીર વિભુષા, સ્ત્રીજનનો પરિચય અને ઘી, દૂધ આદિ સ્નિગ્ધ રસવાળા પદાર્થોના ભોજન, એ ત્રણ વસ્તુ તાલપુટ વિષ સમાન છે, જેમ તાલપુટ વિષથી માણસ તત્કાળ મૃત્યુ પામે છે, એજ રીતે વિભૂષા, સ્ત્રી પરિચય અને ઝરતા રસવાળા ભોજનથી બ્રહ્મચર્યનો તત્કાળ નાશ થાય છે, અને સંયમથી પતિત થાય છે.

**अंग पच्चंग संठाणं, चारुल्लविय पेहियं ।**
१ २ ३ ४ ५ ६
**इत्थीणं तं न निज्झाए, कामराग विवड्ढणं ।**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—સ્ત્રીઓના અંગઉપાંગ શરીરનો આકાર મનોહર
૧ ૨ ૩ ૪
વચને બોલવું નિરીક્ષણ કરવું.–જોવું સ્ત્રીના અંગાદિક સાધુ ન જુએ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
કામરાગના વધારનાર છે.
૧૧ ૧૨

**ભાવાર્થ**—સ્ત્રીઓના મસ્તક, મુખ, નયન વગેરે અંગોપાંગ આદિ વિકાર દષ્ટિએ જોવા નહિ. તથા મનોહર વચનો સાંભળવા નહિ. એ બધા કામરાગની વૃદ્ધિ કરાવનારા જાણી સાધુએ તેનાથી દૂર રહેવું.

**विसएसु मणुन्नेसु, पेमं नाभि निवेसए ।**
१ २ ३ ४ ५
**अनिच्चं तेसिं विन्नाय, परिणामं पुग्गलाण य ॥५९॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—શબ્દાદિક વિષયોમાં મનોજ્ઞરૂપોમાં પ્રેમરાગ ન કરે
૧ ૨ ૩ ૪ ૫
અનિત્ય વિષયોને જાણી પલટવાનો–સ્વભાવ પુદ્દગળનો છે.
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**—સાધુઓએ શબ્દાદિક વિષયોમાં તથા મનોજ્ઞ પુદ્દગલોમાં રાગ ધરવો નહિ, અને અમનોજ્ઞ વિષયોમાં દ્વેષ ન કરવો, કારણ કે વિષયો અનિત્ય છે. સારા પુદ્દગલો છે તે કારણ પામીને થોડા વખતમાં ખરાબ દુર્ગંધવાળા બને છે અને ખરાબ હોય તે જ કારણવશાત્

થોડા વખતમાં મનોહર બને છે એમ જાણી આત્માર્થીઓએ શબ્દાદિક મનોજ્ઞ કે અમનોજ્ઞ વિષયોમાં રાગદ્વેષ નહિ કરતાં સમભાવે કરી સંયમનું પાલન કરવું.

**पुग्गलाणं परिणामं, तेसिं नच्चा जहा तहा ।**
१ २ ३ ४ ५ ६
**विणीय तिण्हो विहरे, सीई भूएण अप्पणा ॥६०॥**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—પુદગલનો પલટવાનો સ્વભાવ તેમ જાણીને જેમ
૧ ૨ ૩ ૪ ૫
છે તેમ તૃષ્ણાને છાંડીને સંયમમાં વિચરે કષાયરહિત શીતળ થઈ પોતે
૬ ૮ ૭ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—સાધુઓએ, મનોહર પુદગલો અશુભ થાય છે અને અશુભ પુદગલો શુભ થાય છે, આવા પ્રકારના પુદગલના પરિણામને જાણી તે પુદગલોના ઉપભોગમાં તૃષ્ણા રહિત થઈને તથા ક્રોધાદિ અગ્નિનો ત્યાગ કરી શીતળીભૂત થઈ સંયમમાં વિચરવું.

**जाइ सद्धाइ निक्खंतो, परियाय ट्ठाण मुत्तमं ।**
१ २ ३ ४ ५ ६
**तमेव अणुपालिज्जा, गुणे आयरिय सम्मए ॥६१॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—જે શ્રદ્ધાથી વૈરાગ્ય ભાવથી ગૃહવાસમાંથી નીકળ્યા
૧ ૨ ૩
પ્રવ્રજ્યારૂપ ઉત્તમ સ્થાનને ગ્રહણ કર્યું—લીધું છે, એવાજ વૈરાગ્ય-
૪ ૬ ૫ ૬
ભાવથી પાલનકરે મૂળગુણ ઉત્તરગુણ પાલનરૂપ શ્રદ્ધા જે આચાર્યોને
૭ ૮ ૯
માન્ય-સંમત છે
૧૦

**ભાવાર્થ**--જેવી શ્રદ્ધાથી ગૃહસ્થવાસમાંથી અવિરતિરૂપ કાદવથી નીકળીને પ્રવજ્યા ગ્રહણ કરીને જે સંજમરૂપ ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થયો છું કે જે સ્થાન આચાર્યોને સંમત છે, એવા મૂળગુણ ઉત્તરગુણો સહિત સંયમનું પાલન વૈરાગ્ય ભાવે ચડતા પરિણામે શ્રદ્ધાપૂર્વક કરવું. એવો ભગવંત મહાવીરનો ઉપદેશ છે તે યથા તથ્ય પાલન કરવા માટે સાધુઓએ સદા ઉપયોગવંત રહીને વિચરવું. એટલે જે ઉત્કૃષ્ટ પરિણામે ચારિત્રગ્રહણ કર્યું હતું, તેવાજ ઉત્કૃષ્ટ પરિણામથી યાવજ્જીવન ચારિત્રનું પાલન કરવું.

**तवं चिमं संजम जोगयं च,**
१ ४ २ ३
**सज्झाय जोगं च सया अहिट्ठिए ।**
५ ६ ७ ८
**सुरे व सेणाइ समत्त माउहे,**
९ १० ११ १२
**अलमप्पणो होइ अलं परेसिं ॥६२॥**
१३ १४ १५ १६ १७

**શબ્દાર્થ**--તપ ૧૨ ભેદે સંજમ ૧૭ ભેદે વ્યાપારરૂપ વળી
૧ ૨ ૩ ૪
પાંચપ્રકારની સજ્ઝાયને વિષે વ્યાપાર સદા કરનાર શુરસુભટ સેનાએકરી
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
સહિત હથીયારેકરી સમર્થ પોતાના આત્માને હોય વૈરીથી બચાવવા
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
સમર્થ બીજા જીવોને જીતાવવા
૧૬ ૧૭

**ભાવાર્થ**—બારપ્રકારની તપસ્યા સહિત સંયમનાયોગેકરી, છકાયજીવોની રક્ષાએકરી, સજ્ઝાયનાયોગેકરી સહિત એવા સાધુઓ, જેમ

શુર સુભટ સેનાએકરી, હથીયારેકરી શત્રુને જીતવા સમર્થ થાય તેમ (જીવરૂપીરાજા, સમકિતરૂપી પ્રધાન, જ્ઞાનરૂપ ભંડારી, ધૈર્યરૂપ હાથી, મનરૂપ અશ્વ, શીલરૂપ રથ, સત્તરભેદે સંયમરૂપ પાયદળ, સજ્ઝાયરૂપ વાજીંત્ર, ધ્યાનરૂપ ભાલો, એ પ્રમાણે છકાયના જીવરૂપ રૈયતની રક્ષાને માટે અને મોક્ષરૂપ રાજધાની લેવાને માટે ભાવ સંગ્રામ કરી) આઠકર્મરૂપી શત્રુને જીતવાને માટે, કષાયરૂપી સેનાથી ઘેરાયેલા–ઇન્દ્રિયવિષય–કષાયાદિ શત્રુ સેનાથી ઘેરાયેલ પોતાના આત્માને પૂર્વોકત તપસ્યાદિ હથીયારોથી પોતાને મુકાવવા સાધુ સમર્થ થાય છે. તેમજ અન્ય સાધુઓને પણ આઠ કર્મોથી મુકત કરાવવા સમર્થ થાય છે.

**सज्झाय सुज्झाण रयस्स ताइणो,**
१ २ ३ ४
**अपाव भावस्स तवे रयस्स ।**
५ ६ ७ ८
**विसुज्झई जं सि मलं पुरेकडं,**
९ १० ११ १२ १३
**समीरियं रुप्प मलं व जोइणा ॥६३॥**
१४ १५ १६ १७

**શબ્દાર્થ**—સજ્ઝાયનેવિષે શુભધ્યાનને વિષે રકત છકાયના
૧ ૨ ૩ ૪
રખવાલ પાપરહિત શુદ્ધ ચિત્તવાળા તપમાં સાવધાન વિશુદ્ધ કરે
૫ ૬ ૭ ૮ ૯
જે સાધુ કર્મરૂપ મેલને પૂર્વજન્મમાં કરેલા વાયુથીઉદીર્ણ અગ્નિ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૭
જેમ રૂપાના મેલને દૂર કરે છે
૧૫ ૧૬

**ભાવાર્થ**—જે સાધુ સજ્ઝાયને વિષે તથા શુભ ધ્યાનને વિષે રકત છે, છકાયજીવોના રક્ષણ કરનાર, પાપરહિત શુદ્ધ ચિત્તવાળા,

તપમાં રક્ત છે, એવા સાધુએ પૂર્વભવના કીધેલા કર્મરૂપ મેલને બાળીને પોતાના આત્માને નિર્મળ કરે છે. જેમ સોની સોનારૂપાના મેલને વાંયુથીઉદેરેલ અગ્નિએકરી બાળીને શુદ્ધ કરે છે, તેમ સંયમ, તપ અને શુભધ્યાનથી સાધુ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષના સુખોને પ્રાપ્ત કરે છે.

**से तारिसे दुक्खसहे जिइंदिये,**
१ २ ३ ४
**सुएण जुत्तो अममे अकिंचणे ।**
५ ६ ७ ८
**विरायई कम्म घणंमि अवगए,**
९ १० ११ १२
**कसिणब्भ पुडावगमे व चंदिमे ॥ त्ति बेमि ॥६४॥**
१३ १४ १५ १६ १७

શબ્દાર્થ—તેવો સાધુ પૂર્વોક્ત ગુણે કરી સહિત દુઃખોનો સહન
૧ ૨ ૩
કરનાર જિતેન્દ્રિય શ્રુતજ્ઞાનથી સહિત મમત્વરહિત પરિગ્રહરહિત શોભે
૪ ૫ ૬ ૭ ૮ ૯
કર્મરૂપ વાદળા દૂર થયે સમગ્રવાદળા દૂર થયે જેમ ચંદ્રમા શોભે છે.
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭

ભાવાર્થ—સાધુ પૂર્વોક્ત ગુણે કરી સહિત, પરીષહોને જીતનાર, જિતેન્દ્રિય, શ્રુતજ્ઞાન સહિત, મમત્વથી રહિત, પરિગ્રહરહિત, એવા સાધુ જેમ સમગ્રવાદળા રહિત આકાશને વિષે સંપૂર્ણ સોળકળાએ કરી ચંદ્રમા શોભે, તેમ કર્મરૂપી સમગ્રવાદળાએ કરી રહિત થવાથી કેવળજ્ઞાનરૂપ જ્યોતિવંત બનીને તે ભગવાન્ શોભે છે.

**આઠમું અધ્યયન સમાપ્ત.**

---

# વિનય સમાધિ અધ્યયન ૯ મું

## [ ઉદ્દેશો પહેલો ]

**थंभा व कोहा व मयप्पमाया, गुरुस्सगासे विणयं न सिक्खे ।**
१ २ ३ ४ ६ ७ ८ ९ १०
**सो चेव उ तस्स अभूइभावो, फलं च कीयस्स वहाय होइ ॥१॥**
११ १२ १३ १४ १५ १६ १७

**શબ્દાર્થ**—માન ક્રોધ મદ પ્રમાદી જીવો ગુરૂ પાસેથી
१ २ ३ ४ ६ ७
વિનયમાર્ગ ન શીખે તે દોષવાળા અવિનીતને અજ્ઞાન ભાવથી
८ ९ १० ११ १२
વિનયરૂપ શિક્ષાનો નાશ થાય, ફળ લાગ્યાથકી વાંસનો વિનાશ થાય તેમ.
१३ १४ १५ १६ १७

**ભાવાર્થ**-જે સાધુ જાત્યાદિકના અહંકારથી, ક્રોધથી, મદથી, પ્રમાદથી એવા અવગુણોથી અવિનીતપણાથી ગુરુની પાસે વિનયમાર્ગને શીખતો નથી. જેમ વાંસ વૃક્ષને ફળ લાગ્યા થકી વાંસનો જ નાશ થાય છે તેમ અવિનીત સાધુના જ્ઞાનાદિક સદ્ગુણોનો નાશ થાય છે. અવિનિતપણાને લઈ અહંકારાદિ દુર્ગુણો ઉત્પન્ન થઈ તેના ચારિત્રનો નાશ થાય છે.

**जे यावि मंदित्ति, गुरुं विइत्ता, डहरे इमे अप्पसुयत्ति नच्चा ।**
१ २ ३ ५ ४ ६ ७ ८
**हीलंति मिच्छं पडिवज्जमाणा, करंति आसायणं ते गुरुणं ॥२॥**
९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**— જે કોઈ દ્રવ્ય સાધુ મંદ બુદ્ધિવાળો ગુરુને બાળક
૧ ૨ ૩ ૪
જાણી એ થોડા શ્રુતજ્ઞાનવાળા જાણી હીલના કરે મિથ્યાત્વને પામે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
છે જે ગુરુની આશાતના કરનારા હોય તે.
૧૪ ૧૩ ૧૨

**ભાવાર્થ**—જે કોઈ સાધુઓ પોતાના ગુરુને નાની ઉમરના તથા અલ્પશ્રુતજ્ઞાનવાળા જાણીને તેની હીલના કરે તે રેખર ગુરુની આશાતના કરે છે. તે અવિનીત મૂર્ખ શિષ્ય મિથ્યાત્વને પામે છે.

**पगईए मंदा वि भवंति एगे, डहरा वि जे य बुद्धोववेया ।**
१ २ ३ ४ ५ ६ ७ ८ ९
**आयारमंता गुणसुठियप्पा, जे हीलिया सिहिरिव भास कुज्जा॥३॥**
१० ११ १२ १३ १४ १५ १६ १७ १८ १९ २०

**શબ્દાર્થ**—સ્વભાવથી શીતળ હોય કોઇક નાનીઉમરના ગુરુ
૧ ૨ ૩ ૪ ૫ ૬
શ્રુતજ્ઞાનેકરી બુદ્ધિએ કરી સહિત આચારવંત મૂળગુણ ઉત્તર ગુણને
૭ ૮ ૯ ૧૦ ૧૧
વિષે રૂડીપેરે સ્થિત આત્મા એવાગુરુને હીલ્યાથકા અગ્નિની શિખા
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
માફક બાળી ભસ્મ કરે
૧૮ ૧૯ ૨૦

**ભાવાર્થ**—કોઈક ગુરુ વયે કરી નાના હોય પણ સ્વભાવે ઉપશાંત હોય, શ્રુતજ્ઞાને કરીને તથા બુદ્ધિએ કરી મહાગીતાર્થ, વળી જ્ઞાનાદિક પાંચે આચારના પાલનાર, ક્ષમા, દયા અને વિનયગુણને

વિષે જેણે પોતાના આત્માને સ્થાપ્યો છે, એવા ગુરુની નિંદા કરવાથી અગ્નિ જેમ કાષ્ટના સમુહને બાળી ભસ્મ કરે તેમ ગુરુની નિંદા કરનાર પુરુષના જ્ઞાનાદિક ગુણના સમુહનો નાશ થાય છે એમ જાણી ગુરુની નિંદા કરવી નહિ

**जे यावि नागं डहरं ति नच्चा, आसायए से अहियाय होइ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**एवायरियं पिहु हीलयंतो, नियच्छई जाइ पहं खु मंदो ॥४॥**
९ १० ११ १२ १३ १४ १५

**શબ્દાર્થ**—જે કોઈ સર્પને નાનો જાણીને આશાતના કરે તે
૧ ૨ ૩ ૪ ૫
પુરુષને અહિતનું કારણ થાય એમ આચાર્યને હીલ્યાથકા પામે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
એકેન્દ્રિયાદિક ગતિને મૂર્ખ સંસારમાં પરિભ્રમણ કરે.
૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**—જેમ કોઈ મૂર્ખ માણસ સર્પને નાનો જાણીને લાકડી વગેરેથી તેને ખીજવે તે પુરૂષને અહિતનું કારણ થાય છે. એટલે તે સર્પ તેને ડસવાથી મરણને પ્રાપ્ત થાય છે, એવી રીતે ગુણને આશ્રી નાની વયમાં આચાર્ય પદે સ્થાપેલ આચાર્યની નિંદા કરનાર, મંદબુદ્ધિવાળો શિષ્ય, એકેન્દ્રિયાદિક જાતિને પામી જન્મ મરણાદિક માર્ગને પ્રાપ્ત થાય છે, અર્થાત ઘણો કાળ સંસારમાં પરિભ્રમણ રૂપ દુઃખને પામે છે.

**आसीविसो यावि परं सुरुट्ठो,**
१ २ ३
**किं जीव नासाउ परं न कुज्जा।**
४ ५ ६ ७ ८ ९

**आयरियपाया पुण अप्पसन्ना,**
१० ११ १२ १३
**अबोहि आसायण नत्थि मोक्खो ॥५॥**
१४ १५ १६ १७

**શબ્દાર્થ**—વિષવાળોસર્પ જેમ અન્યને બહુ કોપે થયેલો શું
૧ ૨ ૩
આયુષ્યનો નાશ નિશ્ચે ન કરે ? આચાર્ય પૂજ્ય છે તે વળી આશાતના
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
કરવે કરી કોપ પમાડ્યા થકા મિથ્યાત્વની પ્રાપ્તિ હોય તથા આશાતના-
૧૩ ૧૪ ૧૫
થી ન પામે મોક્ષ.
૧૬ ૧૭

**ભાવાર્થ**—જેમ ઝેરીનાગ ક્રોપે ચડયો થકો, કોપ પમાડનારના જીવિતવ્યનો નાશ કરે છે, એજ રીતે પૂજ્ય એવા આચાર્ય મહારાજની હીલના કરવા વડે, આશાતના કરવા વડે આચાર્યની હીલના કરનારને મિથ્યાત્વના કારણ રૂપ થાય છે. એટલે આચાર્યની હીલના કરવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. તેમજ મોક્ષની પ્રાપ્તિ પણ થતી નથી પરંતુ ચાર ગતિરૂપ જન્મમરણ રૂપ સંસાર સાગરમાં ભટકતા થકા દુઃખો ભોગવવા પડે છે. એમ જાણી ગુરુ તથા વડેરાની અશાતના કરવી નહી.

**जो पावगं जलिय मवक्कमिज्जा,**
१ २ ३ ४
**आसीविषं वा वि हु कोवइज्जा ।**
५ ६
**जो वा विसं खायइ जीवियट्ठी,**
७ ८ ९ १०
**एसोवमा सायणया गुरुणं ॥६॥**
११ १३ १२

શબ્દાર્થ-જો કોઇ અગ્નિને જાજ્વલ્યમાન બળતીને ચાંપીને
૧ ૨ ૩ ૪
ચાલે તેને જ બાળે ઝેરીસર્પ કોપ્યો થકો મૃત્યુ પમાડે જો કોઇ
૫ ૬ ૭
તાલપુટ વિષને ખાય જીવવાનો અર્થી પણ મૃત્યુ જ પામે એ ઉપમાએ
૮ ૯ ૧૦ ૧૧
ગુરૂની આશાતના કરનારનું અહિત થાય.
૧૨ ૧૩

ભાવાર્થ—જો કોઇ જીવનનો અર્થી બળતી અગ્નિમાં ચાલે આશીવિષ સર્પને કોપાયમાન કરે અથવા તાલપુટ વિષને ખાય તો જીવવાને બદલે તે મૃત્યુને જ પામે છે. એ ઉપમાએ ગુરુની આશાતના કરનાર સંસારની વૃદ્ધિ રૂપ જન્મ મરણના દુઃખોને. પ્રાપ્ત કરે છે.

**सिया हु से पावय नो डहेज्जा,**
१ २ ३ ४ ५ ६
**आसीविसो वा कुविओ न भक्खे ।**
७ ८ ९ १० ११
**सिया विसं हालहलं न मारे**
१३ १२ १५ १४
**न यावि मोक्खो गुरु हीलणाए ॥७॥**
१९ १८ १६ १७

શબ્દાર્થ—કદાચિત્ નિશ્ચે તે અગ્નિ ન બાળે આશીવિષ સર્પ
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
કદાચ કોપાયમાન થયા છતાં ન કરડે તેમજ હલાહળ વિષ ખાધા
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
થકા કોઈ દેવપ્રભાવે કે ઓશડથી મૃત્યુ ન પમાડે પણ ગુરુની આશા-
૧૪ ૧૫ ૧૬ ૧૭

તનાથી મોક્ષ તો ન જ પામે
૧૮ ૧૯

**ભાવાર્થ**—કદાચિત્ અગ્નિ ચાંપનારને બાળે નહી, આશીવિષ-સર્પ કોપાયમાન થયેલો કદાચ કરડે નહી, અને કદાચ હળાહળ ઝેર ખાધા થકા દેવ પ્રભાવે કે અન્ય ઉપાયથી મૃત્યુ ન પામે, પણ ગુરુની હીલના કરવાવાળો મોક્ષ ન પામે. પરંતુ સંસાર સમુદ્રમાં પરિભ્રમણ થતાં દુઃખોને ભોગવે છે.

**जो पव्वयं सिरसा भित्तु मिच्छे,**
१ २ ३ ४ ५
**सुतं व सीहं पडिबोहइज्जा ।**
६ ७ ८
**जो वा दए सत्ति अग्गे पहारं,**
९ १३ १० ११ १२
**एसोवमासायणया गुरुणं ॥८॥**
१४ १६ १५

**શબ્દાર્થ**—જો કોઈ પર્વતને મસ્તકથી ભેદવાને ઈચ્છે સુતેલા
૧ ૨ ૩ ૪ ૫ ૬
સિંહને જગાડે જો કોઇ ભાલાની અણી ઉપર પગથી પ્રહાર કરે એ
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
ઉપમા ગુરુની આશાતના કરનારને હોય.
૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**-જો કોઈ મૂર્ખ માણસ પર્વતને મસ્તકે કરી ભાંગવા ઈચ્છે તો પર્વતને કાંઈ થાય નહિ પરંતુ તેનું મસ્તક ભાંગે, વળી જો કોઈ સૂતેલ સિંહને જગાડે તો તેને જ અહિત થાય, મૃત્યુ પામે વળી જો કોઈ ભાલારૂપ શસ્ત્રની અણી ઉપર પગથી પ્રહાર કરે તો તેના પગના ટુકડા થાય, ભાલાને કાંઈ થાય નહિ, એ ઉપમા ગુરુની

આશાતના કરનારને અનર્થના કારણરૂપ બને છે.

**सिया हु सीसेण गिरिं पि भिन्दे,**
१ २ ३ ४
**सिया हु सीहो कुविओ न भक्खे ।**
५ ६ ७ ८
**सिया न भिन्दिज्ज व सत्ति अग्गं**
११ १२ ९ १०
**न यावि मोक्खो गुरु हीलणाए ॥९॥**
१६ १५ १३ १४

શબ્દાર્થ—કદાચિત મસ્તકે પર્વતને ભેદે સિંહ કોપાયમાન
१ २ ३ ४ ५ ६
થયેલ કદાચ ન મારે મંત્રયોગે ભાલાની અણીને પ્રહાર કરતા પગ
७ ८ ९ १०
ન ભેદાય પણ ગુરૂની આશાતના કરનાર મોક્ષ પામે જ નહિ
११ १२ १३ १४ १५ १६

ભાવાર્થ-કદાચ કોઇ પ્રભાવક અતિશયના બળથી માથાથી પર્વતને ભેદે, અને મંત્રાદિક કોઇ પ્રયોગથી કોપેલો સિંહ ભક્ષણ ન કરે, અને એજ રીતે પ્રયોગથી ભાલારૂપ શસ્ત્રની અણી ઉપર પગથી પ્રહાર કરવા છતાં પગ ભેદાય નહિ, તો પણ ગુરુની હીલનાથી તો મોક્ષ પામે જ નહિ.

**आयरिय पाया पुण अप्पसन्ना,**
१ २ ३
**अबोहि आसायण नत्थि मोक्खो ।**
४ ५ ६ ७
**तम्हा अणाबाह सुहाभिकंखी,**
८ ११ ९ १०
**गुरुप्पसायाभिमुहो रमेज्जा ॥१०॥**
११ १२ १३ १४

**શબ્દાર્થ**—ગુરુ પૂજ્ય છે કોપાયમાન કર્યા થકા મિથ્યાત્વની
૧ ૨ ૩ ૪
પ્રાપ્તિ હોય આશાતના કરવા થકી મોક્ષ ન હોય તેથી કરી મોક્ષ-
૫ ૭ ૬ ૮ ૧૧
સુખના અભિલાષી ગુરુને પ્રસન્ન કરી તેમની આજ્ઞામાં સન્મુખ
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
રહી સંયમ પાલન કરવું
૧૪

**ભાવાર્થ**—અપ્રસન્ન થયેલ આચાર્યથી સદ્બોધના અભાવે તથા અવિનયથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. તેમજ ગુરુની અશાતના કરવાથી મોક્ષની પ્રાપ્તિ પણ થાય નહિ. એમ જાણીને શાશ્વત સુખના અભિલાષીઓએ જેવી રીતે ગુરુ પ્રસન્ન થાય એ રીતે તેમની આજ્ઞામાં રહી વિનયસહિત ચારિત્ર પાલન કરવું.

**जहाहि अग्गी जलणं नमंसे, नाणाहुइ मन्त पयाभिसित्तं ।**
१ २ ३ ४ ५ ६ ७ ८ ९
**एवायरियं उवचिट्ठइज्जा, अणंतनाणो व गओ वि संतो ॥११॥**
१० ११ १२ १३ १४ १५ १६

**શબ્દાર્થ**—જેમ હોમ કરનાર બ્રાહ્મણ અગ્નિને નમસ્કાર કરે
૧ ૨ ૩ ૪
ઘણા પ્રકારની આહુતિથી મંત્ર પદોથી અગ્નિને સીંચે-હોમ કરે
૫ ૬ ૭ ૮ ૯
એમ આચાર્ય સમીપે રહી વિનય કરતા થકા અનંત જ્ઞાનની પ્રાપ્તિ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
થવા છતાં ગુરુનો વિનય કરે.
૧૬

**ભાવાર્થ**-જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ ઘણા પ્રકારની આહુતિ

અને મંત્ર પદોથી અગ્નિને સેવે, તેમ વિનયવાન સાધુ પણ આચાર્યની સમીપે રહીને તેમના વિનયને સાચવતા થકા તેમની આજ્ઞામાં રહેનારાને અનંત જ્ઞાનની-કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા છતાં ગુરુની સેવા ભક્તિ કરે તેવો વિનિત શિષ્યનો આચાર છે.

**जस्संतिए धम्मपयाइं सिक्खे,**
१ २ ३ ४
**तस्संतिए वेणइयं पउंजे ।**
५ ६ ७ ८
**सक्कारए सिरसा पंजलीओ,**
९ १० ११
**काय ग्गिरा भो मणसा य निच्चं ॥१२॥**
१२ १३ १४ १५

**શબ્દાર્થ**—જે ગુરુની પાસે ધર્મપદોને શીખ્યો હોય પચ્ચ-
૧ ૨ ૩ ૪
ખાણ કર્યા હોય તેની પાસે રહી વિનય-વૈયાવચ્ચ કરે સત્કાર કરે
૫ ૬ ૭ ૮ ૯
મસ્તકે બેહાથ જોડી વંદન કરે કાયાએ કરી ગુરુના કાર્યો કરે વચને કરી
૧૦ ૧૧ ૧૨ ૧૩
ગુરુના વચનને તહેત કરે, મને કરી રૂડું જાણે સદાય.
૧૪ ૧૫

**ભાવાર્થ**-જે ગુરુની પાસે ધર્મપદ-ધર્મમાર્ગ શીખ્યો, સૂત્ર સિદ્ધાંત ભણ્યો તથા વ્રત પચ્ચખાણ કર્યા હોય તે ગુરુની પાસે રહી તેમના વિનય-વૈયાવચ્ચ કરે, ગુરુ આવે ત્યારે ઉભા થઈ સત્કાર કરે, આવો સ્વામી ભલે પધાર્યા, હાથ જોડી મસ્તક નમાવવા રૂપ કાયાએ કરી વિનય કરે. મત્થએણ વંદામિ એમ વચન બોલી બેસવા આસન આપવા રૂપ સન્માન દીએ, તેમજ ગુરુના કાર્યો કરે, ગુરુનાં

વચનને તહેત પ્રમાણ કરે, ભાવ યુક્ત મનથી તેમનો વિનય કરવામાં ભલું જાણે, આમ સદાકાળ ગુરુનો વિનય કરે.

**लज्जादया संजम बंभचेरं,**
१ २ ३ ४
**कल्लाण भागिम्स विसोहि ठाणं ।**
५ ६ ७ ८
**जे मे गुरु सययमणु सासयंति,**
९ १० ११ १२ १३
**ते हं गुरु सययं पूययामि ॥१३॥**
१४ १६ १५ १७ १८

**શબ્દાર્થ**—લજ્જાવંત અનુકંપાવંત સંયમવંત બ્રહ્મચર્યવંત મોક્ષ
૧ ૨ ૩ ૪ ૫
સ્થાનકના અર્થી આત્માને વિશુદ્ધ કરવાનું સ્થાન જે ગુણવંત મને
૬ ૭ ૮ ૯ ૧૦
ગુરુ સદા ભલી શીખામણ દે છે તેવા ગુરુની હું સદાકાળ પૂજા કરીશ.
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮

**ભાવાર્થ**—લજ્જાવંત, દયાવંત, સંયમવંત, બ્રહ્મચર્યવંત, મોક્ષના અર્થીઓને આત્મવિશુદ્ધિ કરવાના સ્થાનરૂપ એવા ગુણે કરી સહિત તથા તપ અને ધ્યાને કરી સહિત છે, એવા ગુરુ નિર્મળ સ્થાનકને પામેલા તેઓ મને નિરંતર, લજ્જા, દયા, સંયમ, અને બ્રહ્મચર્ય એ ચાર સ્થાનક મોક્ષના અભિલાષી સાધુઓને પરમવિશુદ્ધિના સ્થાનકો છે તેને માટે મારા ગુરુશ્રી, મને નિરંતર આ વિશુદ્ધિ સ્થાનક બાબતની મારા ભલા માટે શિખામણ આપે છે. માટે મારા પરમ ઉપકારી ગુરુજીની હું નિરંતર સેવા વૈયાવચ્ચ-પૂજા કરીશ. આવી રીતે શિષ્યોએ મનમાં વિચારવું અને વર્તનમાં મૂકવાથી પોતાના આત્માનું કલ્યાણ થાય છે,

**जहा निसंते तवणच्चिमाली,**
१ २ ३ ४
**पभासई केवल भारहं तु ।**
५ ६ ७
**एवायरिओ सुय सील बुद्धिए,**
९ १० ११ १२ १३
**विरायई सुरमज्झे व इन्दो ॥१४॥**
१४ १५ १६ १७ १८

**શબ્દાર્થ**–જેમ રાત્રિને છેડે તેજવંત હજારો કિરણે કરી સહિત સૂર્ય
૧ ૨ ૩ ૪
ઉદ્યોતકરે સંપૂર્ણ ભરતક્ષેત્રે અન્યક્ષેત્રો પણ યથાસ્થિતિ એમ આચાર્ય
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
ગુરુરૂપી સૂર્ય ઉદ્યોત કરે સુત્રેકરી બ્રહ્મચર્યેકરી ચારબુધ્ધિએકરી શોભે
૧૧ ૧૨ ૧૩ ૧૪
દેવોમાંહિ જેમ ઇંદ્ર
૧૫ ૧૬ ૧૭ ૧૮

**ભાવાર્થ**—જેમ રાત્રિ ગયા બાદ તેજવંત દેદીપ્યમાન સૂર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે તેવીજ રીતે શુધ્ધ શ્રુત, શીલ, બુધ્ધિસંપન્ન આચાર્ય જીવાદિક પદાર્થોને પ્રકાશિત કરે છે. જેમ દેવતાઓના સમૂહમાં ઇંદ્રમહારાજ શોભે તેમ ગુણવાન આચાર્યો સાધુઓના સમૂહમાં શોભે છે.

**जहा ससी कोमुइ जोग जुत्तो,**
१ २ ३ ४
**नक्खत्त तारागण परिवुडप्पा ।**
५ ६ ७

**खे सोहइ विमले अब्भमुक्के,**
८ ९ १० ११ १२
**एवं गणी सोहइ भिक्खु मज्झे ॥१५॥**
१३ १४ १५ १६ १७

**શબ્દાર્થ**—જેમ ચંદ્રમા કાર્તિકીપુનમનો સોળકળાએ કરી
૧ ૨ ૩ ૪
સહિત નક્ષત્ર તારા પરિવારેકરી પરિવર્યો આકાશમાં શોભે નિર્મળ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
વાદળ રહિત શોભે એમ આચાર્યમહારાજ જ્ઞાનેકરી શોભે સાધુના
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
પરિવાર મધ્યે શોભે
૧૭

**ભાવાર્થ**-જેમ કાર્તિકી પુનમનો ચંદ્રમા, અઠાવીસ નક્ષત્ર, અઠયાશીગ્રહ, છાસઠહજાર નવસે પંચોતેર ક્રોડાક્રોડી તારાને પરિવારે પરિવર્યો થકો, વાદળ રહિત આકાશને વિષે નિર્મળ, સોળ કળાએ કરી શોભે, એમ જૈનમાર્ગરૂપ આકાશને વિષે, સાધુ ગણના પરિવારે પરિવર્યો થકો આચાર્યરૂપ ચંદ્રમાં જ્ઞાનરૂપ કળાએ કરી ઉદ્યોત કરતો થકો શોભે છે.

**महागरा आयरिया महेसी,**
१ २ ३ ४
**समाहि जोगे सुय सील बुद्धिए ।**
५ ६ ७ ८ ९
**संपाविउ कामे अणुत्तराइं,**
१० ११ १२
**आराहए तोसए धम्म कामी ॥१६॥**
१३ १४ १५ १६

**શબ્દાર્થ**—મહાન આગર જ્ઞાનાદિકભાવરત્નના આચાર્ય મોટા
૧ ૨ ૩
ઋષિ સમાધિવંત પ્રશસ્તમન, વચન, કાયાના જોગવાળા બારઅંગના
૪ ૫ ૬ ૭
ભણનાર બ્રહ્મચર્યેકરી બુધ્ધિએકરી મોક્ષ પ્રાપ્તિની ઇચ્છાવાળા
૮ ૯ ૧૦ ૧૧
સર્વોત્કૃષ્ટ આરાધે આચાર્યને સંતોષે વારંવાર વિનયેકરી નિર્જરારૂપ-
૧૨ ૧૩ ૧૪
ધર્મનો અભિલાષી સાધુ
૧૫ ૧૬

**ભાવાર્થ**—જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ રત્નનાસાગર, છકાયજીવની દયાપાળનારા, જેના મન, વચન અને કાયાના યોગ પ્રશસ્ત સમાધિવંત છે, શ્રુત જ્ઞાને કરી સહિત, બુધ્ધિવંત અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનાથી પ્રધાન મોક્ષગતિનાં સુખો નિપજાવ્યાં છે, એવા મોક્ષના અર્થી આચાર્યોને ધર્મ-આચાર્યને આરાધે. કર્મની નિર્જરાના માટે, વારંવાર વિનય કરી શિષ્યે આચાર્યને પ્રસન્ન કરવા.

**सोच्चाण मेहावी सुभासियाइं,**
१ २ ३ ४
**सुस्सूसए आयरियऽप्पमत्तो ।**
५ ६ ७
**आराहइत्ताण गुणे अणेगे,**
८ ९ १०
**से पावइ सिद्धि मणुत्तरं ॥ त्ति बेमि ॥१७॥**
११ १२ १३ १४

**શબ્દાર્થ**—સાંભળીને બુધ્ધિવંત ભલા વચન સેવાભકિતકરે
૧ ૨ ૩ ૪ ૫

ગુરુની પ્રમાદરહિત આરાધે ગુણો અનેક તે પામે મોક્ષ ઉત્તમ સુખોને
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—ગુરુની આરાધનાના ફળને કહેવાવાળા ગણધરાદિકના સુંદર વચનો સાંભળીને બુદ્ધિમાન સાધુઓએ, નિરંતર આચાર્ય મહારાજની અપ્રમત્તપણે સેવા કરવી. એમ પૂર્વોક્ત રીતે ગુરુની સેવાભક્તિ કરનાર સાધુ જ્ઞાનના, વિનયના, ક્ષમાના, આદિ ઘણા ગુણોને આરાધી અનુક્રમે ઉપમા રહિત એવી સિદ્ધિગતિના ઉત્તમ અને અનંત સુખોને પામે છે.

---

## અધ્યયન ૯ ઉદ્દેશો બીજો

**मूलाउ खंध प्पभवो दुमस्स,**
१ २ ३ ४
**खंधाउ पच्छा समुविंति साहा ।**
५ ६ ७ ८
**साहाप्पसाहा विरुहंति पत्ता,**
९ १० १२ ११
**तओ से पुप्फंच फलं रसो य ॥१॥**
१३ १४ १५ १६ १७

**શબ્દાર્થ**—મૂળથી થડ ઉત્પન્ન થાય વૃક્ષના થડ પછી ઉત્પન્ન
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
થાય શાખા શાખાથી પ્રશાખા થાય તેમાંથી પાંદડા ઉત્પન્ન થાય
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
તેમાંથી તે વૃક્ષને પુષ્પ-ફૂલ થાય ફળથાય રસથાય
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**--મૂળમાંથી વૃક્ષનું થડ ઉત્પન્ન થાય, થડમાંથી મોટી મોટી શાખાઓ થાય, શાખામાંથી પ્રશાખા (નાની શાખા) અને

પ્રતિશાખાંથી પાંદડા થાય છે તે વાર પછી અનુક્રમે ફૂલ ફળ ઉત્પન્ન થાય અને પછી ફળમાં રસ ઉત્પન્ન થાય છે.

**एवं धम्मस्स विणओ, मूलं परमो से मुक्खो ।**
१ २ ३ ४ ५ ६ ७
**जेण किति सुयं सिग्घं, नीसेसं चाभिगच्छइ ॥२॥**
८ ९ १० ११ १२ १३

**શબ્દાર્થ**—એ ઉપમાએ ધર્મરૂપી કલ્પવૃક્ષનું વિનયરૂપ મૂળ
१ २ ३ ४
છે પ્રધાનરસ તેનું ફળ તે મોક્ષ જે વિનયથી કીર્તિ સૂત્ર સિધ્ધાંતની
५ ६ ७ ८ ९ १०
પ્રાપ્તિ શ્લાઘાની પ્રાપ્તિ રસતેમોક્ષ પામે વિનયવંત.
११ १२ १३

ભાવાર્થ—ઉપરની ઉપમાએ ધર્મરૂપી વૃક્ષને વિનયરૂપ મૂળ, ધૈર્યરૂપ થડ, મહાવ્રતરૂપ શાખા, અણુવ્રત તે પ્રતિશાખા, જ્ઞાનરૂપ પત્ર, શીળરૂપ પુષ્પ, મુકિતરૂપ ફળ અને સિધ્ધના સુખરૂપ મધુર રસ ( વિનય મૂળ ધર્મે કરી ખંધ સમાન વૈમાનિક દેવતાના સુખો, શાખા, સમાન ભવન પતિના સુખ, પ્રતિશાખા સમાન મનુષ્યના સુખ, પાંદડા સમાન કીર્તિ મહિમા, પુષ્પસમાન શ્રુત સિધ્ધાંતની પ્રાપ્તિ, ફળસમાન શ્લાઘાપ્રશંસાની પ્રાપ્તિ, અથવા તીર્થંકર ગણધરાદિકની પદવીની પ્રાપ્તિ, અને રસ તે મોક્ષની પ્રાપ્તિ ) એવા શાશ્વતા અનંતા સુખો વિનયવંત સાધુઓને પ્રાપ્ત થાય છે.

**जे य चंडे मिए थध्धे, दुव्वाई नियडी सढे ।**
१ २ २ ३ ४ ५ ६
**वुज्झई से अविणीयप्पा, कट्ठं सोयगयं जहा ॥३॥**
७ ८ ८ १० ११ १२ १३ १४

શબ્દાર્થ—જે કોઈ ક્રોધી મૂર્ખ અહંકારી માઠા વચનબોલનાર
૧ ૨ ૨ ૩ ૪
માયાવી ધૂર્ત બુડે સંસારસમુદ્રમાં તે અવિનીત આત્મા કાષ્ટ પાણીના
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
પ્રવાહમાં પડયું થકું તણાય તેમ દુઃખ પામે
૧૨ ૧૩ ૧૪

ભાવાર્થ—જેકોઇ તીવ્ર ક્રોધી હોય, મૂર્ખ હોય, અહંકારીહોય, માઠાવચન બોલનાર માયાવી, ધૂર્ત–શઠ, સંયમ યોગમાં અનાદર કરનાર તથા શિથિલતા રાખનાર ઇત્યાદિ દોષવાળો તે જેમ પાણીના પ્રવાહમાં કાષ્ટ તણાય તેમ અવિનીત આત્માનો ધણી સંસારરૂપી સમુદ્રમાં તણાય–પરિભ્રમણ કરતો થકો જન્મ મરણાદિના ઘણુ દુઃખો પામે.

**विणयम्मि जो उवाएणं, चोइओ कुप्पई नरो ।**
१ २ ३ ४ ५ ६
**दिव्वं सो सिरिमिज्जंति, दंडेण परिसेहए ॥४॥**
७ ९ ८ १० ११ १२

શબ્દાર્થ—વિનયમાર્ગ કોઈ ગુર્વાદિક ઉપાયેકરી શીખવતા
૧ ૨ ૩ ૪
રીસકરે અવિનીત શિષ્ય દેવ–મનુષ્યસંબંધી લક્ષ્મીને તે આવતા
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
લાકડીએ પાછી કાઢે જેમ કુતરાને કાઢે.
૧૧ ૧૨

ભાવાર્થ—જો કોઇ ગુર્વાદિક કોઈ ઉપાયે કરી, સુકોમળ વચને કરી વિનયરૂપ માર્ગને શીખવતાં અવિનીત શિષ્ય ક્રોધ કરે તે અવિનીત શિષ્ય પોતાની પાસે આવતી દિવ્ય જ્ઞાનાદિક લક્ષ્મીને પાછી વાળે છે. જેમ મૂર્ખ અજ્ઞાની લક્ષ્મીદેવીને ઘરને વિષે આવતાં લાકડીએ

કરી પાછી વાળે તેમ. તાત્પર્ય એ છે કે વિનય એ સંપદાનું મૂળ છે માટે અવશ્ય વિનયનું સેવન કરવું તે શ્રમણ વર્ગ તથા ગૃહસ્થ બંનેને હિતકારી છે.

**तहेव अविणीयप्पा, उववज्झा हया गया ।**
१ २ ३ ४ ५ ६
**दीसंति दुहमेहंता, आभिओग मुवट्ठिया ॥५॥**
७ ८ ९ १० ११

શબ્દાર્થ—તેમજ અવિનીત આત્મા પશુ તિર્યંચપણે ઉપજ્યા
૧ ૨ ૩ ૪
છે વાહનને યોગ્ય ઘોડાપણે હાથીપણે દેખાય છે દુઃખ પામતા
૫ ૬ ૭ ૮ ૯
ચાકરપણે ઉપજ્યા છે
૧૦ ૧૧

ભાવાર્થ—અવિનીત આત્માવાળા હાથી ઘોડા આદિ પશુતિર્યંચપણે રાજાદિકના વાહનને યોગ્ય ઉત્પન્ન થયેલ ભાર વહન કરનારા કલેશને–દુઃખને અનુભવતા દેખાય છે. અથવા હાથી ઘોડા આદિ પશુઓ જે વિનય વગરના છે, તેવા હાથી ઘોડા વગેરે ભાર વહન કરવાવાળા જ હોય છે. એમ જાણી વિનય ગુણની વૃદ્ધિ કરવી તે આત્મહિતનું કારણ થાય છે. ( અવિનીત તિર્યંચો પણ દુઃખને પામે છે.)

**तहेव सुविणीयप्पा, उववज्झा हया गया ।**
१ २ ३ ४ ५
**दीसंति सुह मेहंता, इड्ढिं पत्ता महायसा ॥६॥**
६ ७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ—વિનીત આત્મા રાજાઆદિને ત્યાં ઉત્પન્ન થાય છે
૧ ૨ ૩
હાથી ઘોડા દેખાય છે સુખ પામતા ઋદ્ધિને ભોગવતા મોટા યશવાળા.
૫ ૪ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—રાજા, પ્રધાન, સેનાપતિ આદિના જે વિનયવાન હાથી ઘોડા વગેરે છે તે નિરંતર સુખ ભોગવતા દેખાય છે, સારા સારા આભૂષણ, રહેવાને મકાન, ખાવાને ઉત્તમ ખોરાક પામતાં પોતાના સદ્‌ગુણોએ કરીને પ્રખ્યાતિ પામે છે. એટલે તિર્યંચો પણ વિનયગુણથી તિર્યંચપણામાં પણ સુખ અનુભવે છે, તો મનુષ્યો વિનયથી સુખ પામે તેમાં શું કહેવું ? માટે વિનયનું સેવન કરવું શ્રેયસ્કર છે.

**तहेव अविणीयप्पा, लोगंसि नर नारिओ ।**
१ २ ३ ४ ५ ६
**दीसंति दुह मेहंता, छाया तें विगलिंदिया ॥७॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—તેમજ અવિનીત આત્મા લોકમાં પુરુષ સ્ત્રી દેખાય
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
છે દુઃખ ભોગવતા ચાબખા આદિના પ્રહારે કરી કાનનાક છેદાયેલ.
૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—તિર્યંચોની માફક અવિનીત નર નારીઓ પણ આ લોકમાં ઘણા પ્રકારના દુઃખોને ભોગવતા તથા ચાબુક વિ. ના પ્રહારથી વ્રણ–ઘા પડેલ શરીરવાળા તેમજ પરસ્ત્રી ગામી અદિ દોષોથી નાક કાન આદિ ઇન્દ્રિયો જેની કપાયેલી છે એવા દેખવામાં આવે છે.

**दंड सत्थ परिजुन्ना, असब्भ वयणेहि य ।**
१ २ ३ ४ ५
**कलुणा बिवन्न छंदा, खुप्पिवासा परिगया ॥८॥**
६ ८ ७ ९ १० ११

**શબ્દાર્થ**—લાકડીના શસ્ત્રના પ્રહારથી દુર્બળ થયેલ કઠોર
૧ ૨ ૩ ૪

વચનોથી દીન બનેલા પોતાના અભિપ્રાયથી રહિત ક્ષુધા તૃષાથી વ્યાપ્ત.
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—અવિનીત આત્મા મનુષ્ય ભવમાં પણ લાકડીના પ્રહારથી, શસ્ત્રના ઘાથી, તથા અશુભ-કઠોર વચનથી દુર્બળ થયેલા, ભૂખ અને તૃષાથી વ્યાપ્ત, દીનથયેલ, અન્યના અભિપ્રાયે વર્તન કરવું વગેરે દુઃખોથી પીડાય છે. એમ જાણી અવિનયનો ત્યાગ કરવો.

**तहेव सुविणीयप्पा, लोगंसि नर नारिओ ।**
१ २ ३ ४
**दीसंति सुहमेहंता, इड्ढिपत्ता महा यशा ॥९॥**
५ ६ ७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—સુવિનીત આત્મા લોકમાં પુરુષ સ્ત્રીઓ દેખાય
૧ ૨ ૩ ૪ ૫
છે સુખ ભોગવતા ઋદ્ધિ સંપન્ન મહા યશવાળા
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—વિનીત પુરુષો તથા સ્ત્રીઓ આ લોકમાં વિવિધ જાતના સુખોને ભોગવતા, ઋધ્ધિ સંપન તથા મહાયશવાળા દેખાય છે. વિનયથી ગુરુ આદિની આરાધના કરી શકાય છે. અને તેથી પરલોક પણ સફળ થાય છે, એમ જાણી વિનયગુણને વધારવો.

**तहेव अविणीयप्पा, देवा जक्खा य गुज्झगा ।**
१ २ ३ ४ ५ ६
**दीसंति दुह मेहंता, आभिओग मुवट्ठिया ॥१०॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—તેમજ અવિનીત આત્મા દેવો વ્યંતર ભવનપતિ
૧ ૨ ૩ ૪ ૫ ૬
દેખાય છે. દુઃખ ભોગવતા ચાકરપણે ઉપન્યા થકા.
૭ ૮ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—અવિનીતપણાના દોષોથી દેવના ભવમાં પણ વૈમાનિક, જ્યોતિષી, વ્યંતર અને ભવનપતિ દેવોમાં ચાકરપણું પામીને પરવશ-પણે દુઃખ પામતા દેખાય છે.

**तहेव सुविणीयप्पा, देवा जक्खाय गुज्झगा ।**
१ २ ३ ४ ५
**दीसंति सुहमेहंता, इड्ढिं पत्ता महायशा ॥११॥**
६ ७ ८ ९ १०

**શબ્દાર્થ**—તેમજ સુવિનીત આત્મા દેવો વ્યંતર ભવનપતિ
૧ ૨ ૩ ૪ ૫
દેખાય છે. સુખ ભોગવતા ઋદ્ધિ પામીને મહા યશવાળા.
૬ ૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**—વિનયનાગુણોથી નિરતિચાર ધર્મના પાળનારા વૈમાનિક જ્યોતિષી વ્યંતર અને ભવનપતિ દેવોમાં ઉત્પન્ન થઇ ઇન્દ્રપણું આદિ વિશિષ્ટ દિવ્ય ઋદ્ધિને પામેલા, મહાયશસ્વી બનેલા ઘણા સુખોને ભોગવતાં દેખાય છે.

**जे आयरिय उवज्झायाणं, सुस्सूसा वयणंकरा ।**
१ २ ३ ४ ५ ६
**तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥१२॥**
७ ८ ९ ११ १० १२

**શબ્દાર્થ**—જે આચાર્યની ઉપાધ્યાયની વડેરા સાધુની સેવા-
૧ ૨ ૩ ૪
ભક્તિ કરનાર તેમના વચનને તહેત કરનાર તેવા વિનયવાન શિષ્યની
૫ ૬ ૭
જ્ઞાન, મહાવ્રતરૂપ શિક્ષા વૃદ્ધિ પામે છે. જેમ પાણીથી સિંચાએલ
૮ ૯ ૧૦ ૧૧
વૃક્ષની પેરે
૧૨

**ભાવાર્થ**—જે શિષ્યો આચાર્યની, ઉપાધ્યાય આદિ વડિલ સાધુઓની સેવા કરનાર તથા તેમની આજ્ઞામાં ચાલનારા હોય છે, તેમને જેમ પાણી સિંચવાથી વૃક્ષ વૃદ્ધિને પામે છે તેમ શિષ્યને જ્ઞાનાદિ ગ્રહણ શિક્ષા તથા મહાવ્રતાદિ આસેવન શિક્ષા વૃદ્ધિ પામે છે.

**अप्पणट्ठा परट्ठा वा, सिप्पा नेउणियाणि य ।**
१ २ ३ ४
**गिहिणो उवभोगट्ठा, इहलोगस्स कारणा ॥१३॥**
५ ६ ७ ८ ९
**जेण बंधं वहं घोरं, परिआवं च दारुणं ।**
१० ११ १२ १३ १४ १५
**सिक्खमाणा नियच्छंति, जुता ते ललिइंदिया ॥१४॥**
१६ १७ १८ १९ २०

**શબ્દાર્થ**—પોતાને અર્થે પુત્રાદિકના માટે શિલ્પ કળા ડહાપણ
૧ ૨ ૩ ૪
ગૃહસ્થ ઉપભોગ માટે આ લોકના સુખને માટે શિલ્પાદિક શિખતાં
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
બંધન વધ રૌદ્રખમતાદોહિલાં પરિતાપના કઠણ વચનો ગુરુ સમીપે
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
શિખતાં પામે શિલ્પશાસ્ત્ર શિખવાને યોગ્ય છે તે રાજાદિકના પુત્ર
૧૬ ૧૭ ૧૮ ૧૯
મનવાંછિત સુખ ભોગવનારા.
૨૦

**ભાવાર્થ**—જે ગૃહસ્થીઓ આ લોકના અર્થે અન્ન પાનાદિકના ઉપભોગને માટે પોતાના તથા પુત્રાદિકને માટે શિલ્પકળા, સોનાર, લુહાર, કુંભાર. વિ. ના કાર્યો તથા ચિત્રામણ વિ. કળાઓ પોતાના કલાચાર્ય આદિ ગુરુ પાસેથી શીખતાં રાજકુમાર જેવાઓ

પણ ઘોર વધ-બંધન તથા કઠોર વચન આદિ પરિતાપને કલાચાર્ય તરફથી પામે છે. અને તેને સહન કરે છે, છતાં શીખવાને માટે ગુરુનો સત્કાર કરે છે.

**ते वि तं गुरुं पूयंति, तस्स सिप्पस्स कारणा ।**
१ २ ३ ४ ५ ६
**सक्कारंति नमंसंति, तुट्ठानिदेस वत्तिणो ॥१५॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—તે ગુરૂ વધ-બંધન કરનારાને પૂજે તે શિલ્પશાસ્ત્ર
૧ ૨ ૩ ૪ ૫
શીખવા માટે વસ્ત્રાદિકે સત્કાર કરે નમસ્કાર કરે હર્ષવંત થઇને
૬ ૭ ૮ ૯
આજ્ઞામાં રહેતા થકા.
૧૦ ૧૧

**ભાવાર્થ**- કલાચાર્ય ગુરુ તરફથી વધબંધન થવા છતાં શિલ્પકળા શીખવા માટે તે કલાચાર્ય ગુરુને પૂજે છે, સત્કાર કરે છે તથા તેમની આજ્ઞામાં રહે છે,

**किं पुण जे सुयग्गाही, अणंत हियकामए ।**
१ २ ३ ४ ६ ५ ७
**आयरिया जं वए भिक्खु, तम्हा तं नाइवत्तए ॥१६॥**
८ ९ ११ १०

**શબ્દાર્થ**—તો જે સાધુએ સૂત્રસિદ્ધાંત ભણનારા તથા અનંત
૧ ૨ ૩ ૪
હિતકારી મોક્ષના અભિલાષી છે તેણે આચાર્યના વચનને ઉલ્લંઘવું
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
નહિ જોઈએ.
૧૧

**ભાવાર્થ**--જ્યારે લૌકિક શિલ્પવિદ્યા આદિના અભિલાષી રાજકુમાર આદિ માર સહન કરતા થકા પણ શિક્ષકગુરુની સેવા કરે છે, તો પછી જે સાધુ અનંત હિતકારક મોક્ષની અભિલાષા-વાળા છે અને આગમના મર્મ જાણવાના જીજ્ઞાસુ છે, તેમના માટે તો કહેવાનું જ શું હોય ? તેથી વિનીત શિષ્યોએ ગુરુમહારાજના આદેશનું ઉલ્લંઘન કદાપિ કરવું નહિ જોઇએ. અને ગુરુની સેવા-ભક્તિ પોતાના આત્માના હિત માટે કરવી.

**नीयं सिज्जं गइं ठाणं, नीयं च आसणाणि य ।**
१ २ ३ ४ ५ ६
**नीयं च पाए वंदिज्जा, नीयं कुज्जा य अंजलिं ॥१७॥**
७ ८ ९ ९ ११ १०

**શબ્દાર્થ**--નીચી શય્યા-સંથારો ચાલવું પાછળ ઉભું રહેવું
૧ ૨ ૩ ૪
નીચું આસન નીચેનમી પગે વાંદે નીચાનમી બેહાથ જોડી.
૫ ૬ ૭ ૮ ૯ ૯ ૧૦ ૧૧

**ભાવાર્થ**—ગુરુના સંથારાથી શિષ્યોએ પોતાનો સંથારો નીચે કરવો, ગુરુની પાછળ ચાલવું, પાછળ ઉભું રહેવું, આસન (ગુરુના આસનથી) નીચે નમાવી બે હાથ જોડી ગુરુને નમસ્કાર કરવા, કોઇ પણ કાર્ય પ્રસંગે કાયાને નીચી નમાવી બે હાથ જોડવા.

**संघट्टइत्ता काएणं, तहा उवहिणामवि ।**
१
**खमेह अवराहं मे, वएज्ज न पुणु त्ति य ॥१८॥**
४ ६ ५ ७ ९ ८

**શબ્દાર્થ**--કાયાએ ગુરુને સ્પર્શ થઇ ગયો હોય વસ્ત્રાદિકનો
૧ ૨ ૩
સ્પર્શ થયો હોય ખમજો મારા અપરાધને કહે ફરીઅપરાધ નહિ કરું.
૪ ૫ ૬ ૭ ૮ ૯

**ભાવાર્થ**—અજાણતાં ગુરુ મહારાજની કાયાને તથા તેમની વસ્ત્રાદિક ઉપધીને પોતાની (શિષ્યની) કાયાએ સંઘટો–સ્પર્શ થઈ ગયો હોય તો એમ કહે કે હે સ્વામી! આપને ખમાવું છું. મારા અપરાધને ખમજો. હવે ફરી આવો અપરાધ હું નહિ કરું.

**दुग्गओ वा पओएणं, चोइओ वहई रहं ।**
१ २ ३ ५ ४
**एवं दुबुद्धि किच्चाणं, वुत्तो वुत्तो पकुव्वई ॥१९॥**
६ ७ ८ ९ ९ १०

**શબ્દાર્થ**—ગળીઓબળદ પરોણે કરી વિંધ્યો થકો રથને
૧ ૨ ૪
વહે એમ માઠી બુધ્ધિવાળો શિષ્ય ગુરુના કાર્યને વારંવાર
૫ ૬ ૭ ૮ ૯
કહ્યાથકા કરે
૯ ૧૦

**ભાવાર્થ**—જેમ ગળીયા બળદને પરોણે કરી વિંધ્યો થકો-પ્રેરિતકર્યોથકો રથને વહે એમ માઠી બુધ્ધિવાળો અવિનીત શિષ્ય ગુરુના કાર્યને આદર સહિત ન કરે, પરંતુ વારંવાર કહ્યાથકા રાજાની વેઠની માફક કરે.

**आलवंते लवंते वा, न निसिज्जाइ पडिस्सुणे ।**
१ २ ४ ३ ५
**मुत्तूणं आसणं धीरो, सुस्सुसाए पडिस्सुणे ॥२०॥**
७ ६ ८ ९ १०

**શબ્દાર્થ**—એકવાર બોલાવે વારંવાર બોલાવે થકે આસને
૧ ૨ ૩
બેઠા થકા ન સાંભળે આસનથી ઉઠીને વિનીત શિષ્ય ગુરુની સેવા
૪ ૫ ૬ ૭ ૮ ૯
કરતો સાંભળે.
૧૦

**ભાવાર્થ**--વિનીત શિષ્યના ગુણ કહે છે. ગુરૂએ એકવાર બોલાવ્યા થકા અથવા વારંવાર બોલાવ્યા થકા આસનમાં કે શય્યામાં બેઠા બેઠા ન સાંભળે, પરંતુ આસનથી ઉઠીને ગુરુ સમીપે આવી બે હાથ જોડી વિનય સાચવતા થકા ગુરૂના આદેશને સાંભળે.

**कालं छंदोवयारं च, पडिलेहित्ताण हेउहिं ॥**
१ २ ३ ४ ५
**तेणं तेणं उवाएणं, तं तं संपडिवायए ॥२१॥**
६ ६ ७ ८ ९

**શબ્દાર્થ**—કાળ અવસર ગુરૂની ઇચ્છાને આરાધનનો અવસર
१ २ ३
જાણી યથાયોગ્ય કારણે તે તે ઉપાયે આહાર ઔષધાદિકને સંપા-
४ ५ ६ ७ ८
દન કરે.

**ભાવાર્થ**-વરસાદ આદિ ઋતુકાળના અવસરે ગુરૂના અભિપ્રાયને જાણી, ગુરૂને આરાધવાના ઉપચારને આહાર ઔષધ આદિ જે વસ્તુની જરૂર જણાય અગર કાર્યને જાણી ગુરૂની ઈચ્છારૂપ વસ્તુ અગર કાર્યને સંપાદન કરે, કાર્યને નીપજાવે.

**विवत्ती अविणीयस्स, संपत्ती विणियस्स य ।**
१ २ ३ ४
**जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छई ॥२२॥**
५ ६ ७ ८ १० ९

**શબ્દાર્થ**—વિપત્તી જ્ઞાનાદિક ગુણોનો નાશ થાય અવિનીત
१ २
શિષ્યને જ્ઞાનાદિક સંપદા પામે વિનીત શિષ્ય જેને વિનીતના અવિની-
३ ४ ५ ६

તના લાભ નુકશાનને જાણે તો હિતકારી શિક્ષાને પામે સાધુ
૭ ૮ ૯ ૧૦

**ભાવાર્થ**—અવિનીત શિષ્યને જ્ઞાનાદિક ગુણની હાની રૂપ વિપત્તિ થાય અને વિનીત શિષ્યને જ્ઞાનાદિક ગુણોની પ્રાપ્તિ થાય. જેણે આ બંને ભેદ લાભ અને નુકશાનનો જાણ્યા હોય તે શિષ્ય ગ્રહણ શિક્ષા અને આસેવનરૂપ શિક્ષાના લાભને પામે છે. કારણ કે ભાવથી ઉપાદેય વસ્તુનું જ્ઞાન તેને થયું છે.

**जे यावि चंडे मइ इढि गारवे,**
१ २ ३ ४ ५
**पिसुणे नरे साहस हीण पेसणे ।**
६ ७ ८ ९ १०
**अदिट्ठ धम्मे विणए अकोविए,**
१२ ११ १३ १४
**असंविभागी नहु तस्स मोक्खो ॥२३॥**
१५ १६ १७ १८

**શબ્દાર્થ**—જે કોઈ દીક્ષા લઈને ક્રોધી બને મદ કરે ઋદ્ધિનો
૧ ૨ ૩ ૪
ગર્વ કરે ચાડીયો થાય મનુષ્ય અકાર્ય કરતા બીએ નહી ગુરુની
૫ ૬ ૭ ૮
આજ્ઞા નહી માનનારા શ્રુતાદિ ધર્મને નહિ પામેલ વિનય માર્ગનો
૧૦ ૯ ૧૧ ૧૨ ૧૩
અજાણ સાધુને સંવિભાગ ન આપનાર ન પામે મોક્ષ અવિનીત શિષ્ય.
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮

**ભાવાર્થ**-જે મનુષ્ય ચારિત્ર લીધા પછી ક્રોધી હોય, ઋદ્ધિના ગર્વવાળો, અન્યના પાછળથી અવર્ણવાદ બોલનાર, અકૃત્ય કરવામાં સાહસિક, ગુરૂની આજ્ઞા નહી માનનાર, શ્રુતાદિ ધર્મને નહિ પામેલ,

વિનય માર્ગનો અજાણ, સાધુને સંવિભાગ ન આપનાર આવા અવિનીત સાધુને મોક્ષની પ્રાપ્તિ ન થાય.

**निद्देस वित्ती पुण जे गुरूणं,**
१ २ ३ ४
**सूयत्थ धम्मा विणयम्मि कोविया ।**
५ ६ ७ ८ ९
**तरित्तु ते ओहमिणं दुरुत्तरं,**
१० ११ १२ १३
**खवितु कम्मं गइमुत्तमं गयं ॥ त्ति बेमि ॥२४॥**
१४ १३ १६ १५ १७

**શબ્દાર્થ**—ગુરુ આજ્ઞાએ વર્તનાર જે વિનીતશિષ્ય સૂત્ર અને
૪ ૧ ૨ ૩ ૫
અર્થ ધર્મનો જાણ, વિનયમાર્ગનો જાણ તરીને વિનીતિશિષ્ય દુ:ખે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
કરી તરી શકાય તેવા સંસાર સમુદ્રના પૂરને આઠે કર્મનોક્ષય કરી
૧૨ ૧૩ ૧૪
ઉત્તમ સિધ્ધગતિને પ્રાપ્ત કરે છે.
૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**—ગુરુની આજ્ઞાને માનનાર, દશપ્રકારના યતિધર્મનો, સૂત્ર તથા અર્થનો, તથા વિનય માર્ગનો જાણનાર વિનીત શિષ્ય જે સંસારરૂપી સમુદ્ર તરતાં ઘણો દુષ્કર છે તે તરીને, આઠ કર્મનો ક્ષય કરીને ઉત્તમ એવી સિધ્ધગતિને પામે છે. બીજો ઉદ્દેશો સમાપ્ત

**आयरियं अग्गि मिवाहि अग्गी,**
१ २ ३ ४
**सुस्सूसमाणो पडिजागरिज्जा ।**
५ ६
**आलोइयं इंगियमेव नच्चा,**
७ ८ ९
**जो छंद माराहयई स पुज्जो ॥१॥**
१० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—આચાર્યને અગ્નિની પેઠે શિષ્યઆજે રાખેમ અગ્નિ-
१ २ ३
હોત્રી બ્રાહ્મણ સેવાકરતો થકો દિવસ રાત્રિ જાગૃત રહેતો વિચરે
४ ५ ६
આંખની સમસ્યાએ અંગચેષ્ટાથી જાણી શિષ્ય ગુરુના અભિપ્રાયને
७ ८ ९ १० ११
જાણીને ગુરુના કાર્યને નીપજાવે કરે તે શિષ્ય પૂજનિક થાય.
१२ १३ १४

**ભાવાર્થ**—જેમ અગ્નિહોત્રી બ્રાહ્મણ અગ્નિની સેવા શુસ્રૂષા કરતો સાવધાન રહે છે, તેમ વિનીત શિષ્ય આચાર્ય ગુરૂ મહારાજ તથા પર્યાયજ્યેષ્ઠ સાધુઓની સેવા-ભક્તિ કરતા થકા, ગુરુ આદિની આંખની તથા અંગચેષ્ટાએ ગુરુ આદિના અભિપ્રાયને જાણી તેમના અભિપ્રાયને અનુસારે કાર્યને નિપજાવે, તેવા શિષ્યો પૂજનિક થાય છે. અને પોતાના આત્માના કલ્યાણને પ્રાપ્ત કરે છે.

**आयारमट्ठा विणयं पउंजे,**
१ २ ३ ४
**सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।**
५ ७ ६

**जहोवइठं अभिकंखमाणो,**
८ ९
**गुरुं तु नासाययई स पूज्जो ॥२॥**
१० ११ १२ १३ १४

શબ્દાર્થ—આચાર પામવામાટે વિનય કરે સેવા કરતો થકો
१ २ ३ ४ ५
ગુરુના વચનને તહેત્ત કરી ગ્રહણ કરે ગુરુએ જેમ કહેલ હોય તેમ
६ ७ ८
કાર્ય કરે ગુરુની આજ્ઞાને ઇચ્છતો ગુરુની આશાતના નકરે તે શિષ્ય
९ १० ११ १२ १३
પૂજનિક થાય.
१४

**ભાવાર્થ**—જ્ઞાનાદિક આચાર પામવાને શિષ્ય ગુરુ આદિની સેવા કરે, સેવાભક્તિ કરતો થકો, વિનય સહિત ગુરુના વચનને તહેત્તકરી ગ્રહણ કરીને, ગુરુના આદેશ પ્રમાણે ગુરુના કાર્યને કરે, કપટ રહિત ગુરુની આજ્ઞાને ઇચ્છિતો, માન્ય કરતો, શ્રધ્ધા સહિત ગુરુનું કાર્ય કરવાની ઇચ્છા રાખતો થકો કદાપી ગુરુની આશાતના કરે નહિ. તે શિષ્ય પૂજનિક થાય.

**राइणिएसु विणयं पउंजे, डहरा वि य जे परियाय जेट्ठा ।**
१ २ ३ ४ ५ ६
**नियत्तणे वट्टइ सच्चवाई, ओवायवं वक्ककरे स पूज्जो ॥३॥**
७ ८ ९ १० ११ १२ १३ १४ १५

શબ્દાર્થ—રત્નાધિક ગુરુનો વિનય કરે વયથી નાના હોય દીક્ષાએ
१ २ ३ ४ ५
મોટાહોય નમ્રતાનો ગુણ ધરીને પ્રવર્તે સત્ય વચન બોલતો સદાગુરુની
६ ७ ८ ९ १०

સમીપે નમ્રતાથી રહે ગુરુ વચનને પ્રમાણ કરે તે શિષ્ય પૂજનિક થાય
૧૧ ૧૨ ૧૨ ૧૩ ૧૪ ૧૫

ભાવાર્થ—જે કોઈ સાધુ રત્નાધિક ગુરુનો યથાયોગ્ય વિનય કરે, ગુરુઆદિ ઉમરમાં નાના હોય પણ દીક્ષાએ કરી તથા શ્રુતજ્ઞાને કરી મોટા હોય, વિશેષહોય, તેમના પ્રત્યે નમ્રતાનો ગુણ ધરીને પ્રવર્તે તથા સત્ય વચન બોલતો સદાગુરુની સમીપે રહીને ગુરુવચનને પ્રમાણ કરતો આચાર્યાદિને વંદન કરતો વિનય થકો રહે તે શિષ્ય પૂજનિક બને છે.

**अन्नाय उंछं चरई विसुद्धं,**
१ २ २ ३
**जवणठया समुयाणं च निच्चं ।**
४ ५ ६
**अलध्धुयं नो परिदेवएज्जा,**
७ ९ ८
**लध्धुं न विकत्थयई स पुज्जो ॥४॥**
१० १२ ११ १३ १४

**શબ્દાર્થ**—અજ્ઞાત ઘરોમાં ગોચરીએ જાય થોડો થોડો નિર્દોષ
૧ ૨ ૨ ૩
આહાર સંયમ નિર્વાહને માટે પ્રાણ ધારણ માટે ઉંચ નીચ કુળે
૪ ૫
સામુદાણી ગોચરી કરે સદાકાળ આહારની અપ્રાપ્તિ થતાં ખેદ ન
૬ ૭ ૮ ૯
કરે પ્રાપ્તિ થતા દાતારની પ્રશંસા ન કરે તે પૂજ્ય થાય.
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**- નિરંતર પરિચય વગરના ઘરોમાં તથા પરિચયવાળા ઘરોમાં પરંતુ સાધુ પધારશે એવો ખ્યાલ ન હોય તેવા અજ્ઞાત ઉંચ નીચ કુળોમાં સામુદાણી ગોચરી કરે, નિર્દોષ અને થોડા થોડા

આહારનો ભાવાર્થ એ છે કે એક ઘેરથી આહાર લેવાથી ગૃહસ્થ કદાચ ફરી આહાર માટે આરંભ કરે જાણી દરેક ઘરથી થોડા થોડા આહારને ગ્રહણ કરે, પ્રાપ્તિ કદાચ ન થાય તો ખેદ ન કરે અને ગૃહસ્થોની નિંદા ન કરે, અને જો આહારની પ્રાપ્તિ થાય તો ગૃહસ્થની પ્રશંસા ન કરે, આવા વર્તનથી તે સાધુ પૂજનિક થાય.

**संथार सेज्जासण भत्तपाणे,**
१ २ ३ ४ ५
**अप्पिच्छया अइलाभे वि संते ।**
६ ७ ८ ९
**जो एवमप्पाणभितोसइज्जा,**
१० ११ १२
**संतोस पाहन्न रए स पुज्जो ॥५॥**
१३ १४ १५ १६ १७

**શબ્દાર્થ**—સંથારો ઉપાશ્રય પાટ પાટલાદિક આસન ભાત
૧ ૨ ૩ ૪
પાણીનેવિષે થોડી ઈચ્છા ઓછી કે ઘણી વસ્તુનો લાભ પ્રાપ્ત થયે
૫ ૬ ૭ ૮ ૯
છતે જે સાધુ પોતાના આત્માને સંતોષમાંરાખે સંતોષ પ્રધાનને
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
વિષે રક્ત તે સાધુ પૂજનિક થાય.
૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**—જે સાધુ, ડાભાદિક સંથારાને વિષે, શય્યા–સ્થાનક, આસન, આહાર, અને પાણી વિગેરેને વિષે અલ્પ કે ઘણું પ્રાપ્ત થયે થકે પણ મુર્છા રહિત થઈ સંતોષનેજ પ્રધાન રાખે અથવા જેવા તેવા સંથારાદિકથી પણ અલ્પ ઇચ્છા રાખી સંતોષમાં રક્ત રહીને નિર્વાહ કરે તે સાધુ પૂજનિક બને છે.

**सक्का सहेउं आसाइ कंटया, अओमयाउच्छहया नरेणं ।**
१ २ ३ ४ ५ ६ ७

**अणासए जोउ सहिज्जकंटए, वइमए कन्न सरे स पुज्जो ॥६॥**
८ ९ १३ ११ १० १८ १२ १६ १४ १५

શબ્દાર્થ—સમર્થ સહનકરવાને દ્રવ્યથી તથા માન પ્રતિષ્ઠાની
૧ ૨
આશાથી સંગ્રામમાં કાંટાસમાન બાણોના ઘા લોઢાના ઉત્સાહથી
૩ ૪ ૫ ૬
મનુષ્ય સુભટ દ્રવ્યાદિની આશાવિના જે સાધુ કઠોરવચન કાંટાસરીખા
૭ ૮ ૯ ૧૦ ૧૧
કાનમાં પેસતા મનમા ઉદ્વેગ થાય તેવા વચન સહનકરે તે સાધુ
૧૨ ૧૬ ૧૮ ૧૩ ૧૪
પૂજનિક થાય
૧૫

**ભાવાર્થ**—મનુષ્યો ધનાદિની પ્રાપ્તિની આશાથી સંગ્રામમાં લોઢાના કાંટા સરીખા બાણોને ઉત્સાહથી સહન કરે છે પરંતુ વચનરૂપી કાંટાઓને સહન કરવા એ દુષ્કર છે. આત્માના શાશ્વતા સુખના અભિલાષી જે કોઇ સાધુઓ કોઇપણ જાતની ઈચ્છા રાખ્યા વગર કઠણ વચનરૂપી કાંટાઓને કાનમાં પેસતાં સમભાવે રાગદ્વેષ રહિત સહન કરે છે તે સાધુ પૂજનિક બને છે.

**मुहुत्त दुक्खा उ हवंति कंटया,**
१ २ ३ ४

**अओमया ते वि तओ सुउद्धरा ।**
५ ६ ७ ९ ८

**वाया दुरुत्ताणि दुरुद्धराणि,**
१० ११ १२ १३

**वेराणु बंधीणि महब्भयाणि ॥७॥**
१४ १५ १६

**શબ્દાર્થ**—એઘડીલગભગ દુઃખ હોય લોઢાનાકાંટાનું લોખંડનાકાંટા
૧ ૨ ૩ ૪ ૫
તેપણ કાયાથી કાઢવા સોહિલા વચનરૂપકાંટા દુષ્ટવચન દોહિલા દુઃખે
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
કાઢીશકાયતેવા બોલવાથી વૈર બંધાય મહાભયને ઉપજાવનાર.
૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**—લોખંડનો કાંટો થોડા સમય સુધી દુઃખરૂપ થાય છે, જ્યારે તે વાગે ત્યારે ઘણું દુઃખ થાય તો પણ તે કાંટાને સરલતાથી શરીરમાંથી કાઢી શકાય છે. પરંતુ વૈરનો અનુબંધ કરાવનાર તથા પરલોકમાં નરક આદિ દુર્ગતિઓમાં લઈ જનાર મહાભયંકર કઠોર વચનરૂપી કાંટો નીકળવો બહુજ કઠિન છે. અથવા તો મર્મસ્થાનમાં ઘા કરેલો વચનરૂપી કાંટો નીકળવો અતિ દુષ્કર છે. એમ જાણી આત્માર્થી પુરુષોએ–સાધકે વચન બોલતાં પહેલા તેના પરિણામનો વિચાર કરી વચન નિર્વદ્ય, પ્રિય અને સત્ય બોલવું.

**समावयंता वयणाभिघाया,**
१ २ ३
**कन्नंगया दुम्मणियं जणंति ।**
४ ५ ७ ६ ८
**धम्मत्ति किच्चा परमग्गसुरे,**
९ १० ११
**जिइंदिए नो सहई स पुज्जो ॥८॥**
१२ १३ १४ १५ १६

**શબ્દાર્થ**—સામે આવતા વચનરૂપી પ્રહાર કાનમાં પ્રવેશતા
૧ ૨ ૩ ૪ ૫
મનમાં દ્વેષ ઉત્પન્ન કરાવે તેવી ક્ષમાને ધર્મ જાણી પ્રધાન શુરવીર
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

જિતેંદ્રિય જે સહન કરે તે પુજ્ય થાય.
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**—સન્મુખ આવતા કઠોર વચનરૂપી પ્રહાર કાનમાં પ્રવેશ થતાં મનમાં દુષ્ટભાવ ઉત્પન્ન કરાવે તેવાં કઠોર વચનો પ્રાપ્ત થતાં જે કોઇ મહાનશુરવીર, જિતેંદ્રિય ક્ષમારૂપ ધર્મને જાણીને સમભાવે સહન કરે છે તે સાધક-સાધુ જગત્માં પૂજનીક બને છે. જેમ માતા પોતાના બાળકનું રક્ષણ કરે છે તેવીરીતે ક્ષમા પણ સાધુનું કલ્યાણ કરવામાં સહાયક છે. પ્રતિકૂળતાને સહન કરી સંયમમાં સ્થિર રહેનાર જ મોક્ષના અધિકારી બની શકે છે. જે કડવા વચનોને પણ સાધુ અમૃત સમાન મીઠા માની લે છે, તે જ અંતરંગ શત્રુઓથી વિજય પ્રાપ્ત કરી શકે છે.

**अवण्णवायं च परम्मुहस्स**
१ २ ३
**पच्चक्खओ पडिणीयं च भासं ।**
४ ५ ६
**ओहारिणिं अप्पियकारिणिं च,**
७ ८
**भासं न भासिज्ज सया स पुज्जो ॥९॥**
९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—પરના અવર્ણવાદ બોલવા પૂંઠપાછળ પ્રત્યક્ષ સામાને
૧ ૨ ૩ ૪ ૫
દુ:ખ ઉત્પન્ન થાય તેવું વચન નિશ્ચયકારી અપ્રીતિઉત્પન્ન થાય તેવી
૬ ૭ ૮
ભાષા ન બોલે સદા તેસાધુ-આત્માર્થી પૂજનિક બને
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—પરના અવગુણ પીઠપાછળ કે પ્રત્યક્ષ મુખ ઉપર,

સામાને દુઃખ થાય, વૈરબંધન થાય તેવી તથા નિશ્ચયકારી, અપ્રીતિ ઉત્પન્ન થાય તેવી ભાષા સદાયને માટે સાધુ ન બોલે તે સાધુ અગર હરકોઈ પુરુષ પૂજનિક થાય.

**अलोलुए अक्कुहए अमाइ,**
१ २ ३
**अपिसुणे यावि अदीणवित्ती ।**
४ ५ ६
**नो भावए नो वि य भावियप्पा,**
७ ९ ८
**अकोउहल्लेय सया स पुज्जो ॥१०॥**
१० ११ १२ १३

**શબ્દાર્થ**—લોલુપીપણા રહિત કુતૂહલરહિત માયાકપટરહિત
૧ ૨ ૩
ચાડીનહિકરનાર દીનપણારહિત નિર્દોષ આહાર ગવેષનાર પોતાની
૪ ૫ ૬
પ્રશંસા કરાવવાની ભાવના રહિત પોતે પોતાના વખાણ નહિકરનાર
૭ ૮ ૯
કુતુહલ આદિ જોવાની ઉત્કંઠારહિત સદા તે સાધુ પૂજનિક બને છે.
૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—જે સાધુ આહારાદિકમાં લોલુપી ન હોય, ઇન્દ્ર-જાળઆદિ કુતૂહલ નહિ કરનાર, કુટિલતારહિત, કોઈની ચાડી નહિ કરનાર, દીનપણારહિત નિર્દોષ આહારાદિકની ગવેષણા કરનાર, પોતાના વખાણ બીજા પાસે પ્રગટ કરાવવાની ભાવનારહિત, પોતાના ગુણ પોતે પ્રગટ નહિ કરનાર, નાટકાદિકકૌતુકજોવાની ઇચ્છા રહિત, બીજાના પ્રત્યે અશુભ વિચાર નહિ કરનારા સદાને માટે શુભભાવ રાખનારા સાધુ પૂજનિક બને છે.

**गुणेहि साहू अगुणेहिऽसाहू,**
१ २ ३ ४
**गेण्हाहि साहू गुणमुंचऽसाहू ।**
६ ५ ८ ९ ७
**वियाणिया अप्पगमप्पएणं,**
१० ११ १२
**जो रोग दोसेहिं समो स पुज्जो ॥११॥**
१३ १४ १५ १६ १७ १८

**શબ્દાર્થ**—ગુણોવડે સાધુ કહેવાય ગુણરહિત કુસાધુ કહેવાય
૧ ૨ ૩ ૪
સાધુ સાધુના ગુણને ગ્રહણ કરે, કુસાધુના ગુણને છોડી દે છે જાણીને
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
પોતાના આત્માને અર્થી પોતાના આત્માના જ્ઞાનથકી જે સાધુ રાગ
૧૧ ૧૨ ૧૩ ૧૪
અને દ્વેષને વિષે સમભાવ રાખે તે સાધુ પૂજનિક બને.
૧૫ ૧૬ ૧૭ ૧૮

**ભાવાર્થ**——પૂર્વોક્ત ક્ષમા વિનયાદિક ગુણવાનને સાધુ કહેવાય, અને તે ગુણો વગરનાને સાધુઓ કહેવાય નહિ પણ કુસાધુ કહેવાય, એમ પોતાના આત્માનાજ્ઞાનથી પોતાના આત્માને જાણી સાધુના ગુણને ગ્રહણ કરે અને અસાધુના અવગુણનો ત્યાગ કરે, તેમજ રાગ અને દ્વેષમાં સદા સમભાવ રાખે તે સાધુ પૂજનિક બને છે.

**तहेव डहरं व महल्लगं वा,**
१ २ ३
**इत्थी पुमं पव्वइयं गिहिं वा ।**
४ ५ ६ ७

**नो हीलए नो विय खिंसइज्जा,**
૯ ૮ ૧૦ ૧૧
**थभं च कोहं च चए स पुज्जो ॥१२॥**
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**શબ્દાર્થ**—તેમજ બાળકની ઘરડાની સ્ત્રીની પુરુષની સાધુની
૧ ૨ ૩ ૪ ૫ ૬
ગૃહસ્થની હીલના ન કરે નિંદા ન કરે ગર્વ ક્રોધ છાંડે તે સાધુ
૭ ૮ ૯ ૧૧ ૧૦ ૧૨ ૧૩ ૧૪ ૧૫
પૂજનિક બને.
૧૬

**ભાવાર્થ**—જે સાધુ, નાના કે મોટા સાધુની, સ્ત્રીની કે પુરુષની, પ્રવ્રજિત કે ગૃહસ્થીની, બાળક કે યુવાન કે વૃદ્ધ સ્ત્રી પુરુષોની હીલના કરે નહિ, નિંદા કરે નહિ, તેમજ હીલના અને નિંદાના નિમિત્તભૂત માન અને ક્રોધનો ત્યાગ કરે તે સાધુ પૂજનિક બને છે.

**जे माणिया सययं माणयंति,**
૧ ૩ ૨ ૪
**जत्तेण कन्नं व निवेसयंति ।**
૫ ૬ ૭
**ते माणए माणरिहे तवस्सी,**
૯ ૮ ૧૧
**जिइंदिए सच्चरए स पुज्जो ॥१३॥**
૧૦ ૧૨ ૧૩ ૧૪

**શબ્દાર્થ**—જે આચાર્યાદિક ગુરુને તથા વડેરા સાધુને વિનયા-
૧
દિકવડે સન્માન આપે નિરંતર તે ગુરુ આચાર્ય આદિ શિષ્યનું
૩ ૨

સન્માન કરે છે. યત્નાએ કરી કન્યાને ઉછેરીને માતાપિતા તે કન્યાને
૪ ૫ ૬
ગુણવાન ભર્તારને દીએ તેમ ગુરુ પણ પોતાના શિષ્યને સૂત્રાર્થ
૭
ભણાવીને આચાર્યપદે સ્થાપન કરે તેવા માન આપવાને યોગ્ય ગુરુને
૮
માને-માન આપે જિતેન્દ્રિય તપસ્વી સત્યમાં રક્ત એવો શિષ્ય-સાધુ
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
પૂજનિક બને છે.
૧૪

**ભાવાર્થ**—જે કોઈ સાધુ આચાર્ય આદિ મોટાનો સત્કાર કરે છે, વિનય કરે છે, તે આચાર્ય આદિ શિષ્યોનું સન્માન કરે છે, અર્થાત તે શિષ્યને સદ્‌ગુણોનું શિક્ષણ આપી ઉંચ પદને યોગ્ય બનાવે છે, જેમ માતાપિતા પોતાની પુત્રીઓને ગુણમાં વધારી પાળી-પોષીને મોટી થતાં વસ્ત્ર ઘરેણાં આદિ સંપત્તિ સાથે ધર્મ પરાયણ વખાણવા લાયક ઘરમાં પતિને આપે છે, તેવીજ રીતે ગુરુપણ મૂળ ગુણ તથા ઉત્તર ગુણમાં શિષ્યને વધારીને ક્ષમા, આર્જવ, વિનય, સંતોષ અને જ્ઞાનરૂપી લક્ષ્મી આદિ ગુણોની વૃદ્ધિ કરાવી ગુણવાન અને યોગ્ય બનાવી આચાર્ય પદે સ્થાપન કરે છે. આવા ગુરુને શિષ્યે માન આપવું જોઈએ. તેમજ આવા વિનીત, જિતેન્દ્રિય, તપસ્વી શિષ્યો ગુરુનો વિનય કરનાર પૂજનિક બને છે.

**तेसिं गुरूणं गुण सायराणं,**
१ २ ३ ४
**सोच्चाण मेहावी सुभासियाइं ।**
५ ६ ७

**चरे मुणी पंच रए तिगुत्तो,**
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
**चउक्कसायावगए स पुज्जो ॥१४॥**
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭

**શબ્દાર્થ**—તે ગુરુ ગુણના સાગર સાંભળીને ગુરુનાવચનો
૧ ૨ ૩ ૪ ૫
બુદ્ધિમાન રૂડાવચન પાળે મુનિ પાંચમહાવ્રતમાં રક્ત ત્રણ ગુપ્તિ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
સહિત ચાર કષાય રહિત તે સાધુ પૂજનિક બને છે.
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**—ગુણોના ભંડાર ઉત્તમ ગુણવાળા ગુરૂના રત્ન સરીખા અમૂલ્ય વચનો-ઉપદેશ સાંભળીને પાંચ મહાવ્રતના પાલનમાં રક્ત બની, ત્રણ ગુપ્તિ સહિત ચાર કષાયને દુર કરનાર શિષ્યો પૂજનિક બને છે.

**गुरु मिह सययं पडियरिय मुणो,**
૧ ૨ ૩ ૪ ૫
**जिणमय निउणे अभिगमकुसले ।**
૬ ૭ ૮ ૯
**धुणिय रयमलं पुरेकडं,**
૧૦ ૧૩ ૧૧ ૧૨
**भासुर मउलं गइं गय ॥ त्ति बेमि ॥१५॥**
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦

શબ્દાર્થ-ગુરુને આ લોકે સદાય સેવી સાધુ જિન આગમમાં
૧ ૨ ૩ ૪ ૫ ૬
કુશળ પરોણા સાધુની સેવામાં કુશળ પૂર્વ ભવોમાં કરેલાં કર્મરૂપી
૭ ૮ ૯ ૧૧ ૧૨

રજમેલ ક્ષયકરે-ખપાવે દેદીપ્યમાન અતુલ સિદ્ધિગતિમાં જાય તેમ
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯
કહું છું
૨૦

**ભાવાર્થ**-જિનેશ્વર ભગવાનના કહેલા ધર્મમાં નિપુણ બની ગ્રામાંતરથી આવેલા સાધુઓની તથા અશક્ત એવા જૈન સાધુઓની વૈયાવચ્ચ કરવામાં કુશળ તથા જ્ઞાન પામીને સાવધાન થકો નિરંતર આચાર્યાદિકની સેવા કરીને પૂર્વે કરેલા આઠ પ્રકારના કર્મરૂપ રજમેલનો ક્ષય કરીને વિનીત સાધુ તેજોમય ઉત્તમ સિદ્ધિગતિમાં જાય છે.

**[ ત્રીજો ઉદ્દેશો સંપૂર્ણ ]**

## અધ્યયન ૯-ઉદ્દેશો ૪ જો

**सुयं मे आउसं ? तेणं भगवया एव**
१ २ ३ ४ ५ ६
**मक्खायं इह खलु थेरेहिं भगवंतेहिं**
७ ८ ९ १० ११
**चत्तारि विणयसमाहिट्ठाणा पन्नता ।**
१२
**कयरे खलु ते थेरेहिं भगवंतेहिं**
**चत्तारि विणयसमाहिट्ठाणा पन्नत्ता ।**
**इमे खलु ते थेरेहिं भगवंतेहिं**
**चत्तारि विणयसमाहिट्ठाणा पन्नत्ता,**
१२ १७
**तंजहा विणयसमाही, सुयसमाही,**
१३ १४
**तवसमाही आयारसमाही ॥१॥**
१५ १६

શબ્દાર્થ—સાંભળ્યું છે મેં હે આયુષ્મન્ તે ભગવંતે એમ
૧ ૨ ૩ ૪ ૫ ૬
કહ્યું છે આ નિશ્ચે સ્થિવર ભગવંતે ચાર વિનયસમાધિ, શ્રુતસમાધિ
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
તપસમાધિ આચારસમાધિ બતાવ્યા છે.
૧૫ ૧૬ ૧૭

ભાવાર્થ—શ્રી સુધર્માસ્વામી પોતાના જંબૂ નામના શિષ્યને કહે છે કે હે આયુષ્યમન્? મેં તે ભગવાન પાસેથી સાંભળ્યું છે, કે આ અધ્યયનને વિષે નિશ્ચે સ્થિવર ભગવંતે ચાર વિનય સમાધિના સ્થાનક કહ્યાં છે. શિષ્ય પૂછે છે કે હે ભગવંત, તે કયા ચાર સમાધિના સ્થાનક કહ્યાં છે! ત્યારે ગુરુ કહે છે કે ચાર સ્થાનકો શ્રી ગણધર ભગવંતે કહ્યાં છે, તે આ પ્રમાણે છે–વિનય સમાધિ તે ગુરુ આદિનો વિનય કરવો, શ્રુત સમાધિ તે સૂત્રસિદ્ધાંતનું ભણવું, તપ સમાધિ તે બાર ભેદે તપ કરવો, આચાર સમાધિ તે સાધુના આચારનું પાલન કરવું–આત્માના હિત વાળા સુખરૂપ સ્વાસ્થ્યને સમાધિ કહેવાય છે.

**विणए सुए य तवे, आयारे निच्च पंडिया ।**
૧ ૨
**अभिरामयंति अप्पाणं, जे भवंति जिइंदिया ।।२।।**
૪ ૩ ૫ ૬ ૭

શબ્દાર્થ—હમેશાં પંડિતસાધુ આત્માને ચારસમાધિમાં પ્રવર્તાવે
૧ ૨ ૩ ૪
જે હોય ઇંદ્રિયના જીતનાર.
૫ ૬ ૭

ભાવાર્થ—જે સાધુઓ વિનયમાં, સૂતભણુવામાં, તપસ્યામાં, આચારમાં પોતાના આત્માને નિરંતર જોડે છે તથા જે જિતેંદ્રિય

છે તે જ ખરેખર પંડિત છે.

**चउव्विहा खलु विणयसमाहो भवइ,**
१ २ ३
**तं जहा अणुसासिज्जंतो सुस्सुसइ, सम्मं**
४ ५ ६
**संपडिवज्जइ, वयमाराहइ, न य भवइ**
७ ८ ९ १०
**अत्तसंपग्गहिए, चउत्थं पयं भवइ। भवइय एत्थ सिलोगो ।३।**
११

શબ્દાર્થ—ચાર પ્રકારની વિનયસમાધિ પામે ગુરુએ શીખવ્યાથકા
१ २ ३ ४
રૂડીરીતેસેવાકરે સમ્યક્ પ્રકારે સેવાકરી ગુરુની શીખને બરાબર
५ ६
અંગીકાર કરે સૂતજ્ઞાનને આરાધે ન કરે આત્માનીપ્રશંસા કે ગર્વ.
७ ८ ९ १० ११

**ભાવાર્થ**—ચાર પ્રકારે વિનય સમાધિ પામે, ગુરુએ શીખવ્યા થકા વિનય કરે, રૂડી ભક્તિએ કરી પ્રસન્નતાથી ગુરુના આદેશ અનુસાર વિનયને અંગીકાર કરે, સૂતજ્ઞાનયુક્ત જિનમાર્ગની આરાધના કરતો વિનય કરે, અભિમાન રહિત વિનય કરે. પોતાના આત્માની પ્રશંસા ન કરે. આ અર્થને જણાવનાર શ્લોક કહે છે.

**पेहेइ हियाणु सासणं, सुस्सूसई तं च पुणो अहिट्ठिए।**
१ २ ३ ४ ५ ६
**न य माण मएण मज्जइ, विणय समाहि आययट्ठिए ।।४।।**
७ ८ ९ १० ११ १२

**શબ્દાર્થ**—ઇચ્છે હિતકારી શિખામણ ગુરુની ભક્તિ કરી શિષ્ય
૧ ૨ ૩ ૪ ૫
આચરણ કરે નહિ. માન સન્માન પામી મદ ન કરે વિનય સમાધિ
૬ ૭ ૮ ૧૦ ૧૧
મોક્ષાર્થી અહંકાર ન કરે એટલે પોતાની પ્રશંસા ન કરે.
૧૨ ૯

**ભાવાર્થ**—ગુરુની હિતકારી શીખામણને ઇચ્છે, ગુરુની ભક્તિ કરીને તે શીખામણને અંગીકાર કરે, માન સન્માન પામીને ગર્વ ન કરે. એ પ્રમાણે મોક્ષનો અર્થી વિનય સમાધિ અંગીકાર કરે. એ પ્રથમ વિનય સમાધિ. આ પ્રમાણે વિનય સમાધિ પ્રાપ્ત કરીને, પોતાની પ્રશંસા ન કરે–અહંભાવ પણ ન લાવે.

**चउव्विहा खलु सुयसमाही भवई,**
**तंजहा–सुयं मे भविस्सइत्ति अज्झाइ**
**यव्वं भवइ, एगग्गचित्तो भविस्सामित्ति**
१ २ ३
**अज्झाइयव्वं भवइ, अप्पाणं ठावइस्सा–**
४
**मिति सज्झाइयव्वं भवइ, ठिओ परं**
**ठावइसामित्ति अज्झाइयव्वं भवई।**
**चउत्थं पयं भवइ, भवइ य एत्थ सिलोगो ॥५॥**

**શબ્દાર્થ**–સૂત્રજ્ઞાન પ્રાપ્ત થવા માટે ભણવું શ્રેષ્ટ છે. એકાગ્ર
૧
ચિત્તવાળો થવા માટે ભણવું મારા આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપિત
૨ ૩ ૪
કરવા માટે ભણવું તે શ્રેષ્ઠ છે. હું સંયમ માર્ગમાં સ્થિર થઇ બીજાને
૫

સ્થિર કરવા માટે શાસ્ત્રનું ભણવું-અધ્યયન કરવું તે શ્રેષ્ઠ છે.

**ભાવાર્થ**-બીજી સૂત્ર સમાધિ કહે છે નિશ્ચે સૂત્ર સિદ્ધાંત ભણવાથી ચાર પ્રકારે સમાધિ હોય. આચારાંગ આદિ સૂત્ર ભણવાથી મને હિતકારી આલંબન થશે, સૂત્ર સિદ્ધાંત ભણવાથી મોક્ષમાર્ગમાં એકાગ્ર ચિત્તવાળો થઇશ, સૂત્ર સિદ્ધાંત ભણવાથી મારા આત્માને સૂતધર્મમાં સ્થાપીશ, સૂત્ર સિદ્ધાંત ભણવાથી હું પોતે ધર્મને વિષે સ્થિર થઇને પરને ધર્મને વિષે સ્થાપન કરી, આવી બુદ્ધિએ સૂત્ર ભણવા, પણ માન પામવાને અર્થે નહી. સૂત્ર સમાધિના ઉપરોક્ત ચારપદ કહ્યા. તેનો શ્લોક કહે છે.

**नाण मेगग्ग चित्तो य, ठिओ य ठावइ परं ।**
१ २ ३ ४ ६ ५
**सुयाणिय अहिज्जित्ता, रओ सुय समाहिए ॥३॥**
७ ८ ९ १० ११

**શબ્દાર્થ**—જ્ઞાનભણી એકાગ્ર ચિત્તવાળા થઇ ધર્મને વિષે
૧ ૨ ૩
સ્થિર થાય બીજાને ધર્મમાં સ્થિર કરે સૂત્ર ભણીને તેમાં રક્ત બને
૪ ૫ ૬ ૭ ૮ ૯
સૂત્ર સમાધિને વિષે
૧૦ ૧૧

**ભાવાર્થ**-સૂત્ર ભણવામાં નિરંતર તત્પર રહેવાથી જ્ઞાન થાય છે, ચિત્તની એકાગ્રતા થાય છે, પોતે જ્ઞાન ભણી મોક્ષમાર્ગરૂપ ધર્મમાં સ્થિર થાય છે. અને બીજાને ધર્મમાં સ્થિર કરે છે. તથા સૂત્ર સિદ્ધાંત ભણીને સૂત જ્ઞાનમાં તથા સમાધિમાં રક્ત રહેતા થકા પોતે સમાધિને પ્રાપ્ત કરે છે.

**चउव्विहा खलु तवसमाही भवइ,**
**तं जहा । नो इह लोगट्ठयाए तवमहिट्ठिज्जा,**
१ २ ३

**नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा,**
४
**नो कित्ति-वण्ण-सद्द-सिलोगट्ठयाए**
५ ६ ७ ८
**तवमहिट्ठिज्जा, नन्नत्थ निज्जरट्ठयाए**
९ १०
**तव महिट्ठिज्जा, चउत्थं पयं भवइ, भवइ**
११ १२
**या एत्थ सिलोगो ॥७॥**

**શબ્દાર્થ**—આલોકના સુખ માટે તપ ન કરે પરલોકના સુખ
૧ ૨ ૩ ૪
માટે કીર્તિ (સર્વદિશે વ્યાપે તે) વર્ણ (એક જ દિશે વિસ્તરે તે)
૫ ૬
(અર્ધદિશે વ્યાપે તે) શ્લાઘા પ્રશંસા-યશ-એટલી વિશેષતા આઠ
૭ ૮ ૯
કર્મને ક્ષય કરવા માટે તપ કરે
૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**-ત્રીજી તપ સમાધિ ચાર પ્રકારે હોય છે. મનુષ્ય-લોકના સુખ તથા લબ્ધી પામવાને માટે, દેવલોકના સુખ પામવા માટે, કીર્તિ વધારવા, પ્રખ્યાતિ વધારવા-વર્ણ માટે, શ્લાઘા, યશ આદિ પ્રાપ્ત કરવા માટે તપ કરવો નહી, પણ એકાંત નિર્જરા માટે-એટલે આઠે કર્મને ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરવા અર્થે તપ કરવો. તપ સમાધિના ચાર પદ કહ્યા. તેનો શ્લોક કહે છે.

**विविह गुण तवो रए य निच्चं,**
१ २ ३ ४ ५
**भवइ निरासए निज्जरट्ठिए ।**
६ ७ ८

**तवसा धुणइ पुराण पावगं**
९ १० ११ १२
**जुत्तो सया तव समाहिए ॥८॥**
१३ १४ १५ १६

**શબ્દાર્થ**—અનેક પ્રકારના ગુણવાળી તપસ્યામાં રક્ત હમેશાં
૧ ૨ ૩ ૪ ૫
હોય સંસારી સુખની આશા રહિત નિર્જરાને માટે તપે કરી ક્ષય
૬ ૭ ૮ ૯ ૧૦
કરે પૂર્વભવોના પાપો સહિત સદા તપ સમાધિએ કરી.
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**—જે સાધુ વિવિધ પ્રકારના ગુણવાળી તપસ્યામાં નિરંતર આસક્ત રહે, અને ઇહલોક તથા પરલોકના સુખોની આશા રહિત હોય, અને એકાંત નિર્જરાના અર્થે તપ કરે, તે તપસ્યાએ કરી પૂર્વના કરેલા કર્મોનો નાશ કરે છે. અને તપ સમાધિમાં રક્ત –જોડાએલ સાધુ નવાં પાપ બાંધતો નથી. એટલે સાંસારિક સુખોની આશાથી તપ નહી કરવો પરંતુ એકાંત નિર્જરાને અર્થે તપ કરવો કે. જેથી મહાન મોક્ષસુખનોલાભ પ્રાપ્ત થાય છે.

**चउव्विहा खलु आयार समाही भवइ,**
१
**तंजहा नो इह लोगट्ठयाए आयारमहिट्ठिज्जा,**
**नो परलोगट्ठयाए आयारमहिट्ठिजा, नो कित्ति**
**वण्ण-सद्द-सिलोगट्ठयाए आयारमहिट्ठिजा,**
**नन्नत्थ अरिहंतेहिं हेउहिं आयारमहिट्ठिज्जा-चउत्थं**
२
**पयं भवइ, भवइय एत्थ सिलोगो ॥९॥**

**શબ્દાર્થ**—આચાર પાલન અરિહંત ભગવંતે સિદ્ધાંતમાં કહેલ
૧
અનાશ્રવી થવા માટે અથવા અરિહંત પદ પ્રાપ્ત કરવા માટેબાકી ઉપર
૨
સુજબ

**ભાવાર્થ**—મૂળગુણ તથા ઉત્તર ગુણરૂપ આચાર સમાધિ ચાર પ્રકારની છે. આ લોકના સુખના અર્થે આચાર ન પાળવો, પરલોકના વિષય સુખના અર્થે આચારનું પાલન ન કરે તેમજ કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લાઘા પ્રશંસાના અર્થે આચારનું પાલન ન કરે પણ અરિહંત ભગવંતે સિદ્ધાંતમાં કહેલ અનાશ્રવી થવાના હેતુને માટે અથવા અરિહંત પદ પામવા એટલે મોક્ષની પ્રાપ્તિને માટે સંયમ, જ્ઞાન તથા તપ આચારનું પાલન કરવું

**जिण वयण रए अतिंतिणे, पडिपुण्णायय माययाट्ठिए ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**आयार समाहि संवुडे, भवइ य दंते भाव संधए ॥१०॥**
९ १० ११ १५ २२ १३ १४

**શબ્દાર્થ**–જિન વચનમાં રક્ત કટુવચન કહેવા છતાં ખેદ નહી
૧ ૨ ૩ ૪
કરનાર સૂત્રાદિથી પરિપૂર્ણ અત્યંત મોક્ષનો અર્થી આચાર શુદ્ધ પાળવા
૫ ૬ ૭ ૮ ૯
રૂપ સમાધિએ કરી રોકેલ છે જેણે આશ્રવદ્વાર ઈન્દ્રિયનો દમણ-
૧૦ ૧૧ ૧૨
હાર, સમાધિનો સાધણવાર હોય
૧૪

**ભાવાર્થ**–આચાર સમાધિ રાખનાર, આશ્રવદારને રોકનાર, જિન વચનમાં–આગમમાં આસક્ત, અકલેશી, ઉપશાંત, સૂત્રાદિથી પરિપૂર્ણ અત્યંત-ઉત્કૃષ્ટ મોક્ષાર્થી, ઇન્દ્રિય અને મનને દમનારા

આત્માને મોક્ષ સન્મુખ કરનાર થાય છે. મોક્ષને નજીક થાય છે. આ ચોથી આચાર સમાધિ કહિ.

**अभिगम चउरो समाहिओ, सुविसुध्धो सुसमाहियप्पओ ।**
१ २ ३ ४ ५ ६ ७
**विउल हियं सुहावहं पुणो, कुव्वइ सो पय खेम मप्पणो ।११।**
८ ९ १० ११ १२ १४ १३ १५

શબ્દાર્થ—જાણીને ચાર સમાધિવાળો સારી વિશુદ્ધિવાળો સારી
૧ ૨ ૩ ૪ ૫
રીતે સમાધિવંત આત્મા મહાન હિતકારી સુખનું સ્થાનક મોક્ષ
૬ ૭ ૮ ૯ ૧૦
પામે છે. સાધુ સ્થાનક કલ્યાણકરી પોતાના આત્માને ઉપદ્રવ રહિત
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**—મન વચન કાયાએ કરી વિશુદ્ધ અને સત્તર પ્રકારના સંયમમાં સુસમાધિવંત સાધુ તત્કાળ શીઘ્ર ભવિષ્યમાં હિતકારી સુખદ જન્મ મરણ આદિ ઉપદ્રવ રહિત એવા મોક્ષરૂપ પદને પામેછે.

**जाइ मरणाओ मुच्चई, इत्थत्थं च चयइ सव्वसो ।**
१ २ ३ ४ ५ ६
**सिध्धे वा भवइ सासए, देवे वा अप्प रए महिढ्ढिए ।।१२।।**
७ ८ ९ १० ११ १२

શબ્દાર્થ—જન્મ મરણના દુઃખોથી મુકાય મનુષ્ય લોકના
૧ ૨ ૩ ૪
છાંડે છે સર્વ શારીરિક માનસિક દુઃખવાળા શરીરને સિદ્ધ થાય
૫ ૬ ૭ ૮
શાશ્વત આઠે કર્મનો ક્ષય કરીને દેવતા અલ્પકર્મવાળા મહદ્ધિક
૯ ૧૦ ૧૧ ૧૨

**ભાવાર્થ**—ઉપરોક્ત સમાધિવાળા સાધુઓ જન્મ મરણના દુઃખોથી મુક્ત થાય, આ મનુષ્ય લોકના શારીરિક અને માનસિક દુઃખવાળા શરીરનો ત્યાગ કરી (ફરી સંસારમાં નહી આવવારૂપ) આઠે કર્મનો ક્ષય કરીને શાશ્વતા સિદ્ધ થાય. અને કદાચિત થોડા કર્મ રહી જાય તો મોટી ઋદ્ધિવાળા વૈમાનિક દેવ થાય, અને અનુક્રમે મોક્ષને પામે, એમ શ્રી સુધર્મા સ્વામીએ પોતાના જંબૂ નામના શિષ્યને કહ્યું

**ચોથો ઉદ્દેશો સમાપ્ત**

**નવમું અધ્યયન સમાપ્ત**

---

## અધ્યયન ૧૦ મું

**[ સભિક્ષુ ]**

**निक्खम्म माणाइ य बुद्ध वयणे,**
१ ४ २ ३
**निच्चं चित्त समाहिओ हविज्जा,**
५ ६ ७ ८
**इत्थीण वसं न यावि गच्छे,**
९ १० ११ १२
**वंतं नो पडियायइ जे स भिकखु ॥१॥**
१३ १५ १४ १६ १७

**શબ્દાર્થ**-ગૃહવાસથી નીકળીને તીર્થંકર આદિના ઉપદેશથી
૧ ૨ ૩
આજ્ઞા પ્રમાણે વર્તવા હમેશાં ચિત્તની સમાધિ રાખીને સ્ત્રીને વશ
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

ન થાય ત્યાગ કરેલા ભોગોને ફરી ઈચ્છે નહિ તેને સાધુ કહીએ
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**–જે કાઇ વૈરાગ્યવંત વીતરાગદેવની વાણી સાંભળીને સંસારને છોડીને નીકળ્યો તે વીતરાગનાં વચન પાળવાને ચિત્તની સમાધિએ કરી સંયમનું પાલન કરતા થકા, સ્ત્રીઓના વશમાં પડે નહિ, ફસાય નહિ, અને ત્યાગ કરેલા કામભોગોને ફરી ઈચ્છે નહિ. અને સદા સર્વદા સમાધિ ભાવમાં ચિત્ત પ્રસન્નતાથી રહેતા થકા જિન આગમમાં રકત રહી સંયમનું પાલન કરે તેને સાધુ કહેવાય..

**पुढविं न खणे न खणावए,**
१ २ ३ ४ ५
**सीओदगं न पिए न पियावए ।**
६ ७ ८ ९ १०
**अगणि सत्थं जहा सुनिसियं,**
११ १२ १३ १४
**तं न जलें न जलावए जे स भिक्खु ॥२॥**
१५ १६ १७ १८ १९ २० २१

શબ્દાર્થ—સચિત્ત પૃથ્વીકાયને ન ખોદે ન ખોદાવે સચિત્તપાણી
૧ ૨ ૩ ૪ ૫ ૬
ન પીવે ન પીવરાવે અગ્નિ શસ્ત્ર સમાન તીક્ષ્ણ છે તેથી ન
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
પ્રગટાવે ન પ્રગટાવરાવે તેને સાધુ કહિએ
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧

**ભાવાર્થ**–સચિત પૃથ્વીને પોતે ખોદે નહિ, બીજા પાસે ખોદાવે નહિ, ખોદતાને ભલુ જાણે નહિ, કાચું પાણી પોતે પીવે નહિ, બીજાને પીવરાવે નહિ, પીતા હોય તેને ભલું જાણે નહિ, અગ્નિ તીક્ષ્ણ ખડગન માફક તીખું શસ્ત્ર છે અને છકાય જીવનું

ઘાતક છે, તેથી પોતે અગ્નિ સળગાવે નહિ, બીજા પાસે સળગાવરાવે નહિ, સળગાવતો હોય તેને ભલું જાણે નહિ, તેનેજ સાધુ કહીએ.

**अनिलेण न वीए न वीयावए,**
१ ३ २ ४ ५
**हरियाणि न छिंदे न छिंदावए ।**
६ ७ ९ ८
**बीयाणि सया विवज्जयंतो,**
१० ११ १२
**सचित्तं नाहारए जे स भिक्खु ॥३॥**
१३ १५ १४ १६ १७

**શબ્દાર્થ**-વાયરાને વસ્ત્રાદિકે વીંજે નહિ ન બીજાપાસે
૧ ૨ ૩ ૪
વીંજાવે વનસ્પતિકાયને છેદે નહિ છેદાવે નહિ બીજ ઔષધીની સદા
૫ ૬ ૭ ૯ ૯ ૧૦ ૧૧
દયા પાળે-પીડા ન આપે સચિત્ત પદાર્થનો આહાર કરે નહિ તેને
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
સાધુ કહીએ.
૧૭

**ભાવાર્થ**-વસ્ત્રથી કે પંખા આદિથી વાયરાને વીંજે નહિ એટલે તેની ઉદીરણા કરે નહિ, બીજા પાસે વીંજાવે નહિ, વીંજતો હોય તેને ભલું ન જાણે, સચેત્ત વનસ્પતિને છેદે નહિ, બીજા પાસે છેદાવે નહિ, છેદતો હોય તેને ભલું ન જાણે એજ રીતે ડાંગર આદિ બીજોના સંઘટ્ટાનો પણ સદા ત્યાગ કરે અને સચિત્ત આહારનું ભોજન કરે નહિ, તેને સાધુ કહીએ.

**वहणं तस थावराणं होइ,**
१ २ ३ ४
**पुढवि तण कट्ठ निस्सियाणं ।**
५ ६ ७ ८

**तम्हा उदेसियं न भुंजे,**
९ १० ११ १२
**नो वि पए न पयावए जे स भिक्खु ॥४॥**
१४ १३ १६ १५ १७ १८

**શબ્દાર્થ**-હિંસા ત્રસ બે ઇંદ્રિયાદિકજીવોની સ્થાવરજીવોની થાય
૧ ૨ ૩ ૪
પૃથ્વી ઘાસની કાષ્ટની નિશ્રાએ રહેલાજીવો હણાય તેથી સાધુ નિમિતે
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
રાંધ્યું હોય તે ન ભોજન કરે પોતે પકાવે નહિ પકાવરાવે નહિ તેને
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
સાધુ કહીએ.
૧૮

**ભાવાર્થ**-સાધુ હોય તે પોતે ભોજન પકાવે નહિ, બીજા પાસે પકાવરાવે નહિ, કારણ અગ્નિ સળગાવતા પૃથ્વીને, તૃણને, કાષ્ટને આશ્રી રહેલા જીવોની ઘાત થાય છે, તેથી પોતાના નિમિતે બનાવેલા ઉદેશિક આહારને પણ સાધુ ગ્રહણ કરે નહિ. ભોગવે નહિ. તેને સાધુ કહેવાય.

**रोइय नायपुत्त वयणे, अत्तसमे मनिज्ज छप्पि काए ।**
१ २ ३ ४ ५ ६ ७ ८
**पंच य फासे महव्वयाइ, पंचासव संवरे जे स भिक्खु ॥५॥**
९ ११ १० १२ १३ १४ १५

**શબ્દાર્થ**-રુચિધારણ કરી ભગવંત મહાવીર સ્વામીના વચનમાં
૧ ૨ ૩
પોતાના સમાન માને છકાયજીવોને પાંચ મહાવ્રતને પાળે પાંચ
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
આશ્રવદ્વારને રોકે તેને સાધુ કહીએ
૧૨ ૧૩ ૧૪ ૧૫

**ભાવાર્થ**-જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામીના વચનો ઉપર શ્રદ્ધા રાખીને જેઓ છકાયના જીવોને પોતાના આત્મા સમાન માનેછે તથા પાંચમહાવ્રતોને પાળે છે અને પાંચ આશ્રવોને રોકે છે તેને જ સાધુ કહીએ. એજ ભિક્ષુ કહેવાને યોગ્ય છે.

**चत्तारि वमे सया कसाए,**
१ २ ३ ४
**धुवजोगी हविज्ज बुद्ध वयणे ।**
५ ६ ७ ८ ९
**अहणे निज्जाय रुव रयए,**
१० ११ १२ १३
**गिहि जोगं परिवज्जए जे स भिक्खु ॥६॥**
१४ १५ १६

**શબ્દાર્થ**-ચાર ત્યાગકરે સદા ક્રોધાદિકષાયો નિશ્ચળ મન
૧ ૨ ૩ ૪ ૫
વચનકાયાના જોગ હોય તીર્થંકરની આજ્ઞાને વિષે ધનરહિત-પરિગ્રહ
૬ ૭ ૮ ૯ ૧૦
રહિત રુપું સુવર્ણાદિક ગ્રહસ્થની ક્રિયાને ત્યાગે
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**-જે ચાર કષાયોનો સદા ત્યાગ કરે, આગમના વચનોથી મન, વચન અને કાયાના યોગોને સ્થિર રાખે અને પશુઓ તથા સોના રૂપા આદિ પરિગ્રહનો ત્યાગ કરે અને ગૃહસ્થની સાવદ્ય ક્રીયાનો પણ જે ત્યાગ કરે તેને સાધુ કહીએ, તેમજ ગૃહસ્થનો, પરિચય રાખતા નથી તેને સાધુ કહીએ.

**सम्मदिठि सया अमूढे,**
१ २ ३
**अत्थि हु नाणे तवे संजमे य ।**
५ ४ ६ ७ ८

**तवसा धुणइ पुराण पावगं,**
९ १० ११ १२
**मण वय काय सुसंबुडे जे स भिक्खु ॥७॥**
१३ १४ १५ १६ १७ १८

**શબ્દાર્થ**-સમ્યગ દૃષ્ટિ હમેશાં વ્યામોહ રહિત-સાવધાન
૧ ૨ ૩
નિશ્ચે છે જાણપણું જ્ઞાન તપ સંયમને વિષે રક્ત તપવડે નાશકરે
૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦
પૂર્વે કરેલા પાપોનો મન વચન કાયાના જોગને સંવરે-આશ્રવને
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
રોકે તેને સાધુ કહીએ.
૧૭ ૧૮

**ભાવાર્થ**-જે કોઈ સમ્યગદૃષ્ટિ બનીને મતિ, શ્રુત, આદિ-જ્ઞાનોમાં તથા અનશન આદિ બારપ્રકારના તપમાં તથા સત્તર પ્રકારના સંયમમાં, પ્રમાદ ભ્રાન્તિ આદિથી રહિત, સંયમમાં ઉપયોગવંત રહીને તથા મન, વચન અને કાયાની ગુપ્તિનું પાલન કરતા થકાં તપસ્યાથી પૂર્વોપાર્જિત પાપનો નાશ કરે છે તેને જ સાધુ કહીએ.

**तहेव असणं पाणगं वा, विविहं खाइमं साइमं लभित्ता।**
१ २ ३ ४ ५ ६ ७
**होही अठो सुए परे वा, तं न निंदे न निंदावए जे स भिक्खु ॥८॥**
८ ११ ९ १० १२ १४ १७ १५ १६

**શબ્દાર્થ**-તેમજ અન્ન પાણી વિવિધપ્રકારના મેવામીઠાઈ
૧ ૨ ૩ ૪ ૫
સોપારીઆદિ પામીને ચિંતવે મનમાં હોશે કાલે પરમદિને અર્થે-
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧

આવશે એ આહારાદિક ન વાસીરાખે વાસી રખાવે નહિં સંગ્રહ ન કરે
૧૨ ૧૩ ૧૪ ૧૭
તેને સાધુ કહેવાય
૧૫ ૧૬

**ભાવાર્થ**-વળી અનેક પ્રકારના અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમને પામીને આ આહાર મને આવતી કાલે કે પરમ દિવસે કામ આવશે એવું ધારીને આહારાદિ વાસી ન રાખે-સંચય ન કરે, બીજા પાસે વાસી રખાવે નહિ, રાખનાને ભલું જાણે નહિ. આ રીતે સંનિધિને જે ત્યાગ કરે છે તેને સાધુ કહીએ.

**तहेव असणं पाणगं वा,**
**विविहं खाइमं साइमं लभित्ता ।**
**छंदिय साहम्मियाण भुंजे,**
१ २ ३
**भोच्चा सज्झाय रए य जे स भिक्खु ॥९॥**
४ ५ ६

**શબ્દાર્થ**-આમંત્રીને સાધર્મિકોને ભોજન કરે ભોજન કરીને
૧ ૨ ૩ ૪
સ્વાધ્યયમાં રક્ત રહે
૫ ૬

**ભાવાર્થ**—તેમજ અનેક પ્રકારના અશન, પાન. ખાદિમ, સ્વાદિમ પામીને પોતાના સ્વધર્મી સાધુઓને બોલાવી તેની સાથે ભોજન કરે-સંવિભાગ કરી આહાર કરે, બાદ સ્વાધ્યાયમાં તત્પર રહે તેને સાધુ કહીએ.

**नय वुग्गहियं कहं कहेज्जा, न य कुप्पे निहुइंदिए पसंते ।**
४ १ २ ३ ६ ५ ७ ८
**संजम धुवं जोग जुत्ते, उवसंते अवहेडए जे स भिक्खु ॥१०॥**
९ १० ११ १२ १३ १४

**શબ્દાર્થ**—ક્લેશઉત્પન્નથાય તેવી કથાવાર્તા કરે નહિ ક્રોધ
૧ ૨ ૩ ૪ ૫
ન કરે પાંચેઇંદ્રિઓને શાંતરાખે રાગદ્વેષરહિત સંયમમાં નિશ્ચળ મન
૬ ૭ ૮ ૯ ૧૦
વચન કાયાના યોગ સહિત ઉપશાંતપણે–કષાયરહિત પ્રમાદરહિત
૧૧ ૧૨ ૧૩ ૧૪
ઉચિતકાર્યમાં આદરવાળો હોય.

**ભાવાર્થ**—ક્લેશ ઉત્પન્ન થાય તેવી કથા વાર્તા કરે નહિ, કોઇના ઉપર ક્રોધ કરે નહિ, પાંચઇંદ્રિયોને વશ કરી, ગોપવીને રાગદ્વેષ રહિત બની સંજમને વિષે મન, વચન, કાયાના યોગોને સ્થિર કરીને સમભાવમાં રહી પ્રમાદ રહીત સંયમ પાલન કરનાર તથા ઉચિત કાર્યમાં અનાદર નહિ કરનાર એવા હોય તેને સાધુ કહીએ.

**जो सहइ हु गामकंटए,**
१ २ ३ ४ ५
**अक्कोस पहार तज्जणाओ य ।**
६ ७ ८
**भय भेरव सद्द सप्पहासे,**
९ १० ११ १२
**सम सुह दुक्ख सहे य जे स भिक्खु ॥११॥**
१३ १४ १५ १६

**શબ્દાર્થ**—જેકોઇ સહનકરે નિશ્ચે ઈંદ્રિયોને કાંટા સરીખા
૧ ૨ ૩ ૪ ૫
કઠોરવચન લાઠીઆદિનો પ્રહાર તર્જના કરી ભય ઉત્પન્ન થાય તેવ
૬ ૭ ૮ ૯
ભયંકર શબ્દો વૈતાલાદિકના અટ્ટહાસ્યાદિક ઉપસર્ગ સમભાવે સુખ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

દુઃખ સહન કરે.

**ભાવાર્થ**-જેકોઇ ઇંદ્રિયોને કાંટાસમાન કઠોરવચનો, લાઠી-આદિનાપ્રહાર તથા આંગળી આદિકે તર્જના કરી બીવડાવવારૂપ ચેષ્ટા, વૈતાલાદિકના અટ્ટહાસ્યરૂપ ઉપસર્ગો, ભયંકર શબ્દો, ભયઉત્પન્ન થાય તેવા ઉપસર્ગો આદિ સુખ દુઃખને સમભાવે સહન કરતાં સંયમમાં સ્થિર રહે તેને સાધુ કહીએ.

**पडिमं पडिवज्जिया मसाणे,**
१ २ ३
**नो भीयए भय भेरवाइं दिस्स ।**
४ ५ ६ ७ ८
**विविह गुण तवो रए य निच्चं,**
९ १० ११ १२ १३
**न सरीरं चाभिकंखइ जे स भिक्खु ॥१२॥**
१३ १५ १६ १७

**શબ્દાર્થ**—પડિમાને ગ્રહણ કરીને શ્મશાને ન ભયપામે ત્રાસ
૧ ૨ ૩ ૪ ૫ ૬
પામે ભૂતપિશાચનારૂપ દેખીને અનેક પ્રકારના ગુણનેવિષે તપનેવિષે
૭ ૮ ૯ ૧૦ ૧૧
રક્ત હમેશાં શરીરની શુસ્રુસા તથા મમતાને ઇચ્છે નહિ તેને
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
સાધુ કહીએ.
૧૭

**ભાવાર્થ**—જે કોઇ બારમીભિક્ષુની પડિમા અંગીકાર કરીને મસાણ-શ્મશાનને વિષે રહ્યા થકા ભૂતપિશાચના અત્યંત બીહામણા રૂપો દેખીને બીએ નહિ. અને ઘણા પ્રકારના વિનય, ક્ષમા તથા તપ ગુણને વિષે રક્ત રહીને શરીરના મમત્વનો ત્યાગ કરી, શરીર શુસ્રૂષા કરતો નથી, તેને સાધુ કહીએ.

**असइं वोसिठ चत्त देहे,**
१ २ ३ ४
**अकुठे व हए व लूसिए वा ।**
५ ६ ७
**पुढवि समे मुणी हविज्जा,**
८ ९ १० ११
**अनियाणे अकोउहल्ले जे स भिक्खू ॥१३॥**
१२ १३

**શબ્દાર્થ**—વારંવાર અભિગ્રહ ધારતા વોસરાવી છે છાંડી છે
૧ ૨ ૩
કાયાની મમતા આક્રોશકરે હણે-મારે વિદારે ખડ્ગાદિથી પૃથ્વી
૪ ૫ ૬ ૭ ૮
સમાન મુનિ હોય નિયાણારહિત કુતૂહળવિદ્યા રહિત હોય.
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—જેણે વારંવાર તપ અભિગ્રહાદિક કરતા થકા કાયાની મમતાનો ત્યાગ કર્યો છે, વિભૂષાની અપેક્ષાએ દેહ મમત્વને છાંડેલ છે, તેવા મુનિને કોઈ આક્રોશકરે, દંડાદિકથી હણે, ખડગાદિકથી કાપે તો પણ પૃથ્વીની સમાન સર્વ પરીષહોને ભમભાવે સહન કરે તથા સંયમના ભાવી ફળ આશ્રી નિયાણું ન કરે તથા કુતૂહલ રહિત હોય તેને સાધુ કહીએ.

**अभिभूय काएण परीसहाइं, ।**
१ २ ३
**समुद्धरे जाइ पहाउ अप्पयं ।**
४ ५ ६ ७
**विइत्तु जाइ मरणं महब्भयं,**
८ ९ १० ११
**तवे रए सामणिए जे स भिक्खु ॥१४॥**
१२ १४ १३ १५ १६

**શબ્દાર્થ**—જીતીને કાયાએકરી બાવીશ પરીષહોને ઉદ્ધારકરે
૧ ૨ ૩ ૪
એકેન્દ્રિયાદિકજાતિ ભવકરવારૂપ માર્ગથી આત્માનો જાણીને જન્મ
૫ ૬ ૭ ૮ ૯
મરણના મોટાભયને તપમાં સંયમમાં રક્ત રહે તેને સાધુ કહીએ.
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**—જેકોઇ સાધુ કાયાએ કરીને પરીષહોને જીતીને ભવકરવારૂપ એકેન્દ્રિયાદિક જાતિના માર્ગથી, સંસાર માર્ગથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે તથા જન્મ મરણાદિકના દુઃખોના મહાભયને જાણી સંયમ તથા તપને વિષે રક્ત રહે છે તેને સાધુ કહીએ.

**हत्थ संजए पाय संजए**
१ २ ३
**वाय संजए संजइंदिए ।**
४ ५
**अज्झप्परए सुसमाहियप्पा,**
६ ७ ८ ९ १०
**सुत्ततत्थं च वियाणइ जे स भिक्खू ॥१५॥**
११ १२ १३ १४

**શબ્દાર્થ**--હાથને વશરાખનાર પગને વચનને ઇંદ્રિયોને
૧ ૨ ૩ ૪ ૫
જીતનાર શુભધ્યાનમાં રકત ભલો સમાધિવંત આત્મા સૂત્ર તથા
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
અર્થને જાણનાર તેને સાધુ કહીએ.
૧૨ ૧૩ ૧૪

**ભાવાર્થ**—જેકોઇ સાધક કાચબાની જેમ હાથ, પગને સ્થિર રાખી વચન, અને ઇંદ્રિયોને પોતાના વશમાં રાખે છે, તથા

શુભ ધ્યાનમાં લીન રહે છે, ક્ષમા આદિ ગુણોમાં આત્માને સ્થિર કરે છે અને સૂત્ર તથા તેના અર્થોને જાણીને સમાધિવંત રહી સંયમનું પાલન કરે તેને સાધુ કહીએ.

**उवहिम्मि अमुच्छिए अगिद्धे,**
१ २ ३
**अन्नाय उंछं पुल निप्पल्लाए ।**
४ ५ ६ ७
**कय विक्कय सन्निहिओ विरए,**
८ ९ १० ११
**सव्व संगावगए य जे स भिक्खू ॥१६॥**
१२ १३ १४ १५ १६

**શબ્દાર્થ**—વસ્ત્રપાત્રાદિક ઉપધિમાં અનાસક્ત-મૂર્છા રહિત,
૧ ૨
આસક્તિરહિત અજ્ઞાતઘરોમાં આહારાદિક લેનાર ગૌચરીકરનાર સરસ
૩ ૪ ૫ ૬
નિરસ વેચાણ નહિ લેનાર વેચનાર નહિ ઘી આદિ પદાર્થો વાસી રાખે
૭ ૮ ૯ ૧૦ ૧૧
નહિ કર્મબંધનના કારણરૂપ ગૃહસ્થના પરિચય તથા પરિગ્રહ રહિત અને આભ્યંતર રાગાદિ કષાયોથી સર્વ સંગથી રહિત તેને સાધુ કહીએ.
૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

**ભાવાર્થ**—જેકોઇ સાધક વસ્ત્રાદિક ઉપધિમાં મૂર્છા રહિત, આસક્તિ રહિત, તથા અજ્ઞાત ઘરોમાંથી થોડાથોડા આહારાદિને ગ્રહણ કરનાર, સરસ અને નિરસ આહારમાં અનાસકત રહેનાર, કોઇ વસ્તુ વેચાણ નહિ લેનાર તથા વેચનાર પણ નહિ, ઘી આદિ પદાર્થોને વાસી નહિ રાખનાર અને ગૃહસ્થઆદિનો પરિચય નહિ રાખનાર બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત, એવા સર્વ સંગથી રહિત હોય તેને સાધુ કહીએ.

**अलोल भिक्खु न रसेसु गिध्धे,**
१ २ ३ ४ ५
**उंछं चरे जीविय नाभिकंखे ।**
६ ७ ८ ९
**इड्ढिं च सक्कारण पूयणं च**
१० ११ १२
**चए ठियप्पा अनिहे जे स भिक्खु ॥१७॥**
१३ १४ १५ १६ १७

**શબ્દાર્થ**—લોલુપતારહિત મુનિ ન હોય રસવાળા ભોજનમાં
૧ ૨ ૩ ૪
આસકત અજ્ઞાતઘરોમાંથી થોડો થોડો આહાર લેનાર અસંયમીજીવનને
૫ ૬ ૭ ૮
ન ઇચ્છનાર લબ્ધિઆદિ ઋદ્ધિને સત્કારને પૂજાનો ત્યાગ કરે જ્ઞાનમાં
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
સ્થિતઆત્મા રાગદ્વેષરહિત હોય તેને સાધુ કહીએ.
૧૪ ૧૫ ૧૬ ૧૭

**ભાવાર્થ**—કોઇપિણ ઉપગરણમાં લોલુપતા રહિત, રસવાળા આહારાદિમાં અનાસકત વિશેષે અજાણ્યા ઘરોમાંથી થોડો થોડો નિર્દોષ આહાર ગ્રહણ કરી સંયમ નિર્વાહ કરનાર, અસંયમી જીવનને નહિ ઇચ્છનાર, લબ્ધિ આદિ ઋદ્ધિને, સત્કારને, પૂજાને નહિ ઇચ્છનાર, રાગદ્વેષરૂપ કષાયોથી રહિત અને જ્ઞાનમાં પોતાના આત્માને સ્થાપનાર કપટ રહિત હોય તેને સાધુ કહીએ.

**न परं वएज्जासि अयं कुसीले,**
१ २ ३ ४ ५
**जेणन्नो कुप्पिज्ज न तं वएज्जा ।**
६ ७ ८ ११ ९ १०
**जाणिय पत्तेयं पुन्न पावं,**
१२ १३ १४ १५
**अत्ताणं न समुक्कसे जे स भिक्खु ॥१८॥**
१६ १८ १७ १९ २०

**શબ્દાર્થ**—ન અન્યને કહે એ કુશીલ જેણે વચને બીજોમનુષ્ય
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
કોપાયમાન થાય તેવા વચન બોલે નહિ જાણે જુદા જુદા પુણ્ય
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
પાપ પોતે અભિમાન ન કરે તેને સાધુ કહીએ.
૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦

**ભાવાર્થ**—અન્ય કોઈ સાધક કે ગૃહસ્થ આદિને એ કુશીલ છે, એમ કહે નહિ, જે વચનથી સામા માણસને ક્રોધ ઉત્પન્ન થાય તેવા વચન બોલે નહિ, પુણ્ય અને પાપના ફળ જુદા જુદા જાણીને પોતે અભિમાન કરે નહિ તેને સાધુ કહીએ.

**न जाइमत्ते न य रुवमत्ते,**
१ २ ४ ३
**न लाभमत्ते न सुएणमत्ते ।**
५ ८ ७
**मयाणि सव्वाणि विवज्जइत्ता,**
१० ९ ११
**धम्मज्झाण रए जे स भिक्खु ॥१९॥**
१२ १३

**શબ્દાર્થ**—ન કરે જાતિમદ રૂપમદ ન કરે લાભમદ ન કરે
૧ ૨ ૩ ૪ ૫ ૬
સૂત્રજ્ઞાનનો મદ ન કરે સર્વ મદનો ત્યાગ કરે ધર્મધ્યાનમાં રક્ત રહે
૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩

**ભાવાર્થ**—જે સાધક જાતિનો, રૂપનો, લાભનો અને સૂત્રજ્ઞાન આદિ આઠમદ પૈકી કોઈ મદ—અહંકાર કરે નહીં, સર્વ મદનો ત્યાગ કરી ધર્મ ધ્યાનમાં તત્પર રહે તેને સાધુ કહીએ.

**पवेइए अज्ज पयं महामुणी,**
१ २ ३ ४ ५
**धम्मे ठिओ ठावयइ परंपि ।**
६ ७ ९ ८

**निक्खम्म वज्जिज्ज कुसील लिंगं,**
૧૦ ૧૧ ૧૨ ૧૩
**न यावि हासं कुहए जे स भिक्खु ॥२०॥**
૧૬ ૧૪ ૧૫ ૧૭ ૧૮

**શબ્દાર્થ**—કહે આર્ય ધર્મને મહાન મુનિ પોતે ધર્મને વિષે
૧ ૨ ૩ ૪ ૫ ૬
સ્થિત થઈને અન્યને ધર્મને વિષે સ્થાપન કરે ગૃહસ્થવાસમાંથી
૭ ૮ ૯
નીકળીને દીક્ષા લઇ કુશીલના આચારને ત્યાગે હાસ્ય કુતૂહળ ન કરે
૧૦ ૧૨ ૧૩ ૧૧ ૧૪ ૧૫ ૧૬
તેને સાધુ કહીએ.
૧૭ ૧૮

**ભાવાર્થ**—જે સાધક ગૃહસ્થવાસમાંથી નીકળીને દીક્ષા ગ્રહણ કરીને કુશીલના આચારનો ત્યાગ કરે છે અને પોતે શ્રુત અને ચારિત્ર-ધર્મમાં સ્થિર થઇ અન્ય ભવ્ય જીવોને ઉપદેશ આપી ધર્મમાં સ્થિર કરાવે છે. અને હાસ્ય કુતૂહળ આદિ જે સંયમમાં દુષણ રૂપ છે તેનો ત્યાગ કરે છે તેને સાધુ કહીએ.

**तं देहवासं असुइं असासयं,**
૧ ૨ ૩
**सया चए निच्च हियट्ठियप्पा ।**
૪ ૫ ૬ ૭ ૮ ૯
**छिंदितु जाई मरणस्स बंधणं,**
૧૦ ૧૧ ૧૨ ૧૩
**उवेइ भिक्खु अपुणागमं गइं ॥ त्ति बेमि ॥२१॥**
૧૪ ૧૫ ૧૬ ૧૭

**શબ્દાર્થ**—ઉદારિક શરીર અશુચિથી ભરેલ-અશુચિથી ઉત્પન્ન
૧ ૨
થયેલ અશાશ્વત-નાશવંત સદાને માટે ત્યાગે હમેશાં હિતકારક-મોક્ષને
૩ ૪ ૫ ૬ ૭

વિષે સ્થિત આત્મા જેનો છે, જન્મ મરણ બંધન સંસારને છેદીને
૮ ૯ ૧૧ ૧૨ ૧૩ ૧૦
સાધુ ગયા પછી પાછું સંસારમાં આવવું નથી એવી સિદ્ધગતિને પામે.
૧૫ ૧૬ ૧૭ ૧૪

**ભાવાર્થ**—મોક્ષના સાધનભૂત, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં સ્થિત સાધક અશુચિમય અને અશુચિથી ઉત્પન્ન થયેલ, અશાશ્વત એવા ઔદારિક શરીરનો ત્યાગ કરી, જન્મ-મરણના બંધનોને છેદીને, પુનર્જન્મરહિત એવી સિધ્ધગતિને પામે છે. સિદ્ધ થાય છે. અનંતા શાશ્વતા સુખોને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે શ્રી. સુધર્મા સ્વામીએ જંબૂ નામના પોતાના શિષ્યને કહ્યું.

**દશમું અધ્યયન સમાપ્ત**

---

## શ્રી દશવૈકાલિક સૂત્રની ચુલિકાઓ

### પ્રથમા રતિવક્કા ચુલિકા

**मू.** **इह खलु भो ! पव्वइएणं उप्पन्नदुक्खेणं संजमे अरइसमावन्नचित्तेणं ओहाणुप्पेहिणा अणोहाइएणं चेव हयरस्सि गयंकुस–पोयपडागाभूयाइं इमाइं अट्ठारस ठाणाइं सम्मं संपडिलेहियव्वाइं भवंति ॥१॥**

**मू.** **तं जहा–हं भो ! दुस्समाइ दुप्पजीवी १ लहुसगा इत्तरिआ गिहिणं कामभोगा २ भुज्जो य साइबहुला मणुस्सा ३ इमे य मे दुक्खे न चिरकालोवट्ठाई भविस्सइ ४ ओमजणपुरक्कारे ५ वंतस्स य पडिआयणं ६**

**मू.** **अहरगइवासोवसंपया ७ दुल्लहे खलु भो ! गिहीणं धम्मे गिहिवासमज्झे वसंताणं ८ आयंके से वहाय होई ९ संकप्पे से वहाय होइ १० सोवक्केसे गिहवासे, निरुवक्केसे परियाए ११ बंधे गिहवासे, मुक्खे परियाए १२**

**मू. सावज्जे गिहवासे, अणवज्जे परियाए १३ बहुसाहारणा गिहीणं कामभोगा १४ पत्तेयं पुन्नपावं १५ अणिच्चे खलु भो! मणुस्साण जीविए कुसग्गजलबिंदु चंचले १६ बहुं च खलु लो! पावं कम्मं पगडं १७ पावाणं च खलु भो! कडाणं कम्माणं पुव्विं दुच्चिनाणं दुप्पडिकंताणं वेइत्ता मुक्खो, नत्थि अवेईत्ता तवसा वा झोसइत्ता १८ अट्ठारसमं पयं भवइ, भवइ य इत्थ सिलोगो: ॥ ४ ॥**

**ભાવાર્થ**— હે શિષ્યો! જિનશાસનમાં ખરેખર દીક્ષા પ્રવજ્યા લીધા પછી દુ:ખ ઉત્પન્ન થાય અને સંયમમાંથી ચિત્ત વિક્ષિપ્ત [ચલિત] થઈ અરતિ થાય અને સંયમ છોડી ગૃહવાસમાં ચાલી જવાની ઈચ્છા થાય, પરંતુ હજુ સંયમનો ત્યાગ ન કર્યો હોય તેવા વખતે ઘોડાની લગામ સમાન, હાથીના અંકુશ સમાન, વહાણના સઢ સમાન આ અઢાર સ્થાનો સાધુએ વારંવાર વિચારવાનાં છે.

૧. હે આત્મા! આ દુષમ કાળમાં જીવન દુ:ખમય છે, તો ગૃહવાસનો મને શો હેતુ છે? ૨. ગૃહવાસીઓના કામભોગો ક્ષણિક, હલકી કોટિના અને પરિણામે કડવા છે. ૩ વળી સંસારી મનુષ્યો માયા અને ભોગોમાં બહુ કપટી અને દુ:ખી હોય છે. ૩. વળી આ સંયમી જીવનમાં દેખાતું દુ:ખ ઝાઝો વખત ટકવાનું નથી. ૫. સંયમી–ત્યાગીને ગૃહવાસમાં પ્રવેશતાં ક્ષુદ્ર માણસોની ખુશામત સેવવી પડે છે. ૬. ગૃહવાસમાં પ્રવેશતાં વમેલી વસ્તુ ફરી સ્વીકારવી પડે છે. ૭. ત્યાગની ઉંચી પદવીમાં ક્ષુદ્ર વાસના માટે ગૃહવાસ સ્વીકારવો તે નરકાગારમાં જવાની તૈયારી રુપ છે. ૮. ગૃહવાસમાં રહેનારને ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળવો દુ:શક્ય છે, તો આદર્શ ત્યાગ પાળવો વધુ અઘરો છે. ૯ અચાનક રોગ ઉત્પન્ન થઈ જ્યારે દેહનો નાશ થાય છે ત્યારે ધર્મ જ મદદગાર થાય છે. ધર્મ સિવાય કોઈ

મદદગાર થતું નથી. ૧૦ ગૃહવાસમાં ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થાય છે. ૧૧. ગૃહવાસમાં ક્લેશ છે અને ત્યાગ એ શાન્તિમય છે. ૧૨. ગૃહવાસ બંધન છે, ત્યાગ એ મુક્તિ છે. ૧૩. ગૃહજીવન દૂષિત છે અને સંયમી જીવન એ પવિત્ર જીવન છે. ૧૪. ગૃહસ્થોના કામભોગો તેના ઘણા ભાગીદાર હોવાથી અધમ હોય છે. ૧૫. જગતના જીવો પુણ્ય–પાપથી ઘેરાયેલા છે. ૧૬. મનુષ્યનું આયુષ્ય ખરેખર ઘાસના છેડાની ઉપર રહેલ બિંદુ જેવું અસ્થિર અને ક્ષણિક છે. ૧૭. અરેરે! ખરેખર મેં પૂર્વભવે પાપકર્મ ઘણું કર્યું હશે તેથી કરીને પાપ કર્મના ઉદયે સંયમ ઉપર અભાવ થાય છે, નહિ તો, ઉત્તમ સંયમ કેમ ન ગમે? ૧૮. દુશ્ચારિત્રનું સેવન કરીને કદિ પાપ–કર્મથી મુક્તિ મળશે નહિ, દુઃખે સહી શકાય તેવાં પૂર્વ પાપકર્મોને મનમાં વેદન (કલ્પાંત કે ખેદ) કર્યા સિવાય સહી લેવાથી અને તપ દ્વારા તેને ખપાવવાથી જ તે કર્મોથી મુક્તિ મળશે.

**। अनुष्टुपवृत्तम् ॥**

**जया य चयइ धम्मं, अणज्जो भोगकारणा ।**
**से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झइ ॥१॥**

**ભાવાર્થ**—જ્યારે કોઇ અનાર્ય સ્વભાવવાળો મુનિ ભોગોના હેતુએ ધર્મને છોડે છે તે બાળ અજ્ઞાની તે ભોગોમાં મૂર્ચ્છિત થયેલો ભવિષ્યનો વિચાર કરતો નથી. ૧

**जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं ।**
**सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पई ॥२॥**

ભાવાર્થ—જ્યારે સાધુ સંયમી જીવન છોડીને ગૃહવાસના જીવનમાં પ્રવેશે છે ત્યારે એ સંયમ અને ગૃહધર્મથી ભ્રષ્ટ થઇ પૃથ્વી ઉપર પડેલા દેવેન્દ્રની માફક ખૂબ પરિતાપ પામે છે. ૨

**जया य वंदिमो होइ, पच्छा होइ अवंदिमो ।**
**देवया व चुआ ठाणा, स पच्छा परितप्पई ॥३॥**

**ભાવાર્થ**—સંયમી જીવનમાં જે વંદનીય હતો તે અસંયમી

જીવનમાં અવંદ્ય બને છે. તે સ્વસ્થાનથી ભ્રષ્ટ થયેલી દેવીની જેમ ખૂબ દુઃખ પામે છે. ૩

**जया य पूइमो होइ, पच्छा होइ अपूइमो ।**
**राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पई ॥४॥**

**ભાવાર્થ**—સંયમી જીવનમાં જે પૂજ્ય બને છે તે ગૃહવાસમાં પાછો ફરતાં અપૂજ્ય બને છે. તેની સ્થિતિ પદભ્રષ્ટ બનેલા રાજાના જેવી થાય છે અને તેને પાછળથી ખૂબ પસ્તાવું પડે છે. ૪

**जया य माणिमो होइ, पच्छा होइ अमाणिमो ।**
**सिट्ठिव्व कब्बडे छुढो, स पच्छा परितप्पई ॥५॥**

**ભાવાર્થ**—સંયમી જીવનમાં જે માનનીય હોય છે તે અસંયમી જીવનમાં અમાનનીય બને છે. તે ખેડૂતની જીંદગીમાં પલ્ટાએલા ધનિક શેઠની (રાજાની આજ્ઞાથી અપરાધી શ્રીમંત ક્ષુદ્ર વસતિવાળા ગામમાં રહેવા જતાં જેમ ખેદ કરે તેમ) માફક પરિતાપ કરે છે. ૫

**जया य थेरओ होइ, समइक्कंत जुव्वणो ।**
**मच्छुव्व गलं गिलित्ता, स पच्छा परितप्पइ ॥६॥**

**ભાવાર્થ**—જ્યારે સંયમમાંથી ગૃહવાસમાં પાછો ફરેલ ભિક્ષુ વૃદ્ધ થાય છે ત્યારે તે જુવાની વીતાવે (ગુમાવે) છે અને માછલું જેમ કાંટાથી ગળું વિંધાતા મૃત્યુ પામે છે તેમ તે ખૂબ પસ્તાય છે. ૬

**जया य कुकुडुम्बस्स, कुतत्तीहिं विहम्मई ।**
**हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पई ॥७॥**

**ભાવાર્થ**—જ્યારે તે પોતાના કલેશી કુટુમ્બની ચારે બાજુઓની ચિંતાથી ઘેરાય છે ત્યારે તે બંધનમાં ફસાયેલા હાથીની માફક ખૂબ પસ્તાય છે. ૭

**पुत्तदारपरिकिन्नो, मोहसंताणसंतओ ।**
**पंकोसन्नो जहा नागो, स पच्छा परितप्पई ॥८॥**

**ભાવાર્થ**—વળી આવો ગૃહવાસમાં પાછો ફરેલ મુનિ સ્ત્રી, પુત્ર અને પરિવારથી ઘેરાયેલો મોહનીય કર્મની પરંપરાથી તેમાં જ

ફસાય છે ત્યારે 'ન પાણી ન તીરમ્' એમ કાદવમાં ખૂંચી ગયેલા હાથીની માફક ખેદ કર્યા કરે છે. ૮

**अज्ज आहं गणी हुंतो, भावियप्पा बहुस्सुओ ।**
**जइ हं रमंतो परियाए, सामन्ने जिणदेसिए ॥९॥**
**देवलोग-समाणो य, परियाओ महेसिणं ।**
**रयाणं अरयाणं च, महानिरयसारिसो ॥१०॥**

**ભાવાર્થ**—સાધુમાર્ગથી ભ્રષ્ટ થયેલ ગૃહવાસમાં પ્રવેશેલ જીવનને અંતે વિચારે છે કે, જો હું જિનેશ્વરોએ બતાવેલા વિશુદ્ધ સાધુત્વથી ભરેલા ત્યાગમાર્ગમાં હોત તો આજે મારો આત્મા બહુશ્રુત હોત અને હું મારા અપૂર્વજ્ઞાનની સાથે સાથે આખા સાધુ-ગણુનો અધિપતિ હોત. કયાં એ દેવલોક સમાન ત્યાગીઓનો સુખદ ત્યાગ અને ક્યાં મારો પતિત મહા નરક જેવો ગૃહવાસ?. ૯-૧૦

**अमरोवमं जाणिय सुक्खमुत्तमं,**
**रयाण परियाइ तहारयाणं ।**
**निरओवमं जाणिय दुक्खमुत्तमं,**
**रमिज्ज तम्हा परियाइ पंडिए ॥११॥**

**ભાવાર્થ**—ત્યાગ માર્ગમાં રમતાં મહાપુરૂષોનું દેવેન્દ્ર સમાન ઉત્તમ સુખ અને ત્યાગમાર્ગથી ભ્રષ્ટ થયેલા પતિતોનું નરક સમાન અત્યંત દુઃખ એ બન્નેની તુલના કરીને પંડિત સાધુએ પરિત્યાગમાં મસ્ત રહેવું. ૧૧

**धम्माओ भट्ठं सिरिओववेयं,**
**जन्नग्गि विज्झायमिवप्पतेअं ।**
**हीलंति णं दुव्विहिअं कुसीला,**
**दाढुद्धियं घोरविसं व नागं ॥१२॥**

**ભાવાર્થ**—ધર્મથી ભ્રષ્ટ અને દ્રવ્ય-સંપત્તિથી પતિત મુનિ, અલ્પતેજ થઇ ઠરી ગયેલા યજ્ઞના અગ્નિ અને ભયંકર ઝેરી છતાં દાઢો ખેંચી લીધેલ નાગની માફક દુરાચારીઓ વડે તિરસ્કાર પામે છે. ૧૨

**इहेवऽधम्मो अयसो अकित्ती,**
**दुन्नामधिज्जं च पिहुज्जणंमि ।**
**चुअस्स धम्माओ अहम्मसेविणो,**
**संभिन्नवित्तस्स य हिट्ठओ गई ॥१३॥**

**ભાવાર્થ**—ધર્મથી પતિત થયેલો, અધર્મને સેવનારો અને પોતાના યમ-નિયમથી ભ્રષ્ટ થયેલો સાધુ આ લોકમાં પણ ચારિત્રની ક્ષતિ, અધર્મ, અપયશ, અપકીર્ત્તિ વડે હલકા માણસોમાં પણ નિન્દા પામે છે; તેને ખરાબ નામથી બોલાવાય છે અને પરલોકમાં પણ અધર્મના ફળ રૂપે તેને અધમગતિ મળે છે. ૧૩

**भुंजितु भोगाइं पसज्झचेयसा,**
**तहाविहं कट्टु असंजमं बहुं ।**
**गइं च गच्छे अणहिज्झियं दुहं,**
**बोही य से नो सुलहा पुणो पुणो ॥१४॥**

**ભાવાર્થ**—જે સાધક મુનિ પાપી ચિત્તને વશ થઈને ભોગોને માટે, તે તે પ્રકારના અસંયમી વર્ત્તનને આચરીને જેની કલ્પના પણ ન થઈ શકે એવી દુઃખદ નરકગતિમાં ગમન કરે છે, તે સાધકને ફરીથી આવી ઉચ્ચ સદ્‌બોધિની કે ધર્મની પ્રાપ્તિ સુલભ થઈ શકતી નથી. ૧૪

**इमस्स ता नेरइयस्स जंतुणो,**
**दुहोवणीयस्स किलेसवत्तिणो ।**
**पलिओवमं झिज्जई सागरोवमं,**
**किमंग पुण मज्झ इमं मणोदुहं ॥१५॥**

**ભાવાર્થ**—આ નરકના જીવો દુઃખો અને ક્લેશમાં પલ્યોપમ અને સાગરોપમ સુધીનું આયુષ્ય પૂર્ણ કરે છે, તેની આગળ મારૂં સંયમનું માનસિક દુઃખ શા હિસાબમાં ?. ૧૫

**न मे चिरं दुक्खमिणं भविस्सइ,**
**असासया भोगपिवास जंतुणो ।**

**न चे सरीरेण इमेणऽविस्सइ,**
**भविस्सइ जीवियपज्जवेण मे ॥१६॥**

**ભાવાર્થ**—સંયમનું મનોદુઃખ લાંબો વખત ટકતું નથી. જીવની ભોગ-પિપાસા પણ થોડો વખત જ ટકે છે. માટે ભોગતૃષ્ણા દેહ છતે નહિ છૂટે તો, દેહ છૂટયે તો અવશ્ય જવાની જ, એમ વિચારી ત્યાગને ટકાવી રાખે. ત્યાગની પ્રતિ અણગમો નિવારે. ૧૬

**जस्सेवमप्पा उ हविज्ज निच्छिओ,**
**चइज्ज देहं न हु धम्मसासणं ।**
**तं तारिसं नो पइलिंति इंदिया,**
**उविंति वाया व सुदंसणं गिरिं ॥१७॥**

**ભાવાર્થ**—જેનો આત્મા નિશ્ચિત-સંકલ્પદૃઢ થયો છે, તે દેહને છોડવાનું પસંદ કરશે, પરન્તું ધર્મના આચાર-વિચાર નહિ છોડે. મેરુપર્વતની માફક ગમે તેવા પ્રચંડ વાયુ રૂપ ભોગના વેગને અડોલપણે સહન કરશે, પરંતુ ઇંદ્રિયોના વિષયો પ્રતિ મનને ચળવા દેશે નહિ. ૧૭

**इच्चेव संपस्सिय बुद्धिमं नरो,**
**आयं उवायं विविहं वियाणिया ।**
**काएण वाया अदु माणसेणं,**
**तिगुत्तिगुत्तो जिणवयणमहिट्ठिज्जासि, त्तिबेमि ॥१८॥**

**ભાવાર્થ**—આવી રીતે બુદ્ધિમાન-આત્મ જાગરૂક પુરૂષ, આ ચૂલિકામાં કહેલ વૃત્તાંતને સમ્યક પ્રકારે જોઇને, ( વિચારીને, ) શ્રદ્ધાને સેવીને, આત્મોદ્ધારના વિવિધ ઉપાયો વિચારીને, મન, વાણી અને કર્મથી-ત્રિગુપ્તિથી જિનેશ્વર ભગવાનના વચનાનુસાર પોતાનું જીવન ઘડે. ( વર્તન રાખે. ) ૧૮ એમ હું કહું છું.

---

## ॥ बीजी विविक्त चर्या चूलिका ॥

### ॥ अनुष्टुप् वृत्तम् ॥

**चूलिअं तु पवक्खामि, सुयं केवलि भासियं ।**
**जं सुणितु सुपुन्नाणं, धम्मे उप्पज्जए मई ॥१॥**

**ભાવાર્થ**—હું શ્રુત કેવળીઓએ કહેલી બીજી ચૂલિકાને વિગતથી કહું છું:-

સુપુણ્યવાન આત્માઓની જેને સાંભળવાથી ધર્મમાં મતિ ઉત્પન્ન થાય છે. આમ શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહેતા હતા અને શય્યંભવસૂરિએ શિષ્ય મનકને કહ્યું. ૧

**अणुसोयपट्ठिए बहुजणम्मि, पडिसोयलद्धलक्खेणं ।**
**पडिसोयमेव अप्पा, दायव्वो होउकामेणं ॥ २ ॥**

**ભાવાર્થ**—અનુસ્રોત-ચાલતા વ્હેણમાં ઘણા જનો તણાય છે, પરન્તુ તે પ્રવાહથી પર થવા (ઉલ્લંઘવા) જેઓ જાગરુક છે તેમણે પ્રતિસ્રોત પ્રવાહમાં (પૂર સામે) ચાલવાને પોતાના આત્માને તૈયાર કરવો જોઇએ. ૨

**अणुसोयसुहो लोओ, पडिसोओ आसवो सुविहियाणं ।**
**अणुसोओ संसारो, पडिसोओ तस्स उत्तारो ॥ ३ ॥**

**ભાવાર્થ**—જગતના જીવો સુખાર્થે અનુસ્રોત-ચાલતા પ્રવાહમાં વહે છે, જ્યારે સુવિહિત-વિચક્ષણ સાધકો ત્રિકરણ-ત્રિયોગે સંસાર-પ્રવાહની સામે જાય છે. સંસારનો માર્ગ અનુસ્રોત એકજ પ્રવાહમાં વહેવાનો છે, જ્યારે સંસારથી મુક્ત થવા તેની સામેનો પ્રતિસ્રોત માર્ગ આત્મ જાગરુકોએ (સાધુઓએ) સાધવો જોઇએ ૩

**तम्हा आयारपरक्कमेण, संवरसमाहिबहुलेणं ।**
**चरिया गुणा य नियमा य, हुंति साहूण दट्ठव्वा ॥४॥**

**ભાવાર્થ**—તે માટે સાધુએ આચારમાં પરાક્રમ ફેરવીને સંયમ-સમાધિને સેવવી જોઇએ. ત્યાગી પુરૂષોની જે ચર્યા, ( વિહાર મર્યાદા ) ગુણો ( મૂળગુણ ઉત્તરગુણ ) અને આહારાદિ લેવાના નિયમો છે તે જાણી સાધુએ તદનુસાર વર્ત્તવું. ૪

**अनिएयवासो समुयाणे-चरिया,**
**अन्नायउंछं पइरिक्कया य ।**
**अप्पोवही कलह-विवज्जणा य,**
**विहार चरिया इसिणं पसत्था ॥ ५ ॥**

**ભાવાર્થ**—ઋષિ-મુનિઓની નીચે કહ્યા પ્રમાણે વિહારની ચર્યા વખાણી છે. ૧. અનિયતવાસ-એક સ્થળે કાળ મર્યાદા જાળવીને રહેવું, ૨ સમુદાનચર્યા-જૂદાં જૂદાં ઘરોમાંથી ભિક્ષા પ્રાપ્ત કરવી, ૩ અજ્ઞાતોઞ્છ-અપરિચિત ગૃહોમાંથી શુદ્ધ અલ્પ ભિક્ષા મેળવવી, ૪ એકાંત સ્થાન-સંયમ સચવાય એવી જગ્યાએ નિવાસ, ૫ અલ્પ ઉપધિ-ઓછાં વસ્ત્રોપકરણો અને ૬ કલહ ત્યાગ, આ છ આચાર સેવે. ૫

**आइन्नओ-माण विवज्जणा य, ओसन्नदिट्ठाहडभत्तपाणे ।**
**संसट्ठकप्पेण चरिज्ज भिक्खू, तज्जायसंसट्ठ जई जइज्जा ॥६॥**

**ભાવાર્થ**-જે જગ્યાએ મનુષ્યોનો ખૂબ કોળાહળ થતો હોય ( કે જ્યાં જમણવાર હોય ) અથવા જ્યાં સાધુનું અપમાન થતું હોય તેવું સ્થાન મુનિ છોડે, વ્હોરવા ન જાય. વળી ગૃહસ્થ બીજા મકાન-માંથી ખોરાક અને પાણી લાવી આપે ત્યારે તે ઘણું ખરું નજરે જોવાયેલું હોવાથી તે આહાર પાણી લેવાનું સાધુઓને ઉચિત છે. દાતા અનાજથી ખરડેલા હાથ અથવા ચમચાથી ખોરાક લાવેલ હોય તે જ ભિક્ષા લેવાનો ઉપયોગ રાખે અને જે વાસણ ખરડાયેલ હોય તે વાસણથી તે જ વસ્તુ લેવા મુનિ યત્ન કરે. ૬

**अमज्जमंसासि अमच्छरीया, अभिक्खणं निव्विगइं गया य ।**
**अभिक्खणं जो काउस्सग्गकारी, सज्झायजोगे पयओ हविज्जा ॥७॥**

**ભાવાર્થ**—મદ્ય-માંસાદિ અભક્ષ્યનો સર્વથા ત્યાગી સંત મત્સર -અભિમાન વિનાનો, પોતાના આત્માને વશ રાખવા વારંવાર નિર્વિકાર (વિગય રહિત) ખોરાક લેનાર, વારંવાર કાયોત્સર્ગ—આત્મધ્યાન કરનાર (ગમનાગમન-ક્રિયાની આલોચના-પ્રતિક્રમણ કરનાર મુનિ) સ્વાધ્યાય-આત્માભિમુખ તેમજ શાસ્ત્રાભ્યાસ કે વાંચનાદિ પ્રસંગે તપ કરવામાં પ્રયત્ન સેવે. ૭

**न पडिन्नविज्जा सयणासणाइं,**
**सिज्जं निसिज्जं तह भत्तपाणं ।**
**गामे कुले वा नगरे व देसे,**
**ममत्तभावं न कहिं पि कुज्जा ॥ ८ ॥**

**ભાવાર્થ**—સાધુજન પથારી, આસન, ઉપાશ્રય, સ્વાધ્યાયભૂમિ તથા ખોરાક-પાણી વિગેરે ઉપર એવી મમતા ન રાખે કે આ જ વસ્તુંઓ મને મારા બીજા વિહારમાં (બીજી વખત આવું ત્યારે) મળે, પ્રતિજ્ઞા પોતાના ઉપાસકોને ન કરાવે. તેમજ મુનિ કોઇ ગામ, કુળ, નગર કે દેશ ઉપર કદિ મમત્વભાવ ન રાખે. ૮

**गिहिणो वेयावडियं न कुज्जा, अभिवायणं वंदणपूयणं वा ।**
**असंकिलिट्ठेहिं समं वसिज्जा,**
**मुणी चरित्तस्स जओ न हाणी ॥ ९ ॥**

**ભાવાર્થ**—આદર્શ મુનિ ગૃહસ્થીઓની સેવા (વૈયાવચ્ચ) ન કરે તેમજ તેમને વચનથી નમસ્કાર, વંદન કે વસ્ત્રાદિ દાન રૂપ સૂચન પણ ન કરે. પરન્તું જે અસંયમીઓના સંગથી મુક્ત હોય તેવા આદર્શ સાધુઓના સંગમાં રહે કે જેનાથી તેના ચારિત્રને હાનિ ન પહોંચે. ૯

**न या लभिज्जा निउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।**
**इक्को वि पावाइं विवज्जयंतो,**
**विहरिज्ज कामेसु असज्जमाणो ॥ १० ॥**

**ભાવાર્થ**—સંત સાધુને, પોતાનાથી અધિક કે સમાન ગુણી ન મળે તો પોતે એકલો જ કામભોગોથી વિરક્ત રહી, પાપોને ત્યાગી, સાવધાનતાથી એકાકી વિચરે. ૧૦

**संवच्छरं वा वि परं पमाणं,**
**बीयं च वासं न तहिं वसिज्जा ।**
**सुत्तस्स मग्गेण चरिज्ज भिक्खू,**
**सुत्तस्स अत्थो जह जाणवेइ ॥ ११ ॥**

**ભાવાર્થ**—સુસાધુ એક સ્થળે એક વર્ષમાં વધુમાં વધુ ચાતુર્માસ અને બીજી ઋતુઓમાં એક માસ રહી શકે. જ્યાં ચાતુર્માસ કર્યું હોય ત્યાં બીજાં બે ચાતુર્માસો છોડી ત્રીજે વર્ષે ચાતુર્માસ રહી શકાય. તે જ પ્રમાણે એક માસ જે સ્થળે રહ્યા હોય ત્યાં તેનાથી બેવડો વખત (બે માસ) અન્ય ક્ષેત્રોમાં ગાળ્યા પછી ત્યાં માસભર રહી શકાય, એવી જૈનધર્મની આજ્ઞા છે. સૂત્રના પરમાર્થના લક્ષવાળો સુસાધુ સૂત્રમાં જે પ્રકારની આજ્ઞા ફરમાવી છે તે જ પ્રમાણે સૂત્રના માર્ગને અનુસરે. ૧૧

**जो पुव्वरत्तावररत्तकाले, संपिक्खए अप्पगमप्पएणं ।**
**किं मे कडं किं च मे किच्चसेसं,**
**किं सक्कणिजं न समायरामि ॥ १२ ॥**

**ભાવાર્થ**—સુસાધુ રાત્રિના પ્રથમ પહોરે કે અંતિમ પહોરે પોતાના આત્માનું પોતાના આત્મ દ્વારા અવલોકન કરે. તેમજ મેં શું કર્યું! મારે શું કરવાનું છે?, હું જે આચરી શકું તે મેં આચર્યું છે કે નહિં ? મારે શું કરવાનું બાકી રહ્યું ? અને હું મારી કઇ ભૂલને છોડી શકતો નથી?. આમ વારંવાર વિચારીને ભાવિમાં સંયમમાર્ગથી પતિત ન થવાય તે માટે ચીવટ રાખે. ૧૨

**किं मे परो पासइ किं च अप्पा,**
**किं वाहं खलियं न विवज्जयामि ।**

**इच्चेव सम्मं अणुपासमाणो,**
**अणागयं नो पडिबंध कुज्जा ॥ १३ ॥**

**ભાવાર્થ**—મારાથી કઇ જાતનો દોષ થઈ ગયો છે?, કયા દોષને બીજા માણસો જુએ છે? અને હું પણ જાણું છું, છતાં છોડતો નથી! એમ સારી રીતે વિચારણા કરી થયેલી ભૂલની આલોચના કરી શુદ્ધ થઇ ફરીથી તેવી ભૂલ ન થાય તેના માટે સાધુએ સાવધાન રહેવું. ૧૩

**जत्थेव पासे कइ दुप्पउत्तं,**
**काएण वाया अदु माणसेण ।**
**तत्थेव धीरो पडिसाहरिज्जा,**
**आइन्नओ खिप्पमिव खलीणं ॥ १४ ॥**

**ભાવાર્થ**—ધૈર્યવાન સાધુ કદાપિ કયાંય પણ મનસા, વાચા, કર્મણા લેશ માત્ર ભૂલ થઇ જાય તો તે જ વખતે ઉત્તમ ઘોડો જેમ લગામથી તુરંત વશ થાય તેમ પોતાના આત્માને વશ કરી સન્માર્ગમાં પ્રવર્તાવે. ૧૪

**जस्सेरिसा जोग जिइंदियस्स,**
**धिइमओ सप्पुरिसस्स निच्चं ।**
**तमाहु लोए पडिबुद्धजीवी,**
**सो जीयइ संजमजीविएणं ॥ १५ ॥**
**अप्पा खलु सययं रक्खियव्वो,**
**सव्विंदिएहिं सुसमाहिएहिं ।**
**अरक्खिओ जाइपहं उवेइ,**
**सुरक्खिओ सव्वदूहाण मुच्चइ ॥ त्तिबेमि ॥ १६ ॥**

**ભાવાર્થ**—જેનાં ત્રણે યોગો આત્મહિત સાધવામાં જોડાયેલા છે, જે જિતેન્દ્રિય, બુદ્ધિમાન અને ધૈર્યવાન સત્પુરૂષ છે તેને શાસ્ત્રકારો પ્રતિબુદ્ધ જીવી—જાગૃત આત્મા કહે છે અને તે સંયમ જીવિત-

વ્યથી સદા જીવે છે. ખરેખર શ્રીમાન–બુદ્ધિમાન સત્પુરુષોએ આ આત્માને ઇંદ્રિયો સહિત ખોટા રસ્તેથી જતાં બચાવવો. કારણ કે આત્મા સુરક્ષિત હશે તો સર્વ દુઃખમાંથી મુક્ત થશે અને અરક્ષિત હશે તો તેને જન્મ મરણનું ચક્ર ભમવું પડશે. માટે આત્માનું હંમેશાં સુસમાધિવંત સાધુએ ઇંદ્રિયો વડે રક્ષણ કરવું જોઇએ. ૧૫-૧૬

નોંધ:—શાસનના નિયમોને અવગણીને સ્વચ્છંદે એકલા વિહરવું, ગુરૂકુળવાસ છોડી એકલા અલગ વિચરવું, એ વિવિક્ત ચર્યા ન કહેવાય. એ એક ચર્યા નથી, પણ એકાંત ચર્યા છે.

## ॥ ઇતિ વિવિક્ત ચર્યા ॥

## ઇતિ દશવૈકાલિક સૂત્ર સમાપ્ત

## જીવન-વિકાસનાં સાધનો

**चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥** ઉ. ૩-૧

આ સંસારમાં પ્રાણીઓને નીચેની ચાર વસ્તુઓ (જે જીવન વિકાસનાં સાધનો છે) મળવી અતિ દુર્લભ છે:-

મનુષ્યત્વ; ધર્મશ્રવણ; ધર્મશ્રદ્ધા; સંયમમાં પરાક્રમ

---

## કામ-વિજય

**खणमित्तसुक्खा बहुकालदुक्खा,**
**पगामदुक्खा अनिगामसोक्खा ।**
**संसारमोक्खस्स विपक्खभूया,**
**खाणी अणत्थाण उ कामभोगा ॥** ઉ. ૧૪-૧૩

કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા અને બહુ કાળ સુધી દુઃખ આપનારા છે. જેમાં થોડું સુખ અને મહાન દુઃખ હોય તેને સુખરૂપ કેમ માની શકાય? આ કામભોગો મુક્તિમાર્ગના શત્રુરૂપ છે અને અનર્થોની ખાણ છે.